॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨૨

અનુવાદ શ્રેણી સર્જક -

મુનિ દીપરત્નસાગર

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# પ્રજ્ઞાપના-3

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૨૨ માં છે...

૦ “પ્રજ્ઞાપના”-ઉપાંગસૂત્ર-૪ ના...

—૦— પદ-૨૧-થી

આરંભીને

—૦— પદ-૩૬ (સંપૂર્ણ)

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૰ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૰**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૨૨ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. આ.દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી આદિનાથ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**નવસારી**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી

"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત

-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.

-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી- "શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(3) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી - "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે "કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ ''આગમદીપ'' સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ૩. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो
### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** 3

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- ० चैत्यवन्दन पर्वमाला
- ० चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- ० चैत्यवन्दन चोविसी
- ૦ ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- ૦ શત્રુંજય ભક્તિ
- ० शत्रुञ्जय भक्ति
- ૦ સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- ૦ વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ૦ ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- ૦ શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- ૦ શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- ૦ અભિનવ જૈન પંચાંગ
- ० अभिनव जैन पञ्चाङ्ग
- ૦ અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- ૦ બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- ૦ શ્રી જ્ઞાનપદ પૂજા
- ૦ કાયમી સંપર્ક સ્થળ
- ૦ ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- ૦ જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- ૦ પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

નમો નમો નિમ્મલદંસણસ્સ

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -ઃ ભાગ-૨૨ ઃ-

૦ આ ભાગમાં ''પ્રજ્ઞાપના'' સૂત્ર જે પંદરમું આગમ છે અને ઉપાંગસૂત્રોમાં ચોથું ઉપાંગ છે, તેનો બીજો ભાગ છે. આ સૂત્રને પ્રાકૃત ભાષામાં પન્નવણા સૂત્ર કહે છે. સંસ્કૃત નામ પ્રજ્ઞાપના છે. ગુજરાતી ભાષામાં પણ આ જ નામે પ્રસિદ્ધ છે. ચોથા અંગસૂત્ર સમવાયનું આ ઉપાંગ છે. જેમ સ્થાન અને સમવાય બંને અંગસૂત્રોની પદ્ધતિમાં ઘણું સામ્ય છે, તેમ તે અંગસૂત્રોના ઉપાંગ રૂપ એવા જીવાભિગમ અને પ્રજ્ઞાપના પણ ઘણાં સંકડાયેલ છે. જીવાભિગમની વૃત્તિમાં ઘણાં સ્થાને પ્રજ્ઞાપનાની સાક્ષી જોવા મળેલ છે. વળી ભગવતીજી સૂત્રમાં તો અનેક સ્થાને સાક્ષીપાઠ સ્વરૂપે જાવ'પન્નવણાએ' એમ લખાયેલ છે.

આ પ્રજ્ઞાપના સૂત્રમાં ૩૬-પદો [અધ્યયનો] છે. જેમાં ચાર પદોમાં પેટા ઉદ્દેશા તથા ચાર પદોમાં પેટા દ્વારો છે આ સૂત્રમાં દ્રવ્યાનુયોગ ઠાંસીઠાંસીને ભર્યો છે. જેમાં સ્થિતિ, સંજ્ઞા, વ્યુત્ક્રાંતિ, યોનિ, ભાષા શરીર, કર્મ, કષાય જેવા અનેક તાત્વિક વિષયોની વિશદ્ છણાવટ છે. શૈલી પ્રશ્નોત્તરની છે.

આ આગમમાં પૂ.મલયગિરિજી ઉપરાંત પૂ.હરિભદ્રસૂરિજી કૃત્ વૃત્તિ પણ મળે છે. જેના આધારે અમે વિવેચન કરેલ છે.

અમે પ્રજ્ઞાપનાસૂત્ર સટીક અનુવાદને ત્રણ ભાગમાં વિભાજીત કરેલ છે. ભાગ-૨૦માં પહેલા પાંચ પદો છે. ભાગ-૨૧-માં પદ-૬ થી ૨૦ છે. પ્રસ્તુત ભાગ-૨૨માં પદ-૨૧ થી ૩૬ લીધાં છે.

સામાન્યથી ઉપાંગ સૂત્રોના કર્તાના નામ પ્રાપ્ત થતાં નથી. પણ આ ઉપાંગના કર્તારૂપે આર્યશ્યામાચાર્યનું નામ મળે છે. સૂત્રાત્મક રૂપે તૈયાર થયેલ તત્ત્વાર્થસૂત્રની માફક તાત્ત્વિક વિષયોની વિશિષ્ટ સંકલના રૂપ આ સફળ અભિનવ પુરુષાર્થ છે.

''ક્યાંક કંઈક છોડ્યું છે - ક્યાંક કંઈક ઉમેર્યુ છે.'' તે આ વિવેચન-





# ૧૫-પ્રજ્ઞાપનાઉપાંગસૂત્ર-૪/૩

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

### ❀ પદ-૨૧-''શરીર'' [અવગાહના સંસ્થાન] ❀

-- x -- x -- x --x --x --x --x --

૦ પદ-૨૦ની વ્યાખ્યા કરી, હવે પદ-૨૧ આરંભીએ છીએ. તેનો સંબંધ આ છે – પદ-૨૦માં ગતિ પરિણામ વિશેષ 'અંતક્રિયા' પરિણામ કહ્યા. અહીં નરકાદિ ગતિના પરિણામ વિશેષ શરીર સંસ્થાદિ કહે છે –

● સૂત્ર-૫૦૯,૫૧૦ :-

*[૫૦૯] વિધિ, સંસ્થાન, પ્રમાણ, પુદ્ગલોનો ચય, શરીર સંયોગ, દ્રવ્ય-પ્રદેશ અલ્પબહુત્વ, શરીર અવગાહના અલ્પબહુત્વ.*

*[૫૧૦] ભગવન્ ! કેટલા શરીરો છે ? ગૌતમ ! પાંચ – ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ. - - - ભગવન્ ! ઔદારિક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ – એકેન્દ્રિય૦ યાવત્ પંચેન્દ્રિય ઔદારિક શરીર. - - - ભગવન્ ! એકેન્દ્રિયશરીર કેટલા ભેદે છે ? પાંચ – પૃથ્વીકાય૦ યાવત્ વનસ્પતિકાય એકે૦ ઔદારિક શરીર.*

*પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – સૂક્ષ્મ૦ અને બાદર પૃથ્વીકાય એકે૦ ઔદા૦ શરીર. સૂક્ષ્મ પૃથ્વી૦ એકે૦ ઔદા૦ શરીર. કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - પર્યાપ્ત૦ અને અપર્યાપ્ત૦ સૂક્ષ્મ પૃથ્વી૦ એકે૦ ઔદા૦ શરીર. બાદર પૃથ્વીકાયિક૦ એમ જ છે. એ પ્રમાણે વનસ્પતિકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર સુધી સમજવું.*

*ભગવન્ ! બેઈન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – પર્યાપ્ત૦ અને અપર્યાપ્ત બેઈન્દ્રિય ઔદા૦ શરીર. એ પ્રમાણે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય૦ પણ જાણવું.*

*ભગવન્ ! પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? બે ભેદે - તિર્યંચ પંચેન્દ્રિય૦ અને મનુષ્ય પંચે૦ ઔદા૦ શરીર. તિર્યંચ પંચે૦ ઔદા૦ શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે – જળચર૦, સ્થળચર૦, ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. - - - જલચર તિર્યંચ પંચે૦ ઔદા૦ શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - સંમૂર્છિમ૦ અને ગર્ભજ૦ - સંમૂર્છિમ જલચર તિર્યંચ પંચે૦ ઔદા૦ શરીર કેટલા ભેદે છે – પર્યાપ્ત૦ અને અપર્યાપ્તા૦ એ પ્રમાણે ગર્ભજ જલચર વિશે પણ કહેવું.*

*સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? બે ભેદે - ચતુષ્પદ૦ અને પરિસર્પ સ્થ૦ પંચે૦ તિર્યંચ ઔદા૦ શરીર. - - - ચતુ૦ સ્થ૦ પંચે૦ ઔદા૦ શરીર કેટલા ભેદે છે ? બે ભેદે — સંમૂર્છિમ૦ અને ગર્ભજ ચતુ૦ સ્થ૦ પંચે૦ ઔદા૦ શરીર. સમૂ૦ સ્થ૦ ચતુ૦ તિર્યંચ પંચે૦ ઔદા૦ શરીર કેટલા ભેદે છે ? બે ભેદે - પર્યાપ્ત૦ અને અપર્યાપ્ત૦ ગર્ભજ પણ એમ જ જાણવું.*

*પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા ભેદે છે ? બે ભેદે — ઉરપરિસર્પ૦ ભુજ પરિસર્પ૦ - - - ઉરપરિસર્પ સ્થ૦ તિર્યંચ પંચે૦ ઔદા૦ શરીર કેટલા ભેદે છે ? બે ભેદે - સંમૂર્છિમ૦ અને ગર્ભજ૦ - - - સંમૂર્છિમ ઉરપરિસર્પ સ્થ૦ તિર્યંચ પંચે૦ ઔદા૦ શરીર બે ભેદે — અપર્યાપ્ત૦ અને પર્યાપ્ત૦ એ પ્રમાણે ગર્ભજ ઉરપરિસર્પ૦ના પણ ચાર ભેદ જાણવા.*

*એમ ભુજપરિસર્પના પણ સંમૂર્છિમ, ગર્ભજ, પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા ચાર ભેદો જાણવા.*

*ખેચર૦ બે ભેદે — સંમૂર્છિમ અને ગર્ભજ. સંમૂર્છિમ બે ભેદે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. ગર્ભજ પણ એ જ બે ભેદે છે.*

*ભગવન્ ! મનુષ્ય પંચે૦ ઔદા૦ શરીર કેટલા ભેદે છે ? બે ભેદે - સંમૂર્છિમ૦ અને ગર્ભજ મનુષ્ય પંચે૦ ઔદા૦ શરીર. - - - ગર્ભજ મનુષ્ય૦ શરીરના કેટલા ભેદ ? બે - પર્યાપ્ત અને અપર્યાપ્ત૦*

**● વિવેચન-૫૦૯,૫૧૦ :-**

વિધિ - શરીરના ભેદો, પછી સંસ્થાન, પછી શરીરનું પ્રમાણ, પછી કેટલી દિશાથી શરીરના પુદ્‌ગલોનો ઉપચય થાય ? પછી કયા શરીરના સદ્‌ભાવમાં કયું શરીર અવશ્ય હોય એ સંબંધ, પછી દ્રવ્યાર્થ, પ્રદેશાર્થ, ઉભયપણે અલ્પબહુત્વ પાંચે શરીરોનું, પછી પાંચે શરીરોની અવગાહનાનું અલ્પબહુત્વ.

પહેલા વિધિદ્વારમાં શરીરના મૂળ ભેદો જણાવે છે — શરીર એટલે પ્રતિક્ષણ વિનશ્વર ભાવને ધારણ કરે તે. ગૌતમ ! મેં તથા અન્ય તીર્થંકરોએ પાંચ શરીરો કહ્યા છે. તેને નામ માત્રથી કહે છે — (૧) ઔદારિક :- ઉદાર - પ્રધાન, તે પ્રધાનપણું તીર્થંકર અને ગણધરના શરીરની અપેક્ષાએ જાણવું, કેમકે તેથી અન્ય અનુત્તર દેવોનું શરીર પણ અનંતગુણ હીન છે. અથવા ઉદાર - કંઈક અધિક હજાર યોજન પ્રમાણ હોવાથી બીજા શરીરની અપેક્ષાએ મોટું, આ મોટાપણું ભવધારણીય વૈક્રિય શરીરની અપેક્ષાથી જાણવું. કેમકે ઉત્તરવૈક્રિય શરીર લાખ યોજન પ્રમાણ હોય છે.

(૨) વૈક્રિય - વિવિધ કે વિશિષ્ટ ક્રિયા તે વિક્રિયા. તે નિમિત્તે થયેલ તે વૈક્રિય - તે વૈક્રિય શરીર એક થઈ અનેકરૂપે થાય છે, અનેક થઈ એક થાય છે, સૂક્ષ્મ થઈ મોટું થાય, મોટું થઈ સૂક્ષ્મ થાય છે, ખેચર થઈ ભૂમિચર થાય, ભૂમિચર થઈ ખેચર થાય દૃશ્ય થઈ અદૃશ્ય થાય, અદૃશ્ય થઈ દૃશ્ય થાય ઈત્યાદિ. તે વૈક્રિય શરીર બે ભેદે :- ઔપપાતિક - ઉપપાત નિમિત્તે થયેલ, તે દેવ અને નારકને હોય.



લબ્ધિનિમિત્તક-મનુષ્ય અને તિર્યંચને હોય.

(૩) આહારક - ચૌદ પૂર્વધર તીર્થંકરની ઋદ્ધિ દર્શનાદિ પ્રયોજન વડે વિશિષ્ટ લબ્ધિથી કરાય તે આહારક. કહ્યું છે — કાર્ય ઉત્પન્ન થવાથી શ્રુતકેવલી વિશિષ્ટલબ્ધિથી કરે તે આહારક શરીર. જેમાં પ્રાણીદયા, ઋદ્ધિદર્શન, સૂક્ષ્મપદાર્થ સમજવા, સંશય નિવારવા જિનેશ્વરની પાસે જવું, તે કાર્યો હોય છે. તે વૈક્રિય અપેક્ષાથી અતિ શુભ અને સ્વચ્છ સ્ફટિકશીલા માફક શુભ્ર પુદ્‌ગલ સમૂહ રચના છે.

(૪) તૈજસ - તેજસ્ પુદ્‌ગલનો પરિણામ. જેનું ચિહ્ન છે એવું તથા ખાધેલા આહારના પરિણામનું કારણ છે. વિશિષ્ટ લબ્ધિધારી આ તૈજસ શરીરથી તેજોલેશ્યા કાઢે છે. કહ્યું છે — સર્વને ગરમીથી સિદ્ધ, રસાદિ આહાર પરિણામ ઉત્પાદકાદિ આ શરીર છે.

(૫) કાર્મણ - કર્મથી ઉત્પન્ન થયેલ તે કાર્મણ શરીર. અર્થાત્ કર્મ પરમાણુ જ આત્મપ્રદેશ સાથે ક્ષીરનીર પેઠે પરસ્પર મળેલા અને શરીરરૂપે પરિણત થયેલા છે તે શરીર. કર્મના વિકાર તે કાર્મણ. તે આઠ પ્રકારના વિચિત્ર કર્મોથી થયેલું છે. તેને બધાં શરીરનું કારણભૂત જાણવું. - x - કેમકે ભવ પ્રપંચ રૂપ અંકુરના બીજભૂત કાર્મણ શરીરનો મૂળથી નાશ થયો હોય તો બીજા શરીરોની ઉત્પત્તિ થતી નથી. આ શરીર જીવને એકગતિથી બીજી ગતિમાં જવામાં સાધક કારણરૂપ છે. તે આ રીતે — તૈજસ સહિત કાર્મણ શરીર યુક્ત જીવ મરણ સ્થાન છોડી ઉપજવાના સ્થાને જાય છે.

(પ્રશ્ન) જો તૈજસ યુક્ત કાર્મણ શરીર સહિત જીવ બીજી ગતિમાં જાય છે, તો જતાં આવતાં દેખાતો કેમ નથી ? [ઉત્તર] કર્મ પુદ્‌ગલો અત્યંત સૂક્ષ્મ હોવાથી ચક્ષુ આદિને અગોચર છે. - x -

હવે ઔદારિક શરીરના જીવની જાતિ અને અવસ્થાના ભેદથી ભેદો કહે છે — ઔદારિક શરીર એક-બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયના ભેદથી પાંચ પ્રકારે છે. એકેન્દ્રિય ઔદારિક શરીર પણ પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ એ પાંચ ભેદોથી છે. પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર પણ સૂક્ષ્મ અને બાદરના બે ભેદે છે. તે બંનેના પણ પર્યાપ્તા, અપર્યાપ્તા બે-બે ભેદો છે. એ પ્રમાણે અપ્, તેઉ, વાયુ, વનસ્પતિના પણ ચાર-ચાર ભેદ છે. બધાં મળી એકેન્દ્રિય ઔદારિક શરીરના વીશ ભેદ છે.

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય ઔદારિક શરીરો પ્રત્યેક પર્યાપ્તા, અપર્યાપ્તાથી બે ભેદે છે. પંચેન્દ્રિય ઔદારિક શરીર તિર્યંચ અને મનુષ્ય બે ભેદે છે. તિર્યંચ પંચે૦ ઔદારિક શરીર જળચર, સ્થળચર, ખેચર ભેદથી ત્રણ પ્રકારે છે. જળચર તિર્યંચ૦ પણ સંમૂર્છિમ, ગર્ભજ બે ભેદે છે. તે બંનેના પર્યાપ્તા અને અપર્યાપ્તા બબ્બે ભેદ છે. સ્થળચર તિર્યંચ૦ ચતુષ્પદ અને પરિસર્પ બે ભેદે છે. ચતુષ્પદ સ્થળચર૦ પણ સંમૂર્છિમ અને ગર્ભજ બે ભેદે છે. વળી તે પ્રત્યેકના પર્યાપ્તા, અપર્યાપ્તા બબ્બે ભેદો છે. પરિસર્પ સ્થળચર૦ના પણ ઉરપરિસર્પ, ભુજપરિસર્પ એવા બે ભેદો છે. વળી તે

પ્રત્યેકના સંમૂર્છિમ અને ગર્ભજ એવા બે ભેદો છે. તેમાં પણ પર્યાપ્તા, અપર્યાપ્તા ભેદથી બબ્બે પ્રકાર છે. બધાં મળીને પરિસર્પ સ્થળચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીરના આઠ ભેદ થાય છે. ખેચર પંચેન્દ્રિય ઔદારિક શરીર સંમૂર્છિમ અને ગર્ભજ બે ભેદે છે. તે પ્રત્યેકના પર્યાપ્ત, અપર્યાપ્ત બે પ્રકાર છે. જલચરના ચાર, ચતુષ્પદ સ્થળચરના ચાર, પરિસર્પ સ્થળચરના ચાર, ખેચરના ચાર. એમ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીરના કુલ વીશ ભેદો થાય છે.

ઔદારિક શરીરના ભેદો કહ્યા, હવે તેનું સંસ્થાન કહે છે —

● **સૂત્ર-૫૧૧ :-**

***ભગવન્ ! ઔદારિક શરીર કેવા આકારે છે ? ગૌતમ ! વિવિધ સંસ્થાનવાળું છે. એકેન્દ્રિય ઔદા૦ ક્યાં આકારે છે ? વિવિધ આકારવાળું છે. પૃથ્વીકાયિક એકે૦ ઔદા૦ શરીર મસૂર ચંદ્રાકારના અર્ધભાગના જેવા સંસ્થાને છે. એ પ્રમાણે સૂક્ષ્મ અને બાદર પૃથ્વી૦નું સંસ્થાન જાણવું. એમ પર્યાપ્ત-અપર્યાપ્તા પણ સમજવા.***

***ભગવન્ ! અપ્કાયિક એકે૦ ઔદા૦ શરીર કેવા આકારે છે ? પરપોટાના જેવા આકારવાળું છે. એમ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તાને જાણવા. ભગવન્ ! તેઉકાયિક એકે૦ ઔદા૦ શરીર કેવા આકારે છે ? સોયના સમૂહના આકારે છે. એમ સૂક્ષ્માદિ ચાર જાણવા. વાયુકાયિકોનું શરીર પતાકા સંસ્થાનવાળું છે. એમ સૂક્ષ્માદિ ભેદે ચારે શરીર જાણવા. વનસ્પતિકાયિકોના શરીર અનેક પ્રકારના સંસ્થાનવાળા છે, એમ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું.***

***બેઈન્દ્રિય ઔદારિક શરીર કેવા આકારે છે ? તે હુંડ સંસ્થાનવાળું છે. એ રીતે પર્યાપ્તા-અપર્યાપ્તાનું પણ જાણવું. એ પ્રમાણે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયના શરીર પણ જાણવા.***

***ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ ઔદારિક શરીર કયા સંસ્થાને છે ? ગૌતમ ! છ પ્રકારે છે, તે આ - સમચતુરસ્ર યાવત્ હુંડ સંસ્થાન. એ પ્રમાણે પર્યાપ્તા-અપર્યાપ્તા જાણવા.***

***ભગવન્ ! સંમૂર્છિમ તિર્યંચ પંચે૦ ઔદા૦ કેવું સંસ્થાન છે ? હુંડ સંસ્થાન. એમ પર્યાપ્તા-અપર્યાપ્તાનું જાણવું. ભગવન્ ! ગર્ભજ તિર્યંચ પંચે૦ ઔદા૦ શરીરનું સંસ્થાન ? તે છ પ્રકારના સંસ્થાનવાળું છે - સમચતુરસ્ર યાવત્ હુંડ. એમ પર્યાપ્તા-અપર્યાપ્તાના શરીર જાણવા. એ પ્રમાણે ઔઘિક તિર્યંચના નવ આલાવા કહ્યા.***

***જલચર પંચે૦ તિર્યંચ ઔદા૦ કયા સંસ્થાને છે ? છ સંસ્થાન, સમચતુરસ્ર યાવત્ હુંડ. એ પ્રમાણે પર્યાપ્તા-અપર્યાપ્તા પણ છે. સંમૂર્છિમ જલચર હુંડ સંસ્થાને છે, તેના પણ પર્યાપ્તા-અપર્યાપ્તા એમ જ છે. ગર્ભજ જલચર છ એ સંસ્થાને છે. એમ પર્યાપ્તા-અપર્યાપ્તા પણ છે. એમ સ્થલચરના પણ નવ સૂત્રો***



***જાણવા. ચતુષ્પદ અને ઉરપરિસર્પ, ભુજપરિસર્પ સ્થલચરના પણ નવ-નવ સૂત્રો. એમ ખેચરના પણ નવ સૂત્રો છે, વિશેષ એ કે — બધે જ સંમૂર્છિમ હુંડ સંસ્થાને રહેલ છે. ગર્ભજ પણ છએમાં હોય છે.***

***મનુષ્ય પંચે૦ ઔદા૦ શરીર કેવા સંસ્થાનવાળું છે ? છ પ્રકારના સંસ્થાનવાળું — સમચતુરસ્ર યાવત્ હુંડ સંસ્થાનવાળું પર્યાપ્તા અને અપર્યાપ્તાના શરીર એમ જ જાણવા. ગર્ભજ તથા ગર્ભજ પર્યાપ્તા અને અપર્યાપ્તાના એમ જ જાણવા. સંમૂર્છિમ વિશે પૃચ્છા - ગૌતમ ! તેઓ હુંડ સંસ્થાનવાળા છે.***

● **વિવેચન-૫૧૧ :-**

ઔદારિક સંસ્થાન વિવિધ સંસ્થાનવાળું છે. કેમકે જીવની જાતિના ભેદથી સંસ્થાનનો ભેદ છે. એકે૦ ઔદા૦ શરીરને અનેક સંસ્થાન છે, કેમકે પૃથ્વી આદિ પ્રત્યેકના ભિન્ન સંસ્થાનો છે. તેમાં સૂક્ષ્માદિ ચારે પૃથ્વી૦ શરીર મસૂર ચંદ્રાકાર અર્ધભાગ આકૃતિ જેવાં છે. સૂક્ષ્માદિ ચાર અપ્૦ શરીરો પરપોટાકારે છે. - x - સૂક્ષ્માદિ ચારે તેઉ૦ સોયના જથ્થાની આકૃતિ જેવાં છે. સૂક્ષ્માદિ વાયુ૦ શરીર ધ્વજાકાર જેવાં છે. સૂક્ષ્માદિ વનસ્પતિ૦ શરીરોની અનેક આકૃતિ છે, કેમકે દેશ, કાળ, જાતિનો ભેદ છે. વિકલેન્દ્રિયોના હુંડ સંસ્થાન છે. તિર્યંચ પંચે૦ ઔદા૦ શરીરો સામાન્યથી છ એ સંસ્થાનવાળા છે — સમચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડલ ઈત્યાદિ.

તેમાં સમચતુરસ્ર - સામુદ્રિક શાસ્ત્રોક્ત પ્રમાણ અને લક્ષણયુક્ત ચાર બાજુના શરીરના અવયવો યુક્ત. ન્યગ્રોધ પરિમંડલ-વડના જેવા આકારવાળું, ઉપર સંપૂર્ણ પ્રમાણ, નીચે હીન અર્થાત્ નાભિ ઉપર સંપૂર્ણ પ્રમાણ, નીચે તેમ ન હોય. સાદિ - આદિ સહિત, નાભિની નીચેનો ભાગ શાસ્ત્રોક્ત લક્ષણવાળો હોય. - x - x - ઉપરના ભાગે પ્રમાણ અને લક્ષણહીન. બીજા આચાર્યો સાદિ ને બદલે સાચી એવો પાઠ કહે છે — શેમલાનું ઝાડ, થડ અને કાંડ પુષ્ટ હોય, ઉપર યોગ્ય વિશાળતા ન હોય, તેવું સંસ્થાન.

મસ્તક, ડોક, હાથ, પગ આદિ શાસ્ત્રોક્ત પ્રમાણ અને લક્ષણ યુક્ત હોય, છાતી-પેટ વગેરે પ્રમાણ અને લક્ષણ હીન હોય તે કુબ્જ સંસ્થાન. છાતી-પેટ આદિ પ્રમાણ લક્ષણોપેત હાથ-પગ આદિ હીન હોય તે વામન સંસ્થાન. જ્યાં બધાં અવયવો પ્રમાણ અને લક્ષણ રહિત હોય તે હુંડ સંસ્થાન.

એ પ્રમાણે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચો માફક પર્યાપ્તા, અપર્યાપ્તા પ્રત્યેકનું સૂત્ર કહેવું, એમ ત્રણ સૂત્રો થયાં. એમ સંમૂર્છિમ તિર્યંચ પંચે૦ ત્રણ સૂત્રો કહેવા. પણ તેઓના ત્રણે સૂત્રોમાં ઔદારિક શરીરનું હુંડ સંસ્થાનવાળું કહેવું. - x - ગર્ભજ તિર્યંચ પંચે૦ના ત્રણ સૂત્રો છે, પણ તેમાં છ એ સંસ્થાન કહેવા. એ પ્રમાણે સામાન્ય તિર્યંચ પંચે૦ નવ આલાવા કહ્યા. આ જ ક્રમે જલચર, સામાન્ય સ્થલચર, ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજ પરિસર્પ, ખેચર તિર્યંચ પંચે૦ પ્રત્યેકના નવ-નવ સૂત્રો છે. બધાં મળીને નવ-નવ સૂત્રો કહેવા. બધાં મળીને તિર્યંચ પંચેન્દ્રિયના ૬૩-સૂત્રો અને

મનુષ્યોના નવ સૂત્રો કહેવા. બધાં સંમૂર્છિમોને હુંડ સંસ્થાન, ગર્ભજને છ એ સંસ્થાન કહેવા.

એ પ્રમાણે ઔદા૦ શરીરના ભેદોના સંસ્થાનો કહ્યા. હવે ઔદારિક શરીરની અવગાહનાનું પ્રમાણ કહે છે –

● **સૂત્ર-૫૧૨ થી ૫૧૫ :-**

*[૫૧૨] ભગવન્ ! ઔદારિક શરીરની કેટલી મોટી શરીરની અવગાહના છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાધિક ૧૦૦૦ યોજન કહી છે. એકેન્દ્રિય ઔદા૦ શરીરની અવગાહના ઔધિક શરીરવત્ કહેવી. ભગવન્ ! પૃથ્વી૦ એકે૦ ઔદા૦ શરીરની કેટલી મોટી શરીરાવગાહના છે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ. એમ પર્યાપ્તા-અપર્યાપ્તાની જાણવી. એમ સૂક્ષ્મ અને બાદર પર્યાપ્તા-અપર્યાપ્તાની પણ જાણવી. એમ એ નવ ભેદ પૃથ્વીકાયિકના કહ્યા, તેમ અપ્૦ તેઉ૦ વાયુ૦ના કહેવા. વનસ્પતિકાયિક ઔદા૦ શરીની અવગાહના કેટલી છે ? જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટથી કંઈક અધિક હજાર યોજન પ્રમાણ છે. અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસં૦ ભાગ, પર્યાપ્તાની જઘન્ય અંગુલનો અસં૦ ભાગ અને ઉત્કૃષ્ટ કંઈક અધિક હજાર યોજન, બાદર અને પર્યાપ્તાની તે પ્રમાણે જ છે. અપર્યાપ્તાની જઘન્ય, ઉત્કૃષ્ટ અંગુલનો અસં૦ ભાગ. સૂક્ષ્મ, પર્યાપ્તા, અપર્યાપ્તા ત્રણેની એ પ્રમાણે જ છે.*

*ભગવન્ ! બેઈન્દ્રિય ઔદા૦ શરીરની અવગાહના કેટલી છે ? ગૌતમ ! જઘન્ય અંગુલનો અસં૦ ભાગ, ઉત્કૃષ્ટ બાર યોજન. એમ બધે સ્થાને અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. પર્યાપ્તાની અવગાહના સામાન્ય બેઈન્દ્રિય ઔદા૦ માફક જાણવી. એમ તેઈન્દ્રિયની ત્રણ ગાઉ, ચઉરિન્દ્રિયની ચાર ગાઉ છે. પંચે૦ તિર્યંચની ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન પ્રમાણ છે. એમ સંમૂર્છિમ, ગર્ભજ પણ છે. એમ નવ ભેદ કહેવા. એમ જળચરની પણ હજાર યોજન જાણવી. તેના નવ ભેદ કહેવા. સ્થળચરની છ ગાઉ ઉત્કૃષ્ટાવગાહના છે. પર્યાપ્તાની પણ છ ગાઉ. સંમૂર્છિમ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ ગાઉ પૃથકત્વ, ગર્ભજ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ છ ગાઉ. સામાન્ય ચતુષ્પદ, પર્યાપ્તા અને ગર્ભજ પર્યાપ્તાની પણ ઉત્કૃષ્ટ છ ગાઉ, સંમૂર્છિમ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ ગાઉ પૃથકૃત્વ. એમ ઉરપરિસર્પની પણ ઔધિક, ગર્ભજ, પર્યાપ્તાની હજાર યોજન સંમૂર્છિમની યોજન પૃથકત્વ, ભુજપરિસર્પ ઔધિક, ગર્ભજની પણ ઉત્કૃષ્ટ ગાઉ પૃથકૃત્વ, સંમૂર્છિમની ધનુષ્ પૃથકૃત્વ, ખેચરની ત્રણેની ધનુષ્ પૃથ૦ જાણવી. એ સંબંધે ગાથા–*

*[૫૧૩ થી ૫૧૪] હજાર યોજન, છ ગાઉ, હજાર યોજન ભુજગની ગાઉ પૃથકત્વ, ધનુષ્ પૃથકત્વ-પક્ષીની અને ઉંચાઈમાં હજાર યો૦, ગાઉ પૃથકત્વ, યોજન પૃથકત્વ હોય છે. સંમૂર્છિમ બંનેનું ધનુષ્ પૃથકત્વ પ્રમાણ છે.* [અર્થ વૃત્તિથી



સમજવો.]

*[૫૧૫] ભગવન્ ! મનુષ્ય ઔદા૦ શરીરની કેટલી અવગાહના છે ? જઘન્ય અંગુલનો અસં૦ ભાગ, ઉત્કૃષ્ટ ૩-ગાઉ. અપર્યાપ્તા અને સંમૂર્છિમોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતભાગ પ્રમાણ છે. ગર્ભજની ઔધિકવત્ જાણવી.*

● **વિવેચન-૫૧૨ થી ૫૧૫ :-**

ઔદારિક શરીરની જઘન્ય અવગાહના અંગુલનો અસં૦ ભાગ છે, તે ઉત્પત્તિના પહેલા સમયે પૃથ્વીકાયિકાદિની છે, ઉત્કૃષ્ટ સાધિક ૧૦૦૦ યોજન, લવણસમુદ્રના ગોતીર્થાદિમાં રહેલ પદ્મનાલ આદિને આશ્રીને સમજવી. તે સિવાય બીજે એટલું મોટું ઔદારિક શરીર અસંભવ છે. એમ એકેન્દ્રિય સૂત્રમાં પણ જાણવું. - x - પૃથ્વીથી વાયુ સૂક્ષ્મ અને બાદર, પ્રત્યેકના પર્યાપ્તા-અપર્યાપ્તા ઔદા૦ શરીરની જઘન્ય, ઉત્કૃષ્ટ અવગાહના અંગુલનો અસં૦ ભાગ. એ રીતે પ્રત્યેક પૃથ્વીકાયાદિના નવ-નવ સૂત્રો થાય. - x - x - એમ વનસ્પતિ૦ના પણ નવ સૂત્રો થાય. પરંતુ ઔધિક, ઔધિક પર્યાપ્તા, બાદર, બાદર પર્યાપ્તા વનસ્પતિ૦ સૂત્રોમાં જઘન્ય અંગુલનો અસં૦ ભાગ, ઉત્કૃષ્ટ સાધિક ૧૦૦૦ યોજન પ્રમાણ હોય. બાકીના પાંચ સૂત્રોમાં જઘન્ય, ઉત્કૃષ્ટ અંગુલનો અસં૦ ભાગ થાય.

વિકલેન્દ્રિય પ્રત્યેકના ત્રણ-ત્રણ સૂત્રો છે. તેમાં ઔધિક અને પર્યાપ્તામાં બેઈન્દ્રિયોનું શરીર ઉત્કૃષ્ટથી બાર ગાઉ આદિ સૂત્રાર્થવત્ જાણવું. અપર્યાપ્તમાં અંગુલનો અસંખ્યાત ભાગ પ્રમાણ.

જલચરાદિ ત્રણે પંચે૦ તિર્યંચોમાં પ્રત્યેકના નવ-નવ સૂત્રો જાણવા. - x - બધાં અપર્યાપ્તા અંગુલનો અસંખ્યાત ભાગ, શેષ સ્થાનોમાં જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ સામાન્ય તિર્યંચ પંચે૦ અને જલચરમાં હજાર યોજન, સામાન્ય સ્થલચર, ચતુષ્પદ, ગર્ભજ સ્થ૦માં છ ગાઉ આદિ સૂત્રાર્થવત્ જાણવું - x -

સંગ્રહણીગાથા - ગર્ભજ જલચરની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજન, ચતુષ્પદ સ્થ૦ છ ગાઉ, ઉરપરિસર્પ સ્થ૦ હજાર યોજન, ભુજપરિસર્પ સ્થ૦ ગાઉપૃથકૃત્વ, પક્ષી ધનુષ્ પૃથ૦, સંમૂર્છિમ જલચરોનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ હજાર યોજન, ચતુ૦ સ્થ૦ ગાઉ પૃથ૦, ઉરપરિસર્પ સ્થ૦ યોજન પૃથ૦, ભુજપરિસર્પ સ્થ૦ અને પક્ષીનું ધનુષ્ પૃથ૦ છે. મનુષ્ય સૂત્ર સ્પષ્ટ છે. પરંતુ ત્રણ ગાઉ શરીર દેવકુરુ આદિમાં જાણવું.

એ પ્રમાણે ઔદારિક શરીરના ભેદો, સંસ્થાનો, પ્રમાણ કહ્યા. હવે વૈક્રિયના ભેદો આદિ કહે છે –

● **સૂત્ર-૫૧૬ :-**

*ભગવન્ ! વૈક્રિયશરીર કેટલા ભેદે છે ? બે - એકેન્દ્રિય અને પંચેન્દ્રિય વૈક્રિય શરીર. જો એકે૦ વૈક્રિયશરીર છે તો શું વાયુ૦ એકે૦ વૈક્રિય છે કે અવાયુકાયિક ? વાયુ૦ એકે૦ વૈક્રિયશરી છે, અવાયુ૦ નથી. જો વાયુ૦ એકે૦ વૈક્રિય૦ છે, તો તે સૂક્ષ્મ૦ છે કે બાદર૦ ? સૂક્ષ્મ૦ નથી પણ બાદર વાયુ૦*

*એકે૦ વૈક્રિયશરીર છે. જો બાદર૦ છે તો શું પર્યાપ્ત બાદર વાયુ૦ એકે૦ વૈક્રિય શરીર છે કે અપર્યાપ્ત૦ ? પર્યાપ્ત બાદર વાયુ૦ એકે૦ વૈક્રિયશરીર છે, અપર્યાપ્ત નથી.*

*જો પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું નૈરયિક પંચે૦ વૈક્રિય શરીર છે કે યાવત્ દેવ પંચે૦ વૈક્રિય શરીર ? તે નૈરયિકાદિ ચારે છે. જો નૈરયિક પંચે૦ વૈક્રિય શરીર છે તો શું રત્નપ્રભા૦ યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈર૦ પંચે૦ વૈક્રિય શરીર પણ છે ? સાતેમાં પણ વૈક્રિય શરીર છે. જો રત્નપ્રભા પૃથ્વી નૈર૦ પંચે૦ વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્તા૦ને છે કે અપર્યાપ્તા૦ને ? બંનેને છે. એ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક સુધી આ બંને ભેદો કહેવા.*

*જો તિર્યંચ પંચે૦ વૈક્રિયશરીર છે, તો શું સંમૂર્છિમ૦ને છે કે ગર્ભજ૦ને છે ? સંમૂ૦ તિ૦ પંચે૦ વૈ૦ શરીર ન હોય, ગર્ભજ૦ હોય. જો ગર્ભજ તિર્યંચ પંચે૦ વૈ૦ શરીર હોય તો શું સંખ્યાતા વર્ષાયુષ્કને હોય કે અસંખ્યાતા વર્ષાયુષ્કને ? સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજતિ૦ પંચે૦ વૈક્રિય શરીર હોય, અસંખ્યાતા૦ ન હોય. જો સંખ્યાતા વર્ષાયુષ્ક૦ ગર્ભજ તિ૦ પંચે૦ વૈ૦ શરીર હોય તો પર્યાપ્તાને હોય કે અપર્યાપ્તાને૦? પર્યાપ્તા સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ તિ૦ પંચે૦ વૈ૦ શરીર હોય તો શું તેવા જલચર૦ને હોય, સ્થલચર૦ને હોય કે ખેચર૦ને હોય ? તે ત્રણે ગર્ભજ પંચે૦ તિર્યંચને વૈક્રિય શરીર હોય. જો જલચર સંખ્યાતા વર્ષાયુષ્ક ગર્ભજ પંચે૦ તિર્યંચ વૈ૦ શરીર છે, તો શું પર્યાપ્ત૦ને છે કે અપર્યાપ્ત૦ને છે ? પર્યાપ્તા જલચર૦ને હોય, અપર્યાપ્તા૦ને ન હોય.*

*જો સ્થલચર પંચે૦ તિ૦ યાવત્ વૈક્રિય શરીર છે, તો શું ચતુષ્પદ૦ વૈ૦ શરીર હોય કે પરિસર્પ૦ વૈ૦ શરીર હોય ? બંનેને હોય. એમ બધાને જાણવું. ખેચર પર્યાપ્તાને હોય, અપર્યાપ્તાને નહીં.*

*જો મનુષ્ય પંચે૦ વૈક્રિય શરીર છે તો શું સંમૂ૦ મનુષ્ય પંચે૦ વૈક્રિય શરીર હોય કે ગર્ભજ૦? સંમૂર્છિમને ન હોય, ગર્ભજ હોય. જો ગર્ભજ મનુષ્ય પંચે૦ વૈક્રિયશરીર છે તો શું કર્મભૂમિજ ગર્ભજ૦ હોય કે અકર્મભૂમિજ ગર્ભજ૦ કે અંતર્દ્વિપજ ગર્ભજ મનુષ્ય પંચે૦ વૈક્રિય શરીર હોય ? કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચે૦ વૈક્રિય શરીર હોય, અન્ય બે ન હોય. જો કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચે૦ વૈ૦ શરીર છે તો શું સંખ્યાતા વર્ષાયુષ્ક૦ને હોય કે અસંખ્યાતા વર્ષાયુષ્કને ? સંખ્યાતા વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચે૦ વૈક્રિય શરીર હોય, અસંખ્યાતા વર્ષા૦ ન હોય. જો સંખ્યાતા વર્ષાયુષ્ક કર્મ૦ગ૦મ૦ પંચે૦ વૈ૦ શ૦ હોય તો શું પર્યાપ્તા૦ને હોય કે અપર્યાપ્તા૦ને હોય ? પર્યાપ્તાને હોય અપ૦ને નહીં.*

*જો દેવ પંચે૦ વૈક્રિય શરીર છે તો શું ભવનવાસી દેવ પંચે૦ વૈ૦ શ૦ છે યાવત્ વૈમાનિક હોય. જો ભવન૦ દેવ પંચે૦ વૈ૦ શરીર છે, તો શું અસુરકુમાર ભવ૦ દેવ પંચે૦ વૈ૦ શરીર હોય કે યાવત્ સ્તનિતકુમાર ભવ૦ને હોય ? અસુર૦ યાવત્ સ્તનિત૦ બધાંને હોય. જો અસુર૦ દેવ પંચે૦ વૈ૦ શરીર છે, તો શું પર્યાપ્તા૦ને હોય કે અપર્યાપ્તા૦ને હોય ? પર્યાપ્ત અસુર૦ દેવ પંચે૦ વૈ૦ શરીર પણ હોય, અપર્યાપ્તા૦ પણ હોય. એમ સ્તનિતકુમાર સુધી જાણવું. એમ આઠ પ્રકારના વ્યંતરો, પાંચ પ્રકારના જ્યોતિષ્કોને જાણવું. વૈમાનિકોના બે ભેદ — કલ્પોપન્ન, કલ્પાતીત, કલ્પોપન્ન બાર પ્રકારે, તેના પર્યાપ્તા-અપર્યાપ્તા બે ભેદ. કલ્પાતીત બે પ્રકારે — ગ્રૈવેયક, અનુત્તરૌપપાતિક. ગ્રૈવેયક નવ ભેદે, અનુત્તરૌપપાતિક પાંચ ભેદે છે. તેમના પર્યાપ્તા-અપર્યાપ્તા બે ભેદ છે.*



**● વિવેચન-૫૧૬ :-**

વૈક્રિય શરીર મૂળથી બે ભેદે — એકેન્દ્રિયનું, પંચેન્દ્રિયનું તેમાં એકે૦માં વાયુકાય બાદર પર્યાપ્તાને હોય, બીજાને વૈક્રિય લબ્ધિ સંભવ નથી. સૂક્ષ્મ પર્યાપ્તા-અપર્યાપ્તા, બાદર અપર્યાપ્તા એ ત્રણ રાશિને વૈક્રિય લબ્ધિ નથી. બાદર પર્યાપ્તામાં પણ સંખ્યાતા ભાગ માત્રને છે. પંચેન્દ્રિયોમાં બધાં જ ગર્ભજ, સંખ્યાતા વર્ષાયુષ્કને છોડીને બાકીનાને નિષેધ સમજવો, કેમકે ભવસ્વભાવ થકી તેમને વૈક્રિય લબ્ધિ સંભવ નથી. હવે સંસ્થાન —

**● સૂત્ર-૫૧૭ :-**

*ભગવન્ ! વૈક્રિયશરીરનું સંસ્થાન કેવું છે ? ગૌતમ ! અનેક પ્રકારનું છે. વાયુકાયિક એકેન્દ્રિય વૈ૦ શરીર કેવા સંસ્થાને છે ? પતાકા આકારે છે. નૈરયિક પંચે૦ વૈ૦ શરીર સંસ્થાન કેવું છે ? તે બે ભેદે — ભવધારણીય, ઉત્તરવૈક્રિય. ભવધારણીય છે તે હુંડ સંસ્થાને છે, ઉત્તર વૈક્રિય પણ હુંડ સંસ્થાને છે. રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પંચે૦ વૈ૦ શરીર સંસ્થાન કેવું છે ? તે બે ભેદે છે બાકી બધું ઔધિકવત્. એમ અધઃસપ્તમી નૈરયિક સુધી જાણવું.*

*તિર્યંચ પંચે૦ વૈક્રિયશરીર સંસ્થાન કેવું છે? અનેકવિધ સંસ્થાનવાળું છે. એ પ્રમાણે જલચર-સ્થલચર-ખેચરનું પણ છે. સ્થલચરોમાં ચતુષ્પદ, પરિસર્પ-ઉરપરિસર્પ, ભુજપરિસર્પનું પણ એમ જ છે એમ મનુષ્ય પંચે૦ વૈક્રિયશરીર વિશે પણ જાણવું.*

*અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિયશરીર સંસ્થાન કેવું છે ? અસુરકુમારનું શરીર બે ભેદે — ભવધારણીય, ઉત્તરવૈક્રિય. ભવધારણીયનું સમચતુરસ્ર અને ઉત્તરવૈક્રિયનું અનેક પ્રકારે સંસ્થાન છે. એમ સ્તનિતકુમાર સુધી જાણવું. એમ વ્યંતરમાં પણ જાણવું - x - એમ જ્યોતિષ્કો સંબંધે પણ જાણવું. એમ સૌધર્મથી અચ્યુત દેવ વૈક્રિયશરીર પણ જાણવું. ગ્રૈવેયક અને કલ્પાતીત વૈમાનિક દેવોને એક ભવધારણીય શરીર છે અને તે સમચતુરસ્ર સંસ્થાનવાળું છે. એમ અનુત્તરૌપપાતિકને પણ છે.*

**● વિવેચન-૫૧૭ :-**

સૂત્ર સુગમ છે. પણ નૈરયિકોને અતિ અશુભ કર્મોદયે બંને શરીર હુંડ સંસ્થાનવાળા હોય છે. તેમનું ભવધારણીય શરીર ભવસ્વભાવથી જ મૂળથી છેદી

નાંખેલ પાંખવાળા, ડોક વગેરેના રુંવાટા ઉખેડી નાંખેલ પક્ષીના આકાર જેવું અતિ બીભત્સહુડં સંસ્થાન હોય. ઉત્તર વૈક્રિય માટે સુંદર શરીર કરવા ધારે, પણ અશુભ નામ કર્મોદયથી અતિ અશુભ થાય છે. તેથી તે પણ હુંડસંસ્થાન છે.

તિર્યંચ પંચે૦ અને મનુષ્યનું વૈક્રિય શરીર અનેકવિધ સંસ્થાનવાળું છે, કેમકે તે ઈચ્છાનુસાર થાય છે. ભવનપતિથી અચ્યુતવૈમાનિક સુધી દેવોનું ભવધારણીય શરીર ભવસ્વભાવથી તથાવિધ શુભનામકર્મ ઉદય વડે સમચતુરસ્ર સંસ્થાનવાળું છે. ઉત્તર વૈક્રિય ઈચ્છાનુસાર થતું હોવાથી વિવિધ આકારે છે. ગ્રૈવેયક, અનુત્તરમાં પ્રયોજન અભાવે ઉત્તર વૈક્રિય શરીર ન હોય, કેમકે તેમને ગમનાગમન, પરિચારણા હોતાં નથી - x - હવે અવગાહના —

● **સૂત્ર-૫૧૮ :-**

*ભગવન્ ! વૈક્રિયશરીરની કેટલી મોટી અવગાહના છે ? જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ સાધિક લાખ યોજન, વાયુ૦ એકે૦ વૈ૦ શરીરની અવગાહના કેટલી છે ? જઘન્ય, ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ. નૈરયિક પંચે૦ વૈ૦ શરીરની કેટલી અવગાહના છે ? તેમની બે ભેદે અવગાહના છે — ભવધારણીય, ઉત્તરવૈક્રિય. ભવધારણીય શરીરાવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ-૫૦૦ ધનુષ, ઉત્તરવૈક્રિય૦ જઘન્ય પૂર્વવત્. ઉત્કૃષ્ટ ૧૦૦૦ ધનુષ્. રત્નપ્રભા પૃથ્વી નૈરયિકની શરીરાવગાહના ? બે ભેદે — ભવધારણીય, ઉત્તરવૈક્રિય. જઘન્ય બંનેમાં પૂર્વવત્. ઉત્કૃષ્ટ ભવધારણીય સાત ધનુષ્, ત્રણ હાથ છ અંગુલ, ઉત્તરવૈક્રિય ઉત્કૃષ્ટ ૧૫-ધનુષ્, અઢી હાથ. [અહીંથી ઉત્કૃષ્ટ અવગાહના કહી છે.]*

*શર્કરાપ્રભાની ભવધારણીય અવગાહના પંદર ધનુષ્, અઢી હાથ, ઉત્તર વૈક્રિય-૩૧ ધનુષ્, ૧-હાથ છે. વાલુકાપ્રભાની ભવધારણીય અવગાહના ૩૧-ધનુષ્-૧-હાથ, ઉત્તરવૈક્રિય - ૬૨ ધનુષ્-૨ હાથ, પંકપ્રભાની ભવધારણીય - ૬૨ ધનુષ્ ૨ હાથ, ઉત્તરવૈક્રિય-૧૨૫ ધનુષ્ છે. ધૂમપ્રભાની ભવધારણીય-૧૨૫ ધનુષ્, ઉત્તરવૈક્રિય-૨૫૦ ધનુષ્ છે. તમઃપ્રભા પૃથ્વીની ભવધારણીય-૨૫૦ ધનુષ્, ઉત્તર વૈક્રિય-૫૦૦ ધનુષ્ છે. અધઃસપ્તમીની ભવધારણીય-૫૦૦ ધનુષ્ અને ઉત્તરવૈક્રિય-૧૦૦૦ ધનુષ્ ઉત્કૃષ્ટથી જાણવી. જઘન્ય પૂર્વવત્.*

*તિર્યંચ પંચે૦ વૈક્રિય શરીરની અવગાહના કેટલી છે ? જઘન્ય-અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ યોજન શતપૃથક્ત્વ. મનુષ્ય પંચે૦ વૈ૦શરીરની અવગાહના ? જઘન્ય પૂર્વવત્, ઉત્કૃષ્ટ સાધિક એક લાખ યોજન. - - - અસુરકુમાર ભવનવાસી દેવ પંચે૦ વૈ૦શરીરની અવગાહના કેટલી છે ? તે બે ભેદે છે - ભવ ધારણીય, ઉત્તરવૈક્રિય. ભવધારણીય જઘન્ય અંગુલનો અસં૦ ભાગ, ઉત્કૃષ્ટ સાત હાથ. ઉત્તર વૈક્રિયમાં ઉત્કૃષ્ટ લાખ યોજન, જઘન્ય પૂર્વવત્. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.*



*એમ સામાન્ય વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ-ઈશાન દેવોને જાણવું. યાવત્ અચ્યુત કલ્પ સુધી ઉત્તરવૈક્રિય સમજવું પણ સનત્કુમારને ભવધારણીય અવગાહના ઉત્કૃષ્ટ છ હાથ, માહેન્દ્રને એમજ, બ્રહ્મલોક અને લાંતક દેવને પાંચ હાથ, મહાશુક્ર અને સહસ્રારને ચાર હાથ, આનતાદિચારને ત્રણ હાથ છે.*

*ગ્રૈવેયક કલ્પાતીત વૈમા૦ દેવ પંચે૦ વૈ૦શરીરની અવગાહના કેટલી છે ? જઘન્ય પૂર્વવત્, ઉત્કૃષ્ટ બે હાથ. એ પ્રમાણે અનુત્તરૌપપાતિક દેવ જાણવા. અવગાહના હાથ પ્રમાણ હોય.*

● **વિવેચન-૫૧૮ :-**

વૈક્રિય શરીર જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. તે નૈરયિકાદિને ભવધારણીય અપર્યાપ્તાવસ્થામાં અને વાયુકાયને પર્યાપ્તાવસ્થામાં હોય છે. ઉત્કૃષ્ટ સાધિક એક લાખ યોજન ઉત્તર વૈક્રિય દેવો અને મનુષ્યોને હોય છે. અહીં એકેન્દ્રિય વાયુકાયિક જાણવા, બીજાને તે લબ્ધિ સંભવ નથી. તેમને જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, કેમકે એટલું વૈક્રિયશરીર કરવાની તેની શક્તિ છે.

સામાન્ય નૈરયિકમાં - જે વડે ભવધારણ કરાય તે ભવધારણીય - જન્મપ્રાપ્ત, અવગાહના-શરીર ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્, ઉત્તર વૈક્રિય અવગાહના ૧૦૦૦ ધનુષ્ પ્રમાણ છે, તે સાતમી નરકની અપેક્ષાએ જાણવી. પછી પ્રત્યેક પૃથ્વી નૈરયિકની અવગાહના કહે છે — રત્નપ્રભામાં અંગુલનો અસંખ્યાત ભાગ પ્રથમ ઉત્પત્તિ સમયે જાણવું. ઉત્કૃષ્ટ સાત ધનુષ્ ત્રણ હાથ, છ અંગુલ, પર્યાપ્તાવસ્થામાં જાણવું. આ ઉત્કૃષ્ટ પ્રમાણ પણ તેરમાં પ્રસ્તટ વિશે જાણવું. પૂર્વના પ્રસ્તટોમાં ઓછું ઓછું શરીર હોય છે. તે આ રીતે — પ્રસ્તટ (૧) ત્રણ હાથ, (૨) ધનુષ્, ૨ હાથ, ૧॥ અંગુલ. (૫) ૩-ધનુષ્-૧૦ અંગુલ, (૬) ૩-ધનુષ્ ૨ હાથ ૧૮॥ અંગુલ, (૭) ૪-ધનુષ્ ૧-હાથ, ૩ અંગુલ, (૮) ૪ ધનુષ્ ૩ ૧૧॥ અંગુલ. (૯) ૫ ધનુષ્, ૧ હાથ, ૨૦ અંગુલ, (૧૦) ૬-ધનુષ્, ૪॥ અંગુલ, (૧૧) ૬ ધનુષ્ ૨ હાથ ૧૩ અંગુલ, (૧૨) ૭ ધનુષ્ ૨૧।. અંગુલ (૧૩) ૭ ધનુષ્, ૩ હાથ છ અંગુલ. - x - x - એ રીતે પ્રત્યેક પ્રતરે ૫૬॥ અંગુલની વૃદ્ધિ થાય છે.

હરિભદ્રસૂરિ કહે છે — ઉત્તર વૈક્રિય શરીરાવગાહના તથાવિધ પ્રયત્નથી પહેલા સમયે પણ અંગુલનો સંખ્યાતમો ભાગ પ્રમાણ છે. ઉત્કૃષ્ટ ૧૫-ધનુષ્ અને ૨॥ હાથ છે. ઉત્તરવૈક્રિય શરીરની અવગાહનાનું પરિણામ તેરમાં પ્રતરમાં જાણવું. બાકીના પ્રતરોમાં પૂર્વોક્ત ભવધારણીય શરીરથી બમણી અવગાહના છે.

શર્કરાપ્રભાના ભાવધારણીય શરીર ઉત્કૃષ્ટ ૧૫-ધનુષ્, ૨॥ હાથ છે. આ પરિણામ ૧૧માં પ્રસ્તટે જાણવું. બાકીના પ્રતરોમાં આ પ્રમાણે — પ્રતર (૧) ૭ ધનુષ્, ૩ હાથ, ૬-અંગુલ. (૨) ૮ ધનુષ્, ૨ હાથ, ૯ અંગુલ. એ રીતે - x - x - ક્રમશઃ ત્રણ હાથ અને ત્રણ અંગુલ ઉમેરતા જવા. એ રીતે પ્રતર પરિણામ પ્રાપ્ત થાય. - x

- x - હવે ઉત્કૃષ્ટથી ઉત્તરવૈક્રિયનું પરિમાણ કહે છે - ૩૧ ધનુષ્, ૧-હાથ. આ પ્રમાણ અગિયારમાં પ્રતરનું જાણવું. બાકીના પ્રતરોમાં પોતપોતાના ભવધારણીય શરીરપ્રમાણ અપેક્ષાએ બમણું બમણું જાણવું.

ત્રીજી વાલુકાપ્રભામાં ઉત્કૃષ્ટ ભવધારણીય અવગાહના ૩૧-ધનુષ્, ૧-હાથ છે. એ નવમાં પ્રતરને આશ્રીને કહ્યું છે બાકીના પ્રતરોમાં આ રીતે — (૧) ૧૫ ધનુષ્, ૨ હાથ, ૧૨ અંગુલ, (૨) ૧૭ ધનુષ્, ૨ હાથ, ૭ાા અંગુલ - x - x - એ રીતે પ્રત્યેક પ્રતરમાં સાત હાથ અને ૧૯ અંગુલ ઉમેરતા જવાથી બધાં પ્રતરના પરિણામ મળશે. - x - x - ઉત્તર વૈક્રિયનું ઉત્કૃષ્ટ પ્રમાણ-૬૨ ધનુષ્, ૨-હાથ છે. આ પ્રમાણ નવમાં પ્રતરની અપેક્ષાએ છે. બાકીના પ્રતરોમાં પોતપોતાના ભવધારણીય શરીર પ્રમાણથી બમણું બમણું સમજવું.

ચોથી પંકપ્રભામાં ઉત્કૃષ્ટ ભવધારણીય અવગાહના ૬૨-ધનુષ્ ૨ હાથ છે. આ પ્રમાણ સાતમાં પ્રતરનું જાણવું. બાકીના પ્રતરોમાં આ પ્રમાણે છે — (૧) ૩૧ ધનુષ્ ૧ હાથ, (૨) ૩૬ ધનુષ્, ૧-હાથ ૨૦ અંગુલ, (૩) ૪૧ ધનુષ્ ૨ હાથ ૧૬ અંગુલ, (૪) ૪૬ ધનુષ્ ૩ હાથ ૧૨ અંગુલ, (૫) ૫૨ ધનુષ્ ૮ અંગુલ, (૬) ૫૭ ધનુષ્, ૧ હાથ, ૪ અંગુલ, (૭) સૂત્રોક્ત પ્રમાણ. પ્રત્યેકમાં ૫ ધનુષ્ ૨૦ અંગુલની વૃદ્ધિ કરેલી છે - x - x - ઉત્તર વૈક્રિયનું ઉત્કૃષ્ટ પરિમાણ ૧૨૫ ધનુષ્ હોય, તે સાતમાં પ્રતરે છે. ભવધારણીયથી બમણું જાણવું.

પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ ભવધારણીય અવગાહના ૧૨૫-ધનુષ્ છે. તે પાંચમાં પ્રતરની છે પૂર્વના ચાર પ્રતરોની આ પ્રમાણે — (૧) ૬૨ ધનુષ્ ૨ હાથ, (૨) ૭૮ ધનુષ્ ૧ વેંત, (૩) ૯૩ ધનુષ્ ૩ હાથ, (૪) ૧૦૯ ધનુષ્ ૧ હાથ ૧ વેંત. દરેક પ્રતરમાં ૧૫-ધનુષ્, ૨ાા હાથ વધારેલ છે. - x - x - ઉત્તર વૈક્રિયની અવગાહના ૨૫૦ ધનુષ્ છે. બાકી ભવધારણીયથી બમણું કહેવું.

છટ્ઠી તમઃપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ ભવધારણીય શરીર ૨૫૦ ધનુષ્ છે. તે ત્રીજા પ્રતરમાં છે. (૧) ૧૨૫ ધનુષ્, (૨) ૧૮૭ાા ધનુષ્ પ્રત્યેક પ્રતરે ૬૨ાા ધનુષ્ ઉમેર્યા છે. - x - x - ઉત્તરવૈક્રિયનું પરિમાણ ઉત્કૃષ્ટથી ૫૦ ધનુષ્ હોય છે. પ્રથમના બે પ્રતરમાં સ્વ ભવધારણીયથી બમણી અવગાહના છે.

સાતમી નરક પૃથ્વીમાં ભવધારણીય શરીર ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ પ્રમાણ છે. ઉત્તર વૈક્રિય ૧૦૦ ધનુષ્ છે. - x -

તિર્યંચ પંચે૦ વૈ૦ શરીર ઉત્કૃષ્ટ યોજન શતપૃથક્ત્વ. કેમકે તેમને તેથી વધુ મોટું વૈક્રિય શરીર કરવાની શક્તિ નથી. મનુષ્યોને સાધિક લાખ યોજન વૈક્રિય શરીર હોય છે, કેમકે વિષ્ણુકુમાર આદિએ તેવું શરીર કર્યાનું સંભળાય છે. પંચે૦ તિર્યંચ, મનુષ્યને જઘન્ય શરીર અંગુલનો સંખ્યાત ભાગ છે, અસંખ્યાત ભાગ નહીં. કેમકે તથાવિધ પ્રયત્નોનો સંભવ નથી.

ભવનપતિથી ઈશાનદેવ પર્યન્ત પ્રત્યેકને જઘન્ય ભવધારણીય વૈક્રિય શરીરની



અવગાહના અંગુલનો અસંખ્યાતભાગ છે, તે ઉત્પત્તિ સમયે જાણવી. ઉત્કૃષ્ટ સાત હાથે છે, ઉત્તર વૈક્રિય ઉત્કૃષ્ટાવગાહના લાખ યોજન છે. ઉત્તર વૈક્રિય અચ્યુત કલ્પ સુધી હોય છે. પછી વૈક્રિય ન સંભવે. શેષ સૂત્રાર્થવત્ છે.

ભવધારણીય શરીર વિવિધ પ્રકારે હોય જુદું જુદું કહે છે - પંરતુ વિશેષતા એ છે કે — સનત્કુમાર કલ્પે ઉત્કૃષ્ટાવગાહના છ હાથ છે. એમ જ માહેન્દ્રમાં પણ કહેવું. આ પ્રમાણ સાત સાગરોપમ સ્થિતિક દેવોને આશ્રીને છે, બે-ત્રણ આદિ સાગરોપમ સ્થિતિકને આ પ્રમાણે — ભવધારણીય શરીરવગાહના બે સાગરોપમવાળાને પુરા સાત હાથ, ત્રણ સાગરોપમવાળાને છ હાથ અને ૪/૧૧ હાથ. ચાર સાગરોપમવાળાને ૬-૩/૧૧ હાથ, પાંચ સાગરોપમવાળાને ૬-૨/૧૧ હાથ અને છ સાગરોપમવાળાને ૬-૧/૧૧ હાથ જાણવું. - x - x - અહીં જઘન્ય અવગાહના ભવધારણીયની બધે અંગુલનો અસંખ્યાત ભાગ પ્રસિદ્ધ છે. તેને છોડીને ઉત્કૃષ્ટાવગાહના કહે છે—

બ્રહ્મલોક અને લાંતકમાં પાંચ હાથનું શરીર છે. જો કે લાંતક, બ્રહ્મલોકની ઉપર છે, સમશ્રેણીએ નથી, તો પણ શરીરપ્રમાણની વિચારણા હોવાથી દેવલોકની વિવક્ષા કરી નથી. કેમકે બબ્બે દેવલોકે એક હાથ ઘટે છે. શેષ વૃત્ત્યર્થ સૂત્રાર્થ મુજબ જાણવો. અહીં બ્રહ્મલોક અને લાંતકમાં જે પાંચ હાથ કહ્યા, તે ચૌદ સાગરોપમ સ્થિતિક દેવોને આશ્રીને જાણવું. બાકીના સાગરોપમસ્થિતિક દેવોને વિશે આ પ્રમાણે છે — સાત સાગરોપમે છ હાથ, આઠ સાગરોપમે - ૫-૬/૧૧ હાથ, નવ સાગરોપમે - ૫-૫/૧૧ હાથ, દશ સાગરોપમે ૫-૪/૧૧ હાથ, લાંતકમાં - ૧૧ સાગરોપમે - ૫-૩/૧૧ હાથ, બાર સાગરોપમે - ૫-૨/૧૧ હાથ, તેર સાગરોપમે ૫-૧/૧૧ હાથ ઉત્કૃષ્ટાવગાહના જાણવી.

મહાશુક્ર અને સહસ્રારમાં ઉત્કૃષ્ટ ચાર હાથ ભવધારણીય શરીર હોય છે. આ પ્રમાણ સહસ્રાર કલ્પે રહેલ ૧૮-સાગરોપમ સ્થિતિક દેવોને આશ્રીને જાણવું. બાકીના સાગરોપમ સ્થિતિક દેવોમાં આ પ્રમાણે છે - મહાશુક્રમાં સ્થિતિ ચૌદ સાગરોપમે ઉત્કૃષ્ટ ભવધારણીય શરીર સંપૂર્ણ પાંચ હાથ, પંદર સાગરોપમે ૪-૩/૧૧ હાથ, સોળ સાગરોપમે ૪-૨/૧૧ હાથ, સત્તર સાગરોપમે ૪-૧/૧૧ હાથ અને સહસ્રાર દેવોમાં ૧૭-સાગરોપમ સ્થિતિકમાં ૪-૧/૧૧ જ છે.

આનતાદિ ચાર કલ્પે ત્રણ હાથનું ભવધારણીય શરીર હોય, તે અચ્યુત કલ્પે ૨૨-સાગરોપમસ્થિતિક દેવને આશ્રીને સમજવું, બાકીના સાગરોપમની સ્થિતિવાળાને આ પ્રમાણે છે — આનત કલ્પે પરિપૂર્ણ ૧૮ સાગરોપમે ઉત્કૃષ્ટ ચાર હાથનું ભવધારણીય શરીર હોય. ૧૯ સાગરોપમે ૩-૩/૧૧ હાથ શરીર, પ્રાણત કલ્પે ૧૯-સાગરોપમવાળાને તેટલું જ, પ્રાણત કલ્પે ૨૦-સાગરોપમવાળાને ૩-૨/૧૧ હાથ શરીર, આરણ કલ્પે ૨૦-સાગરોપમવાળાને તેટલું જ, પણ ૨૧-સાગરોપમાવાયુવાળાને ૩-૧/૧૧ હાથ શરીર, અચ્યુત કલ્પે ૨૧-સાગરોપમાયુષ્કને તેટલું જ, ૨૨-સાગરોપમે પુરા ત્રણ હાથ શરીર છે.

ગ્રૈવેયક કલ્પાતીત દેવને એક ભવધારણીય શરીર હોય ઈત્યાદિ વિચાર કર્યો

વિશેષ એ - ઉત્કૃષ્ટથી બે હાથ પ્રમાણ શરીર હોય. તે ત્યાં ૩૧-સાગરોપમવાળાને આશ્રીને છે. બાકીના સાગરોપમ સ્થિતિકને આ પ્રમાણે ભવધારણીય શરીર જાણવું — પહેલા ગ્રૈવેયકે-૨૨-સાગરોપમે ત્રણ હાથ, ત્યાં જ ૨૩-સાગરોપમ સ્થિતિવાળાને ૨-૮/૧૧ હાથ શરીર, બીજું ગ્રૈવેયક-૨૩-સાગરોપમે તેટલું જ, ૨૪-સાગરોપમે - ૨-૭/૧૧ હાથ શરીર, ત્રીજા ગ્રૈવેયકે ૨૪-સાગરોપમે તેટલું જ, ૨૫-સાગરોપમવાળાને ૨-૬/૧૧ હાથ શરીર, ચોથા ગ્રૈવેયકે ૨૫-સાગરોપમવાળાને તેટલું જ, ૨૬-સાગરોપમવાળાને ૨-૫/૧૧ હાથ શરીર છે.

પાંચમાં ગ્રૈવેયકે ૨૬-સાગરોપમવાળાને તેટલું જ, ૨૭-સાગરોપમવાળાને ૨-૪/૧૧ હાથ ભવધારણીય શરીર હોય. છટ્ઠા ગ્રૈવેયકે ૨૭-સાગરોપમવાળાને એટલું જ, ૨૮-સાગરોપમવાળાને ૨-૩/૧૧ હાથ શરીર, સાતમાં ગ્રૈવેયકે ૨૮-સાગરોપમે તેટલું જ, ૨૯-સાગરોપમવાળાને ૨-૨/૧૧ હાથ શરીર. આઠમાં ગ્રૈવેયકે ૨૯-સાગરોપમવાળાને તેટલું જ, ૩૦-સાગરોપમવાળાને ૨-૧/૧૧ હાથ શરીર. નવમાં ગ્રૈવેયકે ૩૦ સાગરોપમવાળાને તેટલું જ છે, ૩૧-સાગરોપમવાળાને પરિપૂર્ણ બે હાથ શરીર હોય.

એ પ્રમાણે અનુત્તર દેવોનું સૂત્ર કહેવું. ભવધારણીય શરીર ઉત્કૃષ્ટ એક હાથ પ્રમાણ કહેવું. એ ૩૩-સાગરોપમ સ્થિતિક દેવને આશ્રીને જાણવું. વિજયાદિ ચાર વિમાને જેમની સ્થિતિ ૩૧-સાગરોપમ છે, તેમને સંપૂર્ણ બે હાથ પ્રમાણ શરીર છે. જેમની મધ્યમ ૩૨-સાગરોપમ સ્થિતિ છે, તેમને ૧-૧/૧૧ હાથ શરીર છે. સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ૩૩-સાગરોપમે એક હાથ શરીર છે.

વૈક્રિય શરીરાવગાહના કહી, હવે આહારક શરીર—

● **સૂત્ર-૫૧૯ :-**

*ભગવન્ ! આહારક શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! એકાકાર છે. જો એકાકાર છે, તો શું મનુષ્ય આહારક છે કે અમનુષ્ય આહારક છે કે અમનુષ્ય આહારક ? મનુષ્યાહારક શરીર છે, અમનુષ્યાહારક નથી. જો મનુષ્ય આહા૦ છે, તો શું સંમૂર્છિમ મનુ૦ આહા૦ છે કે ગર્ભજ મનુ૦ આહા૦?, સંમૂર્છિમ૦ નથી, ગર્ભજ મનુ૦ આહા૦ છે. જો ગર્ભજ મનુ૦ આહા૦ શરીર છે, તો શું કર્મભૂમિજ૦, અકર્મભૂમિજ૦ કે અંતર્દ્વિપજ ગર્ભજ મનુ૦ આહા૦ શરીર છે ? કર્મભૂમિજ૦ હોય, બાકીના બંનેને ન હોય.*

*જો કર્મભૂમિજ ગર્ભજ મનુ૦ આહા૦ શરીર હોય તો શું સંખ્યાત વર્ષાયુષ્ક૦ને હોય કે અસંખ્યાતવર્ષા૦ને ? સંખ્યાત વર્ષાયુ કર્મભૂમિ-ગર્ભજ મનુ૦ આહા૦ શરીર હોય, અસંખ્યાત૦ન હોય જો સંખ્યાત વર્ષ૦ કર્મ૦ ગર્ભજ મનુ૦ આહા૦ શરીર હોય તો પર્યાપ્તા૦ને હોય કે અપર્યાપ્તા૦ને હોય ? પર્યાપ્તા૦ને હોય, અપર્યાપ્તા૦ને નહીં. જો પર્યાપ્ત સંખ્યાતા વર્ષ૦ કર્મ૦ ગ૦ આ૦ શ૦ છે, તો શું સમ્યગ્દૃષ્ટિ૦ને હોય કે મિથ્યાદૃષ્ટિ૦ને કે મિશ્રદૃષ્ટિ૦ને હોય ? સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા*



*સંખ્યાત વર્ષાયુ કર્મભૂમિ ગર્ભજ આહારક શરીર હોય, મિથ્યાદૃષ્ટિ૦ કે મિશ્રદૃષ્ટિ૦ને ન હોય.*

*જો સમ્યગ્૦ પર્યાપ્તા સંખ્યાતા૦ કર્મ૦ ગર્ભજ મનુ૦ આહા૦ શરીર હોય તો શું સંયત૦ને હોય કે અસંયત૦ કે સંયતાસંયત૦ને ? સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા સંખ્યાતાયુષ્ક ગર્ભજ કર્મભૂમિજ મનુષ્ય આહારક શરીર હોય, અસંયત૦ કે સંયતાસંયત૦ ન હોય.ય જો સંયત સમ્યગ્૦ પર્યાપ્ત સંખ્યાયુ કર્મ૦ ગર્ભજ મનુ૦ આહા૦ શરીર છે, તો શું પ્રમત્ત સંયત૦ હોય કે અપ્રમત્ત સંયત૦? પ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા સંખ્યાતાયુ કર્મ૦ ગ૦ મનુ૦ આહા૦ શરીર હોય, પણ અપ્રમત્ત૦ ન હોય. જો પ્રમત્ત સંયત૦ને હોય તો શું ઋદ્ધિ પ્રાપ્ત૦ને હોય કે ઋદ્ધિ અપ્રાપ્ત૦ને ? ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુ કર્મ૦ ગર્ભજ મનુ૦ આહા૦ શરીર હોય, પણ ઋદ્ધિ અપ્રાપ્ત૦ને ન હોય.*

*ભગવન્ ! આહારક શરીર સંસ્થાન કેવું છે ? સમચતુરસ્ર. આહારક શરીરની અવગાહના કેટલી છે ? જઘન્ય કંઈક ન્યૂન એક હાથ, ઉત્કૃષ્ટ સંપૂર્ણ એક હાથ.*

● **વિવેચન-૫૧૯ :-**

સૂત્ર સુગમ છે. સર્વ સાવદ્યયોગોથી સમ્યક્ વિરામ પામે તે સંયત-સર્વવિરતિ ચારિત્રી. અસંયત-અવિરતિ સમ્યક્ દૃષ્ટિ, સંયતાસંયત-દેશવિરતિધર. પ્રમત્ત-મોહનીયાદિ કર્મોદય પ્રભાવથી સંજ્વલન કષાય, નિદ્રાદિમાંના કોઈપણ પ્રમાદના યોગથી સંયમયોગમાં સીદાતા તે. તેઓ પ્રાયઃ ગચ્છવાસી હોય, તેમને ક્વચિત્ અનુપયોગ સંભવે છે. તેથી વિપરીત તે અપ્રમત્ત. તે પ્રાયઃ જિનકલ્પિક, પરિહારવિશુદ્ધિક, યથાલંદકલ્પિક પ્રતિમા પ્રતિપન્ન હોય. નિરંતર ઉપયોગવાન્ સંભવે છે. જિનકલ્પિકાદિ લબ્ધિનો ઉપયોગ ન કરે. કેમકે તેવો તેમનો કલ્પ છે. જે ગચ્છવાસી આહારક શરીર કરે તેઓ પણ ત્યારે પ્રમાદયુક્ત હોય છે, આહારક શરીર તજતાં પણ પ્રમાદવાળા હોય છે. કેમકે આત્મપ્રદેશોનું ઔદારિકને વિશે સંહરણ કરવા વડે વ્યાકુળપણું હોય. અંતર્મુહૂર્ત આહારક શરીર રહે. - x - x - અપ્રમત્તનો નિષેધ કર્યો છે.

ઋદ્ધિપ્રાપ્ત - આમર્શૌષધિ આદિ આત્મિક શક્તિને પ્રાપ્ત. તે સિવાય ઋદ્ધિ અપ્રાપ્ત. પ્રથમથી વિશિષ્ટ ઉત્તરોત્તર અપૂર્વ અપૂર્વ અર્થનો પ્રતિપાદક, શ્રુતપ્રવેશક, શ્રુત સામર્થ્યથી તીવ્ર અને તીવ્રતર શુભ ભાવનાએ ચઢતો અપ્રમત્ત થઈ ઋદ્ધિ પ્રાપ્ત કરે. કહ્યું છે — અપ્રમત્ત, શ્રુતસાગરમાં પ્રવેશી અવધિ આદિ જ્ઞાન કે કોષ્ઠાદિ બુદ્ધિ પામે છે. તેને ચારણ, વૈક્રિયાદિ લબ્ધિ, માનસિક બળ આદિ ગુણો પ્રગટે છે. મન સંબંધી પર્યાયો જેને છે તે માનસ પર્યાય કે મનઃપર્યાય. કોષ્ઠબુદ્ધિ - કોઠાના ધાન્ય માફક જે બુદ્ધિ આચાર્યના મુખથી નીકળેલ સૂત્રાર્થને તે જ રૂપે ધારણ કરે અને કાલાંતરે વિસ્મૃત ન થાય તે. પદાનુસારી - એક સૂત્ર પદને જાણી બાકીનું ન સાંભળવા છતાં યથાર્થપણે જાણે. બીજ બુદ્ધિ-એક પણ અર્થપદને અનુસરી

બાકીનું ન સાંભળવા છતાં ઘણાં અર્થને જાણે તે. સૌથી ઉત્તમ પ્રકર્ષ પ્રાપ્ત બીજબુદ્ધિ ગણધરોને હોય છે, તેઓ ઉત્પાદાદિ ત્રિપદી સાંભળી દ્વાદશાંગીની રચના કરે છે.

ચારણ, વૈક્રિય, સર્વૌષધિતાદિ લબ્ધિ પણ અપ્રમત્ત સંયતને પ્રાપ્ત થાય છે. चारण - અતિશય ચરણ ગમન શક્તિ, તે વિશિષ્ટ ગમન અર્થમાં છે. - x - ચારણ બે ભેદે જંઘાચારણ, વિદ્યાચારણ. ચારિત્ર અને તપવિશેષના પ્રભાવથી જેમને ગમનવિશેષની લબ્ધિ ઉત્પન્ન થઈ છે, તે જંઘાચારણ. વિદ્યા સામર્થ્યથી ગમન લબ્ધિ ઉત્પન્ન થઈ છે, તે વિદ્યાચારણ. જંઘાચારણ રુચકવરદ્વીપ સુધી જવા સમર્થ છે, વિદ્યાચારણ નંદીશ્વરદ્વીપ સુધી જવા સમર્થ છે. જંઘાચારણ સૂર્યના કિરણોની નિશ્રા કરીને જાય, વિદ્યાચારણ પણ તેમ જ જાય. જંઘાચારણ એક પગલે રુચકવરદ્વીપે જાય, પાછા ફરતાં એક પગલે નંદીશ્વરદ્વીપે, બીજે પગલે સ્વ સ્થાને આવે. મેરુ પર્વતે જાય તો એક પગલે પંડક વન, પાછાં ફરતાં એક પગલે નંદનવન, બીજા પગલે સ્વસ્થાને આવે. ચારિત્રાતિશયથી જંઘાચારણ થાય, લબ્ધિ ઉપયોગમાં પ્રમાદના સંભવથી તે ક્ષીણ થતાં પાછા ફરતાં બે પગલે આવે છે. વિદ્યાચારણ એક પગલે માનુષોત્તર પર્વતે જાય, બીજા પગલે નંદીશ્વરદ્વીપે જાય, એક પગલે સ્વસ્થાને પાછા ફરે. પહેલાં પગલે નંદનવન, બીજા પગલે પંડક વનમાં જાય, પાછા ફરતાં એક પગલે સ્વસ્થાને આવે, કેમકે વિદ્યાના સામર્થ્યથી જાય, અભ્યાસથી વિદ્યા વધું સ્ફૂટ થતા વધુ શક્તિનો સંભવ હોવાથી એક પગલે સ્વસ્થાને આવે છે. - x - x - x -

જેના સર્વ વિષ્ટા મૂત્રાદિ ઔષધરૂપ છે, તે સર્વૌષધિ લબ્ધિવાળો કહેવાય. - x - અહીં આદિ શબ્દતી આમર્ષૌષધિ લબ્ધિ ગ્રહણ કરવી. आमर्ष - સ્પર્શ, औषधि - રોગ નિવારક શક્તિ. અપ્રમત્ત સંયત એ લબ્ધિ પ્રાપ્ત કરી, પછી પ્રમત્ત થાય, તેનું જ અહીં પ્રયોજન છે, માટે કહ્યું — ઋદ્ધિ પ્રાપ્ત પ્રમત્ત સંયત આહા૦.

(શંકા) મનુષ્યને આહારક શરીર છે, એમ કહેવાથી અમનુષ્યને ન હોય, તે સ્પષ્ટ છે, તો પણ નિરર્થક તે કથન કેમ કર્યુ ? (સમાધાન) શિષ્યો ત્રણ પ્રકારે — (૧) ઉદ્‌ઘટિતજ્ઞ - અર્થનું ઉદ્‌ઘાટન કરી જાણનાર બુદ્ધિમાન્. (૨) મધ્યમબુદ્ધિ - પૂર્વોક્ત અર્થાપત્તિગમ્ય અર્થને જાણે (૩) પ્રપંચિત-વિસ્તારથી કહેલા અર્થને જાણે, અન્ય રીતે નહીં, તેવા શિષ્યોના ઉપકાર માટે અર્થાપત્તિગમ્ય પ્રતિપક્ષરૂપ અર્થના નિષેધનું કથન કરેલ છે.- x - x - x -

આહારક શરીરના ભેદાદિ કહ્યા. હવે તૈજસ શરીર —

● સૂત્ર-૫૨૦,૫૨૧ :-

*[૫૨૦] ભગવન્ ! તૈજસ શરીર કેટલા ભેદે છે ? પાંચ ભેદે - એકેન્દ્રિય૦ યાવત્ પંચેન્દ્રિય તૈજસ શરીર, એકે૦ તૈજસશરીર કેટલા ભેદે છે ? પાંચ ભેદે - પૃથ્વી૦ યાવત્ વન૦ એકે૦ તૈ૦ શરીર. એ પ્રમાણે ઔદારિક શરીરના ભેદાનુસાર તૈજસ શરીરનો પણ ચઉરિન્દ્રિય જીવો સુધી ભેદ કહેવો. ભગવન્ ! પંચે૦ તૈજસ*





*શરીર કેટલા ભેદે છે ? ચાર ભેદે - નૈરયિક૦ યાવત્ દેવ તૈજસશરીર. નૈરયિકના વૈક્રિય શરીર માફક તૈજસના પણ બે ભેદ કહેવા. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને ઔદારિકશરીર વત્ ભેદો કહેવા. દેવોને વૈક્રિય શરીરનો ભેદ કહ્યો, તેમ સર્વાર્થસિદ્ધ સુધી કહેવો.*

*ભગવન્ ! તૈજસ શરીર કેવા સંસ્થાનવાળું છે ? અનેક પ્રકારે. એકેન્દ્રિય તૈજસ શરીર કેવા સંસ્થાનવાળું છે ? અનેક પ્રકારે. પૃથ્વીકાયિક એકે૦ તૈ૦ શ૦ કેવા સંસ્થાને છે ? મસૂર ચંદ્રાકારે. એમ ઔદારિક સંસ્થાનાનુસાર ચઉરિન્દ્રિય જીવો સુધી કહેવું. નૈરયિક તૈજસ શરીર કેવા સંસ્થાને છે ? વૈક્રિય માફક કહેવું. પંચે૦ તિર્યંચ અને મનુષ્યો તેમના ઔદારિક શરીર માફક કહેવા. દેવોનું તૈજસ શરીર સંસ્થાન વૈક્રિયશરીરવત્ અનુત્તરૌપપાતિક સુધી કહેવું.*

*[૫૨૧] ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત તૈજસશરીરની શરીરાવગાહના કેટલી છે ? વિસ્તાર, જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર. લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ. ઉત્કૃષ્ટ લોકાંતથી લોકાંત સુધી. મારમાંતિક સમુદ્‌ઘાતથી યુક્ત એકેન્દ્રિય જીવના તૈજસશરીરની અવગાહના કેટલી છે ? એમ જ છે. એમ યાવત્ પૃથ્વી૦થી વનસ્પતિકાય સુધી જાણવી.*

*મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત બેઈન્દ્રિયની શરીરાવગાહના ? વિસ્તાર-જાડાઈ-જઘન્ય લંબાઈ ઔધિકવત્. ઉત્કૃષ્ટ તીર્છાલોકથી લોકાંત સુધી. એમ ચઉરિન્દ્રિય સુધી કહેવું.*

*મારણાંતિક સમુદ્‌ઘાત યુક્ત નૈરયિકના તૈજસશરીરની શરીરાવગાહના ? વિસ્તાર-જાડાઈ શરીર પ્રમાણ, લંબાઈ જઘન્ય સાધિક ૧૦૦૦ યોજન, ઉત્કૃષ્ટ સાતમી નરક સુધી, તીર્છું સ્વયંભૂરમણ સમુદ્ર સુધી, ઉર્ધ્વલોકમાં પંડકવનની પુષ્કરિણી સુધી હોય.*

*મારણાંતિક સમુ૦થી પંચે૦ તિર્યંચના તૈજસ શરીરની અવગાહના ? બેઈન્દ્રિયવત્ જાણવી. ભગવન્ ! યાવત્ મનુષ્યની ? મનુષ્યક્ષેત્રથી લોકાંત સુધી.*

*અસુરકુમારની ? વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ, લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ ત્રીજી નરક પૃથ્વીના અધો ચરમાંત સુધી, તીર્છું યાવત્ સ્વયંભૂરમણ સમુદ્રની બાહ્ય વેદિકાંત સુધી, ઉપર ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી હોય છે, એમ સ્તનિતકુમાર સુધી તૈજસ શરીરાવગાહના જાણવી.*

*વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ, ઈશાન દેવોને એમ જ જાણવા.*

*મારણાંતિક સમુદ્‌ઘાતથી યુક્ત સનત્કુમાર દેવના તૈજસ શરીરની કેટલી અવગાહના છે ? વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ, લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યા ભાગ, ઉત્કૃષ્ટ નીચે મહાપાતાળ કળશનો બે તૃતીયાંશ ભાગ, તીર્છું સ્વયંભૂરમણ સમુદ્ર સુધી, ઉપર અચ્યુતકલ્પ સુધી, એ પ્રમાણે સહસ્રાર દેવ સુધી જાણવું.*

***મારણાંતિક સમુ૰ યુક્ત આનતદેવના તૈ૰ શરીરની અવ૰ કેટલી છે ? વિસ્તાર-જાડાઈ-લંબાઈ ઉપર મુજબ, ઉત્કૃષ્ટ અધોલૌકિક ગ્રામ સુધી, તીર્છું મનુષ્યક્ષેત્ર, ઉંચે અચ્યુતકલ્પ સુધી. એમ આરણ સુધી જાણવું. અચ્યુત દેવને એમ જ સમજવું, પણ ઉપર પોત-પોતાના વિમાન સુધી હોય.***

***મરણ સમુદ્દ્ઘાતયુક્ત ગ્રૈવેયક દેવની તૈ૰ શ૰ અવગાહના ? વિસ્તાર, જાડાઈમાં શરીરપ્રમાણ, લંબાઈ જઘન્યથી વિદ્યાધર શ્રેણી સુધી, ઉત્કૃષ્ટ અધોલૌકિક ગ્રામ સુધી, તીર્છું મનુષ્યક્ષેત્ર પર્યન્ત, ઉપર પોતપોતાના વિમાન સુધી હોય. અનુત્તરૌપપાતિકને એમ જ જાણવું.***

***ભગવન્ ! કાર્મણ શરીર કેટલા ભેદે છે ? પાંચ — એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય કાર્મણ શરીર. એમ તૈજસશરીરનો ભેદ, સંસ્થાન, અવગાહના કહ્યા તેમ અનુત્તરૌપપાતિક સુધી બધું કહેવું.***

**● વિવેચન-૫૨૦,૫૨૧ :-**

આ તૈજસ શરીર બધાંને અવશ્ય હોય છે. તેથી જેમ એકેન્દ્રિય યાવત્ ચઉરિન્દ્રિયમાં ઔદારિક શરીરનો ભેદ કહ્યો. તેમ તૈજસશરીરનો ભેદ કહેવો. પંચે૰ તૈજસ શરીરના વિચારમાં નારકથી દેવ પર્યન્ત ચાર ભેદે તૈજસશરીર છે. તેમાં નારકના તૈજસશરીરમાં વૈક્રિય શરીર માફક પર્યાપ્તા-અપર્યાપ્તાના બે ભેદો કહેવા, જેમકે - જો નૈર૰ પંચે૰ તૈજસ શરીર છે તો શું રત્નપ્રભા પૃથ્વી નૈરયિક તૈજસ શરીર છે કે યાવત્ અધઃસપ્તમી૰? ઈત્યાદિ - x - x - પંચે૰તિર્યંચ, મનુષ્યોને પૂર્વે ઔદારિક શરીરનો ભેદવત્ અહીં પણ કહેવું. જેમકે - ભગવન્ ! તૈજસ શરીર તિર્યંચ પંચેન્દ્રિયનું કેટલા પ્રકારે છે ? ઈત્યાદિ. દેવાનો વૈક્રિયશરીરનો ભેદ કહ્યો, તેમ તૈજસશરીરનો ભેદ કહેવો. - x -

તૈજસશરીરના પ્રકાર કહ્યા હવે તેનું સંસ્થાન કહે છે, તે સૂત્ર સુગમ છે. અહીં જીવ પ્રદેશાનુસારી તૈજસ શરીર છે. તેથી તે તે યોનિમાં ઔદારિક કે વૈક્રિય શરીરાનુસાર જીવપ્રદેશોનું જે સંસ્થાન હોય તે જ તૈજસશરીરનું સંસ્થાન હોય. જેમાં દેવ, નારકને વૈક્રિય, બાકીનાને ઔદારિક કહ્યા મુજબ હોય.

હવે તૈજસ શરીરની અવગાહના - તેમાં નૈરયિક આદિ મારણાંતિક સમુદ્ઘાતથી યુક્ત જીવોની વિવક્ષા કર્યા સિવાય સામાન્ય સંસારી જીવનું તૈજસશરીર અવગાહનાથી કહ્યું. તેમાં વિષ્કંભ-ઉદરાદિનો વિસ્તાર, બાહલ્ય-છાતી અને પીઠના ભાગની સ્થૂળતા, તે તૈજસશરીરવગાહના શરીરપ્રમાણ છે. લંબાઈ જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ છે. આ અવગાહના તદ્દન પાસે રહેલા એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થતાં એકે૰ની અપેક્ષાએ છે. ઉત્કૃષ્ટાવગાહના લોકાંતથી લોકાંત સુધી હોય. અર્થાત્ અધોલોકાંતથી ઉર્ધ્વલોકાંત સુધી હોય. આ અવગાહના પ્રમાણ સૂક્ષ્મ કે બાદર એકેન્દ્રિયની અપેક્ષાએ જાણવું, બીજા જીવની અપેક્ષાએ નહીં, કેમકે બીજાને સંભવ નથી, - x - અધોલોકાંતે વર્તતો એકેન્દ્રિય ઉર્ધ્વલોકાંતે કે ઉર્ધ્વલોકાંતે વર્તતો એકેન્દ્રિય અધોલોકાંતે ઉત્પન્ન થવાને



યોગ્ય હોય ત્યારે તેને મારણાંતિક સમુદ્ઘાત કરતાં ઉપરોક્ત શરીરાવગાહના હોય છે, એ કથન મુજબ પૃથ્વી આદિ પાંચેનો વિચાર કરવો - x - x -

બેઈન્દ્રિય સૂત્રમાં લંબાઈ વડે જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ તૈજસ શરીરની અવગાહના હોય, જ્યારે આવો અપર્યાપ્ત બેઈન્દ્રિય પોતાની નજીકના પ્રદેશમાં એકેન્દ્રિયાદિપણે ઉત્પન્ન થાય ત્યારે જાણવી અથવા જે શરીરમાં સમુદ્ઘાત કરે, તે સમુદ્ઘાત વડે શરીરથી નીકળેલા તૈજસ શરીરની અવગાહનાનો આયામ-વિષ્કંભથી વિચાર કરાય છે. પણ શરીર સહિત તૈજસ શરીરની અવગાહના વિચારાતી નથી. જો એમ ન હોય તો ભવનપત્યાદિની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ કહેવાશે, તેની સાથે વિરોધ આવશે. કેમકે ભવનપત્યાદિનું શરીર સાત હાથ આદિ પ્રમાણ છે. તેથી મોટા શરીરવાળા બેઈન્દ્રિય પોતાના નજીકના પ્રદેશમાં એકેન્દ્રિયપણે ઉત્પન્ન થાય ત્યારે આ અવગાહના જાણવી અને ઉત્કૃષ્ટ અવગાહના તીર્છાલોકથી અધો કે ઉર્ધ્વ લોકાંત જાણવી. તેટલી અવગાહના બેઈન્દ્રિયના એકેન્દ્રિયમાં ઉત્પત્તિ આશ્રીને સમજવી. - x - x - તીર્છાલોકના ગ્રહણનું કારણ એ છે કે — પ્રાયઃ બેઈન્દ્રિયનું સ્વસ્થાન તીર્છાલોક છે. અન્યથા અધોલોકમાં એક ભાગમાં અધોલૌકિક ગ્રામાદિમાં પણ તથા ઉર્ધ્વલોકના એક ભાગમાં પંડકવનાદિમાં પણ બેઈન્દ્રિયનો સંભવ છે, તેની અપેક્ષાએ આ અવગાહના સમજવી.

એ પ્રમાણે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય કહેવા.

નૈરયિક સૂત્રમાં લંબાઈ વડે જઘન્યથી સાધિક ૧૦૦૦ યોજન કહ્યા. તે આ રીતે — વલયમુખાદિ ચાર પાતાળ કળશો લાખ યોજન ઉંડા છે. તેની ઠીંકરી ૧૦૦૦ યોજન જાડી છે, તેઓની નીચેનો ત્રીજો ભાગ વાયુથી ભરેલો છે, ઉપરનો ત્રીજો ભાગ સંપૂર્ણ પાણીથી ભરેલો છે, વચ્ચેનો ત્રીજો ભાગ વાયુ અને પાણીના વધવા-ઘટવાના સ્વભાવવાળો છે. તેમાં જ્યારે કોઈ સીમંતકાદિ નરકાવાસોમાં વર્તતો નૈરયિક જે પાતાળકળશ નજીક છે, તે પોતાના આયુક્ષયથી નીકળીને ૧૦૦૦ યોજન પ્રમાણ કળશની ભીંતને ભેદી પાતાળકળશના બીજા કે ત્રીજા વિભાગમાં મત્સ્યપણે ઉત્પન્ન થાય ત્યારે મારણાંતિક સમુદ્ઘાત કરતા નૈરયિક સાધિક હજાર યોજન પ્રમાણ તૈજસ શરીરાવગાહના હોય ઉત્કૃષ્ટ અવગાહના સાતમી નરક સુધી તથા તીર્છી સ્વસંભૂરમણ સમુદ્ર સુધી, ઉર્ધ્વલોકમાં પંડકવનની પુષ્કરિણી સુધી જાણવી. - x - જ્યારે નીચેની સાતમી નરકપૃથ્વીનો નારક સ્વયંભૂરમણ સમુદ્રના અંતે કે પંડકવનમાં પુષ્કરિણીનાં મત્સ્યરૂપે ઉત્પન્ન થાય ત્યારે હોય છે.

તિર્યંચજ પંચેન્દ્રિયને ઉત્કૃષ્ટ તીર્છાલોકથી લોકાંત સુધીની અવગાહના હોય છે. અહીં પણ બેઈન્દ્રિયવત્ વિચારવું. કેમકે એકેન્દ્રિયોમાં તિર્યંચ પંચે૰ની ઉત્પત્તિ સંભવે છે.

મનુષ્યની સમય ક્ષેત્રથી લોકાંત સુધી અવગાહના હોય છે. જેમાં સમયપ્રધાન છે, તે સમયક્ષેત્ર. અઢી દ્વીપ પ્રમાણ ક્ષેત્રમાં સૂર્યાદિની ગમનક્રિયા વડે વ્યક્ત સમય

નામે કાળદ્રવ્ય છે, તે સમયક્ષેત્ર એટલે મનુષ્ય ક્ષેત્ર કહેવાય છે. ત્યાંથી ઉર્ધ્વ, અધો લોકાંત પ્રમાણ મનુષ્યના તૈજસશરીરની અવગાહના હોય, કેમકે મનુષ્યનો પણ એકેન્દ્રિયમાં ઉત્પત્તિનો સંભવ છે. સમયક્ષેત્ર સિવાય અન્યત્ર મનુષ્યનો જન્મ અને સંહરણ અસંભવિત હોવાથી અધિક અવગાહના ન સંભવે.

ભવનપતિથી ઈશાન દેવોને જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ હોય, કેમકે તે જીવો એકેન્દ્રિયોમાં ઉપજે છે. જ્યારે પોતાના આભરણાદિમાં આસક્તિ કે મૂર્છાવાળા થાય, તેના જ પરિણામવાળા થાય ત્યારે આભરણાદિ પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે. ત્યારે આ જઘન્યાવગાહના હોય. - x - x - ઉત્કૃષ્ટથી નીચે ત્રીજી નરકપૃથ્વીના અધો ચરમાંત સુધી, તીર્છુ સ્વયંભૂરમણ સમુદ્રની બાહ્ય વેદિકાંત સુધી તથા ઉર્ધ્વલોકમાં ઇષત્પ્રાગ્ભારા સુધી હોય છે. તે આ રીતે –

ભવનપત્યાદિ દેવ પ્રયોજન વશ ત્રીજી નરકના ચરમાંત સુધી જાય, ત્યાં ગયેલો કોઈ સ્વ આયુક્ષય થવાથી મરીને તીર્છુ સ્વયંભૂરમણ સમુદ્રની બાહ્ય વેદિકાંતે કે ઇષત્પ્રાગ્ભારા પૃથ્વીના અંત ભાગે પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થાય, ત્યારે ઉત્કૃષ્ટ ઉપર કહ્યા મુજબ તૈજસ શરીર અવગાહના હોય છે.

સનત્કુમારની જઘન્ય અવગાહના કઈ રીતે ? તેઓ તથા ભવસ્વભાવથી એકે૰ કે વિકલે૰માં ન ઉપજે, પણ તિર્યંચ પંચે૰ અને મનુષ્યોમાં ઉપજે છે. તેથી મેરુ આદિની વાવ વગેરેમાં સ્નાન કરતાં સ્વ ભવાયુ ક્ષયથી ત્યાં જ પોતાની પાસેના મત્સ્યપણે ઉપજે ત્યારે અંગુલનો અસંખ્યાતભાગ પ્રમાણ હોય. અથવા પૂર્વભવ સંબંધી માનુષીસ્ત્રીને મનુષ્યે ભોગવેલી જાણી અતિ અનુરાગથી આવીને આલિંગે છે, આલિંગીને તેના અવાચ્ય પ્રદેશમાં પોતાનું પુરુષ ચિહ્ન નાંખી કાળ કરી પુરુષ બીજરૂપ તેનાજ ગર્ભમાં ઉત્પન્ન થાય ત્યારે હોય છે. ઉત્કૃષ્ટથી નીચે લાખ યોજન ઉંડા પાતાળકળશોના બીજા વિભાગ સુધી હોય. તીર્છુ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી, ઉપર અચ્યુતકલ્પ સુધી હોય છે. તે આ રીતે – અન્ય દેવની નિશ્રાથી સનત્કુમારાદિ અચ્યુતકલ્પ સુધી જાય, ત્યાં મત્સ્યાદિ જંતુ વાવ વગેરેમાં ન હોય, ત્યાં સ્વ આયુ ક્ષય થતાં તીર્છા સ્વયંભૂરમણ સમુદ્રના અંતે કે નીચે પાતાળ કળશોના વાયુ અને પાણીની વૃદ્ધિ-હાનિ જેમાં છે એવા ત્રીજા વિભાગમાં મત્સાયાદિપણે ઉપજે ત્યારે તીર્છા કે અધોલોક સુધી પૂર્વોક્ત ક્રમે તૈજસ શરીરની અવગાહના હોય છે. એમ સહસ્રારદેવ સુધી કહેવું.

આનતદેવની જઘન્ય તૈજસશરીર અવગાહના તેમજ છે. [શંકા] આનતાદિ દેવો મનુષ્યોમાં જ ઉપજે છે અને મનુષ્યો મનુષ્ય મનુષ્યક્ષેત્રમાં જ હોય તો તેની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ કઈ રીતે હોય ? કોઈ આનતદેવ મનુષ્ય સંબંધી પૂર્વભવની સ્ત્રીને મનુષ્યે ભોગવેલી જાણી, નજીકમાં મૃત્યુ હોવાથી વિપરીત સ્વભાવથી, વિચિત્ર ચરિત્રથી, કર્મની ગતિ અચિંત્ય હોવાથી અને કામવૃત્તિ મલિન હોવાથી - x - અતિ અનુરાગથી આવી, ગાઢ આલિંગી, તેણીની યોનિમાં પુરુષ ચિહ્ન નાંખી અતિ મૂર્છાવાળો થઈ, આયુ ક્ષયે કાળ કરી તે સ્ત્રીના જ ગર્ભમાં મનુષ્ય



બીજમાં મનુષ્યપણે ઉપજે. મનુષ્યબીજ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત્ત રહે છે. - x - x - તેથી બાર મુહૂર્ત્તમાં ભોગવેલી સ્ત્રીને આલિંગન કરી, મરી ત્યાં જ મનુષ્ય થાય. ઉત્કૃષ્ટથી અધોલૌકિક ગ્રામ સુધી, તીર્છુ મનુષ્ય ક્ષેત્ર સુધી, ઉપર અચ્યુતકલ્પ સુધી તેની અવગાહના જાણવી. આનતદેવ અન્યદેવની નિશ્રાથી અચ્યુત કલ્પે જાય, ત્યાં જઈ કાળ કરી અધોલૌકિક ગ્રામ કે મનુષ્ય ક્ષેત્રમાં પર્યન્ત ભાગે મનુષ્ય થાય. એમ પ્રાણત, આરણ અને અચ્યુત દેવો સંબંધે પણ જાણવું.

અચ્યુત દેવને પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી તૈજસ શરીરની અવગાહના એ પ્રમાણે છે. પરંતુ સૂત્રમાં ઉંચે સ્વ વિમાન સુધી હોય છે, તેમ કહેવું. પણ અચ્યુતકલ્પ સુધી હોય તેમ ન કહેવું. કેમકે અચ્યુતવાળાને અચ્યુત સુધી કેમ ઘટે ? તેથી ઉપર પોતાના વિમાનો સુધી એમ કહ્યું.

ગ્રૈવેયક અને અનુત્તર દેવો તીર્થંકરને વંદનાદિ પણ ત્યાં જ રહીને કરે, આગમનનો અસંભવ હોવાથી અંગુલનો અસંખ્યાતભાગ પ્રમાણ તેમનામાં ન ઘટે. પણ વૈતાઢ્ય પર્વતમાં વિદ્યાધર શ્રેણીમાં ઉત્પન્ન થાય ત્યારે સ્વસ્થાનથી નીચે વિદ્યાધર શ્રેણી સુધી જઘન્ય તૈજસ શરીરાવગાહના હોય. તેથી વધુ જઘનય્ અવગાહના ન સંભવે. ઉત્કૃષ્ટ અધોલૌકિક ગામ સુધી હોય, કેમકે તેથી નીચે ઉત્પત્તિ ન સંભવે. જો કે વિદ્યાધર - વિદ્યાધરી નંદીશ્વરદ્વીપ સુધી જઈ સંભોગ પણ કરે, તો પણ મનુષ્યક્ષેત્ર બહાર મનુષ્ય ગર્ભમાં ન ઉપજે. તેથી તીર્છુ મનુષ્ય ક્ષેત્ર સુધી કહ્યું. એ પ્રમાણે તૈજસ શરીર વિશે કહ્યું.

તૈજસના નિત્ય સહચારીત્વથી હવે કાર્મણ કહે છે – તે તૈજસ માફક જીવપ્રદેશાનુસારી સંસ્થાનવાળું છે, તૈજસશરીર વત્ કાર્મણ પણ કહેવું. આમ અનુત્તરૌપપાતિક સુધી કહેવું.

હવે પુદ્ગલ ચયન કહે છે –

● **સૂત્ર-૫૨૨ :-**

***ભગવન્ ! ઔદારિક શરીરના પુદ્ગલો કેટલી દિશાથી આવીને એકઠાં થાય છે ? ગૌતમ ! વ્યાઘાતના અભાવે છ દિશાથી, વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ દિશાથી આવીને એકઠાં થાય છે. ભગવન્ ! વૈક્રિય શરીરના પુદ્ગલો કેટલી દિશાથી આવીને એકઠા થાય ? અવશ્ય છ દિશાથી એકઠાં થાય. એ પ્રમાણે આહારક શરીરમાં પણ જાણવું. તૈજસ અને કાર્મણ શરીરને ઔદારિકવત્ જાણવું.***

***ભગવન્ ! ઔદારિક શરીરના પુદ્ગલો કેટલી દિશાથી આવી ઉપચયને પામે છે ? ચયવત્ જ જાણવું યાવત્ કાર્મણ શરીરના પુદ્ગલો એ પ્રમાણે ઉપચય કે અપચયને પામે છે.***

***ભગવન્ ! જેને ઔદારિકશરીર છે, તેને વૈક્રિય હોય ? જેને વૈક્રિય શરીર છે, તેને શું ઔદારિક શરીર હોય ? ગૌતમ ! જેને ઔદારિક શરીર છે, તેને***

*વૈક્રિય શરીર કદાચ હોય - કદાચ ન હોય, જેને વૈક્રિય છે તેને ઔદારિક શરીર કદાચ હોય - કદાચ ન હોય.*

*ભગવન્ ! જેને ઔદારિક શરીર છે, તેને આહારક શરીર હોય ? જેને આહારક છે તેને ઔદારિક હોય ? ઔદારિક શરીરવાળાને આહારક શરીર કદાચ હોય-કદાચ ન હોય, આહારક શરીરવાળાને ઔદારિક શરીર અવશ્ય હોય.*

*જેને ઔદારિક છે તેને તૈજસ શરીર હોય ? જેને તૈજસ છે તેને ઔદારિક શરીર હોય ? ઔદારિકવાળાને તૈજસ શરીર અવશ્ય હોય, તૈજસવાલાને ઔદારિક શરીર કદાચ હોય - કદાચ ન હોય. એ પ્રમાણે કાર્મણ શરીર સંબંધે પણ જાણવું.*

*જેને વૈક્રિય શરીર છે તેને આહારક હોય ? આહારક શરી છે તેને વૈક્રિય હોય ? તેમ - x - x - ન હોય. તૈજસ, કાર્મણનો વિચાર ઔદારિક સાથે આહારકનો કર્યો, તેમ કરવો.*

*તૈજસ શરીર છે, તેને કાર્મણ હોય ? કાર્મણ શરીર છે. તેને તૈજસ હોય ? તે બંને અવશ્ય પરસ્પર હોય છે. - x -*

**● વિવેચન-૫૨૨ :-**

ભગવન્ ! કેટલી દિશાથી આવી પુદ્ગલો સ્વયં ચય પામે છે ? કોઈપણ પ્રકારનો વ્યાઘાત ન હોય તો છ દિશાથી આવેલ પુદ્ગલોનો ચય થાય છે. જ્યાં ત્રસ નાડીના મધ્ય ભાગમાં કે તેની બહાર રહેલ ઔદારિક શરીરવાળાની એક પણ દિશા અલોકથી પ્રતિબંધવાળી નથી, એવા નિર્વ્યાઘાત સ્થળે રહેલાને અવશ્ય છ એ દિશાથી પુદ્ગલોનું આગમન થાય છે. વ્યાઘાત - અલોક વડે પ્રતિબંધ થવો. તે વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ દિશાથી, ચાર દિશાથી, પાંચ દિશાથી ચય થાય છે. કઈ રીતે ? ઔદારિક શરીરી સૂક્ષ્મ જીવને જ્યાં ઉપર લોકાકાશ નથી, તીર્છું પૂર્વ દિશામાં કે દક્ષિણ દિશામાં લોકાકાશ નથી એવા સૌથી ઉપરના પ્રતરમાં અગ્નિકોણના લોકાંતે રહેલ જીવને અધો-પશ્ચિમ-ઉત્તરદિશા રૂપ ત્રણ દિશાથી આવેલા પુદ્ગલોનો ઉપચય થાય. કેમકે બાકીની ત્રણ દિશા અલોકથી વ્યાપ્ત છે. જો તે જીવ પશ્ચિમ દિશાને આશ્રીને રહે તો પૂર્વ સહિત ચાર દિશાથી પુદ્ગલોનું આગમન થાય, જ્યારે દ્વિતીયાદિ પ્રતરમાં રહે ત્યારે ઉર્ધ્વદિશા અધિક થાય, કેવળ દક્ષિણ દિશા અલોકથી પ્રતિબંધવાળી થાય છે. તેથી પાંચ દિશાથી પુદ્ગલાગમન થાય છે.

વૈક્રિય અને આહારક શરીર ત્રસનાડીના મધ્યમાં જ સંભવે છે, બીજો લોકાંતમાં તેનો સંભવ નથી. તેથી બંનેમાં પુદ્ગલોનો ઉપચય અવશ્ય છ દિશાથી થાય છે. તૈજસ, કાર્મણ શરીર સર્વે સંસારી જીવોને હોય, તેથી ઔદારિકમાં જેમ કહ્યું તેમ વ્યાઘાતથી કે નિર્વ્યાઘાતથી બંને રીતે તૈજસ, કાર્મણમાં જાણવું.

જેમ ચય કહ્યો તેમ ઉપચય, અપચય પણ કેહવો. ઉપચય - ઘણો ચય થવો, અપચય - હાની, શરીરથી પુદ્ગલ જુદું પડે તે. પુદ્ગલનો ચય કહ્યો, હવે શરીર



સંયોગ કહે છે —

જેને ઔદારિક શરીર છે, તેને વૈક્રિય હોય કે ન હોય. ઔદારિક વાળો વૈક્રિય લબ્ધિથી શરીર બનાવે, તો તેને હોય છે, બીજાને નથી હોતું વૈક્રિયશરીરી દેવ-નારક હોય તો તેને ઔદારિક ન હોય, મનુષ્ય-તિર્યંચ હોય તો ઔદારિક હોય. આહારક શરીર પણ માત્ર ચૌદપૂર્વી આહારક લબ્ધિધરને સંભવે, તેથી કહ્યું કે આહારક હોય તેને ઔદારિક અવશ્ય હોય. - x - x -

તૈજસ શરીર સાથે વિચારતાં ઔદારિકવાળાને તો તૈજસ હોય જ. તૈજસવાળાને ઔદારિક ન પણ હોય, કેમકે દેવનારકને હોતું નથી. - x - એમ કાર્મણ શરીર સાથે પણ વિચારવું કેમકે તૈજસ, કાર્મણ બંને સહચારી છે. હવે વૈક્રિય શરીરના આહારકાદિ સાથે સંબંધનો વિચાર કરે છે —

વૈક્રિય અને આહારક શરીર પરસ્પર સાથે ન હોય, કેમકે એક કાળે તે બંનેનો અસંભવ છે. તૈજસ-કાર્મણમાં ઔદારિક સાથે વિચાર્યુ, તેમ વૈક્રિયમાં પણ કહેવું. ઈત્યાદિ - x - x -

હવે દ્રવ્ય-પ્રદેશ-ઉભયથી અલ્પબહુત્વ-

**● સૂત્ર-૫૨૩,૫૨૪ :-**

*[૫૨૩] ભગવન્ ! ઔદારિક યાવત્ કાર્મણ શરીરમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ૰ છે ? ગૌતમ ! દ્રવ્યાર્થપણે-સૌથી થોડાં આહારક શરીરો, વૈક્રિય૰ અસંખ્યાતગણાં, ઔદારિક૰ અસંખ્યાતગણાં, તૈજસ-કાર્મણશરીરો અનંતગણાં અને બંને પરસ્પર તુલ્ય છે.*

*પ્રદેશાર્થપણે - સૌથી થોડાં આહારક શરીરો, વૈક્રિય૰ અસંખ્યાતગણાં, ઔદારિક૰ અસં૰, તૈજસ૰ અનંતગણાં, કાર્મણ૰ તેનાથી અનંતગણાં છે. - - - દ્રવ્યાર્થ પ્રદેશાર્થપણે - સૌથી થોડાં આહારક શરીરો દ્રવ્યાર્થપણે, વૈક્રિય૰ દ્રવ્યા૰ અસંખ્યાતગણાં, ઔદારિક૰ દ્રવ્યા૰ અસં૰, દ્રવ્યાર્થરૂપ ઔદારિક૰ કરતાં પ્રદેશાર્થ રૂપ આહારક૰ અનંતગણાં, વૈક્રિય૰ પ્રદેશાર્થ૰ અસં૰, ઔદારિક૰ પ્રદેશાર્થ૰ અસં૰ તેથી તૈજસ-કાર્મણ શરીરો દ્રવ્યાર્થ૰ અનંત૰ અને પરસ્પર તુલ્ય, તૈજસ૰ પ્રદે૰ અનંત૰, કાર્મણ૰ પ્રદેશા૰ અનંત૰ છે.*

*[૫૨૪] ભગવન્ ! આ ઔદારિક યાવત્ કાર્મણ શરીરોમાં જઘન્ય, ઉત્કૃષ્ટ, જઘન્ય-ઉત્કૃષ્ટ અવગાહના વડે કોણ કોનાથી અલ્પ૰ છે ? ગૌતમ ! સૌથી થોડી ઔદારિકશરીરની જઘન્ય અવગાહના છે, તૈજસ-કાર્મણ શરીરની જઘન્ય અવ૰ તેથી વિશેષાધિક અને પરસ્પર તુલ્ય છે. વૈક્રિય૰ની જઘન્ય અવ૰ અસંખ્યાતગણી છે, આહારક૰ જઘન્ય અવ૰ અસં૰, ઉત્કૃષ્ટ અવ૰ વડે સૌથી થોડી આહારક૰ની અવ૰, ઔદારિક૰ની સંખ્યાતગણી અવ૰ છે, વૈક્રિયની અવ૰ સંખ્યાત૰ છે, તૈજસ-કાર્મણ૰ની અસંખ્યાતગણી અને પરસ્પરતુલ્ય અવગાહન છે.*

*જઘન્યોત્કૃષ્ટ અવગાહના વડે — સૌથી થોડી ઔદા૰ શરીરની જઘન્ય*

***અવગાહના છે. તૈજસ-કાર્મણ૦ની જઘન્ય અવ૦ વિશેષાધિક અને પરસ્પર તુલ્ય છે. વૈક્રિય૦ની જઘન્ય અવ૦ અસંખ્યાતગણી છે. આહારક૦ની જઘન્ય અવ૦ અસં૦, આહારક૦ની જઘન્ય અવ૦થી તેની જ ઉત્કૃષ્ટ અવ૦ વિશેષ૦ છે, ઔદારિક૦ની ઉત્કૃષ્ટ અવ૦ સંખ્યા૦, વૈક્રિય૦ની ઉત્કૃષ્ટ અવ૦ સંખ્યા૦ તૈજસ-કાર્મણ૦ની ઉત્કૃષ્ટ અવ૦ અસં૦ અને પરસ્પર તુલ્ય છે.***

**● વિવેચન-૫૨૩,૫૨૪ :-**

સૌથી થોડાં આહારક શરીરો દ્રવ્યાર્થપણે છે - શરીર માત્ર દ્રવ્યસંખ્યાથી થોડાં કેમકે ઉત્કૃષ્ટથી તેઓ બે હજારથી નવ હજાર હોય - x - તેથી વૈક્રિય૦ દ્રવ્યા૦ અસં૦ છે, કેમકે સર્વે નારકો, દેવો તથા કેટલાંક પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યો અને બાદર વાયુકાયિકોને વૈક્રિયશરીર સંભવે છે. તેથી ઔદારિક૦ દ્રવ્યા૦ અસં૦ છે. કેમકે પૃથ્વીથી વનસ્પતિ, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યોને ઔદારિક શરીર હોય છે. તેથી તૈજસકાર્મણ૦ દ્રવ્યા૦થી અનંત૦ છે, કેમકે અનંતાનંત નિગોદજીવોને પ્રત્યેકને તૈજસ અને કાર્મણ શરીરો હોય છે, સહચારીત્વથી સ્વસ્થાને બંને તુલ્ય છે.

પ્રદેશાર્થપણે - સૌથી થોડાં આહારક, વૈક્રિય૦ અસં૦ છે. અહીં જો કે વૈક્રિય૦ યોગ્ય વર્ગણાથી આહારક૦ વર્ગણા પરમાણુ અપેક્ષાથી અનંતગણી છે, તો પણ થોડી વર્ગણાથી આહારક૦ થાય છે, કેમકે તે હસ્ત પ્રમાણ છે. અતિ ઘણી વૈક્રિય૦ વર્ગણાથી વૈક્રિય શરીર થાય, કેમકે તે ઉત્કૃષ્ટ લાખ યોજન છે. અતિ થોડાં આહારક૦ છે કેમકે તે સહસ્રપૃથકત્વ છે, અતિ ઘણાં વૈક્રિય૦ છે - x - x - તેનાથી ઔદારિક૦ અસં૦ છે, - x - તેથી તૈજસ શરીરો અનંતગણાં છે કેમકે ઔદારિક૦થી દ્રવ્યાર્થ૦ અનંતગણાં છે, તેથી કાર્મણ૦ અનંતગણાં છે કેમકે તૈજસ વર્ગણાથી કાર્મણ વર્ગણા પરમાણુ અપેક્ષાથી અનંતગણી છે.

દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણાંના વિચારમાં સૌથી થોડાં આહારક શરીરો દ્રવ્યાર્થપણે છે. તેનાથી વૈક્રિય૦ દ્રવ્યા૦ અસં૦ છે, તેનાથી ઔદારિક૦ દ્રવ્યા૦ અસં૦ છે દ્રવ્યા૦ ઔદા૦ કરતા આહારક૦ પ્રદેશાર્થ૦ અનંતગણાં છે - x - તેનાથી પણ વૈક્રિય૦ પ્રદે૦ અસં૦ છે. તેનાથી ઔદારિક૦ પ્રદે૦ અસં૦ છે તેનાથી તૈજસ-કાર્મણ૦ દ્રવ્યા૦ અનંતગણાં છે કેમકે તે અતિ મોટી અનંતસંખ્યાથી યુક્ત છે. તેથી પણ તૈજસ૦ પ્રદે૦ અંત૦ - x - તેનાથી કાર્મણ શરીરો પ્રરદે૦ અનંત૦ છે. એ પાંચે શરીરોનું દ્રવ્ય, પ્રદેશ, ઉભયથી અલ્પબહુત્વ.

હવે જઘન્ય, ઉત્કૃષ્ટ, ઉભય અવગાહનાથી અલ્પબહુત્વ સૌથી થોડી ઔદારિકશરીરની જઘન્ય અવગાહના, કેમકે તે અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, તેથી તૈજસ-કાર્મણની જઘન્ય અવ૦ વિશેષ૦ અને પરસ્પર તુલ્ય છે, કેમકે મરણ સમુદ્‌ઘાતયુક્ત પ્રાણીના પૂર્વ શરીરથી બહાર નીકળેલ તૈજસ શરીરની લંબાઈ-જાડાઈ-વિસ્તારથી અવગાહના વિચારાય છે. તેમાં જ્યાં ઉત્પન્ન થવાનો તે પ્રદેશ પણ ઔદારિક શરીરાવગાહનાથી અંગુલના અસંખ્યાત ભાગ પ્રદેશ તૈજસ૦થી વ્યાપ્ત છે,



વચ્ચેનો ભાગ પણ તૈજસશરીરથી વ્યાપ્ત છે. તેથી વિશેષાધિક છે. તેનાથી વૈક્રિય૦ની જઘનય્ અવગાહના અસં૦ છે. - x - તેનાથી આહારક૦ની જઘન્ય અવ૦ અસં૦ છે. કેમકે કંઈક ન્યૂન એક હાથ છે.

ઉત્કૃષ્ટ અવગાહનામાં સૌથી થોડી આહારક૦ની કેમકે તે એક હાથ છે, તેનાથી ઔદારિકની૦ સંખ્યા૦ છે, કેમકે સાધિક હજાર યોજન છે, તેનાથી વૈક્રિય૦ની સંખ્યા૦ છે કેમકે સાધિક લાખ યોજન છે. તેનાથી તૈજસ-કાર્મણની૦ પરસ્પર તુલ્ય અને અસં૦ છે કેમકે તે ચૌદ રાજલોક પ્રમાણ છે.

જઘન્યોત્કૃષ્ટ અવગાહનામાં બધું સુગમ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૨૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ પદ-૨૨-“ક્રિયા” ❀

— x — x — x —

૦ એ પ્રમાણે પદ-૨૧ની વ્યાખ્યા કરી, હવે ૨૨-મું શરૂ કરે છે. તેનો સંબંધ આ છે - પદ-૨૧માં ગતિ પરિણામ વિશેષ શરીર અવગાહનાદિ વિચારી, અહીં નારકાદિ ગતિ પરિણામ પરિણત જીવોની પ્રાણાતિપાતાદિ રૂપ ક્રિયા વિશેષ વિચારે છે—

● સૂત્ર-૫૨૫ :-

*ભગવન્ ! કેટલી ક્રિયાઓ છે ? ગૌતમ ! પાંચ — કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, પ્રાણાતિપાતિકી.*

*કાયિકી ક્રિયા કેટલા ભેદે છે ? બે ભેદે - અનુપરત કાયિકી, દુષ્પ્રયુક્ત કાયિકી. અધિકરણિકી ક્રિયા કેટલા ભેદે છે ? બે ભેદે - સંયોજનાધિકરણિકી, નિર્વર્તનાધિકરણિકી. પ્રાદ્વેષિકી ક્રિયા કેટલા ભેદે છે ? ત્રણ ભેદે - જે રીતે પોતાની, બીજાની કે બંનેની પરત્વે અશુભ મન કરે તે. પારિતાપનિકી ક્રિયા કેટલા ભેદે છે ? ત્રણ ભેદે — પોતાને, બીજાને, બંનેને અશાતા વેદના ઉદીરે. પ્રાણાતિપાત ક્રિયા કેટલા ભેદે છે ? ત્રણ ભેદે - જે પ્રકારે પોતાને, બીજાને, બંનેને જીવિતથી જુદા કરે. તે [પાંચ ક્રિયા કહી.]*

● વિવેચન-૫૨૫ :-

કરવું તે ક્રિયા, કમબંધના કારણભૂત જીવની ચેષ્ટા. તે પાંચ ભેદે - કાયિકી આદિ. જે ઉપચય પામે તે કાય - શરીર, કાય નિમિત્તે થયેલ કે તેના વડે કરાયેલ ક્રિયા તે કાયિકી. જેના વડે નરકાદિ દુર્ગતિમાં આત્મા સ્થપાય તે અધિકરણ-ક્રિયા વિશેષ અથવા ચક્ર, ખડ્ગાદિ બાહ્ય વસ્તુ નિમિત્તે થયેલ કે કરાયેલ ક્રિયા તે અધિકરણિકી. પ્રદ્વેષ-મત્સર, કર્મબંધહેતુ અકુશલ એવા જીવ પરિણામ, તે નિમિત્તે થયેલ કે કરાયેલ ક્રિયા તે પ્રાદ્વેષિકી. પરિતાપ-પીડા - x - તે પારિતાપનિકી. પ્રાણ-ઈન્દ્રિયાદિ, તેનો અતિપાત - નાશ, તે સંબંધે ક્રિયા તે પ્રાણાતિપાત ક્રિયા.

તેમાં કાયિકી ક્રિયા બે પ્રકારે — (૧) અનુપરત - દેશથી કે સર્વથી જે સાવધયોગથી નિવૃત્ત થયો ન હોય, તેની કાયિકી ક્રિયા, આ ક્રિયા દરેક જીવને હોય, આ ક્રિયા અવિરતિને જાણવી, દેશ કે સર્વ વિરતિને નહીં. (૨) દુષ્પ્રયુક્ત - દુષ્ટ પ્રયુક્ત કાયાદિનો વ્યાપાર જેમને છે તે, આ ક્રિયા પ્રમત્તસંયતને પણ હોય, કેમકે પ્રમત્તપણામાં અશુભ વ્યાપારનો સંભવ છે.

આધિકરણિકી ક્રિયા બે ભેદે — (૧) સંયોજનાધિકરણિકી-પૂર્વે બનાવેલાં હળ, ગર, કૂટયંત્રાદિના સાધનો મેળવવા તે જ સંસારનો હેતુ છે. આ ક્રિયા પૂર્વે બનાવેલા હળ આદિના અવયવો જોડીને તૈયાર કરનારને હોય.

(૨) નિર્વર્તનાધિકરણિકી - તલવાર, શક્તિ, ભાલા, આદિ શસ્ત્રોને મૂળથી બનાવવા તે. અથવા પાંચ પ્રકારના ઔદારિકાદિ શરીરોનું ઉત્પપન્ન કરવું તે. કેમકે દુષ્પ્રયુક્ત શરીર પણ સંસાર વૃદ્ધિનું કારણ છે.



પ્રાદ્વેષિકી ક્રિયા ત્રણ ભેદે છે — જે પ્રકારે જીવો પોતાના, બીજાના કે બંનેના ઉપર અકુશલ મન ધારણ કરે, ગણ વિષયો છે માટે ત્રણ ભેદ કહ્યા, જેમકે કોઈ મનુષ્યે કોઈ કાર્ય પોતે કર્યુ, પરિણામ ભયંકર થાય ત્યારે અવિવેકથી પોતાના ઉપર અશુભ મન ધારણ કરે, એમ કોઈ બીજા ઉપર, કોઈ સ્વ-પર બંને તરફ તેવું મન કરે.

પારિતાપનિકી પણ ત્રણ પ્રકારે છે — જે કારણે કોઈ મનુષ્ય કોઈ કારણથી અવિવેક વડે પોતાને જ દુઃખરૂપ અસાતા વેદના ઉત્પન્ન કરે, કોઈ બીજાને કરે, કોઈ પોતાને-બીજાને બંનેને કરે. એમ ત્રણ ભેદ થયા. [પ્રશ્ન] જો એમ હોય તો લોચ કરવો, તપ કરવો આદિ અનુષ્ઠાન ન કરવાનો પ્રસંગ આવશે. કેમકે તે સ્વ, પર, ઉભયને અશાતા વેદનાનું કારણ છે. [ઉત્તર] તે અયુક્ત છે, કેમકે પરિણામે હિતકર હોવાથી ચિકિત્સા માફક લોચ, તપાદિ અસાતા વેદનાનો હેતુ નથી. અશક્ય તપનો પ્રતિષેધ કરેલો છે. તેવો તપ કરવો કે જેથી મન અશુભ ચિંતવે નહીં, ઈન્દ્રિયોનો નાશ ન થાય, યોગ ક્ષીણ ન થાય. જેમ મન અને ઈન્દ્રિયો ઉન્માર્ગે ન જાય અને વશ રહે. તે પ્રમાણે જિનોનું આચરણ છે.

પ્રાણાતિપાત ક્રિયા ત્રણ પ્રકારે છે. જેમ કોઈ અવિવેકી મનુષ્ય ભૈરવપ્રપાતથી પોતાને જીવિતથી જુદો કરે, કોઈ દ્વેષાદિથી બીજાના જીવનનો નાશ કરે, કોઈ સ્વ-પરના જીવનનો નાશ કરે, એ ત્રણ ભેદ કહ્યા, આ જ કારણે ભગવંતે અકાળ મરણનો નિષેધ કર્યો છે. - x -

એમ ક્રિયાઓ કહી, હવે તે બધાં જીવોને હોય કે ન હોય ?

● સૂત્ર-૫૨૬ :-

*ભગવન્ ! જીવો ક્રિયાવાળા છે કે ક્રિયારહિત ? ગૌતમ ! જીવો તે બંને છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? જીવો બે પ્રકારના — સંસારી અને સિદ્ધ. જે સંસારી છે તે જીવો બે ભેદે છે — શૈલેશીપ્રાપ્ત, શૈલેશી અપ્રાપ્ત. શૈલેશી પ્રાપ્ત છે તે ક્રિયારહિત છે. શૈલેશી પ્રાપ્ત નથી તેઓ ક્રિયાસહિત છે માટે એમ કહ્યું કે જીવો સક્રિય અક્રિય બંને છે.*

*ભગવન્ ! શું જીવો પ્રાણાતિપાત વડે ક્રિયા કરે છે ? હા, ગૌતમ ! કરે છે. જીવો કોના વિશે પ્રાણાતિપાત વડે ક્રિયા કરે ? છ જીવનિકાયને વિશે કરે. શું નૈરયિકો પ્રાણાતિપાત વડે ક્રિયા કરે ? હા, કરે. એ પ્રમાણે નિરંતર વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્ ! શું જીવો મૃષાવાદથી ક્રિયા કરે ? હા, કરે. જીવો કોના વિશે મૃષાવાદથી ક્રિયા કરે ? સર્વ દ્રવ્યોને વિશે કરે. એ પ્રમાણે નિરંતર નૈરયિકોને યાવત્ વૈમાનિકોને જાણવું.*

*ભગવન્ ! શું જીવો અદત્તાદાનથી ક્રિયા કરે ? હા, કરે. જીવો કોના વિશે અદત્તાદાનથી ક્રિયા કરે ? ગ્રહણ અને ધારણ કરવા યોગ્ય દ્રવ્યોને વિશે કરે. એમ નૈરયિક યાવત્ વૈમાનિકોને જાણવું.*

*ભગવન્ ! શું જીવો મૈથુનથી ક્રિયા કરે ? હા, કરે. જીવો મૈથુનથી કોને વિશે ક્રિયા કરે ? રૂપ કે રૂપ સહિત દ્રવ્યને વિશે કરે એમ નૈરયિકોને નિરંતર વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્ ! શું જીવો પરિગ્રહ વડે ક્રિયા કરે ? હા, કરે. જીવો કોના વિશે પરિગ્રહ વડે ક્રિયા કરે ? સર્વ દ્રવ્યને વિશે. એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. એમ ક્રોધ, માન યાવત્ મિથ્યાદર્શનશલ્ય વડે ક્રિયા કરે છે. એમ સર્વને વિશે જીવ અને નૈરયિકના ભેદ કહેવા. એમ યાવત્ વૈમાનિક જાણવું. એ પ્રમાણે અઢાર દંડકો થાય છે.*

**● વિવેચન-૫૨૬ :-**

સૂત્ર સુગમ છે. પણ સંસાર સમાપન્ન - ચાર ગતિમાં ભ્રમણ કરવા રૂપ સંસારને સમ્ - એકતા વડે પ્રાપ્ત થયેલ, તેથી વિપરીત તે અસંસાર સમાપન્ન - સિદ્ધ જાણવા. 'च' શબ્દ અનેક ભેદ સૂચક છે. સિદ્ધો શરીર અને મનોવૃત્તિ અભાવે ક્રિયા રહિત છે. શૈલેશી - અયોગી અવસ્થા પ્રાપ્ત, તે સિવાયના - શૈલેશીને અપ્રાપ્ત. શૈલેશી પ્રાપ્ત સૂક્ષ્મ-બાદર કાય-વચન-મનો યોગનો રોધ કરેલ હોવાથી ક્રિયા રહિત છે. જેઓ શૈલેશી પ્રાપ્ત નથી તેઓ સયોગી હોવાથી ક્રિયા સહિત છે. - x -

હવે પ્રાણાતિપાત ક્રિયા જે પ્રકારે થાય તે કહે છે — જીવો પ્રાણાતિપાત - પ્રાણાતિપાતના અધ્યવસાય વડે ક્રિયા સામર્થ્યથી પ્રાણાતિપાત ક્રિયા કરે છે ? અર્થાત્ પ્રાણાતિપાતના અધ્યવસાયથી પ્રાણાતિપાતક્રિયા થાય છે ? આ ઋજુ સૂત્ર નયનો મત છે. - x - x - નિશ્ચિતપણે પ્રાણાતિપાત અધ્યવસાયથી પ્રાણાતિપાત ક્રિયા થાય છે. કેમકે નિશ્ચયનયનું અવલંબન કરનારને પરિણામ પ્રમાણભૂત છે. તેવું આગમ વચન છે. - x - એમ પ્રાણાતિપાત ક્રિયા જેમ થાય તે કહ્યું. પછી કોના વિશે થાય છે ? સૂત્ર સુગમ છે. વિશેષ આ - મારવાના પરિણામ જીવને વિશે થાય, અજીવને વિશે નહીં. રજ્જુમાં પણ સર્પની બુદ્ધિ હોય તો જીવને વિશે જ કહેવાય. તેથી પ્રાણાતિપાત ક્રિયા છ જીવને વિશે કહી, તે જ નૈરયિકાદિ ચોવીશ દંડકમાં પણ કહે છે. - x - x - x - એમ પ્રાણાતિપાત ક્રિયાનું પ્રતિપાદન કર્યું. હવે મૃષાવાદ —

સૂત્ર સુગમ છે. પરંતુ યથાસંભવ પ્રાણાતિપાતાદિ ક્રિયા થાય છે. તે-તે પરિણામથી તે-તે ક્રિયા થાય છે. સત્‌નો અપલાપ અને અસત્‌ની પ્રરૂપણા તે મૃષાવાદ તે લોકાલોક વિષયક બધી વસ્તુ વિશે પણ સંભવે છે. તેથી તેને સર્વ દ્રવ્યને વિશે કહી. અહીં દ્રવ્યનું ગ્રહણ પર્યાયનું સૂચક છે, તેથી પર્યાય વિશે પણ જાણવું.

જે વસ્તુ ગ્રહણ કે ધારણ થઈ શકે તેનું જ ગ્રહણ થાય, બીજાનું નહીં, અદત્તાદાનક્રિયા ગ્રહણ અને ધારણ કરવા લાયક દ્રવ્યને વિશે જ હોય. મૈથુન વિચાર ચિત્ર, કાષ્ઠાદિકૃત્ રૂપ અને રૂપસહિત સ્ત્રી આદિમાં હોય છે, મૈથુન ક્રિયા રૂપ, રૂપસહિત દ્રવ્યોમાં હોય તથા પરિગ્રહ સ્વસ્વામીભાવ સંબંધે મૂર્છા, અતિ લોભથી સર્વ વસ્તુ વિશે થાય છે. તેથી પરિગ્રહ ક્રિયા સર્વ દ્રવ્યોને વિશે કહી. તેથી શાસ્ત્રમાં



અન્યત્ર પહેલું વ્રત સર્વજીવ વિષયક, બીજું અને છેલ્લું સર્વ વસ્તુ વિશે તથા ત્રીજું અને ચોથું સર્વ વસ્તુના એક દેશને વિશે છે. - x -

ક્રોધાદિ પ્રસિદ્ધ છે. કલહ-રાડો, અભ્યાખ્યાન-ખોટા દોષનું આરોપણ, - x - અભ્યાખ્યાનનો મૃષાવાદમાં પણ સમાવેશ થાય છતાં મોટો દોષ જાણી જુદું ગ્રહણ કર્યુ. પૈશુન્ય - પરોક્ષમાં સાચા, ખોટા આરોપ કરવા, પરપરિવાદ - ઘણાં સમક્ષ બીજાનાં દોષ કહેવા. માયામૃષાવાદ - કપટપૂર્વક જૂઠું બોલવું, મહા કર્મબંધનું કારણ હોવાથી માયા અને મૃષાવાદથી જુદું પાપસ્થાન કહ્યું. મિથ્યા દર્શનરૂપશલ્ય તેના વડે અઢાર દંડકો થાય - x - કેમકે પ્રાણાતિપાતાદિ અઢાર પાપસ્થાનકો છે. એમ જીવોની ક્રિયા અને તેમનો વિષય બતાવ્યો. હવે તેને આશ્રીને જીવો એક કે બહુવચનથી કર્મબંધન કહે છે —

**● સૂત્ર-૫૨૭,૫૨૮ :-**

*[૫૨૭] ભગવન્ ! જીવ પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત કે આઠ બાંધે. એમ નૈરયિકથી વૈમાનિક છે.*

*ભગવન્ ! જીવો પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત પણ બાંધે, આઠ પણ બાંધે. નૈરયિકો પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? બધાં સાત બાંધનારા હોય કે બધાં સાત બાંધે અને કોઈ આઠ બાંધે અથવા સાત પણ બાંધે અને આઠ પણ બાંધે. એ પ્રમાણે અસુરકુમારથી સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથ્વીકાયથી વનસ્પતિકાય ઔધિકવત્ જાણવા. બાકીના બધાં નૈરયિકવત્ જાણવા. એમ જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ત્રણ ભંગ બધે કહેવા. આ પ્રમાણે મિથ્યાદર્શનશલ્ય સુધી કહેવું. એમ એકવચન, બહુવચનના છત્રીશ દંડકો થશે.*

*[૫૨૮] ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી ક્રિયાવાળો હોય ? ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયાવાળો હોય. એમ નૈરયિક યાવત્ વૈમાનિક જાણવા.*

*ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી ક્રિયાવાળા હોય ? કદાચ ત્રણ કદાચ ચાર, કદાચ પાંચ. એ પ્રમાણે નૈરયિકોથી નિરંતર વૈમાનિકો સુધી જાણવું. એમ દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય આઠે કર્મપ્રકૃતિ કહેવી. એમ એકવચન, બહુવચનમાં ૧૬-દંડકો થાય.*

*ભગવન્ ! જીવ જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળો થાય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ અને કદાચ અક્રિય હોય. જીવ નૈરયિકને આશ્રીને કેટલી ક્રિયાવાળો થાય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ અક્રિય હોય. એમ સ્તનિતકુમારો સુધી જાણવું.*

*પૃથ્વીકાયથી વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને આશ્રીને જેમ જીવને આશ્રીને કહ્યું તેમ છે.*

*જીવ જીવોને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ, કદાચ અક્રિય હોય. જીવ નૈરયિકોને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ અક્રિય હોય. એમ પહેલા દંડકવત્ આ બીજો દંડક કહેવો.*

*જીવો એક જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ, કદાચ અક્રિય પણ હોય. જીવો એક નૈરયિકને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? પહેલા દંડકવત્ વૈમાનિક સુધી કહેવું. જીવો જીવોને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ, કદાચ અક્રિય હોય ? જીવો નૈરયિકોને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ અક્રિય. અસુરકુમાર પણ એમ જ જાણવા. વૈમાનિક સુધી પણ એમ જ જાણવું.*

*જેમ જીવોને આશ્રીને કહ્યું, તેમ ઔદારિક શરીરોને આશ્રીને કહેવું. નૈરયિક, જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ. નૈરયિક નૈરયિકને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સમજવું. પરંતુ નૈરયિકને નૈરયિકોને અને દેવોને આશ્રીને પાંચમી પ્રાણાતિપાત ક્રિયા નથી.*

*નૈરયિકો જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ. એમ વૈમાનિક સુધી જાણવું. પરંતુ નૈરયિક અને દેવને આશ્રીને પાંચમી પ્રાણાતિપાત નથી.*

*નૈરયિકો જીવોને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? ત્રણ, ચાર કે પાંચ. નૈરયિકો નૈરયિકોને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? ત્રણ કે ચાર. એમ વૈમાનિકોને આશ્રીને સુધી જાણવું. પરંતુ ઔદારિક શરીરને આશ્રીને કહ્યું, તેમ જીવોને આશ્રીને કહેવું.*

*અસુરકુમાર જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? નૈરયિકવત્ અસુરકુમારને પણ ચાર દંડકો કહેવા. એમ ઉપયોગથી વિચારવું. જીવ અને મનુષ્ય અક્રિય કહેવાય. બાકીના ન કહેવાય. બધાં જીવો ઔદારિક શરીર આશ્રિત પાંચ ક્રિયાવાળા હોય અને નૈરયિકો તથા દેવોને આશ્રીને પાંચ ક્રિયાવાળા ન હોય. એમ એક એક જીવપદમાં ચાર ચાર દંડકો કહેવા. એમ બધાં જીવાદિ મળીને ૧૦૦ દંડકો થાય છે.*

● **વિવેચન-૫૨૭,૫૨૮ :-**

સૂત્ર સુગમ છે. પણ આયુબંધના અભાવે સાત પ્રકૃતિ બાંધે, આયુનો બંધ કરે ત્યારે આઠ બાંધે. બહુવચનમાં અનેક જીવના બંધના વિચારમાં સામાન્યથી જીવપદને આશ્રીને સાત અને આઠ બંને પ્રકૃતિના બંધક જીવો ઘણાં હોય છે. તેથી બંને સ્થાને બહુવચનરૂપ એક જ ભાંગો હોય. નૈરયિક સૂત્રમાં સાત પ્રકૃતિના બંધક અવસ્થિત



જ હોય કેમકે હિંસાદિ પરિણામવાળા હંમેશાં ઘણાં જીવોને સાત પ્રકૃતિનો અવશ્ય બંધ થાય છે. જ્યારે એક પણ નારક આઠ પ્રકૃતિ બાંધનાર ન હોય ત્યારે ‘બધા સાતબાંધે’ એ એક જ ભંગ હોય, જ્યારે એક આઠ પ્રકૃતિ બાંધે અને બાકીના સાત બાંધે ત્યારે “ઘણાં સાત પ્રકૃતિ બંધક, એક આઠ પ્રકૃતિ બંધક” એ બીજો ભંગ હોય. બંને જીવો ઘણાં હોય ત્યારે ત્રીજો ભંગ થાય. એમ ત્રણ ભાંગા વડે ભવનપતિઓ કહેવા.

એકેન્દ્રિયો સામાન્ય જીવોની માફક કહેવા. બંને સ્થાનો બહુવચન આશ્રિત એક જ ભંગ કહેવો. કેમકે હિંસાદિ પરિણામી પ્રત્યેક પૃથ્વીકાયિકાદિ જીવો સાત કે આઠ પ્રકૃતિનો બંધ કરનાર હંમેશાં ઘણાં હોય છે. બાકીના વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય સર્વેના ત્રણ ભંગ નૈરયિકવત્ કહેવા. પ્રાણાતિપાતની માફક બધાં પાપસ્થાનકોના પ્રત્યેકના એકવચન અને બહુવચનના બબ્બે દંડક મિથ્યાદર્શનશલ્ય સુધી છે.

જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી ક્રિયાવાળો થાય ? ઈત્યાદિ. પૂર્વ સૂત્ર સાથે આ સૂત્રનો સંબંધ શો છે ? જીવ પ્રાણાતિપાતથી સાત કે આઠ કર્મ બાંધે અને જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધતો તે જ પ્રાણાતિપાતને કરે છે, તે અહીં પ્રતિપાદન કરે છે. વળી પ્રાણાતિપાતના કાર્યરૂપ જ્ઞાનાવરણીય કર્મથી તેના કારણભૂત પ્રાણાતિપાતની ઉત્પત્તિનો ભેદ બતાવાય છે અને પ્રાણાતિપાતની ઉત્પત્તિના ભેદથી બંધ વિશેષ પણ થાય છે. - x -

પ્રાણાતિપાતની ઉત્પત્તિનો ભેદ બતાવે છે - કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો હોય. તેમાં કાયિકી, આધિકરણિકી, પ્રાદ્વેષિકી ક્રિયા વડે ત્રણ ક્રિયા હોય છે. कायिकी - હસ્ત, પાદાદિ અવયવોની પ્રવૃત્તિ. આધિકરણિકી - ખડ્ગાદિ અધિકરણ સજ્જ કરી રાખવા. પ્રાદ્વેષિકી - ‘તેને મારીશ’ એવું અપ્રશસ્ત મન કરવું. ચોથી પારિતાપનિકી - ખડ્ગાદિના ઘા વડે પીડા કરવી. પાંચમી ક્રિયા પ્રાણાતિપાત-જીવિતથી જુદા કરવા. એમ ચોવીશે દંડકમાં કહેવું - - x - એ પ્રમાણે એક જીવાશ્રિત દંડક કહ્યો. હવે ઘણા જીવોને આશ્રીને કહે છે — જીવો ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળા થાય. કેમકે જ્ઞાનાવરણ કર્મ બાંધનાર જીવો હંમેશાં ઘણાં હોય માટે ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળા પણ ઘણાં હોય એમ એક જ ભંગ થાય છે. જીવપદની માફક ચોવીશ દંડકમાં સ્વ-સ્વ સ્થાને પ્રત્યેકને ભાંગાનો અભાવ જાણવો. કેમકે જ્ઞાનાવરણીયાદિ બાંધતા નૈરયિકાદિ પણ હંમેશાં ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળા ઘણાં હોય છે. - x -

જીવ, જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? આ સૂત્રનો પૂર્વ સૂત્ર સાથે શો સંબંધ છે ? અહીં કેવળ વર્તમાન ભવમાં રહેલા જીવને જ્ઞાનાવરણીયાદિ કર્મ બંધના ભેદના વિચારમાં કાયિકી આદિ ક્રિયારૂપ વિશેષણવાળો પ્રાણાતિપાતનો ભેદ કારણ છે. એટલે કર્મબંધ વિશેષતામાં પ્રાણાતિપાતની વિશેષતા કારણ છે એમ ન સમજવું. પણ કાયિકી આદિ ક્રિયારૂપ વિશેષણવાળો અતીત ભવનો સંબંધ પણ કારણ છે. તેનો પૂર્વચાર્યકૃત્ ભાવાર્થ —

આ સંસારાટવીમાં ભ્રમણ કરતાં સર્વ જીવો એ તે - તે સ્થાનોમાં શરીર, આયુધાદિ છોડ્યા છે, તે શસ્ત્રો વડે જ્યારે કોઈને સ્વયં પીડાદિ થાય, ત્યારે ભવાંતરમાં ગયેલ તેના માલિકને પણ તેનાથી નિવૃત્ત થયેલો ન હોવાથી ક્રિયાનો સંભવ છે, પણ તેનો ત્યાગ કરે તો સંભવ નથી. દૃષ્ટાંત-વસંતપુરે અજિતસેન રાજાના સેવક બે કુલપુત્રો છે. એક શ્રાવક, બીજો મિથ્યાદૃષ્ટિ. રાજાને રાત્રિએ બહાર જવાનું થયું, ઘોડે ચડતાં ખડ્ગો પડી ગયા, શ્રાવક કુલપુત્રને ખડ્ગ ન મળ્યું. બીજો બોલ્યો 'ખડ્ગ નહીં મળે' શ્રાવકે અધિકરણ સમજી વોસિરાવ્યું, રાજપુરુષે ખડ્ગ લેનારને પકડ્યા. તેમણે રાજાના પ્રિય મનુષ્યને પકડ્યો, તે નાસવા જતાં મારી નાંખ્યો. પછી આરક્ષક તેને પકડીને રાજા પાસે લઈ ગયા, રાજાએ પૂછ્યું — તમે કોના માણસો છો ? તેમણે કહ્યું ''અમે અનાથ છીએ.'' કાલે ભિક્ષુકો હતા. પછી ખડ્ગો કોના છે ? તે તપાસ કરાવી. બંને કુલપુત્રોના ખડ્ગો છે, તેમ જાણ્યું. બંનેને પૂછતાં સત્ય વૃત્તાંત જાણ્યો. શ્રાવક કુલપુત્રે ખડ્ગ ન લેતાં, રાજાએ પૂછ્યું કે શા માટે લેતો નથી ? મેં તે ન મળતાં વોસિરાવી દીધેલ છે, માટે મારે લેવું ન કલ્પે. તેથી રાજાએ પ્રમાદી કુલપુત્રને શિક્ષા કરી, બીજાને છોડી મૂક્યો.

દૃષ્ટાંત ઉપનય - જેમ તે કુલપુત્ર પ્રમાદગર્ભિત ન વોસિરાવ્યાના દોષથી અપરાધ પ્રાપ્ત થયો, તેમ જીવ જન્માંતરમાં પ્રાપ્ત શરીર અને શસ્ત્રાદિ ન વોસિરાવતો અનુમોદના ભાવથી દોષને પ્રાપ્ત કરે છે. - x - હવે સૂત્રની વ્યાખ્યા —

જીવ, જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? કદાચ્ કાયિકી આદિ ત્રણે ક્રિયાવાળો હોય, વર્તમાન ભવને આશ્રીને પૂર્વવત્ વિચારવું, અતીત ભવાપેક્ષાએ તેના શરીરનો કે શરીરના અંશનો ઉપયોગ હોવાથી કાયિકી ક્રિયા, તેણે તૈયાર કરાવેલા હળ આદિ, તલવારાદિ બીજાના ઉપઘાત માટે વપરાતાં હોવાથી કે શરીર પણ અધિકરણ છે માટે આધિકરણિકી ક્રિયા પણ હોય. તે સંબંધી અશુભ પરિણામનું પ્રત્યાખ્યાન ન હોવાથી પ્રાદ્વેષિકી એમ ત્રણ ક્રિયા હોય. કદાચ પારિતાપનિકી હોવાથી ચાર ક્રિયાવાળો હોય. કેમકે તેના શરીર કે શરીરના ભાગ વડે શરીરના ભાગરૂપ અધિકરણથી પરિતાપ કરાય છે. અથવા જ્યારે જીવિતથી વિયોગ કરાવે ત્યારે પ્રાણાતિપાત ક્રિયા લાગે. એમ કદાચ પાંચ ક્રિયાવાળો હોય. કદાચ અક્રિય પણ હોય. પૂર્વ જન્મના શરીર કે અધિકરણનો ત્રિવિધ ત્રિવિધે ત્યાગ કરે, તે જન્મના શરીર વડે કંઈ ક્રિયા ન કરે. આ અક્રિયપણું મનુષ્યની અપેક્ષાએ સમજવું. કેમકે તેને સર્વવિરતિપણું હોય છે. અથવા સિદ્ધની અપેક્ષાએ અક્રિયપણું જાણવું. - x -

આ અર્થ ચોવીશ દંડકના ક્રમથી વર્ણવે છે - તે સુગમ છે. ભાવાર્થ આ છે - દેવ, નારકોને આશ્રીને જીવ ચાર ક્રિયાવાળો જ હોય. કેમકે તેમના જીવિતનો વિયોગ ન થાય. - x - સંખ્યાતવર્ષાયુ જીવોને આશ્રીને પાંચ ક્રિયાઓ હોય, કેમકે તેમને જીવિતથી વિયોગનો સંભવ છે. હવે ઘણાં જીવને આશ્રીને જીવ કેટલી ક્રિયાવાળો હોય ? તે. આ દંડક પૂર્વવત્ વિચારવો. જીવો એક જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળા





હોય ? પહેલા દંડકવત્ જાણવું. ઘણાં જીવોનો ઘણાં જીવોને આશ્રીને પ્રશ્ન પણ પાઠ સિદ્ધ છે - x - એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. પણ નૈરયિકો અને દેવોને આશ્રીને ત્રણ કે ચાર ક્રિયા કે અક્રિય કહેવા. બાકીના સંખ્યાત વર્ષાયુષ્કને પાંચ ક્રિયા પણ હોય, તેમ કહેવું.

હવે નૈરયિક પદને આશ્રીને કહે છે - નૈરયિક, જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? એમ વૈમાનિક સુધી કહેવું. અહીં યાવત્ શબ્દથી નૈરયિક, જીવોને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ઈત્યાદિરૂપ બીજો દંડક કહેલો જાણવો. બધે ઔદારિક શરીરી સંખ્યાત વર્ષાયુવાળાને આશ્રીને કદાચ ત્રણ ક્રિયા, ચાર ક્રિયા કે પાંચ ક્રિયાવાળો હોય એમ કહેવું. બાકી - x - x - પૂર્વવત્ છે.

(શંકા) નૈરયિક દેવોને આશ્રીને ચાર ક્રિયાવાળો કેમ હોય ? [સમાધાન] ભવનવાસી આદિ ત્રીજી નરક સુધી ગયેલા છે અને જશે. પૂર્વભવના મિત્રની વેદના શાંત કરવા કે પૂર્વભવના વૈરીને વેદના ઉપજાવવા જાય છે, અનંતકાળે આવું પણ થાય, ત્યાં ગયેલ દેવ નારક વડે બંધાય. [માટે ચાર ક્રિયા કહી.]

(શંકા) નારકને બેઈન્દ્રિયાદિને આશ્રીને કાયિકી આદિ ક્રિયા કેવી રીતે હોય ? [સમાધાન] નારકે પૂર્વભવનું શરીર વિરતિ અભાવે વોસિરાવેલ નથી, વિવેકનો અભાવ ભવ નિમિત્તક હોય છે. તેથી તે જીવે બનાવેલ શરીર, જ્યાં સુધી શરીર પરિણામનો ત્યાગ સર્વથા ન કરે, ત્યાં સુધી અંશથી પણ શરીર પરિણામને પ્રાપ્ત પૂર્વ ભાવની અપેક્ષાથી 'તેનું આ શરીર' એમ કહેવાય છે. તેથી તે શરીરનો એક ભાગરૂપ અસ્થિ આદિ જે કોઈ પ્રાણાતિપાત કરે, માટે પૂર્વે બનાવેલ શરીરનો જીવ કાયિકી આદિ ક્રિયાથી જોડાય છે. કેમકે તેણે તેને વોસિરાવેલ નથી. પાંચ ક્રિયાની ભાવના—

શરીરનો વ્યાપાર થતો હોવાથી કાયિકી, શરીર અધિકરણ પણ છે, તેથી અધિકરણિકી, પ્રાદ્વેષિકી આદિ આ રીતે — તે જ શરીરના એક ભાગને અભિઘાતાદિ કરવામાં સમર્થ જોઈને કોઈપણ હિંસા કરવા તત્પર થયેલો અને હિંસાને પાત્ર બેઈન્દ્રિયાદિને વિશે જેને ક્રોધાદિનું કારણ ઉત્પન્ન થયું છે એવો આત્મા 'આ શસ્ત્રઘાત કરવામાં સમર્થ છે, એમ વિચારી અતિશય ક્રોધાદિને પામી અને પીડા કરે, પ્રાણવિયોગ કરે ત્યારે તે ક્રિયાનું કારણ હોવાથી તેને પણ પ્રાદ્વેષિકી આદિ યથાયોગ્યપણે લાગે છે.

નૈરયિકપદની માફક અસુરકુમારાદિ બધામાં ચાર ચાર દંડકો કહેવા. પણ જીવ, મનુષ્યમાં 'અક્રિય હોય' તેમ પણ કહેવું. કેમકે વિરતિપ્રાપ્તિમાં શરીર વોસિરાવેલ હોવાથી શરીર નિમિત્તક ક્રિયાનો અસંભવ છે. બાકીના જીવોને તેમ નથી, માટે અક્રિય ન હોય.

હવે કયા જીવને કેટલી ક્રિયા હોય તે બતાવે છે —

● **સૂત્ર-૫૨૯ :-**

***ભગવન્ ! ક્રિયા કેટલી છે ? પાંચ. - કાયિકી યાવત્ પ્રાણાતિપાતિકી.***

નૈરયિકોને કેટલી ક્રિયા છે ? પાંચ. કાયિકી યાવત્ પ્રાણાતિપાતિકી. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.

જે જીવને કાયિકી ક્રિયા હોય, તેને અધિકરણિકી ક્રિયા હોય ? જેને અધિકરણિકી ક્રિયા હોય તેને કાયિકી હોય ? તે બંને ક્રિયા પરસ્પર અવશ્ય હોય. જેને કાયિકી ક્રિયા હોય તેને પ્રાદ્વેષિકી હોય ? જેને પ્રાદ્વેષિકી ક્રિયા હોય તેને કાયિકી હોય ? એમ જ સમજવું.

જેને કાયિકી ક્રિયા હોય તેને પારિતાપનિકી હોય અને પારિતાપનિકી ક્રિયા હોય તેને કાયિકી હોય ? જેને કાયિકી ક્રિયા હોય તેને પારિતાપનિકી કદાચ હોય - કદાચ ન હોય. પારિતાપનિકી ક્રિયા હોય તેને કાયિકી ક્રિયા અવશ્ય હોય. એમ પ્રાણાતિપાત ક્રિયા પણ જાણવી. એમ પહેલાંની ત્રણ ક્રિયા પરસ્પર અવશ્ય હોય. પણ આદિની ત્રણ ક્રિયાવાળાને પછી બંને હોય કે ન પણ હોય. પણ પછી બંને ક્રિયાવાળાને પૂર્વની ત્રણ ક્રિયા અવશ્ય હોય.

ભગવન્ ! જેને પારિતાપનિકી ક્રિયા હોય તેને પ્રાણાતિપાત ક્રિયા હોય અને પ્રાણાતિપાત ક્રિયા હોય તેને પારિતાપનિકી ક્રિયા હોય ? જેને પારિતાપનિકી ક્રિયા હોય, તેને પ્રાણાતિપાત કદાચ હોય કે ન હોય. જેને પ્રાણાતિપાતક્રિયા હોય તેને પારિતાપનિકી અવશ્ય હોય. જે નૈરયિકને કાયિકી ક્રિયા હોય તેને અધિકરણિકી ક્રિયા હોય ? જીવમાં કહ્યું તેમ જ નૈરયિકને પણ જાણવું. એ પ્રમાણે વૈમાનિક સુધી સમજવું.

જે સમયે જીવને કાયિકી ક્રિયા હોય, તે સમયે અધિકરણિકી ક્રિયા હોય ? જે સમયે અધિકરણિકી હોય ત્યારે કાયિકી હોય ? પહેલા દંડક મુજબ વૈમાનિકી સુધી આ દંડક જાણવો.

જીવને જે અંશે કાયિકી ક્રિયા હોય, તે અંશે અધિકરણિકી ક્રિયા હોય ઈત્યાદિ ? (પૂર્વવત્) વૈમાનિક સુધી કહેવું. જીવને જે પ્રદેશે કાયિકી ક્રિયા હોય, તે પ્રદેશે અધિકરણિકી ક્રિયા હોય ? આદિ. [પૂર્વવત્] વૈમાનિક સુધી જાણવું. આ રીતે ચાર દંડકો થયા.

ભગવન્ ! કેટલી આયોજિકા ક્રિયા કહી ? પાંચ – કાયિકી યાવત્ પ્રાણાતિપાત ક્રિયા. એમ વૈમાનિક સુધી જાણવું.

જે જીવને કાયિકી આયોજિકા ક્રિયા હોય તેને આધિકરણિકી આયોજિકા ક્રિયા હોય ? જેને આધિકરણિકી આયોજિકા હોય તેને કાયિકી આયોજિકા ક્રિયા હોય ? એમ આવા પાઠથી જે સમયે - જે અંશે અને જે પ્રદેશે એમ ચાર દંડકો વૈમાનિકી સુધી કહેવા.

ભગવન્ ! જે સમયે જીવ કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ હોય, તે સમયે પારિતાપનિકી અને પ્રાણાતિપાત ક્રિયાથી યુક્ત હોય ? (૧) કોઈ જીવ - જે સમયે કાયિકી આદિ ત્રણથી યુક્ત હોય, તે સમયે



પારિતાપનિકી ક્રિયાથી યુક્ત હોય અને પ્રાણાતિપાતક્રિયાથી યુક્ત હોય. (૨) કોઈ જીવ - જ્યારે કાયિકી આદિ ત્રણથી યુક્ત હોય, તે સમયે પારિતાપનિકીથી યુક્ત હોય પણ પ્રાણાતિપાતથી યુક્ત ન હોય. (૩) કોઈ જીવ કોઈ જીવને આશ્રીને જ્યારે કાયિકી આદિ ત્રણથી યુક્ત હોય, ત્યારે પારિતાપનિકી અને પ્રાણાતિપાત તે બંને ક્રિયા વડે અયુક્ત હોય.

● વિવેચન-૫૨૯ :-

સૂત્ર પૂર્વવત્ જાણવું. આ જ ક્રિયાઓ ચોવીશદંડકના ક્રમથી વિચારે છે - તે પાઠ સિદ્ધ છે. હવે આ ક્રિયાઓનો એક જીવને આશ્રીને પરસ્પર નિયત સંબંધ બતાવે છે - જેને કાયિકી હોય તેને અધિકરણિકી હોય ? ઈત્યાદિ. અહીં કાયિકી ક્રિયા ઔદારિકાદિ શરીરને આશ્રીને હિંસા કરવાના સામર્થ્યવાળી વિશિષ્ટ ગ્રહણ કરવી. પણ કાર્મણશરીરાશ્રિત ક્રિયા ગ્રહણ ન કરવી. તેથી પહેલી ત્રણ ક્રિયાનો પરસ્પર નિયત સંબંધ છે. કેવી રીતે ? શરીર અધિકરણ પણ છે. કાય અધિકરણ હોવાથી કાયિકી હોય ત્યાં અવશ્ય અધિકરણિકી હોય, અધિકરણિકી હોય ત્યાં અવશ્ય કાયિકી હોય. તે વિશિષ્ટ કાયિકી ક્રિયા પ્રદ્વેષ હોય ત્યાં હોય માટે પ્રાદ્વેષિકી પણ સંબંધિત છે. પ્રદ્વેષ પણ શરીરમાં સ્પષ્ટ જણાય છે. જેમકે - મુખનું રૂક્ષપણું આદિ.

પરિતાપ અને પ્રાણાતિપાતનું પ્રથમ ત્રણ ક્રિયાના સદ્ભાવમાં નિયતપણું નથી. કેમકે શિકારી, ઘાતપાત્ર પશુને ધનુષ્થી ફેંકેલા બાણથી વીંધે, તેથી તેનું પરિતાપ અને મરણ થાય, અન્યથા ન થાય, તેથી અનિયતપણું છે. પરિતાપ અને પ્રાણાતિપાતમાં પૂર્વની ક્રિયા અવશ્ય હોય કેમકે પૂર્વ ક્રિયા અભાવે આ બે ક્રિયા હોતી નથી. આ અર્થને વિચારી કાયિકી, બાકીની ચાર સાથે, અધિકરણિકી, ત્રણ સાથે અને પ્રાદ્વેષિકી ક્રિયા બાકીની બે ક્રિયા સાથે સારી રીતે કહેવી. - x - પારિતાપનિકાના સદ્ભાવમાં પ્રાણાતિપાત ક્રિયા કદાચ હોય, કદાચ ન હોય, જેમ બાણ આદિના ઘાતથી મૃત્યુ પામે તો હોય. જેને પ્રાણાતિપાત ક્રિયા હોય તેને પારિતાપનિકી અવશ્ય હોય.

હવે નૈરયિકાદિ ચોવીશ દંડકના ક્રમે ક્રિયાઓ પરસ્પર નિયત સંબંધ બતાવે છે - તે સૂત્ર પ્રસિદ્ધ છે. એમ એક દંડક કહ્યો. હવે કાળને આશ્રીને ઉપર કહ્યા મુજબ બીજો દંડક કહે છે, તે પૂર્વવત્. અહીં સમયના ગ્રહણ વડે સામાન્ય કાળનું ગ્રહણ કરવું. પણ અત્યંત સૂક્ષ્મ પૂર્વોક્ત સ્વરૂપવાળો નૈશ્ચયિક સમય ન લેવો. કેમકે પરિતાપ કે પ્રાણાતિપાત બાણાદિના ફેંકવાથી હોવાથી તેનો કાયિકી ક્રિયાના પ્રથમ સમયે જ અસંભવ છે. આ બીજો દંડક કહ્યો.

હવે ક્ષેત્રને આશ્રીને બે દંડકો કહે છે – જે દેશને આશ્રીને કાયિકી ક્રિયા થાય, તે દેશને આશ્રીને અધિકરણિકી ક્રિયા થાય ? ઈત્યાદિ. અહીં પૂર્વોક્ત સૂત્રવત્ જ કહેવું - x - આ ત્રીજો દંડક છે. જે પ્રદેશને આશ્રીને જીવને કાયિકી ક્રિયા હોય તે જ પ્રદેશને આશ્રીને અધિકરણિકી ક્રિયા હોય ? ઈત્યાદિ ચોથો દંડક છે. - x -

હવે દંડકની સંકલના :- એ પ્રમાણે - જેને, જે સમયે, જે દેશે, જે પ્રદેશે એમ

ચાર દંડકો થાય. એ ક્રિયાઓ જેમ જ્ઞાનાવરણ આદિ કર્મબંધનું કારણ છે, તેમ સંસારનું પણ કારણ છે. કેમકે જ્ઞાનાવરણીયાદિ કર્મનો બંધ સંસારનું કારણ હોવાથી અને તે ક્રિયાઓ કર્મબંધનો હેતુ હોવાથી ઉપચારથી તે ક્રિયાઓ પણ સંસારનું કારણ છે, તે વાત સૂત્રકાર - આયોજિકા ક્રિયાના સૂત્રથી કહે છે. આયોજિકા - જે જીવને સંસારમાં જોડે તે. - x - સુગમ છે.

જીવ જે સમયે કાયિકી આદિ ત્રણ ક્રિયાથી સ્પૃષ્ટ હોય ઈત્યાદિ - x - અહીં સમયના ગ્રહણથી સામાન્ય રીતે કાળ ગ્રહણ કરવો. પ્રશ્ન સૂત્ર સુગમ છે. ઉત્તર સૂત્રમાં ત્રણ ભાંગા કહ્યા. જે સૂત્રમાં સ્પષ્ટ છે, (માટે ફરી કહેતા નથી.) તેમાં ત્રીજો ભંગ બાણ આદિનું લક્ષ ચૂકી જવાથી મૃગાદિને પરિતાપ, હિંસા અસંભવ હોય ત્યારે જાણવો. જે જીવ જે સમયે કાયિકી આદિ ત્રણ ક્રિયાથી અયુક્ત હોય, ત્યારે અવશ્ય બાકી બે ક્રિયાથી અયુક્ત જ હોય, કેમકે કાયિકી આદિ ક્રિયાના અભાવમાં પરિતાપાદિ શક્ય નથી. હવે બીજી રીતે ક્રિયા નિરૂપણ —

● **સૂત્ર-૫૩૦ :-**

*ભગવન્ ! ક્રિયાઓ કેટલી છે ? પાંચ છે - આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાન, મિથ્યાદર્શનપ્રત્યયિકી.*

*ભગવન્ ! આરંભિકી ક્રિયા કોને હોય ? કોઈપણ પ્રમત્ત સંયતને હોય. પારિગ્રહિકી ક્રિયા કોને હોય ? કોઈ સંયતા સંયતને હોય. માયાપ્રત્યયિકી ક્રિયા કોને હોય ? કોઈપણ અપ્રમત્ત સંયતને હોય. અપ્રત્યાખ્યાનક્રિયા કોને હોય ? કોઈપણ અપ્રત્યાખ્યાનીને હોય. મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કોને હોય ? મિથ્યાદૃષ્ટિને હોય.*

*નૈરયિકને કેટલી ક્રિયા હોય ? પાંચ ક્રિયા - આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયિકી. એમ વૈમાનિક સુધી જાણવું.*

*જે જીવને આરંભિકી ક્રિયા હોય, તેને પારિગ્રહિકી ક્રિયા હોય ? જેને પારિગ્રહિકી ક્રિયા હોય તેને આરંભિકી હોય ? જેને આરંભિકી ક્રિયા હોય તેને પારિગ્રહિકી કદાચ હોય - કદાચ ન હોય. જેને પારિગ્રહિકી ક્રિયા હોય તેને આરંભિકી અવશ્ય હોય. જેને આરંભિકી ક્રિયા હોય તેને માયા પ્રત્યયિકી ક્રિયા હોય૦ ઈત્યાદિ પ્રશ્ન. જેને આરંભિકી ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી અવશ્ય હોય. જેને માયા પ્રત્યયિકી હોય, તેને આરંભિકી કદાચ હોય - કદાચ ન હોય.*

*જેને આરંભિકી હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય - ઈત્યાદિ પ્રશ્ન. આરંભિકીવાળાને અપ્રત્યાખ્યાન ક્રિયા કદાચ હોય - કદાચ ન હોય. અપ્રત્યાખ્યાનવાળાને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. એ પ્રમાણે મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા સાથે યોગ કરવો. એમ પારિગ્રહિકીની ઉક્ત ત્રણે ક્રિયા સાથે વિચાર કરવો. જેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય તેને પછીની બે ક્રિયા કદાચ હોય - કદાચ ન હોય, જેને પછીની બે ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી ક્રિયા અવશ્ય*



*હોય. જેને અપ્રત્યાખ્યાનક્રિયા હોય તેને મિથ્યાદર્શન પ્રત્યયિકી કદાચ હોય - કદાચ ન હોય, જેને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય જ.*

*નૈરયિકને પહેલાંની ચાર ક્રિયા પરસ્પર હોય જ. જેને એ ચાર ક્રિયા છે, તેને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા ભજનાએ હોય. જેને મિથ્યા૦ ક્રિયા હોય, તેને એ ચારે ક્રિયાઓ અવશ્ય હોય. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથ્વીકાયિકથી ચઉરિન્દ્રિય સુધીના જીવોને પાંચે ક્રિયા પરસ્પર અવશ્ય હોય છે. પંચેન્દ્રિય તિર્યંચને પહેલી ત્રણ ક્રિયા પરસ્પર અવશ્ય હોય. જેને તે ક્રિયાઓ હોય તેને ઉપરની બંને ક્રિયાઓ ભજનાએ હોય. જેને ઉપરની બે ક્રિયા હોય તેને આ ત્રણે ક્રિયાઓ અવશ્ય હોય. જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય, તેને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કદાચ હોય - કદાચ ન હોય. જેને મિથ્યા૦ ક્રિયા હોય, તેને અપ્રત્યાખ્યાન ક્રિયા અવશ્ય હોય.*

*મનુષ્યને, જીવને કહ્યા મુજબ જાણવું. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકની માફક જાણવા. ભગવન્ ! જે સમયે જીવને આરંભિકી ક્રિયા હોય, તે સમયે પારિગ્રહિકી ક્રિયા હોય ? એ પ્રમાણે જેને, જે સમયે, જે અંશે, જે પ્રદેશે ચારે દંડક જાણવા.*

*નૈરયિકવત્ સર્વે દેવો વૈમાનિક સુધી જાણવા.*

● **વિવેચન-સૂત્ર-૫૩૦ :-**

ક્રિયાઓ કેટલી છે ? ઈત્યાદિ. आरंभिकी - પૃથ્વી આદિની હિંસા કરવી. કહ્યું છે — સંરંભ - સંકલ્પ, સમારંભ - પરિતાપ ઉત્પન્ન કરનાર, આરંભ - ઘાત કરવો. જેનું કારણ આરંભ છે, તે આરંભિકી. પારિગ્રહિકી, તેમાં परिग्रह - ધર્મોપકરણ સિવાયની વસ્તુનો સ્વીકાર અને ધર્મોપકરણમાં મૂર્છા. પરિગ્રહરૂપ કે પરિગ્રહ વડે ઉત્પન્ન ક્રિયા. માયાપ્રત્યયિકી, તેમાં માયા - વક્રતા, ઉપલક્ષણથી ક્રોધાદિ પણ લેવા. - x - અપ્રત્યાખ્યાન-વિરતિના લેશમાત્ર પરિણામનો અભાવ. - x - મિથ્યાદર્શન-તત્ત્વરુચિનો અભાવ, તે જેનો હેતુ છે તે ક્રિયા.

ઉક્ત ક્રિયા જે જેને હોય તે કહે છે — આરંભિકી ક્રિયા કોઈ પણ પ્રમત્તસંયતને હોય. અહીં अपि શબ્દ ભિન્નક્રમ જણાવે છે. अन्यतर - કોઈપણ એક પ્રમત્ત સંયતને પ્રમાદના સદ્‌ભાવમાં શરીરના દુષ્પ્રયોગ વડે પૃથ્વી આદિની હિંસાનો સંભવ છે. अपि શબ્દ બીજા નીચેના ગુણસ્થાનકવર્તી જીવોને આરંભિકી ક્રિયાનું નિયતપણું બતાવવા માટે છે. - x - એ પ્રમાણે પછીના સૂત્રોમાં પણ अपि શબ્દના અર્થનો વિચાર યથાયોગ્યપણે કરવો.

પારિગ્રહિકી સંયતાસંયતને પણ હોય છે, કારણ કે તેને પણ પરિગ્રહ હોય. માયાપ્રત્યયિકી ક્રિયા અપ્રમત્તસંયતને પણ હોય. કઈ રીતે ? પ્રવચનના ઉડ્ડાહને ઢાંકવાને વિશે - x - જાણવી. અપ્રત્યાખ્યાન ક્રિયા કોઈપણ અવિરતિને સમજવી. કંઈ

પણ વિરતી ન કરે, તે અપ્રત્યાખ્યાની જાણવો. સૂત્રમાં કહેલા એક અક્ષરની પણ શ્રદ્ધા ન કરે તેવા મિથ્યાદૃષ્ટિને મિથ્યાદર્શન ક્રિયા હોય.

આ જ ક્રિયાનું ચોવીશ દંડકના ક્રમે નિરૂપણ છે, તે સુગમ છે. હવે આ ક્રિયાના પરસ્પર નિયત સંબંધને કહે છે :- જેને આરંભિકી ક્રિયા હોય, તેને પારિગ્રહિકી ક્રિયા કદાચ હોય, કદાચ ન હોય. પ્રમત્ત સંયતને ન હોય, બાકીનાને હોય. આરંભિકી વાળાને માયાપ્રત્યયા અવશ્ય હોય, માયાપ્રત્યયાવાળાને આરંભિકી કદાચ હોય, કદાચ ન હોય - અપ્રમત્ત સંયતને ન હોય, બાકીનાને હોય. આરંભિકીવાળાને અપ્રત્યાખ્યાન ક્રિયા કદાચ હોય - કદાચ ન હોય - પ્રમત્તસંયત અને દેશવિરતિને ન હોય, બાકીના અવિરતિ સમ્યગ્દૃષ્ટ્યાદિને હોય. અપ્રત્યાખ્યાનીને અવશ્ય આરંભ સંભવે, તેથી આરંભિકી ક્રિયા હોય. જેને આરંભિકી હોય તેને મિથ્યાદર્શન પ્રત્યયિકી કદાચ હોય, કદાચ ન હોય. મિથ્યાદૃષ્ટિને હોય, બીજાને નહીં. મિથ્યાદૃષ્ટિ અવિરતિ હોવાથી તેને અવશ્ય આરંભ સંભવે તેથી આરંભિકી ક્રિયા હોય.

એ રીતે આરંભિકીનો પારિગ્રહિકી આદિ ઉપરની ચારે ક્રિયા સાથે પરસ્પર નિયતપણું વિચાર્યુ, એમ પારિગ્રહિકીનો ત્રણ ક્રિયા સાથે, માયાપ્રત્યયિકીનો બે ક્રિયા સાથે વિચાર કર્યો. - x - એ જ અર્થને ચોવીશ દંડકના ક્રમથી બતાવે છે - નૈરયિકને પહેલાની ચાર ક્રિયાઓ હોય છે, નૈરયિકાદિ ઉત્કૃષ્ટ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન સુધી હોય, પછી નહીં. તેની તેમને ચાર ક્રિયા પરસ્પર નિયતપણે છે. મિથ્યાદર્શન પ્રતિ કદાચ હોય, કદાચ ન હોય. - x - મિથ્યાદૃષ્ટિને મિથ્યાદર્શન ક્રિયા હોય, બાકીના જીવોને ન હોય.

મિથ્યાદર્શનક્રિયાવાળાને પહેલાંની ચાર ક્રિયા અવશ્ય હોય, કેમકે મિથ્યા-દર્શનના સદ્ભાવમાં આરંભિકી આદિ અવશ્ય હોય. એમ સ્તનિતકુમાર સુધી કહેવું. કેમકે પૃથ્વી આદિને મિથ્યાદર્શન ક્રિયા અવશ્ય હોય. પંચે૰ તિર્યંચને પહેલાંની ત્રણ ક્રિયા નિયત હોય, કેમકે દેશવિરતિ સુધી આ ક્રિયાઓ હોય. પછીની બે ક્રિયામાં ભજના કહી. કેમકે તે દેશવિરતિને ન હોય, બાકીનાને હોય. ઉપરની બેમાં અપ્રત્યાખ્યાનક્રિયા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ સુધી હોય, મિથ્યા દર્શન ક્રિયા મિથ્યાદૃષ્ટિને હોય. ઈત્યાદિ - x -

હવે પંચે૰ તિર્યંચને અપ્રત્યાખ્યાનક્રિયા સાથે મિથ્યાદર્શન ક્રિયાનું પરસ્પર નિયતપણું બતાવે છે — તે સૂત્ર વિચાર્યુ. જીવપદમાં કહ્યું, તેમ મનુષ્યને કહેવું. ઈત્યાદિ વૃત્તિ સરળ છે.

**● સૂત્ર-૫૩૧ થી ૫૩૩ :-**

*[૫૩૧] ભગવન્ ! શું જીવોને પ્રાણાતિપાત વિરમણ હોય ? હા, હોય. જીવોને કોના વિશે પ્રાણાતિપાત વિરમણ હોય ? છ જીવનિકાયને વિશે. નૈરયિકોને પ્રાણા૰વિરમણ હોય ? એ અર્થ સમર્થ નથી. એમ વૈમાનિક સુધી જાણવું. પણ મનુષ્યોને જીવની માફક કહેવા. એમ મૃષાવાદ યાવત્ માયા મૃષાવાદ વડે જીવને અને મનુષ્યને જાણવા, બાકીનાને એ અર્થયુક્ત નથી. પરંતુ અદત્તાદાન, ગ્રહણ અને ધારણ કરવા લાયક દ્રવ્ય વિશે, મૈથુન રૂપ અને રૂપસહિત દ્રવ્યો વિશે, બાકી બધાં સર્વ દ્રવ્ય વિશે જાણવા. જીવોને મિથ્યાદર્શનશલ્ય વિરમણ હોય ? હા, હોય. કોને વિશે જીવોને મિથ્યાદર્શનશલ્ય વિરમણ હોય ? સર્વ દ્રવ્યોને વિશે.*

*એ પ્રમાણે નૈરયિક યાવત્ વૈમાનિક જાણવા. પણ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને એ અર્થ યુક્ત નથી.*

*[૫૩૨] પ્રાણાતિપાતની વિરતિવાળો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? સાત બાંધે, આઠ બાંધે, છ બાંધે કે એક બાંધે, કે અબંધક પણ હોય. એમ મનુષ્યોને પણ કહેવું. પ્રાણાતિપાતની વિરતીવાળા જીવો કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? ગૌતમ ! (૧) બધાં જીવો સાત પ્રકૃતિ બાંધે અને એક પ્રકૃતિ બાંધે. (૨) બધાં સાત બાંધે, એક બાંધે અને કોઈ આઠ બાંધે. (૩) ઘણાં સાતના બંધક અને એકના બંધક તથા એક આઠનો બંધક હોય. (૪) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર અને એક છ પ્રકૃતિ બંધક હોય. (૫) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર અને છ બાંધનાર હોય. (૬) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર અને એક અબંધક હોય. (૭) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર અને અબંધક હોય - - - અથવા - - -*

*(૧) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાંધનાર તથા એક છ પ્રકૃતિ બાંધનાર હોય. (૨) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ પ્રકૃતિ બાંધનાર, ઘણાં છ બાંધનાર હોય. (૩) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનારા અને એક છ બાંધનાર હોય. (૪) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર અને છ બાંધનાર હોય. - - - અથવા - - -*

*(૧) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાંધનાર, એક અબંધક હોય. (૨) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાંધનાર, ઘણાં અબંધક હોય. (૩) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર અને એક અબંધક હોય. (૪) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર, અબંધક હોય. - - - અથવા - - -*

*(૧) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, એક છ બાંધનાર, એક અબંધક હોય. (૨) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, છ બાંધનાર, ઘણાં અબંધક હોય. (૩) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, એક છ બાંધનાર અને અબંધક હોય. (૪) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, છ બાંધનાર અને અબંધક હોય - અથવા -*

*(૧) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાંધનાર, એક છ બાંધનાર, એક અબંધક, (૨) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, એક*

આઠ બાંધનાર, એક છ બાંધનાર, ઘણાં અબંધક. (૩) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાધનાર, ઘણાં છ બાંધનાર, એક અબંધક. (૪) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, એક આઠ બાંધનાર, ઘણાં છ બાંધનાર, ઘણાં અબંધક હોય. (૫) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર, છ બાંધનાર, એક અબંધક હોય, (૬) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર, એક છ બાંધનાર, ઘણાં અબંધક હોય. (૭) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર, છ બાંધનાર, એક અબંધક હોય. (૮) ઘણાં સાત બાંધનાર, એક બાંધનાર, આઠ બાંધનાર, છ બાંધનાર અને અબંધક હોય. એ પ્રમાણે આઠ ભંગો થયા.

બધાં મળીને ૨૭ ભંગો થાય. એમ મનુષ્યોને એ જ ૨૭ ભંગો કહેવા. એ રીતે મૃષાવાદવિરત યાવત્ માયામૃષાવાદ વિરત જીવ અને મનુષ્ય જાણવા. મિથ્યા-દર્શનશલ્ય વિરત જીવ કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત બાંધે, આઠ બાંધે, છ બાંધે, એક બાંધે, અબંધક હોય. મિથ્યાદર્શનશલ્ય વિરત નૈરયિક કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત અને આઠ યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ બાંધે. મનુષ્યને જીવ માફક જાણવો. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકવત્ સમજવો. મિથ્યાદર્શન શલ્ય વિરત જીવો કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? પૂર્વોક્ત ૨૭-ભંગો કહેવા. મિથ્યાદર્શનશળ્ય વિરત નૈરયિક કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? બધાં સાત બાંધે અથવા ઘણાં સાત બાંધે અને એક આઠ બાંધે. ઘણાં સાત અને આઠ બાંધે. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. પણ મનુષ્યો જીવ માફક કહેવા.

[૫૩૩] પ્રાણાતિપાત વિરત જીવોને શું આરંભિકી ક્રિયા હોય ? યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા હોય ? આરંભિકી ક્રિયા કદાચ હોય-કદાચ ન હોય. પારિગ્રહિકી ક્રિયા ? એ અર્થ સમર્થ નથી. માયા પ્રત્યયિકી ક્રિયા ? કદાચ હોય - કદાચ ન હોય. અપ્રત્યાખ્યાન પ્રત્યયા ? એ અર્થ સમર્થ નથી. મિથ્યાદર્શનપ્રત્યયા ? એ અર્થ સમર્થ નથી. એમ પ્રાણાતિપાતવિરત મનુષ્ય પણ જાણવા. એ પ્રમાણે માયામૃષાવાદવિરત સુધીના જીવ, મનુષ્ય જાણવા.

ભગવન્ ! મિથ્યાદર્શન શલ્ય વિરત જીવને શું આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા હોય ? આરંભિકી ક્રિયા કદાચ હોય - કદાચ ન હોય. એ પ્રમાણે અપ્રત્યાખ્યાન ક્રિયા સુધી જાણવું, મિથ્યાદર્શન પ્રત્યયિકી ન હોય.

ભગવન્ ! મિથ્યાદર્શન શલ્ય વિરત નૈરયિકને શું આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા હોય ? આરંભિકી યાવત્ અપ્રત્યાખ્યાન ક્રિયા હોય. મિથ્યાદર્શનપ્રત્યયા ન હોય. એમ સ્તનિતકુમાર સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચને આરંભિકી, માયા પ્રત્યયિકી ક્રિયા હોય, અપ્રત્યાખ્યાનક્રિયા કદાચ હોય - કદાચ ન હોય. મિથ્યાદર્શન પ્રત્યયા ન હોય. મનુષ્ય જીવવત્ જાણવા. વ્યંતર, જ્યોતિષ્, વૈમાનિકને નૈરયિકવત્ જાણવા.



આ આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયામાં કઈ કોનાથી અલ્પ૦ આદિ છે ? સૌથી થોડી મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા છે. અપ્રત્યાખ્યાન ક્રિયા વિશેષાધિક, પારિગ્રહિકી વિશેષાધિક, આરંભિકી વિશેષાધિક, માયાપ્રત્યયિકી વિશેષાધિક છે.

● વિવેચન-૫૩૧ :-

- x - પ્રાણાતિપાતાદિના વિરમણ વિષયભૂત છ કાયાદિનો પૂર્વે જ વિચાર કર્યો છે. માટે અહીં ફરી વિચારતા નથી. પ્રાણાતિપાતથી મૃષાવાદ સુધીની વિરતી જીવ અને મનુષ્યને વિશે કહેવી. - x - કેમકે મનુષ્ય સિવાય બીજાને ભવનિમિત્તક સર્વ વિરતિનો અભાવ છે. મિથ્યાદર્શન વિરમણમાં ''સર્વ દ્રવ્યોને વિશે'' કહ્યું પણ ઉપલક્ષણથી સર્વ પર્યાયો વિશે પણ સમજવું. કેમકે એક દ્રવ્ય કે પર્યાયને વિશે મિથ્યાત્વ હોય તો તેને મિથ્યાદર્શનના વિરમણનો અસંભવ છે. સૂત્રોક્ત એક પણ અક્ષરની અરુચિ થવાથી મનુષ્ય મિથ્યાદૃષ્ટિ થાય છે. કેમકે ''જિનોક્ત સૂત્ર અમને પ્રમાણ છે'' એવું શાસ્ત્ર વચન છે.

મિથ્યાદર્શલશલ્ય વિરતિ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાયના જીવ સ્થાનોમાં હોય છે. - x - કેમકે પૃથ્વી આદિમાં પ્રતિપદ્યમાન અને પ્રતિપન્ન બંનેનો અભાવ છે - એમ શાસ્ત્રવચન છે. કોઈક બેઈન્દ્રિયાદિને કરણપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમ્યકત્વ હોય, તો પણ મિથ્યાત્વાભિમુખ અને સમ્યકત્વ પ્રતિકૂળને હોય માટે તેમને પણ મિથ્યાદર્શનશલ્ય વિરતિનો નિષેધ છે.

પ્રાણાતિપાત વિરતને કર્મબંધ થવા કે ન થવા વિશે કહે છે — સૂત્રો સુગમ છે. ઉત્તર સૂત્રમાં જણાવે છે કે — બધાં જીવો સાત પ્રકૃતિ બાંધનાર અને એક પ્રકૃતિ બાંધનાર હોય. અહીં પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિ બાદર સંપરાય સાત પ્રકૃતિ બાંધે. તેમાં પ્રમત્ત, અપ્રમત્ત આયુના બંધ કાળે આઠ પ્રકૃતિ બાંધે. આયુનો બંધ કદાચિત્ હોય છે, તેથી કોઈ કાળે સર્વથા પણ ન હોય. વળી અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર કદાચિત્ ન પણ હોય, કેમકે તેનો વિરહ પણ કહેલો છે. એક પ્રકૃતિ બંધક ઉપશાંતમોહાદિવાળા છે. તેમાં ઉપશાંત કે ક્ષીણ મોહ કદાચ હોય કે ન હોય, સયોગી કેવલી હંમેશાં હોય છે. - x - તેથી સાત પ્રકૃતિબંધક, એક પ્રકૃતિ બંધક ઘણાં હોય છે. એમ આઠ પ્રકૃતિ બંધ કરનાર આદિના અભાવમાં પહેલો ભંગ થાય છે.

અથવા સાત પ્રકૃતિ બંધક અને એક પ્રકૃતિ બંધક ઘણાં હોય અને એક આઠ પ્રકૃતિનો બંધક હોય તે બીજો ભંગ. આઠ પ્રકૃતિ બંધક ઘણાં હોય તે ત્રીજો ભંગ. છ પ્રકૃતિ બંધક કદાચ હોય - કદાચ ન હોય કેમકે ઉત્કૃષ્ટ છ માસનો વિરહ હોય - x - તેથી આઠ પ્રકૃતિ બંધકના અભાવે ષડ્વિધ બંધકના પણ બે ભંગો થાય. અબંધક તે અયોગી કેવલી, તે પણ હોય કે ન હોય, કેમકે તેમને ઉત્કૃષ્ટ છ માસનો વિરહ હોય. તેથી આઠ પ્રકૃતિ બંધકના અભાવે અબંધક પદ વડે બે ભંગો થાય.

એમ એક પહેલો ભાંગો અને એક એકના સંયોગે બીજા છ ભંગો મળી કુલ સાત ભંગો થાય છે.

હવે દ્વિકસંયોગી ભંગો — તેમાં સપ્તવિધ બંધક અને એકવિધ બંધક અવસ્થિત છે, કેમકે બંને હંમેશાં ઘણાં છે. તેથી પ્રત્યેક અષ્ટવિધ બંધક અને ષડ્વિધ બંધક પદમાં એકવચનરૂપ પહેલો ભંગ. અષ્ટવિધ એકવચનમાં, ષડ્વિધ બહુવચનમાં બીજો ભંગ, બે ભંગો તેના બહુવચનથી, એમ ચાર ભંગ. એમ જ ચાર ભંગો અષ્ટવિધબંધ અને અબંધકથી થાય. ચાર ભંગ ષડ્વિધબંધક અને અબંધક વડે. બધાં મળી દ્વિકસંયોગી બાર ભંગો થાય.

અષ્ટવિધ બંધક, ષડ્વિધબંધક, અબંધકરૂપ ત્રણના સંયોગે પ્રત્યેકના એકવચન અને બહુવચન વડે આઠ ભંગો થયા.

(શંકા) વિરતિવાળાને કેમ બંધ થાય ? - x - વિરતિ બંધનો હેતુ નથી, પણ વિરતિવાળાને કષાય અને યોગો છે, તે બંધનું કારણ છે. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિમાં પણ જે ઉદય પ્રાપ્ત સંજ્વલન કષાય અને યોગ છે, તેથી વિરતિર્વતને પણ બંધ થાય છે. પ્રાણાતિપાત વિરતને જેમ ૨૭-ભંગો કહ્યા તેમ મૃષાવાદ વિરત યાવત્ માયામૃષાવાદ વિરતને પણ જાણવા. મિથ્યાદર્શન શલ્ય વિરતનું સૂત્ર સુગમ છે. પણ તે સાત, આઠ, છ, એકવિધ બંધક કે અબંધક હોય. મિથ્યાદર્શન શલ્ય વિરતિ ચારથી ચૌદ ગુણઠાણા સુધી હોય. ચોવીશ દંડકમાં મનુષ્ય સિવાય બધાં સ્થાનો સપ્તવિધ કે અષ્ટવિધ બંધક હોય. પણ ષડ્વિધબંધકાદિ ન હોય. જીવની જેમ મનુષ્યોમાં કહેવું કેમકે તેમને સર્વ ભાવો સંભવે છે.

બહુવચનમાં મિથ્યાદર્શનશલ્ય વિરત જીવો વિશે પૂર્વોક્ત ૨૭-ભંગો જાણવા. નૈરયિકપદમાં ત્રણ ભંગ હોય — (૧) સપ્તવિધ બંધકો, (૨) સપ્તવિધ બંધકો અને અષ્ટવિધ બંધક, (૩) સપ્તવિધ અને અષ્ટવિધ બંધકો. એમ વૈમાનિક સુધી ત્રણ ભંગો કહેવા. - x -

હવે આરંભિકી આદિ ક્રિયામાં પ્રાણાતિપાત વિરતને કઈ ક્રિયા છે તે કહે છે — આરંભિકી ક્રિયા પ્રમત્ત સંયતને હોય, બીજાને નહીં, પરિગ્રહથી નિવૃત્ત હોવાથી પારિગ્રહિકી ક્રિયા નથી. માયાપ્રત્યયા ક્રિયા અપ્રમત્તને કદાચ પ્રવચનની મલિનતાના રક્ષણ માટે હોય અપ્રત્યાખ્યાન અને મિથ્યાદર્શન પ્રત્યયા સર્વથા ન હોય.

પ્રાણાતિપાતવિરતના બે પદ છે — જીવ અને મનુષ્ય. જીવની જેમ મનુષ્યને કહેવા. - x - તેમ માયામૃષાવાદ વિરત સુધીના જીવ અને મનુષ્ય કહેવા. મિથ્યાદર્શન શલ્ય વિરત જીવમાં - x - પ્રમત્ત સંયત સુધી જ આરંભિકી હોય, પારિગ્રહિકી દેશવિરતિ સુધી જ હોય, માયાપ્રત્યયા અનિવૃત્તિ બદાર સંપરાય સુધી જ હોય, અપ્રત્યાખ્યાન ક્રિયા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ સુધી જ હોય. તેથી કદાચ હોય - કદાચ ન હોય કહ્યું છે. મિથ્યાદર્શન૦ વિરતિવાળાને ન સંભવે.

ચોવીશ દંડકમાં સ્તનિતકુમાર સુધી ચાર ક્રિયા કહેવી. પંચે૦ તિર્યંચને પહેલી



ત્રણ અવશ્ય કહેવી. અપ્રત્યાખ્યાન ભજનાએ જાણવી કેમકે દેશવિરતને ન હોય. ઈત્યાદિ - x -

આરંભિકી આદિનું અલ્પબહુત્વ - મિથ્યાદર્શનપ્રત્યયા સૌથી થોડી છે, કેમકે મિથ્યાદૃષ્ટિને જ હોય. અપ્રત્યાખ્યાન૦ વિશેષ છે, કેમકે અવિરતિ સમ્યક્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિને હોય, પારિગ્રહિકી વિશેષ છે, કેમકે દેશવિરતને પણ હોય, આરંભિકી પ્રમત્તસંયતને પણ અને માયાપ્રત્યયા અપ્રમત્તને પણ હોય માટે વિશેષ કહી.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૨૨-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ પદ-૨૩-"કર્મપ્રકૃતિ" ❁

— x — x — x —

૦ બાવીશમું પદ કહ્યું, હવે તેવીશમાંનો આરંભ કરે છે. તેનો સંબંધ આ છે - પદ-૨૨માં નારકાદિ ગતિપરિણામથી પરિણત જીવોની પ્રાણાતિપાતાદિ ક્રિયા વિચારી. હવે તેના કર્મબંધાદિ પરિણામ વિશેષ —

**● સૂત્ર-૫૩૪ :-**

***કેટલી કર્મપ્રકૃતિ, કેવી રીતે બાંધે ?, કેટલા સ્થાને બાંધે ? કેટલી પ્રકૃતિ વેદે ? કેનો કેટલા ભેદે અનુભાવ ? આટલા દ્વારો અહીં કહેશે.***

**● વિવેચન-૫૩૪ :-**

અધિકાર — (૧) કેટલી પ્રકૃતિઓ છે ? (૨) કયા પ્રકારે તે પ્રકૃતિ બાંધે છે ? (૩) કેટલા સ્થાનોએ બાંધે છે ? (૪) કેટલી પ્રકૃતિ વેદે છે ? (૫) કયા કર્મનો કેટલા પ્રકારે અનુભાવ છે ? તેમાં પ્રથમ અધિકાર નિરૂપે છે —

### ❁ પદ-૨૩, ઉદ્દેશો-૧ ❁

— x — x — x —

**● સૂત્ર-૫૩૫,૫૩૬ :-**

***[૫૩૫] ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિ છે ? આઠ છે — જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય. નૈરયિકોને કેટલી કર્મપ્રકૃતિ છે ? આઠ. એમ વૈમાનિકો સુધી કહેવું.***

***[૫૩૬] ભગવન્ ! જીવ આઠ કર્મપ્રકૃતિ કેવી રીતે બાંધે છે ? જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી દર્શનાવરણીય કર્મનો ઉદય થાય છે. દર્શના૦ કર્મના ઉદયથી દર્શન મોહનીયનો ઉદય થાય છે. દર્શનમો૦ના ઉદયથી મિથ્યાત્વનો ઉદય થાય, મિથ્યાત્વના ઉદયથી ગૌતમ ! એ પ્રમાણે ખરેખર જીવ આઠ પ્રકૃતિ બાંધે. નૈરયિક કઈ રીતે આઠ કર્મ પ્રકૃતિ બાંધે ? ગૌતમ ! એમ જ જાણવું. એ રીતે વૈમાનિક સુધી કહેવું. જીવો આઠ કર્મ પ્રકૃતિ કઈ રીતે બાંધે ? એમ જ. એ રીતે વૈમાનિકો સુધી જાણવું.***

**● વિવેચન-૫૩૫,૫૩૬ :-**

"ક્રિયા" નામક પદમાં કેટલી કર્મપ્રકૃતિ છે. તે કહેલું છે, તો અહીં શા માટે ફરી પ્રશ્ન કર્યો ? વિશેષતા જણાવવા માટે. તે આ છે — પૂર્વે જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધતો કેટલી ક્રિયા વડે જોડાય છે, તે કહ્યું ક્રિયા પ્રાણાતિપાતનું કારણ છે. પ્રાણાતિપાત જ્ઞાનાવરણીયાદિ કર્મ-બંધનું બાહ્ય કારણ છે, અને કર્મબંધ કાર્ય છે. અહીં તો જ્ઞાનાવરણીય કર્મ જ કર્મબંધનું આંતર કારણ છે - તે પ્રતિપાદન કરવાનું છે.

ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિ કહી છે, તેને જ્ઞાનાવરણીયાદિ નામથી જણાવે છે. (૧) જે વસ્તુ જણાય-પરિચ્છેદ કરાય તે જ્ઞાન અર્થાત્ સામાન્ય-વિશેષાત્મક વસ્તુમાં વિશેષને ગ્રહણ કરવારૂપ બોધ. જેના વડે આચ્છાદન કરાય તે આવરણ. જ્ઞાનનું



આવરણ તે જ્ઞાનાવરણીય. (૨) જે વડે દેખાય તે દર્શન. સામાન્ય-વિશેષાત્મક વસ્તુમાં સામાન્યને ગ્રહણ કરવારૂપ બોધ. પદાર્થના આકાર સિવાય, અર્થ વિશેષતા ગ્રહણ કર્યા સિવાય સામાન્યનું ગ્રહણ તે દર્શન, તેનું આવરણ તે દર્શનાવરણ.

(૩) જે સુખાદિ સ્વરૂપે વેદાય-અનુભવાય તે વેદનીય. જો કે બધાં કર્મો વેદાય છે, તો પણ રૂઢિથી સાતા-અસાતા રૂપ કર્મ જ વેદનીય કહેવાય છે. (૪) આત્માને સત્-અસત્‌ના વિવેકથી રહિત કરે તે મોહનીય. (૫) પોતે કરેલ કર્મ વડે બાંધેલ નરકાદિ દુર્ગતિથી નીકળવાની ઈચ્છાવાળા પ્રાણીને પ્રતિબંધક બને તે આયુષ્ અથવા એકથી બીજા ભવમાં ગમન કરતાં વિપાકોદયને પ્રાપ્ત થાય તે આયુષ્.

(૬) ગત્યાદિ પર્યાયનો અનુભવવામાં જીવને નમાવે, તત્પર કરે તે નામકર્મ. (૭) અનેક પ્રકારના ઉચ્ચ-નીચ શબ્દ વડે બોલાવાય તે ગોત્ર, ઉચ્ચ-નીચ કુળમાં ઉત્પન્ન થવારૂપ પર્યાય, તે વિપાક વડે વેદ્ય કર્મ પણ કાર્યમાં કારણના ઉપચારથી ગોત્ર કહેવાય. અથવા જે કર્મના ઉદયથી ઉચ્ચ-નીચ શબ્દ વડે આત્માને બોલાવાય તે ગોત્ર. (૮) જીવ અને દાનાદિનું અંતર પાડવા માટે પ્રાપ્ત થાય તે અંતરાય. દાનાદિ માટે તત્પર જીવને પ્રતિબંધક છે.

(પ્રશ્ન) આમ ક્રમપૂર્વક જ્ઞાનાવરણીયાદિના કથનમાં કંઈ પ્રયોજન છે ? [ઉત્તર] છે. અહીં જ્ઞાન અને દર્શન જીવનું સ્વરૂપ છે. કેમકે તેના અભાવમાં જીવત્વનો અસંભવ છે. ચેતના જીવનું લક્ષણ છે. તે જ્ઞાન-દર્શનના અભાવે કેમ હોય ? જ્ઞાન-દર્શનમાં જ્ઞાન પ્રધાન છે. કેમકે તેનાથી જ સર્વ શાસ્ત્રાદિના વિચારની પરંપરા પ્રવર્તે છે. વળી સર્વ લબ્ધિ પણ સાકારોપયોગી જીવને ઉપજે છે. દર્શનોપયોગીને નહીં. વળી જે સમયે જીવ સર્વ કર્મોથી મુક્ત થાય છે. તે સમયે જ્ઞાનોપયોગી હોય, દર્શનોપયોગી નહીં. તેથી જ્ઞાન મુખ્ય છે. માટે તેનું આચ્છાદક જ્ઞાનાવરણીય કર્મ પહેલાં કહ્યું.

પછી દર્શનાવરણીય કર્મ કહ્યું. કેમકે જ્ઞાનોપગરણથી પડી જીવ દર્શનોપયોગમાં આવે છે. આ બંને કર્મ પોતાના વિપાક દેખાડતાં અવશ્ય સુખ-દુઃખરૂપ વેદનીયકર્મના વિપાકનું નિમિત્ત થાય છે - અતિ ઉપચિત જ્ઞાનાવરણકર્મનો વિપાકથી અનુભવતા સૂક્ષ્મતર વસ્તુને વિચારવામાં પોતાને અસમર્થ માનતા ઘણાં માણસો ખેદ પામે છે અને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન બુદ્ધિની પટુતાથી સૂક્ષ્મતર વસ્તુને જાણતાં, પોતાને શ્રેષ્ઠ માની સુખ વેદે છે. અતિ ગાઢ દર્શનાવરણના વિપાકોદયથી જન્માંધપણું આદિ ઘણું દુઃખ અનુભવે છે. દર્શનાવરણના ક્ષયોપશમજન્ય પટુતાયુક્ત પ્રાણી સ્પષ્ટ ચક્ષુ આદિ ઈન્દ્રિયો સહિત યથાર્થપણે વસ્તુને જોતો આનંદ અનુભવે છે. તેથી દર્શનાવરણીય પછી વેદનીયને લીધું.

વેદનીય કર્મ ઈષ્ટ - અનિષ્ટ વિષયથી સુખ-દુઃખ ઉત્પન્ન કરે છે. તેથી ઈષ્ટ-અનિષ્ટ વિષયથી સંસારીને અવશ્ય રાગદ્વેષ થાય છે. તે મોહનિમિત્તક છે. તે જણાવવા વેદનીય પછી મોહનીય કર્મનું ગ્રહણ કર્યુ. મોહનીય કર્મથી મૂઢ બનેલ પ્રાણી બહુઆરંભ-પરિગ્રહાદિમાં આસક્ત થઈ નરકાદિ આયુ બાંધે છે, તેથી મોહનીય પછી આયુ કર્મનું

ગ્રહણ કર્યું. નારકાદિ આયુના ઉદયમાં અવશ્ય નરકગત્યાદિ નામ કર્મ ઉદયમાં આવે છે, તેથી પછી નામકર્મ લીધું. નામકર્મના ઉદયમાં અવશ્ય ઉચ્ચ-નીચ ગોત્ર કર્મનો વિપાકોદય પામે, માટે પછી ગોત્રકર્મ કહ્યું. ઉચ્ચ-નીચ ગોત્ર કર્મથી પ્રાયઃ દાન, લાભાદિ અંતરાયનો ક્ષયોપશમ કે ઉદય દેખાય છે, તેથી ગોત્ર પછી અંતરાય કહ્યું.

આ રીતે પ્રથમ દ્વાર કહ્યું. હવે બીજું દ્વાર કહે છે — કયા પ્રકારે જીવ આઠ પ્રકૃતિ બાંધે ? જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી દર્શનાવરણ કર્મ નિશ્ચિત પ્રાપ્ત થાય. તે વિશિષ્ટ ઉદયને પ્રાપ્ત થાય છે. અર્થાત્ ઉત્કૃષ્ટ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી અનુભવતો દર્શનાવરણીયને વેદે છે. કેમકે જેમનું અંતઃકરણ કુજ્ઞાન વડે વાસિત છે તે વિપરીત દૃષ્ટિવાળા જણાય છે. દર્શનાવરણીય કર્મોદયથી દર્શનમોહનીય કર્મ વિપાકવસ્થારૂપ ઉદય વડે પ્રાપ્ત થાય છે. તેનાથી મિથ્યાત્વનો ઉદય થાય, તેનાથી જીવ આઠે કર્મપ્રકૃતિને બાંધે. એમ ઉક્ત ક્રમ પ્રાયઃ જાણવું - કેમકે કોઈક સમ્યગ્દૃષ્ટિ આઠે કર્મ બાંધે છે અને કોઈક નથી બાંધતા ઈત્યાદિ - x - અહીં તાત્પર્યાર્થ આ છે કે પૂર્વ કર્મના પરિણામના સામર્થ્યથી ઉતરકર્મ બંધાય છે. કહ્યું છે કે — જીવના પરિણામરૂપ નિમિત્તથી પુદ્ગલો કર્મપણે પરિણમે છે, અને પુદ્ગલ કર્મના નિમિત્તે જીવ પણ તે પ્રમાણે પરિણમે છે. ઉક્ત કથન ચોવીશદંડકના ક્રમે કહે છે —

નૈરયિક કયા પ્રકારે આઠ કર્મનો બંધ કરે ? ઈત્યાદિ સુગમ છે. બહુવચન વડે પણ સૂત્ર સુગમ છે. એમ બીજું દ્વાર કહ્યું. જીવ કેટલા સ્થાનોએ કર્મ બાંધે ?

**● સૂત્ર-૫૩૭ :-**

***જીવ કેટલા સ્થાને જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? બે સ્થાને — રાગથી અને દ્વેષથી. રાગ બે ભેદે — માયા, લોભ. દ્વેષ બે ભેદે — ક્રોધ, માન, જીવવીર્ય વડે યુક્ત એ ચાર સ્થાને એ રીતે ખરેખર જ્ઞાનાવરણીય કર્મ બાંધે. એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. જીવો કેટલા સ્થાને જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? બે સ્થાને. ઈત્યાદિ એમ જ છે. એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિક જાણવા. એમ દર્શનાવરણીયથી અંતરાય કર્મ સુધી જાણવું.***

***એમ એકવચન-બહુવચનના ૧૬ દંડક છે.***

**● વિવેચન-૫૩૭ :-**

પ્રશ્ન સૂત્ર સુગમ છે. - x - રાગ, પ્રીતિલક્ષણ છે અને દ્વેષ અપ્રીતિરૂપ છે. તે બંને ક્રોધાદિથી અતિ ભિન્ન નથી. પણ તેઓમાં જ અન્તર્ભાવ થાય છે. - x - સંગ્રહનય કહે છે — ક્રોધ અપ્રીતિરૂપ પ્રસિદ્ધ છે. માન બીજાના ગુણને ન સહન કરવારૂપ હોવાથી અપ્રીતિરૂપ છે. બંને અપ્રીતિરૂપ હોવાથી દ્વેષ છે. લોભ આસક્તિરૂપ હોવાથી પ્રીતિરૂપ પ્રસિદ્ધ છે. કોઈ વસ્તુની અભિલાષાથી મનુષ્ય બીજાને છેતરવારૂપ માયાને આચરે છે અને અભિલાષ પ્રીતિ સ્વભાવવાળો છે માટે માયા પ્રીતિરૂપ છે. બંને પ્રીતિરૂપ હોવાથી રાગરૂપ છે. - x - x - તે સંબંધે વ્યવહાર નય કહે છે — માયા બીજાને ઉપઘાતરૂપ છે, બીજાના ઉપઘાતનો પરિણામ દ્વેષરૂપ છે, માટે માયા પણ



દ્વેષમાં અંતર્ભાવ થાય છે. ન્યાયપૂર્વક ઉપાર્જન કરવા વડે અર્થની આસક્તિ થવી તે બીજાના ઉપઘાતના પરિણામથી રહિત શુદ્ધ લોભ જ રાગ છે. તેથી વ્યવહારનયથી ક્રોધ, માન, માયા દ્વેષરૂપ છે. લોભ રાગરૂપ છે. - x - ઋજુસૂત્ર નય કહે છે — ક્રોધ અવશ્ય અપ્રીતિરૂપ છે. બીજાને ઉપઘાતક હોવાથી દ્વેષ કહેવાય છે. માન-માયા-લોભ બે પ્રકારે સંભવે - પ્રીતિરૂપ અને અપ્રીતિરૂપ. માન સ્વના ઉપયોગ સમયે સ્વગુણના બહુમાનથી પ્રીતિરૂપ છે, પરગુણના દ્વેષના ઉપયોગ વખતે માત્સર્યાદિ હોવાથી અપ્રીતિરૂપ છે. માયા પણ બીજાને છેતરવાના ઉપયોગમાં હોય ત્યારે અપ્રીતિ રૂપ છે. પરદ્રવ્ય ગ્રહણ આસક્તિરૂપ હોવાથી પ્રીતિરૂપ છે. લોભ પણ આ રીતે - x - પ્રીતિ, અપ્રીતિ બંને રૂપ છે. - x - x - માયાદિ ત્રણે ઉભયરૂપ છે, જ્યારે પ્રીતિનો ઉપયોગ હોય ત્યારે તે રાગ છે, અપ્રીતિનો ઉપયોગ હોય ત્યારે દ્વેષ છે. - x -

શબ્દાદિ ત્રણે નયો કહે છે — ક્રોધ અને લોભ એ બે જ કષાયો છે. માન અને માયાનો ક્રોધ અને લોભમાં સમાવેશ થાય છે. તે આ રીતે — માન, માયામાં બીજાને ઉપઘાત કરવાના હેતુભૂત અધ્યવસાયો છે. તે અપ્રીતિરૂપ હોવાથી ક્રોધ છે. સ્વગુણના ઉત્કર્ષરૂપ અને પરદ્રવ્યની મૂર્છારૂપ અધ્યવસાયો છે, તે લોભ છે. કારણ કે તે આસક્તિરૂપ છે. લોભ પણ બે પ્રકારે છે - પર ઉપઘાતરૂપ અને મૂર્છાત્મક - x - તેમાં પરોપઘાત કરવારૂપ અધ્યવસાય ક્રોધ છે, બધો ક્રોધ અપ્રીતિરૂપ હોવાથી દ્વેષમાં સમાવેશ થાય. કેવળ મૂર્છારૂપ ભાવ તે લોભ રાગરૂપ છે. - x - x - હવે ઉપસંહાર કહે છે —

વીર્ય વડે ઉપસ્થિત કરાયેલ એટલે જીવવીર્ય વડે સહિત એ ચાર સ્થાનોએ જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે.

ચોવીશ દંડકના ક્રમે આ બાબત કહે છે — નૈરયિક યાવત્ વૈમાનિકમાં જાણવું, ઈત્યાદિ સુગમ છે. - x - x -

એ રીતે ત્રીજું દ્વાર કહ્યું, હવે કેટલી પ્રકૃતિ વેદે ? —

**● સૂત્ર-૫૩૮ :-**

***ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ વેદે ? કદાચ વેદે, કદાચ ન વેદે. નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ વેદે ? અવશ્ય વેદે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. પણ મનુષ્યને જીવની માફક કહેવા. જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદે ? એ પ્રમાણે વેદે જ. એમ વૈમાનિક સુધી જાણવું. જ્ઞાનાવરણીય કર્મ કહ્યું તેમ દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ કહેવું. વેદનીય, આયુ, નામ, ગોત્ર પણ એમ જ સમજવા, પણ મનુષ્ય પણ તેને અવશ્ય વેદે. એ રીતે એકવચન, બહુવચનના સોળ દંડકો જાણવા.***

**● વિવેચન-૫૩૮ :-**

જીવ જ્ઞાનાવરણીય કર્મ વેદે ? જેણે ઘાતી કર્મનો ક્ષય કર્યો નથી તે વેદે છે, ક્ષય કર્યો છે, તે વેદતો નથી. ચોવીશ દંડકમાં આ અર્થ વિચારણા સુગમ છે. મનુષ્ય

સિવાયના બધાં વેદે છે. કેમકે બીજાને ઘાતીકર્મનો ક્ષય હોતો નથી. એકવચન માફક બહુવચનમાં પણ દંડક કહ્યો. જ્ઞાનાવરણીય માફક બાકીના કર્મો પણ વિચારવા. તેમાં વેદનીયાદિ ચારમાં વિકલ્પ સમજવો. કેમકે સિદ્ધોને તેનું વેદન નથી, બાકીના બધાં જીવો વેદે છે. - x - અહીં પણ ૧૬-દંડકો થાય છે. ચોથું દ્વાર પૂરું થયું.

હવે કયા કર્મનો કેટલો વિપાક છે, તે પાંચમું દ્વાર –

● સૂત્ર-૫૩૯ :-

*ભગવન્ ! જીવે બાંધેલ, સ્પર્શેલ, ગાઢ સ્પર્શથી સ્પૃષ્ટ, સંચિત, ચિત, ઉપચિત આપાક પ્રાપ્ત, વિપાક પ્રાપ્ત, ફળ પ્રાપ્ત, ઉદય પ્રાપ્ત, જીવે કરેલ, જીવે નિર્વર્તિત, જીવે પરિણમાવેલ, સ્વયં ઉદય પ્રાપ્ત, પરનિમિત્તે ઉદય પ્રાપ્ત, તદુભય ઉદય પ્રાપ્ત જ્ઞાનાવરણીય કર્મનો ગતિને - સ્થિતિને - ભવને - પુદ્ગલના પરિણામને પામીને કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે ? ગૌતમ ! જીવે બાંધેલ જ્ઞાનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલ પરિણામને પામી દશ પ્રકારનો અનુભાવ કહ્યો છે. તે આ પ્રમાણે –*

*શ્રોતાવરણ, શ્રોતવિજ્ઞાનાવરણ, નેત્રાવરણ, નેત્રવિજ્ઞાનાવરણ, ઘ્રાણાવરણ, ઘ્રાણવિજ્ઞાનાવરણ, રસાવરણ, રસવિજ્ઞાનાવરણ, સ્પર્શાવરણ, સ્પર્શવિજ્ઞાનાવરણ. જે પુદ્ગલને, પુદ્ગલોને, પુદ્ગલ પરિણામને અને વિસ્રસા વડે પુદ્ગલોના પરિણામને વેદે છે, તેઓના ઉદય વડે જાણવા યોગ્ય જાણતો નથી, જાણવાની ઈચ્છાવાળો છતાં જાણતો નથી. જાણીને પછી પણ જાણતો નથી. જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આચ્છાદિત જ્ઞાનાવળો પણ થાય છે. ગૌતમ ! એ જ્ઞાનાવરણીય કર્મ છે. હે ગૌતમ ! જીવે બાંધેલા જ્ઞાનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલ પરિણામ પામી દશ પ્રકારનો અનુભાવ કહ્યો છે.*

*ભગવન્ ! જીવે બાંધેલ દર્શનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલ પરિણામને પામી કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે ? જીવે બાંધેલા દર્શનાવરણ કર્મ યાવત્ પુદ્ગલ પરિણામને પામી નવ પ્રકારનો વિપાક કહ્યો છે – નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનર્દ્ધિ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ. જે પુદ્ગલ પુદ્ગલો, પુદ્ગલ પરિણામ કે સ્વભાવ વડે થયેલા પુદ્ગલ પરિણામને વેદે છે, તેઓના ઉદય વડે જોવા યોગ્ય વસ્તુને જોતો નથી. જોવાની ઈચ્છા છતાં જોતો નથી, જોયા પછી જોતો નથી. દર્શનાવરણીય કર્મના ઉદયથી આચ્છાદિત દર્શનવાળો થાય છે. એ દર્શનાવરણીય કર્મ છે. એ જીવે બાંધેલ દર્શનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલ પરિણામી વિપાક છે.*

*ભગવન્ ! જીવે બાંધેલા સાતા વેદનીય કર્મ યાવત્ પુદ્ગલ પરિણામને પામી કેટલા પ્રકારે વિપાક છે ? યાવત્ આઠ પ્રકારનો વિપાક કહ્યો છે. તે આ રીતે – મનોજ્ઞશબ્દ, મનોજ્ઞ રૂપ, મનોજ્ઞગંધ, મનોજ્ઞ રસ, મનોજ્ઞ સ્પર્શ, મન સુખતા, વંચન સુખતા, કાયસુખતા. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલ પરિણામ,*





*વિસ્રસા પુદ્ગલ પરિણામને વેદે છે, તેઓના ઉદય વડે શાતાકર્મનીય વેદે છે. ગૌતમ ! તે સાતા વેદનીય કર્મ છે. - x - યાવત્ વિપાક છે.*

*ભગવન્ ! અસાતા વેદનીય કર્મનો પ્રશ્ન - ઉત્તર તેમ જ છે. પરંતુ અમનોજ્ઞ શબ્દો યાવત્ શરીર સંબંધી દુઃખ. એ અસાતા વેદનીય કર્મ છે. એ અસાતા વેદનીય કર્મનો વિપાક છે.*

*ભગવન્ ! જીવે બાંધેલ મોહનીય કર્મનો યાવત્ કેટલા પ્રકારે વિપાક છે ? ગૌતમ ! પાંચ પ્રકારે છે – સમ્યકત્વ વેદનીય, મિથ્યાત્વ વેદનીય, મિશ્ર વેદનીય, કષાય વેદનીય અને નોકષાય વેદનીય. જે પુદ્ગલ, પુદ્ગલો-પુદ્ગલ પરિણામ-વિસ્રસા પુદ્ગલને વેદે છે, તેઓના ઉદય વડે મોહનીય કર્મને વેદે છે. એ મોહનીય કર્મનો યાવત્ પાંચ પ્રકારનો વિપાક કહ્યો છે.*

*જીવે બાંધેલ આયુકર્મના વિપાકની પૃચ્છા - ગૌતમ ! યાવત્ ચાર પ્રકારે વિપાક છે – નૈરયિકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ, દેવાયુ જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલપરિણામ, વિસ્રસા પુદ્ગલ પરિણામોને વેદે છે, તેઓના ઉદય વડે આયુકર્મને વેદે છે. એ આયુકર્મ છે. એ આયુષ કર્મનો ચાર ભેદે વિપાક છે.*

*જીવે બાંધેલ શુભનામકર્મની પૃચ્છા – શુભનામકર્મનો ચૌદ પ્રકારે વિપાક છે – ઈષ્ટ શબ્દ, ઈષ્ટ રૂપ, ઈષ્ટગંધ, ઈષ્ટ રસ, ઈષ્ટ સ્પર્શ, ઈષ્ટ ગતિ, ઈષ્ટ સ્થિતિ, ઈષ્ટ લાવણ્ય, ઈષ્ટ યશોકીર્તિ, ઈષ્ટ બળ-વીર્ય-પુરુષકારપરાક્રમ, ઈષ્ટ સ્વર, કાંત સ્વર, પ્રિય સ્વર અને મનોજ્ઞ સ્વર, જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલ પરિણામ, વિસ્રસા પુદ્ગલ પરિણામને વેદે છે, તેમના ઉદય વડે શુભનામકર્મ વેદે છે. એ શુભનામ કર્મ, એ શુભનામ કર્મનો ચૌદ પ્રકારે વિપાક છે.*

*દુઃખ નામકર્મની પૃચ્છા - એ પ્રમાણે છે. વિશેષ આ - અનિષ્ટ શબ્દ યાવત્ હીનસ્વર, દીનસ્વર, અકાંત સ્વર. જે વેદે છે ઈત્યાદિ બધું તેમજ છે યાવત્ વિપાત્ છે.*

*ઉચ્ચ ગોત્ર કર્મની પૃચ્છા - જીવે બાંધેલ ઉચ્ચગોત્ર કર્મનો આઠ પ્રકારે વિપાક છે – જાતિ, કુળ, બલ, રૂપ, તપ, શ્રુત, લાભ અને ઐશ્વર્ય વિશેષતા. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલ પરિણામ કે વિસ્રસા પુદ્ગલોના પરિણામને વેદે છે, તેના ઉદય વડે - યાવત્ - આઠ પ્રકારે ઉચ્ચ ગોત્રનો વિપાક કહ્યો.*

*નીચ ગોત્ર કર્મની પૃચ્છા - એમ જ જાણવું. પણ જાતિ યાવત્ ઐશ્વર્યનું હીનપણું - x - યાવત્ આઠ પ્રકારે વિપાક કહ્યો.*

*અંતરાયકર્મની પૃચ્છા - જીવે બાંધેલ અંતરાય કર્મનો યાવત્ પાંચ પ્રકારે વિપાક કહ્યો – દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય. જે પુદ્ગલને યાવત્ વિસ્રસા પુદ્ગલના પરિણામને વેદે છે, તેઓના ઉદય વડે અંતરાય કર્મને વેદે છે. એ અંતરાય કર્મ છે. એ અંતરાયકર્મનો પાંચ પ્રકારે વિપાક છે.*

**● વિવેચન-૫૩૯ :-**

જે જીવે રાગ-દ્વેષના પરિણામ વશ બાંધેલે - કર્મરૂપે પરિણત થયેલા, સ્પૃષ્ટ-આત્મપ્રદેશ સાથે સંબંધને પ્રાપ્ત, ફરીથી ગાઢપણે બાંધેલ, અતિસ્પર્શ વડે સ્પર્શાયેલ, આવેષ્ટન-પરિવેષ્ટન રૂપે અતિ ઉપચયપૂર્વક ગાઢ બાંધેલા, અબાધાકાળ પછીના કાળે વેદનના યોગ્યપણે નિષેકને પ્રાપ્ત, ઉત્તરોત્તર સ્થિતિમાં પ્રદેશની હાનિ અને રસની વૃદ્ધિ વડે અવસ્થિત, સમાન જાતિય બીજી પ્રકૃતિના દલિકના સંક્રમ વડે ઉપચય પ્રાપ્ત, કંઈક વિપાકાવસ્થા અભિમુખ, વિશિષ્ટ વિપાકાવસ્થા પ્રાપ્ત, ફળ અભિમુખ, ઉદયપ્રાપ્ત થયેલા - x - x -. કર્મ બંધનથી બદ્ધ જીવે કરેલ, જીવ ઉપયોગ સ્વભાવવાળો છે, તેથી રાગાદિ પરિણત છે, તેથી કર્મ કરે છે. રાગાદિ પરિણામ કર્મબંધથી બંધાયેલાને હોય છે, કર્મના વિયોગમાં હોતા નથી અન્યથા મુક્ત જીવોને પણ અવીતરાગત્વનો પ્રસંગ આવે.

કર્મબંધનથી બદ્ધ જીવ કર્મનો કર્તા છે, તે કર્મ કર્તા એવા આત્માને પ્રવાહથી અનાદિ છે. જીવ બંધ સમયે પ્રથમ સામાન્ય કર્મવર્ગણામાં પુદ્‌ગલોને અનાભોગ વીર્ય વડે ગ્રહણ કરતો તે જ બંધન સમયે જ્ઞાનાવરણાદિ પણે વ્યવસ્થિત કરે છે. જ્ઞાનાવરણ આદિ રૂપે જે વ્યવસ્થાપન તેને નિર્વર્તન કહે છે. પ્રદ્વેષ, નિહ્નવાદિ રૂપ કર્મબંધના વિશેષ હેતુ વડે તે-તે ઉત્તરોત્તર પરિણામને પ્રાપ્ત કરેલ, સ્વયં વિપાક પ્રાપ્ત હોવાથી ઉદયમાં આવેલા, અન્ય નિમિત્તથી ઉદયમાં આવેલા - x - કર્મનો વિપાક ગતિને આશ્રીને હોય છે. કેમકે કોઈ કર્મ કોઈ ગતિને પામીને તીવ્ર વિપાકવાળું હોય જેમકે નરકગતિમાં અસાતાવેદનીય તીવ્રવિપાકવાળું હોય છે. સર્વોત્કૃષ્ટ સ્થિતિને પામીને અશુભકર્મ તીવ્રવિપાકવાળું હોય છે. જેમકે - મિથ્યાત્વ. ભવને પામીને કોઈ કર્મ વિપાક બતાવે છે. જેમકે - નિદ્રા, મનુષ્ય કે તિર્યંચ ભવમાં વિપાક બતાવે છે.

આ સ્વતઃ ઉદયના કારણો બતાવ્યા. કેમકે કર્મ તે તે ગતિ, સ્થિતિ, ભવને પામીને સ્વયં ઉદયમાં આવે છે. હવે પરને આશ્રીને કર્મનો ઉદય કહે છે — કાષ્ઠ, ઢેફું, ખડ્‌ગ આદિ - x - વડે અસાતા વેદનીયાદિનો ઉદય થાય. પુદ્‌ગલ પરિણામથી - ખાધેલા આહારના અજીર્ણથી અસાતાવેદનયી આદિ થાય - x - એવા જ્ઞાનાવરણીયનો કેટલા પ્રકારે વિપાક છે ?

દશ પ્રકારે - શ્રોત્રાવરણાદિ. શ્રોત્ર-શ્રોત્રેન્દ્રિયના વિષયભૂત ક્ષયોપશમ, શ્રોત્રવિજ્ઞાન-શ્રોત્રેન્દ્રિયનો ઉપયોગ. - x - એ પ્રમાણે નેત્રાવરણ ઈત્યાદિ પણ વિચારવું. તેમાં એકેન્દ્રિયોને રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્રના વિષયરૂપ લબ્ધિનું પ્રાયઃ આવરણ હોય છે. પ્રાયઃ કહેવાનું કારણ બકુલાદિ નિષેધ કરવા છે. - x - જેમ સૂક્ષ્મ ભાવેન્દ્રિય જ્ઞાન દ્રવ્યેન્દ્રિયના અભાવમાં હોય તેમ દ્રવ્યશ્રુતના અભાવે પણ ભાવશ્રુત પૃથ્વી આદિને હોય માટે 'પ્રાયઃ' શબ્દ મૂક્યો. બેઈન્દ્રિયને ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્રેન્દ્રિયના, તેઈન્દ્રિયોને ચક્ષુ અને શ્રોત્રના, ચઉરિન્દ્રિયને શ્રોત્રેન્દ્રિય સંબંધિત લબ્ધિ અને ઉપયોગનું આવરણ હોય છે. બધાંને સ્પર્શનેન્દ્રિયના લબ્ધિ અને ઉપયોગનું આવરણ



હોય છે. તે કુષ્ઠાદિ વ્યાધિથી પીડિત શરીરીને જાણવું. પંચેન્દ્રિય છતાં જન્માંધ છે એવાઓને ચક્ષુ વગેરે ઈન્દ્રિયોના લબ્ધિ, ઉપયોગનું આવરણ સમજવું.

આવું આવરણ સ્વયં ઉદય પ્રાપ્ત કે પરનિમિત્તે ઉદય પ્રાપ્ત જ્ઞાનાવરણીય કર્મોદયથી થાય. બીજાએ ફેંકેલ ખડ્‌ગાદિ પુદ્‌ગલોને જે વેદે છે, એવા અભિઘાત સમર્થ પુદ્‌ગલો વડે, ખાધેલા આહારના પરિણામરૂપ અતિ દુઃખોત્પાદક રસાદિ પુદ્‌ગલ પરિણામને વેદે છે, તે વડે જ્ઞાન પરિણતિનો ઘાત થવાથી તથા સ્વભાવથી પુદ્‌ગલોના શીત, આતપાદિ રૂપ પરિણામને વેદે છે, ત્યારે ઈન્દ્રિયોને ઉપઘાત ઉત્પન્ન કરવા દ્વારા તે પુદ્‌ગલ પરિણામથી જ્ઞાનપરિણતિનો ઉપઘાત થવાથી જ્ઞાતવ્ય વસ્તુને ઈન્દ્રિયનો વિષય છતાં ન જાણે. કેમકે જ્ઞાનપરિણતિનો ઉપઘાત થયેલો છે. નિરપેક્ષ ઉદયમાં - વિપાક પ્રાપ્ત જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોના ઉદય વડે જાણવા યોગ્યને જાણતો નથી. જ્ઞાનપરિણામ વડે પરિણત થવાની ઈચ્છા છતાં જ્ઞાનપરિણતિનો ઉપઘાત થવાથી જાણતો નથી. જાણીને પણ ન જાણે. જ્ઞાનાવરણીય કર્મ પુદ્‌ગલોદયથી આચ્છાદિત જ્ઞાનવાળો પણ થાય.

દર્શનાવરણીય કર્મનો વિપાક - નવ પ્રકારે છે. નિદ્રા - જે અવસ્થામાં પ્રાણી સુખપૂર્વક જાગે તે. નિદ્રાનિદ્રા - દુઃખપૂર્વક જાગે તે. પ્રચલા-ઉભા રહેનારને નિદ્રા, પ્રચલાપ્રચલા - ચાલતા નિદ્રા આવે સ્ત્યાનગૃદ્ધિ - અતિ સંક્લિષ્ટ કર્મના વેદનમાં હોય તે મહાનિદ્રા તથા ચક્ષુદર્શનાવરણ - ચક્ષુના સામાન્ય ઉપયોગનું આવરણ, ઈત્યાદિ. જે કોમળ શય્યા પુદ્‌ગલને વેદે, તેવા ઘણાં પુદ્‌ગલને વેદે, ખાધેલ આહારના પરિણામરૂપ પુદ્‌ગલને વેદે, સ્વભાવજન્ય પુદ્‌ગલ પરિણામરૂપ વર્ષાઋતુમાં વાદળાયુક્ત આકાશાદિને વેદે. તે વડે નિદ્રાદિના ઉદયથી દર્શન પરિણામનો ઉપઘાત થવાથી, તે પરાશ્રિત ઉદય કહ્યો. સ્વતઃ- દર્શનાવરણીય કર્મોદયથી પરિણતિનો વિઘાત થવાથી જોવાલાયક વસ્તુ ન જુએ. દર્શન પરિણામથી પરિણમનની ઈચ્છાવાળો છતાં જન્માંધપણાદિથી દર્શન પરિણામના ઉપઘાતથી ન જુએ. પૂર્વે જોઈને પછી ન જુએ. આચ્છાદિત દર્શનવાળો થાય.

સાતા વેદનીય કર્મનો વિપાક — આઠ પ્રકારે છે. મનોજ્ઞ શબ્દાદિ - વાંસળી આદિના આગંતુક શબ્દો, - x - ઈક્ષુરસાદિ મનોજ્ઞ રસો, કપૂરાદિ મનોજ્ઞ ગંધ, સ્વ સ્ત્રી આદિના મનોજ્ઞ રૂપો, શય્યાદિના મનોજ્ઞ સ્પર્શો, સુખકારક મન, કાન અને મનને સુખકારી વચન, સુખ શરીર, એ આઠ, સાતાવેદનીયાના ઉદયથી પ્રાપ્ત થાય છે. પરને આશ્રીને - પુષ્પમાળા કે ચંદનાદિ પુદ્‌ગલને વેદે, દેશ-કાલાદિ યોગ્ય આહાર પરિણામરૂપ પુદ્‌ગલોને વેદે, સ્વાભાવિક શીતાદિના પ્રતિકારરૂપ પુદ્‌ગલોને વેદે, તેથી મનની સ્વસ્થતા થતાં સાતાવેદનીય કર્મને અનુભવે છે. - x - સ્વતઃ ઉદય તે મનોજ્ઞ શબ્દાદિ સિવાય પણ કદાચિત્ સુખ વેદે, જેમ તીર્થંકરના જન્માદિમાં નૈરયિક વેદે છે.

અસાતાવેદનીય-પૂર્વવત્ ઉત્તર, પંરતુ અમનોજ્ઞ શબ્દાદિ કહેવા. ગધેડાના આગંતુક અમનોજ્ઞ શબ્દો, મનને અણગમતા રસો, મૃત કલેવરાદિની ગંધ, સ્ત્રી

આદિના અમનોજ્ઞ રૂપ, કર્કશાદિ સ્પર્શો, મન-વચન-કાયાનું દુઃખ, જે કંટકાદિ પુદ્ગલ વેદે, તેવા ઘણાં પુદ્ગલો વેદે, અપથ્ય આહારાદિ પુદ્ગલ પરિણામને વેદે, અકાળે અનિષ્ટ શીતોષ્ણાદિ સ્વભાવિક પુદ્ગલ પરિણામને વેદે, તેને વડે મનને અસમાધિ થવાથી અસાતા વેદનીય કર્મ અનુભવે. આ પરને આશ્રીને ઉદય કહ્યો. સ્વને આશ્રીને અસાતા વેદનીય કર્મ પુદ્ગલોના ઉદયથી અસાતાને વેદે તે.

મોહનીય કર્મનો વિપાક - પાંચ પ્રકારે છે, સમ્યકત્વ રૂપે વેદવા લાયક તે સમ્યકત્વ વેદનીય, ઈત્યાદિ. જે વેદતા પ્રશમાદિ પરિણામ ઉત્પન્ન કરે તે સમ્યકત્વ વેદનીય. દેવાદિમાં અદેવાદિની બુદ્ધિ તે મિથ્યાત્વ વેદનીય, મિશ્ર પરિણામનું કારણ તે મિશ્રવેદનીય, ક્રોધાદિ પરિણામનું કારણ તે કષાયવેદનીય, હાસ્યાદિ પરિણામનું કારણ તે નોકષાયવેદનીય. જે પુદ્ગલના વિષયરૂપ પ્રતિમાદિને વેદે, તેવા ઘણાંને વેદે, તેવા આહાર પરિણામાદિને વેદે. જેમકે બ્રાહ્મી ઔષધિ આહાર પરિણામથી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય. - x - x - x - એટલા વડે પરને આશ્રીને ઉદય કહ્યો. હવે સ્વતઃ ઉદય કહે છે — સમ્યક્ત્વ વેદનીયાદિ કર્મ પુદ્ગલોના ઉદય વડે પ્રશમાદિને વેદે છે. તે આ મોહનીય કર્મ છે.

આયુષ્ કર્મનો વિપાક - ચાર પ્રકારે છે, નૈરયિકાયુષ્ આદિ સુગમ છે. આયુકર્મનું અપવર્તન કરવાને સમર્થ જે શસ્ત્રાદિ પુદ્ગલને વેદે, ઘણાં શસ્ત્રાદિ વેદે, વિષમિશ્રિત અન્નાદિના પરિણામ રૂપ પુદ્ગલ પરિણામને વેદે, સ્વભાવથી આયુષ્‌ના અપવર્તનમાં સમર્થ શીતાદિ પુદ્ગલ પરિણામને વેદે, તે વડે વર્તમાન ભવાયુ અપવર્તન પામતાં નારકાદિ આયુ કર્મને વેદે છે. સ્વતઃ વેદનમાં તે-તે ભવાયુના પુદ્ગલોથી તેનું-તેનું આયુ વેદે છે.

નામકર્મ બે ભેદે — શુભ અને અશુભ. શુભનામકર્મમાં ૧૪-પ્રકારે વિપાક છે - ઈષ્ટ શબ્દાદિ. આ શબ્દાદિ પોતાના જ લેવા, ઈષ્ટગતિ-હસ્તિ આદિ જેવી ગતિ, ઈષ્ટ સ્થિતિ - સહજ સ્થિતિ, ઈષ્ટ લાવણ્ય - કાંતિ વિશેષ, ઈષ્ટ યશોકીર્તિ-યશ વડે યુક્ત કીર્તિ, તેની વિશેષતા - દાન અને પુણ્યથી થાય તે કીર્તિ, પરાક્રમથી થાય તે યશ. ઈષ્ટ ઉત્થાનાદિ - તેમાં ઉત્થાન - શરીરની ચેષ્ટા વિશેષ, કર્મ - જુદા કરવું, બલ - શરીર સામર્થ્ય, વીર્ય - જીવથી ઉત્પન્ન થયેલ, પુરુષકાર - અભિમાન વિશેષ, તે સ્વ વિશે હોય તો પરાક્રમ કહેવાય. ઈષ્ટસ્વર - બીજા ઘણાંની અપેક્ષાએ છે, કાંતસ્વર - મનોહર, ઈચ્છવા યોગ્ય સ્વર, પ્રિયસ્વર - વારંવાર અભિલાષ યોગ્ય સ્વર, મનોજ્ઞ સ્વર - પ્રેમ ન હોવા છતાં પોતાના વિશે પ્રીતિ ઉત્પન્ન કનરાર સ્વર. જે વીણા, વિલેપન, ગંધ, તાંબુલ, શિબિકા, કુંકુમ, દાન, ઈત્યાદિ પુદ્ગલને વેદે છે, કેમકે વીણાદિના સંબંધથી ઈષ્ટ શબ્દાદિ થાય છે. તેનો માર્ગને વિશે પ્રસન્ન કરનારી, સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરવો. જે વેણુ આદિ ઘણાં પુદ્ગલોને વેદે છે, બ્રાહ્મી આદિ આહારના પરિણામ રૂપ પુદ્ગલ પરિણામને વેદે છે, સ્વભાવિક શુભ મેઘાદિ પુદ્ગલોના પરિણામને વેદે છે. ઈત્યાદિથી શુભ નામકર્મને વેદે છે. - x - આ પરને આશ્રીને વિપાક કહ્યો,



સ્વને આશ્રીને-શુભ નામ કર્મના ઉદયથી ઈષ્ટ શબ્દાદિનું વેદન છે.

અશુભ નામકર્મ, શુભ નામકર્મથી વિપરીત જાણવું.

ગોત્ર કર્મ - ગોત્ર બે ભેદે છે, ઉચ્ચ ગૌત્ર, નીચ ગોત્ર. તેમાં ઉચ્ચ ગોત્રના આઠ પ્રકારનો વિપાક કહે છે — જાત્યાદિ પ્રસિદ્ધ છે. જાતિ અને કુલ જન્મ વડે વિશિષ્ટપણું, જે બાહ્યાદિ લક્ષ્મ પુદ્ગલને વેદે છે. જેમકે દ્રવ્યના સંબંધથી કે રાજા વગેરે વિશિષ્ટ પુરુષના સ્વીકારથી નીચ જાતિના કુળમાં ઉત્પન્ન થવા છતાં જાત્યાદિ સંપન્ન હોય તેમ લોકમાન્ય થાય. બલ - મલ્લની માફક લાઠી આદિ ભમાવે. રૂપ - ઉત્તમ વસ્ત્રાલંકારાદિથી. તપ - આતાપનાદિ લેનારને. શ્રુત - સ્વાધ્યાયાદિ કરનારને, લાભ - ઉત્તમ રત્નાદિ યોગથી, ઐશ્વર્ય ધન, કનકાદિના સંબંધથી. જે એવા પ્રકારના પુદ્ગલો વેદે છે. જે દિવ્ય ફળાદિ આહારના પરિણામરૂપ પુદ્ગલ પરિણામને વેદે છે. સ્વાભાવિક પુદ્ગલ પરિણઆમને અનુભવે. એ રીતે ઉચ્ચ ગોત્રને વેદે. આ બધું પરને આશ્રીને કહ્યું. સ્વતઃ ઉદય - ઉચ્ચ ગોત્ર કર્મના ઉદય વડે જાતિ વિશિષ્ટતાદિ થાય છે. - x -

નીચ ગોત્રનો વિપાક - આઠ પ્રકારનો વિપાક જાતિ વિહિનતા આદિ છે. જે નીચ કર્મ કરવા રૂપ કે નીચ પુરુષના સંબંધ રૂપ પુદ્ગલને વેદે છે. જેમકે નીચકર્મથી આજીવિકા કરે, ચાંડાલી સાથે મૈથુન સેવે, ચાંડાલાદિ માફક મનુષ્યોને નિંદવા લાયક થાય. તે જાતિ અને કુળહીનતા. બળહીનતા - સુખશય્યાદિ સંબંધથી, રૂપવિહિનતા - ખરાબ વસ્ત્રના સંબંધથી, તપોવિહિનતા - પાસત્થાદિના સંસર્ગથી, શ્રુતવિહિનતા - વિકથામાં તત્પર સાધુ જેવા લાગતાના સંસર્ગથી, લાભવિહિનતા - દેશ કાળને અયોગ્ય ખરાબ કરીયાણાના સંબંધથી. ઐશ્વર્યવિહિનતા - ખરાબ ગ્રહ, ખરાબ સ્ત્રીના સંસર્ગથી. એવા પ્રકારના ઘણાં પુદ્ગલોને વેદે છે. રીંગણાદિ આહાર પરિણામરૂપ પુદ્ગલ પરિણામને વેદે છે. તેનાથી ખરજ ઉત્પન્ન થતાં રૂપહીનતા કરે છે. સ્વાભાવિક તેવા પરિણામને વેદે, તેના પ્રભાવે નીચગોત્ર કર્મ વેદે છે. એ રીતે પરને આશ્રીને ઉદય કહ્યો. સ્વતઃ ઉદય-નીચ ગોત્ર કર્મના ઉદય વડે જાત્યાદિથી હીનપણાને અનુભવે.

અંતરાય કર્મનો વિપાક - પાંચ પ્રકારે છે. અંતરાય - વિઘ્નરૂપ કર્મ. દાનાંતરાયાદિ કર્મના ફળો છે. જે તેવા પ્રકારના વિશિષ્ટ પુદ્ગલને વેદે છે. જેમકે રત્નાદિના સંબંધથી તેના વિષયે દાનાંતરાયનો ઉદય થાય, રત્નાદિના પડને છેદનારા ઉપકરણના સંબંધથી લાભાંતરાયનો ઉદય થાય, ઉત્તમ આહારના સંબંધથી તેના વિષયે દાનાંતરાયનો ઉદય થાય, રત્નાદિના પડને છેદનારા ઉપકરણના સંબંધથી લાભાંતરાયનો ઉદય થાય, ઉત્તમ આહારના સંબંધથી ભોગાંતરાયનો ઉદય થાય એ રીતે પાંચે અંતરાય વિચારવા. જે તેવા પ્રકારના ઘણાં પુદ્ગલોને વેદે છે ઈત્યાદિ પૂર્વવત્. - x - મંત્ર વડે સંસ્કારિત વાસક્ષેપાદિ સુગંધી પુદ્ગલના પરિણામથી સુબંધુ નામક પ્રધાન માફક ભોગાંતરાયાદિ થાય છે. સ્વાભાવિક શીતાદિ પુદ્ગલ પરિણામને વેદે - x - x - ઈત્યાદિ - x - x -

## ❀ પદ-૨૩, ઉદ્દેશો-૨ ❀

૦ ઉદ્દેશા-૧-ની વ્યાખ્યા કરી, હવે બીજાની કરે છે. તેનો સંબંધ આ છે - ઉદ્દેશા-૧-માં જ્ઞાનાવરણીયકર્મ વિપાક કહ્યો, અહીં જ્ઞાનાવરણીયાદિની ઉત્તર પ્રકૃતિ કહેવા ફરી મૂળ પ્રકૃતિ કહે છે —

● સૂત્ર-૫૪૦ :-

*ભગવન્ ! કેટલી કર્મ પ્રકૃતિઓ છે ? ગૌતમ ! આઠ છે - જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. જ્ઞાનાવરણીય કર્મ કેટલા ભેદે છે ? પાંચ - આભિનિબોધિક જ્ઞાનાવરણીય યાવત્ કેવળજ્ઞાનાવરણીય.*

*ભગવન્ ! દર્શનાવરણીય કર્મ કેટલા ભેદે છે ? બે ભેદે — નિદ્રા પંચક, દર્શન ચતુષ્ક. નિદ્રાપંચક કેટલા ભેદે છે ? પાંચ - નિદ્રા યાવત્ સ્ત્યાનર્દ્ધિ. દર્શન ચતુષ્ક કેટલા ભેદે છે ? ચાર ભેદે - ચક્ષુદર્શનાવરણીય યાવત્ કેવળદર્શનાવરણીય.*

*ભગવન્ ! વેદનીય કર્મ કેટલા ભેદે છે ? બે ભેદે - સાતાવેદનીય, અસાતા વેદનીય. સાતા વેદનીય કેટલા ભેદે છે ? આઠ ભેદે - મનોજ્ઞ શબ્દો યાવત્ કાય સુખ. અસાતાવેદનીય કર્મ કેટલા ભેદે છે ? આઠ ભેદે - અમનોજ્ઞ શબ્દો યાવત્ કાય દુઃખ.*

*મોહનીયકર્મ કેટલા ભેદે છે ? બે ભેદે - દર્શનમોહનીય, ચારિત્ર મોહનીય. દર્શન મોહનીય કેટલા ભેદે છે ? ત્રણ ભેદે - સમ્યકત્વ વેદનીય, મિથ્યાત્વ વેદનીય, મિશ્ર વેદનીય. ચારિત્ર મોહનીય કર્મ કેટલા ભેદે છે ? બે ભેદે - કષાયવેદનીય, નોકષાયવેદનીય. કષાય વેદનીય કર્મ કેટલા ભેદે છે ? સોળ ભેદે - અનંતાનુબંધી એવા ક્રોધ, માન, માયા, લોભ. અપ્રત્યાખ્યાન ક્રોધાદિ, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધાદિ સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ. નોકષાયવેદનીય કર્મ કેટલા ભેદે છે ? નવ ભેદે - સ્ત્રીવેદ, પુરુષ વેદ, નપુંસકવેદ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા.*

*ભગવન્ ! આયુષ્યકર્મ કેટલા ભેદે છે ? ચાર, નૈરયિકાયુ યાવત્ દેવાયુ.*

*નામકર્મ કેટલા ભેદે છે ? ૪૨-ભેદે છે. ગતિ, જાતિ, શરીર, શરીરંગોપાંગ, શરીર બંધન, શરીરસંઘયણ, સંઘાતન, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આનુપૂર્વી, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, વિહાયોગતિ, ત્રસ, સ્થાવર બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત, સાધારણ, પ્રત્યેક શરીર, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, આદેય, અનાદેય, યશોકીર્તિ, અયશોકીર્તિ, નિર્માણ, તીર્થંકર નામ કર્મ.*

*ગતિનામ કર્મ કેટલા ભેદે છે ? ચાર - નૈરયિકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ. જાતિનામકર્મ કેટલા ભેદે છે ? એકેન્દ્રિય જાતિનામ યાવત્*



*પંચેન્દ્રિય જાતિનામ. શરીર નામકર્મ કેટલા ભેદે છે ? પાંચ ભેદે - ઔદારિક શરીર યાવત્ કાર્મણશરીરનામ. શરીરંગોપાંગ નામ કર્મ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે — ઔદારિક શરીર અંગોપાંગ, વૈક્રિય શરીરંગો પાંગ, આહારક શરીરંગોપાંગ. શરીરબંધ નામ કર્મ કેટલા ભેદે છે ? પાંચ ભેદે — ઔદારિક શરીર બંધન નામ યાવત્ કાર્મણ શરીર બંધન નામ. શરીર સંઘાત નામ કર્મ કેટલા ભેદે છે ? પાંચ ભેદે - ઔદારિક૦ યાવત્ કાર્મણશરીર સંઘાત નામ. સંઘયણ નામકર્મ કેટલા ભેદે છે ? છ ભેદે - વજ્રઋષભનારાચ૦, ઋષભનારાચ૦, નારાચ૦, અર્ધનારાચ૦, કીલિકા૦ અને સેવાર્ત્ત સંઘયણ નામ. સંસ્થાન નામકર્મ કેટલા ભેદે છે ? છ ભેદે — સમચતુરસ્ર૦, ન્યગ્રોધ પરિમંડલ૦, સાદિ, વામન, કુબ્જ અને હુંડક સંસ્થાન નામ. વર્ણનામ કર્મ કેટલા ભેદે છે ? પાંચ ભેદે - કૃષ્ણ વર્ણનામ યાવત્ શુક્લ વર્ણ નામ. ગંધનામકર્મ કેટલા ભેદ છે ? બે ભેદે - સુરભિગંધ નામ, દુરભિગંધ નામ. રસનામ કર્મ ? પાંચ ભેદે - સુરભિગંધનામ યાવત્ મધુરરસનામ સ્પર્શનામ કર્મ ? આઠ ભેદે - કર્કશ સ્પર્શ નામ યાવત્ લઘુ સ્પર્શનામ.*

*અગુરુલઘુનામ એક પ્રકારે છે. ઉપઘાતનામ એક પ્રકારે છે, પરાઘાતનામ એક પ્રકારે છે, આનુપૂર્વી નામ ચાર ભેદે છે - નૈરયિકાનુપૂર્વી યાવત્ દેવાનુપૂર્વીનામ, ઉચ્છ્વાસનામ એક પ્રકારે છે, બાકીના સર્વ પ્રકૃતિ તીર્થંકરનામ પર્યન્ત એક પ્રકારે છે. પણ વિહાયોગતિ બે ભેદે છે - પ્રશસ્ત વિહાયોગતિ નામ અને અપ્રશસ્ત વિહાયોગતિ નામ.*

*ભગવન્ ! ગોત્ર કર્મ કેટલા ભેદે છે ? બે ભેદે - ઉચ્ચગોત્ર, નીચ ગોત્ર. ઉચ્ચ ગોત્ર કેટલા ભેદે છે ? આઠ ભેદે - જાતિવિશિષ્ટતા યાવત્ ઐશ્વર્યવિશિષ્ટતા. એ પ્રમાણે નીચગોત્ર પણ જાણવું. પરંતુ જાતિ વિહિનતા યાવત્ ઐશ્વર્ય વિહિનતા જાણવું.*

*ભગવન્ ! અંતરાય કર્મ કેટલા ભેદે છે ? પાંચ ભેદે - દાનાંતરાય યાવત્ વીર્યાંતરાય.*

● વિવેચન-૫૪૦ :-

- X - ઉદ્દેશના ક્રમે નિર્દેશ થાય છે. વસ્તુનું નામ માત્ર થકી કથન કરવું તે ઉદ્દેશ, વિસ્તારથી કહેવું તે નિર્દેશ, તે ન્યાયે પહેલા જ્ઞાનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિનું સૂત્ર - અહીં આભિનિબોધિકાદિ શબ્દનો અર્થ ઉપયોગપદમાં કહેશે. વિગ્રહ આ રીતે - આભિનિબોધિક જ્ઞાનનું આવરણ કરનાર કર્મ તે આભિનિબોધિક જ્ઞાનાવરણીય.

દર્શનાવરણીયની ઉત્તરપ્રકૃતિઓ કહે છે — તેમાં નિદ્રા દ્રા ધાતુ નિંદાના અર્થમાં છે, જે અવસ્થામાં ચૈતન્ય કુત્સિતપણાંને પામે તે નિદ્રા. અથવા દ્રૈ ધાતુ સુવાના અર્થમાં છે, જે અવસ્થામાં ચપટી વગાડવા માત્રથી પ્રાણી જાગૃત થાય એવી ઉંઘ તે નિદ્રા, તે વિપાકથી વેદ્ય કર્મ પ્રકૃતિ પણ નિદ્રા કહેહવાય. નિદ્રાથી અધિક

નિંદ્રા તે નિદ્રાનિદ્રા. તે અવસ્થામાં ઘણાં ઢંઢોળવાદિથી જાગૃત થાય છે, તેથી નિદ્રા કરતાં તેનું અધિકપણું છે. તે વિપાકથી વેદ્ય કર્મપ્રકૃતિ પણ નિદ્રાનિદ્રા કહેવાય છે. બેઠો કે ઉભો ડોલે, ઝોકાં ખાય તેવી નિદ્રા તે પ્રચલા. પ્રચલાથી અધિક તે પ્રચલાપ્રચલા, તે ચાલનારને પણ ઉદયમાં આવે છે. - x - સ્ત્યાનર્દ્ધિ-એકઠી થયેલી ઋદ્ધિ-આત્મશક્તિ, જે નિદ્રાવસ્થામાં હોય તે. તે નિદ્રાના સદ્‌ભાવમાં પ્રથમ સંઘયણવાળા વાસુદેવના અર્ધબળ જેટલી શક્તિ પ્રાપ્ત થાય છે. પ્રવચનમાં એવી કથા સંભળાય છે કે કોઈ સ્થળે સ્ત્યાનર્દ્ધિ નિદ્રાવાળો એક સાધુ હતો. તેને દિવસે એક હાથીએ રોક્યો, રાત્રે સ્ત્યાનર્દ્ધિ નિદ્રાના ઉદયમાં તેણે હાથીનાં દાંત ઉખેડી નાંખ્યા ઈત્યાદિ.

ચક્ષુદર્શન-સામાન્ય અવબોધ, તેને આચ્છાદન કરનાર ચક્ષુદર્શનાવરણીય. અચક્ષુ દર્શન - ચક્ષુ સિવાયની ઈન્દ્રિયો અને મન વડે સામાન્ય અવબોધ, તેને આચ્છાદન કરનાર તે અચક્ષુદર્શનાવરણીય. અવધિદર્શન - ઈન્દ્રિયાદિની અપેક્ષા સિવાય રૂપી દ્રવ્યનો સામાન્ય અવબોધ, તેનું આવરણ કરનાર કર્મ તે અવધિ દર્શનાવરણ. રૂપી-અરૂપી સર્વે દ્રવ્યો અને તેના સર્વ પર્યાયોનો ઈન્દ્રિયાદિની અપેક્ષા વિના સામાન્ય અવબોધ તે કેવળદર્શન, તેને આચ્છાદન કરનાર કર્મ તે કેવળ દર્શનાવરણીય.

અહીં નિદ્રાદિ પાંચ પ્રકૃતિ ચક્ષુદર્શનાવરણાદિના ક્ષયોપશમ વડે પ્રાપ્ત દર્શન લબ્ધિનો ઉપઘાત કરે છે. દર્શનાવરણ ચતુષ્ક મૂળથી દર્શનલબ્ધિનો ઘાત કરે છે. - x - x -

વેદનીય બે ભેદે — (૧) સાતા-સુખરૂપે વેદાય તે સાતાવેદનીય, તેથી વિપરીત તે (૨) અસાતાવેદનીય અર્થાત્ જેના ઉદયથી શારીરિક, માનસિક સુખ વેદે તે સાતા વેદનીય, જેના ઉદયથી શારીરિક, માનસિક દુઃખ અનુભવે તે અસાતાવેદનીય - x -

મોહનીય કર્મ બે ભેદે — (૧) દર્શન મોહનીય - સમ્યક્ત્વ, તત્ત્વરુચિમાં મોહ-ભ્રાંતિ કરે તે. (૨) ચારિત્ર મોહનીય - સાવધ યોગથી નિવૃત્તિ અને નિરવધ યોગમાં પ્રવૃત્તિ વડે ગમ્ય શુભ આત્મપરિણામ, તેમાં મોહ પેદા કરે તે ચારિત્રમોહનીય. દર્શન મોહનીય ત્રણ પ્રકારે — (૧) સમ્યકત્વ વેદનીય - જિનેશ્વરે ઉપદેશેલા તત્ત્વની શ્રદ્ધારૂપે વેદાય તે. (૨) મિથ્યાત્વ વેદનીય - જે જિને ઉપદેશેલા તત્ત્વની અરુચિરૂપ મિથ્યાત્વરૂપે વેદાય તે. (૩) મિશ્રવેદનીય-જે જિનોક્ત તત્ત્વમાં રુચિ નહીં, તેમ અરુચિ નહીં એવા મિશ્રપરિણામથી વેદાય તે. [પ્રશ્ન] સમ્યકત્વ મોહનીય કર્મને દર્શન મોહનીય કેમ કહ્યું ? તે તો પ્રશમાદિનું કારણ હોવાથી દર્શનમાં મોહ ઉત્પન્ન કરતું નથી. [ઉત્તર] અહીં સમ્યકત્વ વેદનીય મિથ્યાત્વ મોહનીયની પ્રકૃતિ છે. તેથી દેશ ભંગરૂપ અતિચારનો સંભવ છે. વળી તે ઔપશમિક તથા ક્ષાયિક સમ્યગ્દર્શનમાં મોહ ઉત્પન્ન કરે છે માટે દર્શન મોહનીય કહેવાય.

ચારિત્ર - સાવધ યોગથી નિવૃત્તિ, નિરવધ યોગમાં પ્રવૃત્તિ વડે ગમ્ય શુભ આત્મપરિણામ, તેમાં મોહ પેદા કરે તે ચારિત્ર મોહનીય. તેના બે ભેદ છે — (૧)



કષાય વેદનીય-કષાયરૂપે વેદાય, (૨) નોકષાય વેદનીય - સ્ત્રીવેદાદિ નોકષાયરૂપે વેદાય. કષાય મોહનીય સોળ પ્રકારે છે. તેમાં અનંતાનુબંધી - અનંત સંસારનો અનુબંધ કરાવનાર છે, તેનું સંયોજના એવું બીજું નામ પણ છે. જે વડે પ્રાણી અનંતા ભવોની સાથે જોડાય તે સંયોજના. કહ્યું છે કે —

જે કષાયો અનંતભવોની સાથે જોડે તે અનંતાનુબંધી, જેમના ઉદયમાં સર્વથા કે દેશથી પ્રત્યાખ્યાન-વિરતિ ન હોય તે અપ્રત્યાખ્યાન. જેમના ઉદયથી - x - સર્વવિરતિ પ્રત્યાખ્યાનનું આચ્છાદન થાય તે પ્રત્યાખ્યાનવરણ. - x - પરીષહ અને ઉપસર્ગની પ્રાપ્તિમાં ચારિત્રવાળાને કંઈક કષાયયુક્ત કરે તે સંજ્વલન અથવા શબ્દાદિ વિષયોપામી જેથી વારંવાર કષાયયુક્ત થાય, તેથી ચોથા કષાયની સંજ્વલન એવી સંજ્ઞા કહેવાય છે - x -

જળ-રેતી-પૃથ્વી-પર્વતની રેખા સમાન ચાર પ્રકારનો ક્રોધ છે. નેતરની લતા, કાષ્ઠ-અસ્થિ-શિલા સ્તંભ જેવું માન છે, વાંસની છાલ-ગોમૂત્રિકા-મેંઢાનું શિંગડું-કઠણ વાંસના મૂળ જેવી માયા છે. હળદર, ખંજન, કીચડ, કીરમજી રંગ જેવો લોભ છે. તે ચારે પ્રકારના કષાયો પક્ષ, ચારમાસ, વર્ષ અને યાવજ્જીવ સુધી રહેનારા છે અને તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નરકગતિના સાધનભૂત છે.

સ્ત્રીવેદ-સ્ત્રીની પુરુષ માટેની અભિલાષા, તે વિપાક વડે વેદ્ય કર્મ, તે સ્ત્રીવેદ. પુરુષવેદ-સ્ત્રી માટેની અભિલાષા, તે વિપાક વડે વેદ્ય કર્મ. નપુંસક વેદ-સ્ત્રી અને પુરુષ બંને પ્રતિ અભિલાષા, તે વિપાક વડે વેદ્ય કર્મ. જેના ઉદયે સનિમિત કે નિર્નિમિત હસે કે હસાવે તે હાસ્ય મોહનીય. તેનાથી વિપરીત તે અરતિ મોહનીય. જેના ઉદયે પ્રિય વસ્તુના વિયોગાદિ નિમિત્તે આક્રંદનાદિ કરે તે શોક મોહનીય. જેના ઉદયે સકારણ કે અકારણ ભય પામે તે ભયમોહનીય. જેના ઉદયે શુભ કે અશુભ વસ્તુની જુગુપ્સા કરે તે જુગુપ્સા મોહનીય. આ હાસ્યાદિ કષાયના સહચારી હોવાથી નોકષાય કહેવાય છે. તે કયા કષાયના સહચારી છે ? આદિના બારે કષાયોના. આદિના બારે કષાયોનો ક્ષય થવાથી હાસ્યાદિ સ્થિતિ સંભવતી નથી, કેમકે ત્યારપછી તુરંત તેનો ક્ષય કરવા માટે પ્રવૃત્તિ થાય છે. કષાયના સહચારી તે નોકષાય.

નામકર્મ ૪૨-ભેદે છે - ગતિનામ એટલે તથાવિધ કર્મરૂપથી પ્રાપ્ત કરાય તે ગતિ-નારકપણું આદિ પર્યાયનો પરિણામ. તે ગતિ ચાર ભેદે છે — નરક, તિર્યંચ, મનુષ્ય, દેવગતિ, તેનું કારણ ભૂતકર્મ તે ગતિનામ. જાતિનામ - એકેન્દ્રિયાદિ જીવોના એકેન્દ્રિયત્વ આદિ સમાન પરિણામરૂપ કે જેનો એકેન્દ્રિયાદિ શબ્દ વડે વ્યવહાર થાય છે તે જાતિ, તેનું કારણભૂત કર્મ તે જાતિનામકર્મ. - x - x -

ક્ષીણ થાય તે શરીર, તે પાંચ ભેદે છે — ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ. તેનું કારણ નામકર્મ તે ઔદારિકનામકર્માદિ. તેમાં જેના ઉદયથી ઔદારિક શરીર યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરી ઔદારિક શરીર રૂપે પરિણમાવે, પરિણમન કરી જીવ પ્રદેશો સાથે પરસ્પર એકમેકપણે સંબંધ કરે તે.

એ રીતે બાકીના શરીરનામકર્મ વિચારવા.

શરીરના મસ્તકાદિ આઠ અંગો છે – મસ્તક, છાતી, ઉદર, પીઠ, બે હાથ, બે સાથળ. આંગળી આદિ અવયવો ઉપાંગ છે. તેનું કારણ શરીરંગોપાંગ નામ છે તે ત્રણ ભેદે – ઔદારિકંગો પાંગ, વૈક્રિયંગોપાંગ, આહારકાંગોપાંગ નામ કર્મ. જેના ઉદયથી ઔદારિક શરીરરૂપે પરિણત થયેલા પુદ્‌ગલોનો અંગોપાંગ વિભાગરૂપે પરિણામ થાય તે. એ રીતે વૈક્રિય અને આહારક૦ પણ કહેવા. તૈજસ અને કાર્મણ શરીર જીવપ્રદેશના સંસ્થાનને અનુસરતું હોવાથી તેને અંગોપાંગ સંભવ નથી. - - - જે વડે બંધાય તે બંધન, જે પૂર્વે ગ્રહણ કરેલા અને ગ્રહણ કરાતા ઔદારિક પુદ્‌ગલોનો પરસ્પર અને તૈજસાદિ પુદ્‌ગલો સાથે સંબંધ કરનાર તે બંધન નામ. - x - તે પાંચ પ્રકારે છે - ઔદારિક બંધન નામ, વૈક્રિય બંધન નામ ઈત્યાદિ - x -. તેમાં જેના ઉદયથી પૂર્વે ગ્રહણ કરેલ અને ગ્રહણ કરાતા ઔદારિક પુદ્‌ગલોનો પરસ્પર તથા તૈજસાદિ પુદ્‌ગલોની સાથે સંબંધ થાય તે ઔદારિક બંધન નામ, એ રીતે વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણબંધનનામ કહેવા.

જેના વડે ઔદારિકાદિ પુદ્‌ગલો પિંડરૂપે એકઠા કરાય તે સંઘાત નામ, તે પાંચ પ્રકારે – ઔદારિક સંઘાતનામ, વૈક્રિય સંઘાતનામ, આહારક સંઘાતનામ, તૈજસ સંઘાતનામ, કાર્મણ સંઘાતનામ. તેમાં જેના ઉદયથી ઔદારિક શરીર રચના અનુસારે પિંડરૂપ થાય તે ઔદારિક સંઘાત નામ. એ પ્રમાણે વૈક્રિયાદિ શરીર સંઘાતનામ વિશે જાણવું. સંઘયણ - અસ્થિની રચના વિશેષ. તે મૂળ ટીકાકારે પણ કહ્યું છે. અન્યત્ર એકેન્દ્રિયોને જ સેવાર્ત્ત સંઘયણ કહ્યું છે તે ઉપચારથી જાણવું, તેમ ટીકાકાર કહે છે, પણ શક્તિ વિશેષ નથી - x - આ અસ્થિ રચના ઔદારિક શરીરને વિશેષ જ હોય છે. બીજા શરીરો અસ્થિરહિત છે. તે સંઘયણ છ પ્રકારે છે. વજ્રઋષભનારાચ ઈત્યાદિ.

વज्र - ખીલી, ऋषभ - વીંટવાનો પાટો, नाराच - મર્કટ બંધ. તેથી બે અસ્થિ મર્કટબંધથી બંધાયેલ હોય અને તેના ઉપર પાટાની આકૃતિવાળું ત્રીજું અસ્થિ વીંટાયેલું હોય અને ત્રણ અસ્થિને ભેદનાર ખીલી નામે અસ્થિ જેમાં હોય તે વજ્રઋષભનારાચ. જે કિલિકારહિત હોય તે ઋષભનારાચ, જ્યાં અસ્થિઓનો મર્કટ બંધ માત્ર જ હોય તે નારાચ. જ્યાં કેવળ એક તરફ મર્કટ બંધ હોય અને બીજી બાજુ કીલિકા હોય તે અર્ધનારાચ. જ્યાં અસ્થિ કેવળ કીલિકા વડે બંધાયેલ હોય તે કીલિકા સંઘયણ. માત્ર એકબીજા સ્પર્શીને રહી હોય અથવા તૈલાદિ સ્નેહના મર્દનાદિરૂપ સેવાની અપેક્ષા રાખે તે સેવાર્ત્ત સંહનન. તેનું કારણભૂત સંઘયણ નામકર્મ પણ છ પ્રકારે હોય છે - વજ્રઋષભનારાચ સંઘયણનામકર્માદિ.

સંસ્થાન-આકાર વિશેષ, ગ્રહણ કરેલ - જત્થારૂપ કરેલ-જત્થારૂપ કરેલ અને બાંધેલા તે ઔદારિકાદિ પુદ્‌ગલોને વિશે જે કર્મના ઉદયથી આકાર વિશેષ થાય તે સંસ્થાન, આ સંસ્થાનનામ છ પ્રકારે છે – સમચતુરસ્ર સંસ્થાન ઈત્યાદિ. તેમાં જે કર્મના ઉદયથી ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન થાય તે ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન નામ



કર્મ, એ પ્રમાણે બધાં સંસ્થાન જાણવા.

જે વડે શરીર સુશોભિત થાય તે વર્ણ. તેના પાંચ ભેદ છે – શ્વેત, પીળો, લાલ, લીલો, કાળો. તેનું કારણ નામકર્મ પણ પાંચ ભેદે છે - શ્વેતવર્ણનામકર્મ ઈત્યાદિ. તેમાં જેના ઉદયથી પ્રાણીના શરીરને વિશે બગલાની માફક શ્વેતવર્ણ થાય તે શ્વેતવર્ણનામ. એ રીતે બાકીના વર્ણનામો જાણી લેવા.

જે સુંઘાય તે ગંધ. તેના બે ભેદ – સુરભિ, દુરભિ. તેનું કારણ ગંધનામ પણ બે ભેદે છે. જેમકે - સુરભિગંધ નામ કર્માદિ. જેના ઉદયે પ્રાણીના શરીરમાં કમળાદિ પેઠે સુગંધ ઉપજે છે તે. જેના ઉદયે પ્રાણીના શરીરમાં લસણાદિની જેમ દુર્ગન્ધ ઉપજે તે દુરભિગંધ નામ.

જેનો આસ્વાદ કરાય તે રસ. તીખો, કડવો, તુરો, ખાટો, મધુર એમ પાંચ ભેદે છે, તેનું કારણ રસનામ પણ પાંચ ભેદે છે – જેમકે તિક્તનામ, કટુનામ ઈત્યાદિ. જેના ઉદયે પ્રાણીના શરીરમાં મરી આદિ માફક તીખો રસ હોય તે તિક્ત રસનામ ઈત્યાદિ.

જે સ્પર્શેન્દ્રિયનો વિષય હોય તે સ્પર્શ. તે કર્કશ, મૃદુ, લઘુ, ગુરુ, સ્નિગ્ધ, રૂક્ષ, શીત, ઉષ્ણના ભેદે આઠ પ્રકારે છે. તેનું કારણ સ્પર્શનામ પણ આઠ પ્રકારે છે. જેના ઉદયથી પ્રાણીના શરીર વિશે પત્થરની જેમ કર્કશ સ્પર્શ હોય તે કર્કશ સ્પર્શનામ. એમ બાકીના સ્પર્શનામ પણ જાણી લેવા.

જેના ઉદયથી પ્રાણીઓના શરીર ગુરુ-ભારે નહીં તેમ લઘુ-હલકાં પણ નહીં પરંતુ અગુરુલઘુ પરિણામવાળા હોય છે તે અગુરુ લઘુનામ. - - - જેના ઉદયથી શરીરમાં વધતા પડજીભ, ગલવૃંદ, લંબક, ચોર દાંત વગેરે શરીરના અવયવો વડે પોતે જ હણાય કે સ્વયં ગળે ફાંસો ખાવો વગેરેથી આત્મઘાત કરે તે ઉપઘાત નામ. જેના ઉદયે પ્રતાપી મનુષ્ય પોતાના દર્શન માત્રથી કે વાક્‌પટુતાથી મહાનૃપની સભામાં પણ જઈને સભ્યોને ક્ષોભ ઉત્પન્ન કરે અને પ્રતિવાદીની પ્રતિભાનો નાશ કરે તે પરાઘાતનામ.

કોણી, હળ અને ગોમુત્રિકાના આકારે અનુક્રમે બે, ત્રણ, ચાર સમય પ્રમાણ વિગ્રહગતિથી બીજા ભવમાં ઉત્પત્તિસ્થાને જતાં જીવની આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર નિયત ગમનનો ક્રમ તે આનુપૂર્વી. તે વિપાક વડે વેદ્ય નામકર્મ તે આનુપૂર્વીનામ. તે ચાર પ્રકારે છે - નૈરયિકાનુપૂર્વીનામ યાવત્ દેવાનુપૂર્વીનામ.

જેના ઉદયથી આત્માને ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસની લબ્ધિ પ્રાપ્ત થાય તે ઉચ્છ્‌વાસનામ. [પ્રશ્ન] જો એમ છે તો ઉચ્છ્‌વાસ પર્યાપ્તિ નામ કર્મનો ઉપયોગ ક્યાં છે ? [ઉત્તર] ઉચ્છ્‌વાસ નામ કર્મના ઉદયથી ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસ યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરવા અને મૂકવા સંબંધી લબ્ધિ ઉત્પન્ન થાય છે. તે લબ્ધિ ઉચ્છ્‌વાસ પર્યાપ્તિ સિવાયનું કાર્ય કરતી નથી. બાણને ફેંકવાની શક્તિવાળો છતાં ધનુષ્‌ને લીધાં સિવાય બાણ ફેંકી ન શકે તેમ ઉચ્છ્‌વાસ પર્યાપ્તિ ઉત્પન્ન કરવા તેના નામ કર્મનો ઉપયોગ છે એ પ્રમાણે બીજી પ્રકૃતિનો પણ યથા સંભવ વિચાર કરવો.

જેના ઉદયથી શરીરને વિશે અનુષ્ણ છતાં ઉષ્ણ પ્રકાશરૂપ આતપ કરે તે આતપનામ. તેનો વિપાક સૂર્યમંડળમાં પૃથ્વીકાયિકોને જ હોય છે. અગ્નિને હોતો નથી. કેમકે સિદ્ધાંતમાં તેનો નિષેધ છે. અગ્નિમાં ઉષ્ણપણું ઉષ્ણસ્પર્શનામ કર્મના ઉદયે અને ઉત્કટ રક્તવર્ણનામના ઉદયથી પ્રકાશકપણું છે.

જેના ઉદયથી પ્રાણીના શરીરો, દેવના ઉત્તર વૈક્રિય શરીર તથા ચંદ્ર-નક્ષત્ર-તારા વિમાનો, રત્ન, ઔષધિ માફક અનુષ્ણ પ્રકાશરૂપ ઉદ્યોત કરે તે ઉદ્યોતનામ.

વિહાયોગતિ - આકાશમાં ગમન કરવું તે. [પ્રશ્ન] આકાશ સર્વ વ્યાપી હોવાથી આકાશથી બીજે ગતિ સંભવ નથી, તો શા માટે ‘વિહાયસ્’ વિશેષણ કહ્યું ? શંકા બરાબર છે. પરંતુ જો ગતિ માત્ર કહેવામાં આવે તો નામકર્મની પહેલી પ્રકૃતિ પણ ગતિનામ છે, તેનો નિષેધ કરવા ‘વિહાયસ્’ વિશેષણ કહ્યું. પણ નારકાદિ પર્યાયના પરિણામરૂપ ગતિ તે વિહાયોગતિ. તે બે ભેદે - પ્રશસ્ત, અપ્રશસ્ત. હંસ, હાથી આદિને પ્રશસ્ત ગતિ છે. ગધેડા, ઉંટ આદિની અપ્રશસ્ત ગતિ છે. તે વિપાકથી વેદ્ય વિહાયોગતિ નામ કર્મ કહ્યું.

ત્રસ - ગરમી આદિથી પીડિત થયેલ વિવક્ષિત કોઈ એક સ્થાનકે ઉદ્વેગ પામી, છાયાદિનો આશ્રય કરવા બીજે સ્થાને જાય તે ત્રસ-બેઈન્દ્રિયાદિ જીવો. તે પર્યાયના પરિણામથી વેદ્ય નામકર્મ તે ત્રસનામ. જેના ઉદયે ઉક્ત કરતાં વિપરીત સ્થિતિ હોય તે સ્થાવરનામ. તે એકેન્દ્રિય (સ્થાવર)ને હોય છે.

જેના ઉદયથી જીવો બાદર થાય તે બાદર નામ. તે બાદરપણું જીવનો પરિણામ વિશેષ છે. જેના ઉદયે પૃથ્વી આદિ એકૈક જીવનું શરીર ચક્ષુગ્રાહ્ય ન હોવા છતાં ઘણાં જીવોનો સમુદાય ચક્ષુથી ગ્રહણ થાય. તેનાથી વિપરીત તે સૂક્ષ્મનામ છે. તેના ઉદયે ઘણાં મળેલા જીવોનું શરીર પણ ચક્ષુગ્રાહ્ય થતું નથી. સૂક્ષ્મ - અતીન્દ્રિય.

પર્યાપ્તક નામ - જેના ઉદયે પોતાને યોગ્ય પર્યાપ્તિને પૂર્ણ કરવામાં સમર્થ થાય તે, પર્યાપ્તિ એટલે આહારાદિ પુદ્‌ગલોને ગ્રહણ કરવા અને તેનું પરિણમન કરવામાં હેતુ આત્માની શક્તિ વિશેષ. તેથી વિપરીત અપર્યાપ્ત નામ છે. જેના ઉદયે એકૈક જીવનું ભિન્ન ભિન્ન શરીર હોય તે પ્રત્યેક નામ. જેના ઉદયે અનંત જીવોનું એક શરીર હોય તે સાધારણનામ. જેના ઉદયથી શરીરના અવયવ - શિર, અસ્થિ અને દાંતની સ્થિરતા હોય તે સ્થિરનામિ તેથી વિપરીત તે અસ્થિરનામ. જેના ઉદયથી નાભિની ઉપરના મસ્તકાદિ અવયવો શુભ-પ્રશસ્ત હોય તે શુભનામ. જેના ઉદયથી નાભિની નીચેના પગ વગેરે અવયવો અશુભ હોય તે અશુભનામ. જેમકે મસ્તક વડે જેનો સ્પર્શ કરવામાં આવે તો ખુશ થાય, પગ વડે સ્પર્શ કરાય તો તે ગુસ્સે થાય.

[પ્રશ્ન] સ્ત્રીના સ્પર્શથી સ્પર્શિત મનુષ્ય ખુશ થાય છે, તેનું શું ? [ઉત્તર] તેનું કારણ મોહનીય કર્મ છે.

જેના ઉદયથી ઉપકાર ન કરવા છતાં પણ સર્વના મનને પ્રિય થાય તે સુભગ નામ. તેથી વિપરીત દુર્ભગનામ - જેના ઉદયથી ઉપકાર કરવા છતાં અપ્રિય થાય.



જો કે સુભગમાં પણ કોઈકને અપ્રિય પણ લાગે. જેમ - અભવ્યોને તીર્થંકર અપ્રિય લાગે છે.

જેના ઉદયથી જીવનો સ્વર સાંભળનારને પ્રીતિ થાય તે સુસ્વર નામ. તેથી વિપરીત તે દુઃસ્વરનામ. જેના ઉદયથી જે કરે અથવા બોલે તે સર્વલોક માન્ય કરે. જોવા માત્રથી લોક તેનો અભ્યુત્થાનાદિ સત્કાર કરે તે આદેય નામ. તેથી વિપરીત અનાદેયનામ. જેના ઉદયથી યુક્તિયુક્ત બોલવા છતાં લોકમાન્ય વચન ન થાય ઈત્યાદિ - x - તપ, શૌર્ય, ત્યાગાદિથી ઉપાર્જિત યશ વડે સ્તુતિ થાય તે યશોકીર્તિ અથવા યશ એટલે સામાન્ય ખ્યાતિ. કીર્તિ-ગુણની સ્તુતિ-પ્રશંસા. અથવા સર્વ દિશા વ્યાપીર તે યશ, એક દિશા વ્યાપી તે કીર્તિ. તે જેના ઉદયથી થાય તે યશોકીર્તિ નામ. જેના ઉદયથી મધ્યસ્થ મનુષ્યને પ્રશંસા કરવા યોગ્ય ન હોય તે અયશોકીર્તિનામ.

જેના ઉદયથી પ્રાણીઓને શરીરને વિશે પોતપોતાની જાતિ અનુસાર અંગો, પ્રત્યંગો પ્રતિનિયત સ્થાને હોય તે નિર્માણનામ, તેના ઉદયે-અભાવે ભૃત્યવત્ અંગોપાંગાદિ નામ આદિ થાય છે.

જેના ઉદયથી અષ્ટમહાપ્રાતિહાર્યાદિ ૩૪ અતિશય પ્રગટ થાય છે, તે તીર્થંકર નામ. એ પ્રમાણે ૪૨-ભેદો થયા. હવે ગત્યાદિના અવાંતર ભેદો બતાવવા સૂત્રકાર કહે છે — તે પાઠ સિદ્ધ છે.

જેના ઉદયથી ઉત્તમ જાતિ, કુલ, બલ, તપ, રૂપ, ઐશ્વર્ય, શ્રુત, સત્કાર, અભ્યુત્થાન, આસન પ્રદાન આદિ સંભવે તે ઉચ્ચગોત્ર. જેના ઉદયે જ્ઞાનાદિયુક્ત છતાં પણ નિંદા પ્રાપ્ત કરે, હીન જાત્યાદિમાં ઉત્પન્ન થાય, તે નીચગોત્ર.

- x - શેષ સુગમ છે.

હવે અંતરાયના ભેદો કહે છે — જેના ઉદય શક્તિ છતાં, ગુણવાન્ પાત્રનો યોગ છતાં, દાન મહાફળવાળું છે એમ જાણવા છતાં આપવાનો ઉત્સાહ ન થાય, તે દાનાંતરાય. જેના ઉદયે દાનગુણ પ્રસિદ્ધ દાતા પાસેથી આપવા લાયક વસ્તુ તેને ત્યાં વિદ્યમાન છતાં યાચના કુશળ અને ગુણવાન્ છતાં યાચક ન મેળવી શકે તે લાભાંતરાય. જેના ઉદયે ઉત્તમ આહારાદિ છતાં, પ્રત્યાખ્યાનના પરિણામ કે વૈરાગ્ય ન હોવા છતાં કેવળ કૃપણતાથી ભોગવી ન શકે તો ભોગાંતરાય, એમ ઉપભોગાંતરાય કર્મ પણ જાણવું. તેમાં એકવાર ભોગવાય તે ભોગ, વારંવાર ભોગવી શકાય તે ઉપભોગ. જો ઉદયે નીરોગ શરીર છતાં, યુવાવસ્થા છતાં અલ્પ બળવાળો હોય કે બળવાન્ હોવા છતાં સાધવા યોગ્ય કાર્ય છતાં, હીન સત્વતાથી પ્રવૃત્તિ ન કરે તે વીર્યાન્તરાય.

હવે કર્મની સ્થિતિનું પ્રતિપાદન કરે છે.—

● **સૂત્ર-૫૪૧ :-**

***જ્ઞાનાવરણીય કર્મની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ, અબાધા કાળ ૩૦૦૦ વર્ષ, અબાધાકાળ હીન કર્મની સ્થિતિ તે કર્મનિષેક છે.***

નિદ્રા પંચક કર્મની કેટલા કાળની સ્થિતિ છે ? જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન $^{3}/_{7}$ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમની છે. ૩૦૦૦ વર્ષ અબાધાકાળ, અબાધાકાળ હીન કર્મસ્થિતિ કર્મનો નિષેક છે.

દર્શનચતુષ્ક કર્મની કેટલો કાળ સ્થિતિ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૦-કોડાકોડી સાગરોપમ, અબાધાકાળાદિ પૂર્વવત્.

સાતા વેદનીયની ઈર્યાપથિક બંધને આશ્રીને જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય બે સમયની સ્થિતિ છે. સાંપરાયિક બંધને આશ્રીને જઘન્ય ૧૨-મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૫-કોડાકોડી સાગરોપમ છે. ૧૫૦૦ વર્ષ અબાધાકાળ છે. અસાતાવેદનીયની જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન $^{3}/_{7}$ સાગરોપમ સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૩૦૦૦ વર્ષ અબાધાકાળ અને અબાધાકાળથી ન્યૂન સ્થિતિ કર્મનિષેક કાળ સમજવો.

સમ્યક્ત્વ વેદનીયની પૃચ્છા - જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાધિક ૬૬ સાગરોપમ સ્થિતિ. મિથ્યાત્વ વેદનીયની જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન એક સાગરોપમ, ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ, ૭૦૦૦ વર્ષ અબાધા. સમ્યગ્મિથ્યાત્વ વેદનીયની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. બાર કષાયોની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન $^{4}/_{7}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ ૪૦ કોડાકોડી સાગરોપમ, ૪૦૦૦ વર્ષ અબાધાકાળ યાવત્ નિષેક૦

સંજ્વલન ક્રોધ :- જઘન્ય બે માસ, ઉત્કૃષ્ટ ૪૦ કોડાકોડી સાગરોપમ, ૪૦૦ વર્ષ અબાધાવાળા. સંજ્વલન માન :- જઘન્ય એક માસ, ઉત્કૃષ્ટ ક્રોધની જેમ. સંજ્વલનમાયા :- જઘન્ય અર્ધમાસ, ઉત્કૃષ્ટ ક્રોધની જેમ. સંજ્વલન લોભ :- જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોધની જેમ.

સ્ત્રીવેદની પૃચ્છા - પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન સાગરોપમના અઢી સપ્તમાંશ, ઉત્કૃષ્ટ-૧૫ કોડાકોડી સાગરોપમ, ૧૫૦૦ વર્ષ અબાધાકાળ. પુરુષવેદ :- જઘન્ય આઠ વર્ષ, ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ૦ નપુંસક વેદ :- જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન - $^{2}/_{7}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦-કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ.

હાસ્ય અને રતિ :- જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન - $^{1}/_{7}$ સાગરોપમ. ઉત્કૃષ્ટ ૧૦-કોડાકોડી સાગરોપમ. ૧૦૦૦ વર્ષ અબાધાકાળ૦ અરતિ, ભય શોક, જુગુપ્સા :- જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન - $^{2}/_{7}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦-કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૨૦૦૦ વર્ષનો અબાધાકાળ.

નૈરયિકાયુષ્‌ની પૃચ્છા - જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વકોટીનો ત્રીજો ભાગ અધિક ૩૩-સાગરોપમ. તિર્યંચાયુષ્ :- જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોટીનો ત્રીજો ભાગ અધિક ત્રણ પલ્યોપમ. એમ મનુષ્યાયુ, દેવાયુષ્ નૈરયિકવત્ છે.



નરકગતિનામની પૃચ્છા - જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન ૧૦૦૦ સાગરોપમના બે સપ્તમાંશ, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, અબાધાકાળ ૨૦૦૦ વર્ષ. તિર્યંચ ગતિનામ :- નપુંસકવેદ માફક સ્થિતિ છે. મનુષ્યગતિ નામ :- જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમ ઉત્કૃષ્ટ ૧૫-કોડાકોડી સાગરોપમ સ્થિતિ. અબાધાકાળ ૧૫૦૦ વર્ષ. દેવગતિનામ :- જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૧૦૦૦ સાગરોપમનો સાતમો ભાગ, ઉત્કૃષ્ટ સ્થિતિ પુરુષવેદ સમાન.

એકેન્દ્રિય જાતિ નામ :- જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન $^{2}/_{7}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ-૨૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. બેઈન્દ્રિયજાતિનામ :- જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન $^{9}/_{35}$ સાગરોપમ. ઉત્કૃષ્ટ ૧૮-કોડાકોડી સાગરોપમ, ૧૮૦૦ વર્ષ અબાધાકાળ. તેઈન્દ્રિય જાતિનામ :- જઘન્ય સ્થિતિ બેઈન્દ્રિયવત્, ઉત્કૃષ્ટ ૧૮-કોડાકોડી સાગરોપમ, ૧૮૦૦ વર્ષ અબાધાકાળ. ચઉરિન્દ્રિયજાતિનામ :- જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન $^{9}/_{35}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮-કોડાકોડી સાગરોપમ, અબાધાકાળ-૧૮૦૦ વર્ષ. પંચેન્દ્રિય જાતિ નામ :- જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન - $^{2}/_{7}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦-કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ.

ઔદારિક શરીર નામમાં તેમજ જાણવું. વૈક્રિય શરીર નામ :- જઘ્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન $^{2}/_{7}$ સાગરોપમ સહસ્ર, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. આહારક શરીર નામ :- જઘન્ય અંતઃ કોડાકોડી સાગરોપમ, ઉત્કૃષ્ટ પણ તેમજ. તૈજસ અને કાર્મણની પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન - $^{2}/_{7}$ અને ઉત્કૃષ્ટ ૨૦-કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૨૦૦ વર્ષ અબાધાકાળ. ઔદારિક-વૈક્રિય-આહારક શરીરંગોપાંગ. એ ત્રણેની સ્થિતિ ઉપરોક્ત જ જાણવી. પાંચ શરીરબંધન નામની સ્થિતિ પણ એમ જ છે. પાંચે શરીરસંઘાતની સ્થિતિ શરીરનામકર્મની સ્થિતિ પ્રમાણે જાણવી.

વજ્રઋષભનારાચ સંઘયણની સ્થિતિ રતિમોહનીય માફક છે. ઋષભનારાચ સંઘયણ :- જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન $^{6}/_{35}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૨-કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૧૨૦ વર્ષ અબાધાકાળ. નારાચ સંઘયણ :- જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસંખ્યાત ભાગ ન્યૂન $^{7}/_{35}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૪-કોડાકોડી સાગરોપમ, ૧૪૦૦ વર્ષ અબાધાકાળ. અર્ધનારાચ સંઘયણ :- જઘન્ય પલ્યો૦ અસં૦ ન્યૂન $^{8}/_{35}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૬ કોડાકોડી સાગરોપમ, ૧૬૦૦ વર્ષ અબાધાકાળ. કીલિકા સંઘયણ :- જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન $^{9}/_{35}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૮ કોડાકોડી સાગરોપમ, ૧૮૦૦ વર્ષ અબાધાકાળ. સેવાર્ત સંઘયણ - પલ્યો૦ અસં૦ ન્યૂન $^{2}/_{7}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ,

૨૦૦૦ વર્ષ અબાધાકાળ. સંઘયણની જેમ સંસ્થાન કર્મની પ્રકૃતિ કહેવી.

શુક્લવર્ણનામની પૃચ્છા :- જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન - $^{1}/_{7}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૦ કોડાકોડી સાગરોપમ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ. હારિદ્રવર્ણનામ :- જઘન્ય પલ્યો૦ અસં૦ ભાગ ન્યૂન $^{5}/_{28}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ સાડાબાર કોડાકોડી સાગરોપમ. ૧૨૫૦ વર્ષ અબાધાકાળ. લોહિતવર્ણ નામ :- જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન $^{6}/_{28}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૫-કોડાકોડી સાગરોપમ, ૧૫૦૦ વર્ષ અબાધાકાળ. નીલવર્ણ નામ :- જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન $^{7}/_{28}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ સાડા સત્તર કોડાકોડી સાગરોપમ, ૧૭૫૦ વર્ષ અબાધાકાળ. કાળા વર્ણ નામકર્મની સ્થિતિ સેવાર્ત્ત સંઘયણનામ માફક જાણવી.

સુરભિગંધ નામ :- શુક્લવર્ણનામની સ્થિતિવત્. દુરભિગંધ નામની સ્થિતિ, સેવાર્ત્ત સંઘયણ માફક જાણવી. મધુરાદિ રસની સ્થિતિ, વર્ણની સ્થિતિવત્ અનુક્રમે કહેવી. અપ્રશસ્ત સ્પર્શોની સ્થિતિ સેવાર્ત્ત સંઘયણ નામની જેમ અને પ્રશસ્ત સ્પર્શોની સ્થિતિ શુક્લવર્ણ નામવત્ કહેવી. અગુરુલઘુનામ કર્મની સ્થિતિ સેવાર્ત્ત સંઘયણનામવત્ જાણળી. એ પ્રમાણે ઉપઘાતનામ અને પરાઘાત નામ કર્મની સ્થિતિ પણ સમજવી.

નરકાનુપૂર્વીનામની પૃચ્છા :- જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન $^{2}/_{7}$ સાગરોપમ સહસ્ર, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. તિર્યંચાનુપૂર્વીની જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ન્યૂન $^{2}/_{7}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ નરકાનુપૂર્વીવત્. મનુષ્યાનુપૂર્વી - જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૫-કોડાકોડી સાગરોપમ, ૧૫૦૦ વર્ષ અબાધા૦ દેવાનુપૂર્વી - જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન $^{1}/_{7}$ સાગરોપમ સહસ્ર, ઉત્કૃષ્ટ ૧૦ કોડાકોડી સાગરોપમ, ૧૦૦૦ વર્ષ અબાધા૦

ઉચ્છ્વાસનામ :- તિર્યંચાનુપૂર્વીવત્. આતપનામ :- પણ તેમજ છે. ઉદ્યોત અને પ્રશસ્તવિહાયોગતિ :- જઘન્ય - $^{1}/_{7}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ. અપ્રશસ્તવિહાયોગતિનામ :- જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન $^{2}/_{7}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. ત્રસ અને સ્થાવર નામકર્મ તેમજ જાણવું. સૂક્ષ્મનામ :- જઘન્ય સ્થિતિ પલ્યો૦ અસં૦ ન્યૂન $^{9}/_{35}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૮ કોડાકોડી સાગરોપમ, ૧૮૦૦ વર્ષનો અબાધાકાળ. બાદર નામકર્મની સ્થિતિ અપ્રશસ્ત વિહાયોગતિવત્ કહેવી. એમ પર્યાપ્ત નામની કહેવી, અપર્યાપ્ત નામની સૂક્ષ્મ નામની માફક જાણવી. પ્રત્યેક શરીરનામની પણ $^{2}/_{7}$, સાધારણ શરીર નામની સૂક્ષ્મવત્, સ્થિર નામની $^{1}/_{7}$, અસ્થિર નામની $^{2}/_{7}$, શુભનામની $^{1}/_{7}$ અશુભ નામની $^{2}/_{7}$, સુભગ નામની $^{1}/_{7}$, દુર્ભગ નામની $^{2}/_{7}$, સુસ્વર નામની $^{1}/_{7}$, દુઃસ્વરનામની $^{1}/_{7}$ આદેયનામની $^{1}/_{7}$, અનાદેય નામની $^{2}/_{7}$, યશોકીર્તિ નામની





જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૧૦ કોડાકોડી સાગરોપમ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ જાણવો.

અયશોકીર્તિનામની પૃચ્છા – અપ્રશસ્ત વિહાયોગતિ નામની સ્થિતિવત્, એ પ્રમાણે નિર્માણ નામની સ્થિતિ કહેવી. તીર્થંકર નામની સ્થિતિ – જઘન્ય અંતઃકોડાકોડી સાગરોપમ, ઉત્કૃષ્ટ પણ તેમજ. એ પ્રમાણે જ્યાં $^{1}/_{7}$ ભાગ હોય ત્યાં ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ, જ્યાં $^{2}/_{7}$ ભાગ હોય ત્યાં ઉત્કૃષ્ટ ૨૦-કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ છે.

ઉચ્ચગોત્ર સંબંધી પૃચ્છા - જઘન્ય આઠ મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૧૦૦૦ વર્ષ અબાધાકાળ, નીચગોત્ર સ્થિતિની પૃચ્છા - અપ્રશસ્તવિહાયોગતિવત્ સ્થિતિ જાણવી.

અંતરાયની સ્થિતિ - જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ, ૩૦૦૦ વર્ષ અબાધાકાળ, અબાધાકાળ ન્યૂન કર્મસ્થિતિ, તે કર્મ નિષેક જાણવો.

● **વિવેચન-૫૪૧ :-**

ભગવન્ ! જ્ઞાનાવરણીયના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળ જ્ઞાનાવરણના ભેદથી પાંચ પ્રકારના કર્મની સ્થિતિ શું છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત. તે સર્વે જઘન્ય સ્થિતિ સૂક્ષ્મ સંપરાય ક્ષપકને પોતાના ગુણસ્થાનના છેલ્લા સમયે જાણવી. ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે, તે ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતા મિથ્યાદૃષ્ટિને જાણવી. પ્રસંગથી કહે છે – ૩૦૦૦ વર્ષ અબાધા વડે ન્યૂન કર્મ સ્થિતિ એ કર્મદલિકોનો નિષેક છે. કેમકે કર્મની બે પ્રકારની સ્થિતિ છે – કર્મપણે રહેવા યોગ્ય સ્થિતિ અને અનુભવવા યોગ્ય સ્થિતિ. રહેવાની સ્થિતિ ૩૦-કોડાકોડી સાગરોપમ છે, અનુભવવા યોગ્ય ૩૦૦૦ વર્ષ ન્યૂન છે. તેથી ઉત્કૃષ્ટ સ્થિતિક જ્ઞાનાવરણીય બાંધ્યુ હોય તો બંધસમયથી ૩૦૦૦ વર્ષ સુધી ઉદયમાં આવી જીવને કંઈપણ બાધા ન કરે. પછીનો અનુભવવા યોગ્ય કર્મસ્થિતિ એ કર્મનો નિષેક છે. તે આ પ્રમાણે – પ્રથમ સ્થિતિમાં ઘણાં ક્રમદળ હોય, બીજી સ્થિતિમાં વિશેષહીન, ત્રીજી સ્થિતિમાં વિશેષહીન, એમ કરતાં કરતાં તે સ્થિતિના છેલ્લા સમય સુધી કહેવું. અગ્રાયણી નામે બીજા પૂર્વમાં કર્મપ્રકૃતિ પ્રાભૃતના બંધ વિધાનમાં સ્થિતિ બંધાધિકારમાં ચાર અનુયોગ દ્વારો છે – સ્થિતિબંધ સ્થાન, અબાધાકંડક, ઉત્કૃષ્ટ નિષેક, અલ્પબહુત્વ. - x - x - અબાધાકાળ આ રીતે જાણવો - જેની જેટલી કોડાકોડી સાગરોપમ કરતાં ઓછો કાળ છે, તેવા આયુષ્ સિવાય જઘન્ય અંતર્મુહૂર્ત્તનો અબાધાકાળ, ઉત્કૃષ્ટ અબાધાકાળ પૂર્વકોટીનો ત્રીજો ભાગ સમજવો. એ રીતે અબાધાકાળ સ્વયં વિચારવો.

પાંચ નિદ્રાનું સૂત્ર - જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન $^{3}/_{7}$ સાગરોપમ છે. ભાવાર્થ આ છે – ચાર જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ, સંજ્વલન લોભ, પાંચ અંતરાય કર્મની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત છે. સકષાયીને સાતા વેદનીયની

સ્થિતિ બાર મુહૂર્ત્તની અને અકષાયીને બે સમયની છે. પહેલાં સમયે બંધ, બીજે સમયે ઉદય, ત્રીજે સમયે કર્મનો નાશ થાય. યશોકીર્તિ અને ઉચ્ચગોત્રની આઠ મુહૂર્ત્ત, પુરુષવેદ આઠ વર્ષ ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું - x - x - પાંચ નિદ્રાની ઉત્કૃષ્ટ સ્થિતિ-૩૦ કોડાકોડી સાગરોપમ, ૭૦ કોડાકોડીથી ભાંગતા ૩/૭ સાગરોપમ થાય. તેમાં પલ્યોપમનો અસં૦ ન્યૂન કરતાં ઉક્ત જઘન્ય સ્થિતિ આવે.

સાતા વેદનીયની ઈર્યાપથિક બંધ આશ્રયી જઘન્ય ઉત્કૃષ્ટ રહિત સ્થિતિ બે સમય છે ઈત્યાદિ સૂત્રાર્થવત્ છે.

સમ્યક્ત્વ વેદનીયની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાધિક ૬૬-સાગરોપમ ઉદયને આશ્રીને જાણવી પણ બંધને આશ્રીને ન જાણવી. કેમકે સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયનો બંધ હોતો નથી. પણ મિથ્યાત્વ પુદ્ગલો જીવે સમ્યક્ત્વ યોગ્ય ત્રણ પ્રકારના કરાય છે. જેમકે – સર્વ વિશુદ્ધ, અર્દ્ધ વિશુદ્ધ, અશુદ્ધ. તેમાં જે સર્વવિશુદ્ધ પુદ્ગલો છે, તે 'સમ્યક્ત્વ વેદનીય' કહેવાય. જે અર્દ્ધ વિશુદ્ધ પુદ્ગલો છે તે 'સમ્યક્ત્વમિથ્યાત્વ વેદનીય' અને અવિશુદ્ધ પુદ્ગલો છે, તે મિથ્યાત્વ વેદનીય છે. માટે તે બેને બંધનો સંભવ નથી. પણ જ્યારે તે સમ્યક્ત્વ, મિશ્ર પુદ્ગલોની સ્વરૂપથી સ્થિતિનો વિચાર કરતાં ત્યારે તેની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ જાણવી. - x - x -

અનંતાનુબંધી ચતુષ્ક, અપ્રત્યાખ્યાન ચતુષ્ક, પ્રત્યાખ્યાન આવરક ચતુષ્કરૂપ બાર કષાયમાં પ્રત્યેકની જઘન્યસ્થિતિ પલ્યો૦ અસં૦ ભાગ ન્યૂન ૪/૭ સાગરોપમ છે, કેમકે ઉત્કૃષ્ટ સ્થિતિ ૪૦ કોડાકોડી સાગરોપમ છે. સંજ્વલન કષાયની જઘન્યસ્થિતિ બે માસ આદિ પ્રમાણ છે, તે ક્ષપકને પોતાના બંધના છેલ્લા સમયે જાણવી. સ્ત્રીવેદની જઘન્ય સ્થિતિ - દશ કોડાકોડી સાગરોપમે ૧/૭ આવે તો પંદર કોડાકોડી સાગરોપમ સ્થિતિએ દોઢ સપ્તમાંશ આવે.

હાસ્ય ષટ્કની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવી. તે આ રીતે – હાસ્ય અને રતિની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન ૧/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૦ કોડાકોડી સાગરોપમ ૧૦૦૦ વર્ષ અબાધાકાળ, અબાધાકાળ ન્યૂન નિષેક કાળ જાણવો. ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું - x - x -

તિર્યંચાયુષ્, મનુષ્યાયુષ્ની પૂર્વકોટીના ત્રીજા ભાગ વડે અધિક ત્રણ પલ્યોપમ સ્થિતિ કહી છે. તે આયુષ્નો બંધ કરનારા પૂર્વકોટી વર્ષાયુવાળા મનુષ્ય અને તિર્યંચની અપેક્ષાએ જાણવી. કેમકે બીજે એટલી સ્થિતિ અને પૂર્વ કોટીના ત્રીજા ભાગની અબાધા પ્રાપ્ત થતી નથી. તિર્યંચગતિ નામની જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન ૨/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ જાણવી. મનુષ્ય ગતિ નામકર્મની જઘન્ય પલ્યો૦ અસં૦ ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમની જાણવી. નરકગતિની ૨/૭ સાગરોપમ સહસ્ર છે. અર્થાત્ સાગરોપમના ૨/૭ ને હજાર વડે ગુણવા. કેમકે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે. તેનો સૌથી જઘન્યબંધ અસંજ્ઞી



પંચેન્દ્રિયને હોય છે. કેમકે અસંજ્ઞી પંચે૦નો જઘન્ય કર્મબંધ, એકે૦ના જઘન્ય કર્મબંધથી ૧૦૦૦ ગણો છે. તેને વૈક્રિય શરીરના પ્રસંગે વિચારાશે. દેવગતિનામકર્મનો જઘન્ય બંધ ૧/૭ સાગરોપમને હજાર વડે ગુણવાથી આવે, કેમકે તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ કોડાકોડી સાગરોપમ છે. પૂર્વોક્ત કરણ વડે એક સાગરોપમનો સાતમો ભાગ આવે. એને બંધ જઘન્યથી અસંજ્ઞી પંચે૦ને હોય માટે ૧૦૦૦ ગણો છે. દેવગતિનામ સૂત્રમાં ઉત્કૃષ્ટ બંધ પુરુષવેદ માફક જાણવો. - x -

બેઈન્દ્રિયજાતિનામ કર્મમાં જઘન્ય પલ્યોપમના અસંખ્યાત ભાગ ન્યૂન ૯/૩૫ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે, કેમકે સૂક્ષ્મ અને વિકલત્રિકની સ્થિતિ ૧૮ કોડાકોડી સાગરોપમ છે - એવું શાસ્ત્રવચન છે. તેમાં ૧૮ કોડાકોડીને મિથ્યાત્વની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિથી ભાગ આપવો. તેથી ૯/૩૫ થશે. તેને પલ્યો૦ અસં૦ વડે ન્યૂન કરતાં સૂત્રોક્ત પરિમાણ આવશે. એમ તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય જાતિના સૂત્રો વિચારવા.

વૈક્રિય શરીરનામમાં જઘન્ય પલ્યો૦ના અસં૦ ભાગ ન્યૂન ૨/૭ સાગરોપમ સ્થિતિ છે. વૈક્રિય શરીરનામની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમને પૂર્વોક્ત કરણથી શોધતા ૨/૭ આવશે. પણ વૈક્રિય ષટ્ક એકે૦ અને વિકલે૦ ન બાંધે. અસંજ્ઞી પંચે૦ આદિ બાંધે છે. અસંજ્ઞી પંચે૦ જઘન્ય બંધ એકે૦ના બંધથી હજાર ગણો છે - x - તેથી જે ૨/૭ સાગરોપમ છે તેને પૂર્વોક્ત કરણરૂપ હજાર વડે ગુણવાથી સૂત્રોક્ત પરિણામ થાય છે તેથી ૨/૭ સાગરોપમ સહસ્ર કહ્યું.

આહારક શરીર નામની જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતઃ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. પણ જઘન્યથી ઉત્કૃષ્ટ સંખ્યાતગણું સમજવું. બીજા આહારકચતુષ્કની જઘન્ય સ્થિતિ પણ અંતર્મુહૂર્ત્ત માને છે, તેનો પાઠ પણ આપે છે, તેથી સત્ય શું ? તે કેવલી જાણે.

પાંચ શરીરના જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિમાનની જેમ, તે જ ક્રમથી પાંચ શરીર બંધન, પાંચ શરીરસંઘાત પણ કહેવા, તે વાત સૂત્રકારે પણ કહી છે. વજ્રઋષભનારાચ સંઘયણની સ્થિતિ રતિમોહનીયવત્ અર્થાત્ જઘન્યથી પલ્યોપમના અસંખ્યાત ભાગ ન્યૂન ૧/૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૦ કોડાકોડી સાગરોપમ છે. ઋષભનારાચ સૂત્રમાં પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન ૬/૩૫ સાગરોપમ છે. કેમકે ઋષભનારાચની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૨ કોડાકોડી સાગરોપમ છે. તેને મિથ્યાત્વની ૭૦ કોડાકોડી સ્થિતિ વડે ભાંગવા. તે ૬/૩૫ આવશે. એ રીતે નારાચ સંઘયણની જઘન્ય સ્થિતિ વિચારતા પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન ૭/૩૫ સાગરોપમ થશે. કેમકે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૪-સાગરોપમ છે. અર્ધનારાચની ૮/૩૫ સાગરોપમ જઘન્ય સ્થિતિ છે. કેમકે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૬ સાગરોપમ કોડાકોડી છે. કીલિકાની જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ન્યૂન ૯/૩૫ સાગરોપમ છે કેમકે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮ કોડાકોડી સાગરોપમ છે. સેવાર્ત્ત સુગમ છે. સંઘયણ માફક છ સંસ્થાનની સ્થિતિ

પણ કહેવી. અન્યત્ર પણ કહ્યું છે. પહેલાં સંઘયણ અને સંસ્થાનની દશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. પછી-પછીના સંઘયણ અને સંસ્થાનમાં બબ્બે સાગરોપમની વૃદ્ધિ કરવી.

હારિદ્રવર્ણનામમાં જઘન્યથી પલયોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન $^5/_{૨૮}$ સાગરોપમ સ્થિતિ જાણવી. કેમકે હારિદ્રવર્ણ નામની સાડાબાર કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. અન્યત્ર પણ કહ્યું છે – શુક્લ વર્ણ, સુગંધ, મધુર રસની ૧૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. સુભગ નામ, ઉષ્ણ સ્પર્શ, અમ્લરસ, હારિદ્ર વર્ણની સ્થિતિમાં અઢી સાગરોપમની વૃદ્ધિ કરવી. તેને ૭૦ કોડાકોડી સાગરોપમ મિથ્યાત્વ સ્થિતિ વડે ભાગવા. - x - ૧૨.૫ ભાંગ્યા ૭૦ કરતાં $^5/_{૨૮}$ થશે. તેને પલ્યો૰ના અસં૰ ભાગે ન્યૂન કરતાં સૂત્રોક્ત પરિણામ આવે છે. આ જ પદ્ધતિ વડે લોહિતવર્ણ નામની જઘન્ય સ્થિતિ પલ્યો૰ના અસં૰ ન્યૂન $^6/_{૨૮}$ સાગરોપમ થશે, ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૫ કોડાકોડી સાગરોપમ છે. નીલવર્ણ નામની જઘન્ય સ્થિતિ પલ્યો૰ના અસં૰ ન્યૂન $^7/_{૨૮}$ સાગરોપમ થાય. કેમકે ઉત્કૃષ્ટ સ્થિતિ સાડા સતર સાગરોપમ છે. કાળા વર્ણની જઘન્ય સ્થિતિ પલ્યો૰નો અસં૰ ન્યૂન $^2/_7$ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૦-કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે.

સુરભિગંધ નામની શુક્લવર્ણવત્ છે. કેમકે શુક્લ વર્ણ, સુરભિગંધ, મધુર રસની દશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ કહી છે.

દુરભિગંધની સેવાર્ત્ત સંહનનવત્ સમજવી.

મધુરાદિ રસોની સ્થિતિ વર્ણો મુજબ અનુક્રમે કહેવી. તે આ રીતે – મધુર રસની જઘન્ય સ્થિતિ પલ્યો૰નો અસં૰ ન્યૂન $^1/_7$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૦-કોડાકોડી સાગરોપમ જાણવી. ૧૦૦૦ વર્ષ અબાધાકાળ હોય છે. અબાધારહિત કર્મ સ્થિતિ કર્મદલિક નિષેક છે. અમ્લરસની જઘન્ય સ્થિતિ પલ્યો૰નો અસં૰ ભાગ ન્યૂન $^5/_{૨૮}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ સાડા બાર કોડાકોડી સાગરોપમ છે. કષાયરસની જઘન્ય સ્થિતિ પલ્યો૰નો અસં૰ ન્યૂન $^6/_{૨૮}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૫-કોડાકોડી સાગરોપમ, કટુક રસની જઘન્ય સ્થિતિ પલ્યોનો અસં૰ ન્યૂન $^7/_{૨૮}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ સાડા સતર કોડાકોડી સાગરોપમ, તિક્ત રસની જઘન્ય પલ્યો૰નો અસં૰ ભાગ ન્યૂન $^2/_7$ સાગરોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે. બધે અબાધાકાળ કહેવો.

સ્પર્શ બે ભેદે – પ્રશસ્ત અને અપ્રશસ્ત. તેમાં મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ રૂપ પ્રશસ્ત અને કર્કશ, ગુરુ, રૂક્ષ, શીતરૂપ અપ્રશસ્ત સ્પર્શો છે. પ્રશસ્ત સ્પર્શોની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન $^1/_7$ સાગરોપમ, ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ છે. અબાધાકાળ ૧૦૦૦ વર્ષ. અપ્રશસ્ત સ્પર્શની જઘન્ય સ્થિતિ પલ્યો૰નો અસં૰ ન્યૂન $^2/_7$ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ છે. અબાધાકાળ ૨૦૦૦ વર્ષનો છે - x - x -

નરકાનુપૂર્વી નામની જઘન્ય સ્થિતિ સહસ્રગણાં $^2/_7$ સાગરોપમ છે. તે નરકગતિ



માફક વિચારવી, મનુષ્યાનુપૂર્વી નામમાં પલ્યો૰નો અસં૰ ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમ છે. કેમકે ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૫-કોડાકોડી સાગરોપમ છે. અન્યત્ર પણ કહેલ છે કે - x - મનુષ્યદ્વિક અને સાતાવેદનીયની ૧૫-કોડાકોડી સાગરોપમ સ્થિતિ જાણવી. દેવાનુપૂર્વી નામકર્મની પણ સ્થિતિ જઘન્ય પલ્યો૰ના અસં૰ ભાગ ન્યૂન સહસ્રગણાં $^1/_7$ સાગરોપમ જાણવી. કેમકે ઉત્કૃષ્ટ સ્થિતિ દશ કોડાકોડી સાગરોપમ છે. અન્યત્ર પણ કહ્યું છે કે – પુરુષવેદ, હાસ્ય - x - દેવદ્વિકની સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ છે. - x - દેવાનુપૂર્વીનો જઘન્ય બંધ અસંજ્ઞી પંચે૰ને હોય.

સૂક્ષ્મનામકર્મમાં જઘન્ય પલ્યો૰ના અસં૰ ન્યૂન $^9/_{૩૫}$ સાગરોપમ સ્થિતિ બેઈન્દ્રિય જાતિનામ માફક જાણવી. કેમકે સૂક્ષ્મ નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮-કોડાકોડી સાગરોપમ છે. એમ અપર્યાપ્ત અને સાધારણ નામ કર્મને જાણવું. બાદર, પર્યાપ્ત અને પ્રત્યેક નામની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાત ભાગ ન્યૂન $^2/_7$ સાગરોપમ છે, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ છે. સૂત્રકારશ્રી કહે છે – બાદર નામની સ્થિતિ અપ્રશસ્તવિહાયોગતિ માફક જાણવી. એમ પર્યાપ્ત નામ સંબંધે પણ જાણવું.

સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય પાંચકર્મની જઘન્ય સ્થિતિ પલ્યો૰નો અસં૰ ન્યૂન $^1/_7$ સાગરોપમ છે. યશોકીર્તિનામની જઘન્ય આઠ મુહૂર્ત છે, છ એ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ કોડાકોડી સાગરોપમ છે. કેમકે સ્થિરાદિષટક અને દેવદ્વિકની દશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે, તેમ શાસ્ત્ર વચન છે. અસ્થિરાદિ છની જઘન્યસ્થિતિ પલ્યો૰નો અસં૰ ન્યૂન $^2/_7$ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦-કોડાકોડી સાગરોપમની છે એમ નિર્માણનામમાં પણ કહેવું.

તીર્થંકરનામકર્મની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતઃકોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. [પ્રશ્ન] જો તીર્થંકરની જઘન્યથી અંતઃ કોડાકોડી સાગરોપમ હોય તો તેટલી સ્થિતિ તિર્યંચોના ભવ સિવાય પૂર્ણ કરવી અશક્ય છે. માટે કેટલાંક કાળ સુધી તીર્થંકર નામકર્મની સત્તાવાળો પણ તિર્યંચ હોય, આગમમાં તો તિર્યંચમાં તીર્થંકર નામની સત્તાનો નિષેધ કર્યો છે. તો આ કઈ રીતે બને ? જે અહીં નિકાચિત તીર્થંકર નામકર્મ છે, તેની સત્તાનો તિર્યંચ ભવમાં નિષેધ કર્યો છે, પણ ઉદ્વર્તના અને અપવર્તના યોગ્ય તીર્થંકર નામકર્મનો વિરોધ નથી.

પાંચે અંતરાય સંબંધે પૃચ્છા - ઉત્તર પણ પાંચેનો છે. એ રીતે સામાન્યથી સર્વ પ્રકૃતિનું જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ પરિમાણ કહ્યું. હવે એકેન્દ્રિયોને આશ્રીને સ્થિતિ કહે છે –

**● સૂત્ર-૫૪૨ :-**

***ભગવન્ ! એકેન્દ્રિયો જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? ગૌતમ ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાત ભાગ ન્યૂન $^3/_7$ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ $^3/_7$ સાગરોપમ બાંધે. એ પ્રમાણે નિદ્રા પંચક અને દર્શન ચતુષ્કની પણ સ્થિતિ જાણવી.***

***ભગવન્ ! એકેન્દ્રિયો સાતા વેદનીયની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમ, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ દોઢ સપ્તમાંશ સાગરોપમ બાંધે. અસાતા વેદનીયની જ્ઞાનાવરણીય માફક જાણવી. એકેન્દ્રિયો સમ્યકત્વ વેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? કંઈપણ ન બાંધે. એકેન્દ્રિયો મિથ્યાત્વ વેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન એક સાગરોપમ, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક સાગરોપમ બાંધે. એકે૦ મિશ્ર વેદનીયની કેટલી સ્થિતિ બાંધે ? કંઈ પણ ન બાંધે.***

***એકે૦ બાર કષાયની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન $^{૪}/_{૭}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ $^{૪}/_{૭}$ સાગરોપમ બાંધે એ પ્રમાણે સંજ્વલન ક્રોધ યાવત્ લોભની જાણવી. સ્ત્રીવેદની સાતા વેદનીયવત્ જાણવી. એકેન્દ્રિયો પુરુષવેદ કર્મની સ્થિતિ પલ્યો૦નો અસં૦ ન્યૂન $^{૧}/_{૭}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તે જ સ્થિતિ બાંધે. નપુંસકવેદની જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન $^{૨}/_{૭}$ સાગરોપમ અને ઉત્કૃષ્ટ તેટલી જ પૂર્ણ બાંધે. હાસ્ય અને રતિની પુરુષવેદ જેટલી બાંધે. અરતિ, ભય, શોક, જુગુપ્સાની સ્થિતિ નપુંસક વેદ જેટલી બાંધે. નૈરયિકાયુ, દેવાયુ, નરક-દેવગતિનામ, વૈક્રિય - આહારક શરીરનામ, નરક-દેવાનુપૂર્વી, તીર્થંકર નામ એ નવ પ્રકૃતિ ન બાંધે.***

***તિર્યંચાયુની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૭૦૦૦ અને ૧૦૦૦ના ત્રીજા ભાગ વડે અધિક પૂર્વ કોટી વર્ષની બાંધે. એમ મનુષ્યાયુની સ્થિતિ જાણવી. તિર્યંચગતિ નામની સ્થિતિ નપુંસકવેદ જેટલી, મનુષ્યગતિ નામની સ્થિતિ સાતા વેદનીય જેટલી સમજવી. એકે૦ અને પંચે૦ નામની નપુંસક વેદની સ્થિતિ પ્રમાણે જાણવી. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય નામની જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન $^{૯}/_{૩૫}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ સંપૂર્ણ તેટલી જ સ્થિતિ બાંધે. ચઉરિન્દ્રિય નામની પણ જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન $^{૯}/_{૩૫}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ સંપૂર્ણ તેટલી જ બાંધે.***

***એ પ્રમાણે જ્યાં સાગરોપમના $^{૨}/_{૭}$ કે $^{૩}/_{૭}$ કે $^{૪}/_{૭}$ કે ૨૮ ભાગની સ્થિતિ હોય ત્યાં તેટલા ભાગ જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન કહેવી. જ્યાં જઘન્ય એક કે દોઢ સપ્તમાંશ સ્થિતિ હોય ત્યાં તે જ ભાગ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ ન્યૂન કહેવો. ઉત્કૃષ્ટ તે જ ભાગ પરિપૂર્ણ બાંધે એમ જાણવું. અંતરાયની સ્થિતિ જ્ઞાનાવરણીયની સ્થિતિવત્ કહેવી. ઉત્કૃષ્ટ તે જ પૂર્ણ કહેવી.***

- **વિવેચન-૫૪૨ :-**

એકેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? ઈત્યાદિ. અહીં નિયમ એવો છે કે જે કર્મની જે - જે ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વે કહી છે, તે તે સ્થિતિ મિથ્યાત્વની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ વડે ભાંગતા જે આવે તે પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન જઘન્ય સ્થિતિ જાણવી. તે જ પલ્યો૦ના અસં૦ ભાગ સહિત



પરિપૂર્ણ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. એ રીતે બધાં સૂત્રો વિચારવા.

શિષ્યના ઉપકારને માટે સ્થિતિનું પરિમાણ બતાવે છે. પાંચે જ્ઞાનાવરણ, નવે દર્શનાવરણ, પાંચે અંતરાય કર્મની એકેન્દ્રિયોને જઘન્ય સ્થિતિ પલ્યો૦નો અસં૦ ન્યૂન $^{૩}/_{૭}$ સાગરોપમ હોય, ઉત્કૃષ્ટ તે જ $^{૩}/_{૭}$ સાગરોપમ પરિપૂર્ણ જાણવા.

સાતાવેદનીય, સ્ત્રીવેદ, મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વીનો જઘન્ય સ્થિતિબંધ પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન ૧.$^{૫}/_{૭}$ સાગરોપમ ઉત્કૃષ્ટ સંપૂર્ણ ૧.$^{૫}/_{૭}$ સાગરોપમ છે. મિથ્યાત્વનો જઘન્ય સ્થિતિ બંધ પલ્યો૦નો અસં૦ ન્યૂન $^{૧}/_{૭}$ સાગરોપમ ઉત્કૃષ્ટ પૂર્ણ $^{૧}/_{૭}$ સાગરોપમ છે. એકે૦ને સમ્યકત્વ મોહનીય, મિશ્રમોહનીયનો ઉદય અસંભવ છે માટે તેનો બંધ પણ કરતો નથી. ૧૬ કષાયોનો જઘન્ય બંધ પલ્યો૦નો અસં૦ ન્યૂન $^{૪}/_{૭}$ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પૂર્ણ $^{૪}/_{૭}$ સાગરોપમ જાણવો. પુરુષવેદ, હાસ્ય, રતિ, પ્રશસ્ત વિહાયોગતિ, સ્થિરાદિષટ્ક, પહેલું સંસ્થાન, પહેલું સંઘયણ, શુક્લવર્ણ, સુરભિ ગંધ, મધુર રસ અને ઉચ્ચ ગોત્રનો જઘન્ય બંધ પલ્યો૦નો અસં૦ ન્યૂન $^{૧}/_{૭}$ સાગરોપમ, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ સાગરોપમ જાણવો.

ન્યગ્રોધ પરિમંડલ, ઋષભનારાચનો જઘન્ય સ્થિતિ બંધ પલ્યો૦ અસં૦ ન્યૂન $^{૬}/_{૩૫}$ સાગરોપમ સાદિ સંસ્થાન અને નારાચ સંઘયણમાં $^{૭}/_{૩૫}$ સાગરોપમ. રક્તવર્ણ અને કષાય, તૂરા રસનો $^{૬}/_{૨૮}$ સાગરોપમ. પીતવર્ણ અને અમ્લરસનો $^{૫}/_{૨૮}$ સાગરોપમ. નીલવર્ણ અને કટુરસનો $^{૭}/_{૨૮}$ સાગરોપમ. નપુંસક વેદ, ભય, જુગુપ્સા, શોક, અરતિ, તિર્યંચદ્વિક, ઔદારિક દ્વિક, હુંડક સંસ્થાન, છેલ્લું સંઘયણ, કૃષ્ણવર્ણ, તિક્તરસ, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉપઘાત, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુ:સ્વર, અનાદેય, અયશોકીર્તિ, સ્થાવર, આતપ, ઉદ્યોત, અશુભ વિહાયોગતિ, નિર્માણ, એકે૦ જાતિ, પંચે૦ જાતિ, તૈજસ અને કાર્મણનો જઘન્ય સ્થિતિ બંધ $^{૨}/_{૭}$ સાગરોપમ છે. અહીં ન્યગ્રોધ પરિમંડલથી કાર્મણ સુધી બધે ''પલ્યો૦નો અસં૦ ન્યૂન'' વાક્ય જઘન્યમાં ઉમેરવું અને બધે ઉત્કૃષ્ટ બંધ તે-તે પૂર્ણ સાગરોપમ છે.

નરકદ્વિક, દેવદ્વિક, વૈક્રિય ચતુષ્ક, આહાર ચતુષ્ક અને તીર્થંકર નામનો એકેન્દ્રિયોને બંધ હોતો નથી. આયુકર્મ વિચારતા એકેન્દ્રિયો તથાભવ સ્વભાવથી દેવાયુ કે નરકાયુ બાંધતા નથી. પણ તિર્યંચાયુ કે મનુષ્યાયુ બાંધે છે. તે જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સાધિક પૂર્વકોટી વર્ષ બાંધે. ઉત્કૃષ્ટાયુ બંધથી વિચારતા ૨૨,૦૦ વર્ષાયુ એકેનદ્રિયો પોતાના આયુનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવાયુનો બંધ કરતો હોય તે લેવા. તેથી ત્રિભાગ ૧૦૦૦ વર્ષ સહિત ૭૦૦૦ અધિક જાણવા. એ રીતે એકેન્દ્રિયોને આશ્રીને બંધ સ્થિતિ કહી. હવે બેઈન્દ્રિયોને આશ્રીને કહે છે—

- **સૂત્ર-૫૪૩ :-**

***ભગવન્ ! બેઈન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મનો કેટલો બંધ કરે છે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન સાગરોપમના પચીશ***

$^{3}/_{7}$ ભાગ અને ઉત્કૃષ્ટથી તેટલો જ પૂર્ણ બંધ કરે. એમ નિદ્રાપંચકનો બંધ પણ જાણવો. એમ એકેન્દ્રિયો વત્ બેઈન્દ્રિયો પણ કહેવા. પરંતુ પલ્યોપમના અસં૦ ન્યૂન પચીશ ગણા સાગરોપમનો બંધ કહેવો. બાકી બધું તેમજ પૂર્ણ બંધ કરે છે. જેને એકેન્દ્રિય નથી બાંધતા તેને બેઈન્દ્રિયો પણ નથી બાંધતા.

બેઈન્દ્રિયો મિથ્યાત્વ વેદનીયની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન પચીશ સાગરોપમ, ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેટલો જ બંધ કરે. તિર્યંચાયુને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ચાર વર્ષ અધિક પૂર્વકોટી વર્ષનો બંધ કરે, એમ મનુષ્યાયુનો પણ બંધ જાણવો. બાકી બધું એકેન્દ્રિયો માફક યાવત્ અંતરાય કહેવું.

તેઈન્દ્રિય જીવો જ્ઞાનાવરણ કર્મની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન પચાસગણાં $^{3}/_{7}$ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ તેટલી જ બાંધે. એકેન્દ્રિયોને સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી તેથી તેઈન્દ્રિયોને ૫૦ ગણા સાગરોપમ સહિત કહેવી. તેઈન્દ્રિય જીવો મિથ્યાત્વ વેદનીયની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય પલ્યો૦ અસં૦ ન્યૂન ૫૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ પૂર્ણ ૫૦-સાગરોપમ. તિર્યંચાયુની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દિવસના ત્રીજા ભાગ સહિત ૧૬ દિન અધિક પૂર્વ કોટી વર્ષ બાંધે. એ પ્રમાણે મનુષ્યાયુની પણ જાણવી. બાકી બધું બેઈન્દ્રિયોવત્ અંતરાયકર્મ સુધી કહેવું.

ભગવન્ ! ચઉરિન્દ્રિયો જ્ઞાનાવરણની કેટલી સ્થિતિ બાંધે ? ગૌતમ ! જઘન્યથી પલ્યો૦ અસં૦ ભાગ ન્યૂન સો સાગરોપમના $^{3}/_{7}$ અને ઉત્કૃષ્ટ તેટલી જ પરિપૂર્ણ સ્થિતિ બાંધે. એ પ્રમાણે જે પ્રકૃતિની એકે૦ને સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી છે, તે પ્રકૃતિની ૧૦૦ ગણાં સાગરોપમ સહિત સ્થિતિ કહેવી. તિર્યંચાયુની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ બે માસ અધિક પૂર્વકોટી વર્ષની બાંધે. એમ મનુષ્યાયુ સ્થિતિ જાણવી. બાકી બધું બેઈન્દ્રિયવત્ કહેવું. પરંતુ મિથ્યાત્વ વેદનીયની જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન ૧૦૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ તેટલી જ પરિપૂર્ણ બાંધે. બાકી બધું બેઈન્દ્રિયવત્ અંતરાય કર્મ સુધી કહેવું.

ભગવન્ ! અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીયની કેટલી સ્થિતિ બાંધે ? ગૌતમ ! જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન હજાર સાગરોપમના $^{3}/_{7}$ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેટલી જ સ્થિતિ બાંધે. એમ બેઈન્દ્રિયના પાઠ મુજબ અસંજ્ઞી પંચે૦ કહેવા. પરંતુ જે પ્રકૃતિની સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી. તેને હજારગણાં સાગરોપમ સહિત કહેવી. મિથ્યાત્વ વેદનીય કર્મની સ્થિતિ જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન હજાર સાગરોપમ, ઉત્કૃષ્ટ તેટલાં જ પૂર્ણ સાગરોપમ.

નૈરયિકાયુની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તાધિક ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વકોટીનો ત્રીજો ભાગ અધિક પલ્યો૦ અસં૦ ભાગ બાંધે. એમ જ તિર્યંચાયુની



સ્થિતિ જાણવી. પણ તેની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત બાંધે. એમ જ મનુષ્યાયુની સ્થિતિ પણ જાણવી. દેવાયુની સ્થિતિ નારકાયુષ્ માફક જાણવી. અસંજ્ઞી પંચે૦ જીવો નરકગતિ નામ કર્મની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય પલ્યો૦ અસં૦ ન્યૂન હજાર સાગરોપમના $^{2}/_{7}$ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તે જ સ્થિતિ બાંધે. એમ તિર્યંચગતિ નામની જાણવી. મનુષ્યગતિનામમાં એમ જ સમજવું. પણ જઘન્ય પલ્યો૦નો અસં૦ ભાગ ન્યૂન હજાર સાગરોપમના દોઢ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પૂરી સ્થિતિ બાંધે. એમ દેવગતિમાં જાણવું. પરંતુ પલ્યોનો અસં૦ ન્યૂન હજાર સાગરોપમના $^{1}/_{7}$ અને ઉત્કૃષ્ટ પૂરી તે જ સ્થિતિ બાંધે વૈક્રિય શરીર નામ કર્મ, જઘન્ય પલ્યો૦નો અસં૦ ન્યૂન હજાર સાગરોપમના $^{2}/_{7}$ અને ઉત્કૃષ્ટ તે જ પરિપૂર્ણ બાંધે. સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય, આહારક શરીર નામ અને તિર્થંકરનામ કર્મનો કોઈપણ બંધ કરતાં નથી. બાકી બધું બેઈન્દ્રિયોવત્ જાણવું. પરંતુ જે પ્રકૃતિની સાગરોપમનો જેટલો ભાગ સ્થિતિ કહી છે, તે પ્રકૃતિની હજાર ગુણા સાગરોપમ સહિત કહેવી. એમ સર્વે પ્રકૃતિઓની અનુક્રમે સ્થિતિ અંતરાય સુધી જાણવી.

ભગવન્ ! સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ બાંધે. ૩૦૦૦ વર્ષ અબાધાકાળ. નિદ્રાપંચકની કેટલી સ્થિતિ બાંધે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ. દર્શનાવરણ ચતુષ્કની જ્ઞાનાવરણીય માફક અને સાતા વેદનીયની સામાન્ય વેદનીય કર્મ મુજબ ઈર્યાપથિક અને સાંપરાયિક બંધની અપેક્ષાએ કહેવી. અસાતાવેદનીય કર્મની સ્થિતિ નિદ્રાપંચકવત્, સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયની ઔધિકવત્ કહેવી. મિથ્યાત્વ મોહનીયની જઘન્ય અંતઃકોટાકોટી, ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ તથા ૭૦૦૦ વર્ષ અબાધાકાળ છે.

બાર કષાયની સ્થિતિ જઘન્ય અંતઃ કોડાકોડી અને ઉત્કૃષ્ટ ૪૦-કોડાકોડી સાગરોપમ, ૪૦૦૦ વર્ષ અબાધાકાળ છે. સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભનો બે માસ, માસ, અર્ધમાસ, અંતર્મુહૂર્ત્ત એમ જઘન્ય સ્થિતિ બંધ છે, ઉત્કૃષ્ટ બાર કષાય માફક છે. ચાર આયુની, ઔધિક સ્થિતિ પ્રમાણે બાંધે. આહારક શરીર અને તીર્થંકરનામની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. પુરુષવેદની જઘન્ય આઠ વર્ષ ઉત્કૃષ્ટ દશ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. યશોકીર્તિનામ અને ઉચ્ચ ગોત્રની એ પ્રમાણે જાણવી. પરંતુ જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત્ત સમજવી. અંતરાયની સ્થિતિ જ્ઞાનાવરણીયવત્ જાણવી. બાકી સર્વે સ્થાનોમાં સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધની જઘન્ય અંતઃકોડાકોડી સાગરોપમ અને ઉત્કૃષ્ટ જે પ્રકૃતિની જે સામાન્ય સ્થિતિ કહી તે બાંધે છે. પણ વિશેષ એ કે – અબાધા અને નિષેક કહેવો નહીં. એમ સર્વે કર્મપ્રકૃતિઓની સ્થિતિ અનુક્રમે અંતરાય

*સુધી કહેવી.*

● **વિવેચન-૫૪૩ :-**

બેઈન્દ્રિય જીવો૦ ઈત્યાદિ. અહીં આ પરિભાષા છે — જે જે કર્મપ્રકૃતિની જે-જે ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વે કહી, તેને-તેને મિથ્યાત્વની ૭૦ કોડાકોડી સ્થિતિ વડે ભાંગીને જે આવે તેને ૨૫-વડે ગુણતા જેટલા થાય તેટલા, પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ન્યૂન કરતાં સ્થિતિબંધ કરનારા બેઈન્દ્રિયોનું જઘન્ય સ્થિતિ પરિમાણ આવે છે અને પરિપૂર્ણ તેટલું જ ઉત્કૃષ્ટ સ્થિતિ પરિણામ છે. જેમકે જ્ઞાનાવરણ, દર્શનાવરણ આદિમાં સાગરોપમના $^3/_૭$ને ૨૫-વડે ગુણવા એટલે કે ૨૫ સાગરોપમના $^3/_૭$ પલ્યોપમના અસં૦ ભાગે ન્યૂન જઘન્યસ્થિતિ પરિમાણ હોય, તેટલું જ પરિપૂર્ણ ઉત્કૃષ્ટ સ્થિતિક હોય.

તેઈન્દ્રિય સ્થિતિ બંધમાં ઉક્ત પદ્ધતિ, પણ પચાશે ગુણવા, ચઉરિન્દ્રિયના બંધમાં ૧૦૦ વડે ગુણવા, અસંજ્ઞી પંચેન્દ્રિયના બંધમાં ૧૦૦૦ વડે ગુણવા. એ બધું સુગમ છે માટે સ્વયં જાણવું. માત્ર ગણિત આ રીતે કરવું. બેઈન્દ્રિયને ૨૫ સાગરોપમ ભાંગ્યા સાત અને તેને ત્રણ ગણાં કરવા. એ રીતે બધે જ કરવું.

સંજ્ઞી પંચેન્દ્રિય બંધ સૂત્રમાં જ્ઞાનાવરણીયાદિનો જઘન્ય સ્થિતિ બંધ અંતર્મુહૂર્તાદિ કહ્યો, તે ક્ષપકને પોતાના સ્થિતિબંધના છેલ્લા સમયે જાણવો. નિદ્રાપંચક, અસાતાવેદનયી, મિથ્યાત્વ, બાર કષાયાદિનો ક્ષપણાની પૂર્વે બંધ થાય છે તેથી તેમને જઘન્યથી પણ અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધ હોય. ઉત્કૃષ્ટ અતિ સંક્લેશવાળા મિથ્યાદષ્ટિને હોય ઈત્યાદિ - x - x -

સંજ્ઞી પંચે૦ જ્ઞાનાવરણીયાદિ કર્મબંધ ક્યા જીવોને હોય ?

● **સૂત્ર-૫૪૪ :-**

***ભગવન્! જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય સ્થિતિબંધક કોણ છે? ગૌતમ! કોઈપણ ઉપશમક કે ક્ષપક સૂક્ષ્મસંપરાય છે, એ જ્ઞાનાવરણીય કર્મનો જઘન્ય સ્થિતિ બંધક છે. તે સિવાય બીજો અજઘન્ય સ્થિતિબંધક છે. એ રીતે મોહનીય અને આયુ સિવાય બીજા બધાં કર્મ માટે કહેવું. મોહનીય કર્મનો જઘન્ય સ્થિતિબંધક કોણ છે? કોઈપણ ઉપશમક કે ક્ષપક બાદર સંપરાય હોય છે. તે જઘન્ય સ્થિતિ બંધક છે, બીજો અજઘન્યસ્થિતિ બંધક છે. આયુકર્મનો જઘન્ય સ્થિતિ બંધક કોણ છે? અસંક્ષેપ્યાદ્ધા પ્રવિષ્ટ, સર્વ નિરુદ્ધ આયુષ્, તે સૌથી મોટા આયુબંધના કાળના એક ભાગ રૂપ છે, તે આયુબંધના છેલ્લા કાળમાં વર્તતો પર્યાપ્ત-અપર્યાપ્ત એવી સૌથી જઘન્ય સ્થિતિ બાંધે છે. તે જઘન્યસ્થિતિ બંધક છે.***

● **વિવેચન-૫૪૪ :-**

જ્ઞાનાવરણીય કર્મનો જઘન્ય સ્થિતિબંધક કોણ ? ઈત્યાદિ સુગમ છે. પરંતુ અન્યતર ઉપશમક કે ક્ષયક સૂક્ષ્મ સંપરાયને બાંધે છે. તેની વ્યાખ્યા - જ્ઞાનાવરણનો બંધ ક્ષપક અને ઉપશમકને જઘન્યથી અંતર્મુહૂત્ત હોય છે. - x - બીજે ક્ષપકની અપેક્ષાએ ઉપશમકને બમણો બંધ કહ્યો છે - x - તેથી વેદનીય કર્મના સાંપરાયિક બંધના વિચારમાં જઘન્ય સ્થિતિ બંધ ક્ષપકને બાર મુહૂર્ત્ત અને ઉપશમકને ચોવીશ મુહૂર્ત્તનો હોય. નામગોત્રનો જઘન્ય બંધ ક્ષપકને આઠ મુહૂર્ત્ત, ઉપશમકને સોળ મુહૂર્ત્ત છે. પણ ઉપશમકને પણ બાકીના બંધની અપેક્ષાએ સૌથી જઘન્ય બંધ હોય છે. માટે તેના સૂત્રમાં કોઈપણ ઉપશમક કે ક્ષપક સૂક્ષ્મ સંપરાય જઘન્યબંધક છે, એમ કહ્યું. - x - ક્ષપક અને ઉપશમક સૂક્ષ્મ સંપરાય સિવાયના બીજા અજઘન્ય સ્થિતિબંધક છે.



આયુબંધક - જીવો બે ભેદે છે (૧) સોપક્રમાયુ, (૨) નિરુપક્રમાયુ. - x - x - તેમાં દેવો, નૈરયિકો, અસંખ્યાતા વર્ષાયુષ્ક તિર્યંચો અને મનુષ્યો પોતાનું છ માસનું આયુ બાકી હોય ત્યારે અવશ્ય પરભવાયુનો બંધ કરે છે. જે તિર્યંચ અને મનુષ્યો સંખ્યાતા વર્ષાયુવાળા છતાં નિરુપક્રમાયુષ્ક છે, તેઓ પોતાનું ત્રીજા ભાગનું આયુ બાકી હોય ત્યારે અવશ્ય પરભવાયુનો બંધ કરે છે. જેઓ સોપક્રમાયુષ્કવાળા છે, તેઓ કદાચ ત્રીજા ભાગનું આયુ બાકી છે એવા, અથવા ત્રીજાના ત્રીજા ભાગનું બાકી આયુવાળા, અથવા જેનો ન સંક્ષેપ કરી શકાય એટલો જ માત્ર આયુકાળ બાકી જેમને છે એવા પરભવનું આયુ બાંધે છે - x - x - x - આયુબંધનો કાળ આઠ આકર્ષ પ્રમાણ છે, તેનો એક આકર્ષપ્રમાણ સૌથી અલ્પાયુ બાકી છે, માટે તે સંક્ષેપ ન કરી શકાય તેવા કાળમાં પ્રવિષ્ટ થયેલો અને આયુષ્બંધના એક આકર્ષરૂપે છેલ્લા કાળમાં વર્તતો હોય છે.

અહીં ચરમકાળ સમયના ગ્રહણથી પરમ સૂક્ષ્મ સમયનું ગ્રહણ ન કરવું. પણ ઉપરોક્ત કાળનું ગ્રહણ કરવું, કેમકે તેથી ઓછા કાળમાં આયુના બંધનો અસંભવ છે. તેથી વ્યુત્ક્રાંતિ પદમાં પૂર્વે કહ્યું છે કે — જીવો સ્થિતિનામ સહિત આયુનો જઘન્ય એક આકર્ષ વડે અને ઉત્કૃષ્ટ આઠ આકર્ષ વડે બંધ કરે છે. એક આકર્ષ વડે સર્વ જઘન્યાયુ બાંધે છે. સર્વ જઘન્ય - સૌથી નાની સ્થિતિ. તે સ્થિતિ કેવા પ્રકારની છે ?

પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીર અને ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરવાને સમર્થ અને ઉચ્છ્‌વાસપર્યાપ્તિ પુરી કરવા અસમર્થ એવી સ્થિતિ બાંધે છે. તે - x - આ રીતે જાણી શકાય - સર્વે પ્રાણી પરભવનું આયુ બાંધીને મરણ પામે, તે સિવાય નહીં. પરભવના આયુનો બંધ ઔદારિક, વૈક્રિય, આહારક કાય યોગવર્તી પ્રાણીને હોય, પણ કાર્મણ કે ઔદારિક મિશ્રયોગમાં વર્તનારને નહીં. - x - વિશિષ્ટ ઔદારિકાદિ કાયયોગ શરીર અને ઈન્દ્રિય પર્યાપ્તિ વડે પર્યાપ્તાને હોય છે, પણ કેવળ શરીર પર્યાપ્તિથી પર્યાપ્તાને નથી હોતો. તેથી સિદ્ધ થાય છે કે શરીરપર્યાપ્તિ અને ઈન્દ્રિય પર્યાપ્તિ વડે પર્યાપ્તાનું જ મરણ થાય છે, બીજાનું થતું નથી. માટે શરીર અને ઈન્દ્રિયપર્યાપ્તિ પૂરી કરવાને સમર્થ એવી જઘન્ય સ્થિતિ બાંધે છે, પણ તેથી હીન સ્થિતિ ન બાંધે.

હવે ઉત્કૃષ્ટ સ્થિતિબંધક સંબંધે પૂછે છે —

● **સૂત્ર-૫૪૫ :-**

***ભગવન્ ! ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક જ્ઞાનાવરણીય કર્મ શું નૈરયિક બાંધે ?***

*તિર્યંચ બાંધે ? તિર્યંચ સ્ત્રી બાંધે ? મનુષ્ય બાંધે ? માનુષી બાંધે ? દેવ બાંધે ? કે દેવી બાંધે ? ગૌતમ ! તે બધા બાંધે.*

*કેવો નારક ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? સંજ્ઞી પંચેન્દ્રિય સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, સાકારોપયોગી, જાગતો, શ્રુતોપયુક્ત, મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણલેશ્યી, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી કે કંઈક મધ્યમ પરિણામી એવો નારક૦ આ કર્મ બાંધે.*

*કેવો તિર્યંચ ઉત્કૃષ્ટ કાળસ્થિતિક જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? કર્મભૂમજ કે કર્મભૂમગ પ્રતિભાગી સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, બાકીનું નૈરયિકવત્ કહેવું. એમ તિર્યંચ સ્ત્રી, મનુષ્ય, મનુષ્ય સ્ત્રીમાં પણ જાણવું. દેવ-દેવી નૈરયિકવત્ કહેવા. એ પ્રમાણે આયુ સિવાયની સાતે પ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધ કરે.*

*ઉત્કૃષ્ટ કાળસ્થિતિક આયુકર્મ નૈરયિક બાંધે કે યાવત્ દેવી બાંધે ? ગૌતમ ! નૈરયિક, તિર્યંચ સ્ત્રી, દેવ-દેવી ન બાંધે. તિર્યંચ, મનુષ્ય, મનુષ્ય સ્ત્રી બાંધે. કેવો તિર્યંચ ઉત્કૃષ્ટ સ્થિતિક આયુકર્મ બાંધે ? કર્મભૂમિજ, કર્મભૂમિજ જેવો, સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પર્યાપ્તિ વડે પર્યાપ્ત, સાકારોપયુક્ત, જાગતો, શ્રુતોપયોગી, મિથ્યાદૃષ્ટિ, પરમ કૃષ્ણલેશ્યી, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી તિર્યંચ બાંધે.*

*કેવો મનુષ્ય ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક આયુકર્મને બાંધે ? કર્મભૂમિજ, કર્મભૂમિજવત્ યાવત્ શ્રુતોપયુક્ત, સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણ કે શુક્લલેશ્યી, જ્ઞાની કે અજ્ઞાની, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી, અસંક્લિષ્ટ પરિણામી કે તેને યોગ્ય વિશુદ્ધ પરિણામી, એવો મનુષ્ય ઉત્કૃષ્ટ સ્થિતિક આયુ કર્મ બાંધે.*

*કેવી મનુષ્ય સ્ત્રી ઉત્કૃષ્ટ સ્થિતિક આયુકર્મ બાંધે ? કર્મભૂમિજા, કર્મભૂમિજાવત્, યાવત્ શ્રુતોપયોગી, સમ્યક્દૃષ્ટિ, શુક્લલેશ્યી, તેને યોગ્ય વિશુદ્ધ પરિણામવાળી એવી સ્ત્રી ઉત્કૃષ્ટ સ્થિતિક આયુ કર્મ બાંધે. અંતરાય કર્મ જ્ઞાનાવરણીયવત્ જાણવું.*

● વિવેચન-૫૪૫ :-

સૂત્ર સુગમ છે. નૈરયિક સૂત્રમાં सागार - સાકારોપયુક્ત, જાગૃત-જાગતો, કેમકે નારકોને પણ કંઈક નિદ્રાનો અનુભવ હોય છે. શ્રુતના ઉપયોગવાળો એટલે શબ્દગોચર જ્ઞાનના ઉપયોગવાળો. તિર્યંચ સૂત્રમાં કર્મભૂમજ-કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા, તેઓનો પ્રતિભાગ - સમાનપણું જેમને છે તેવા, જે કર્મભૂમિજા ગર્ભિણી તિર્યંચ સ્ત્રી, તેને કોઈક અપહરણ કરી અકર્મભૂમિમાં મૂકેલી હોય તેનાથી ઉત્પન્ન થયેલ કર્મભૂમક પ્રતિભાગી કહેવાય. બીજા કહે છે, કર્મભૂમિમાં જ ઉત્પન્ન થયેલને કોઈ અકર્મભૂમિમાં લઈ જાય ત્યારે કર્મભૂમગ પ્રતિભાગી કહેવાય છે.

ઉત્કૃષ્ટ સ્થિતિક આયુબંધ વિચારમાં નૈરયિક, તિર્યંચ સ્ત્રી, દેવી, દેવીનો



પ્રતિષેધ જાણવો. કેમકે તેમની ઉત્કૃષ્ટ સ્થિતિક નારકોમાં ઉત્પત્તિ થતી નથી. મનુષ્ય સૂત્રમાં સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ બાંધે તેમ કહ્યું. કેમકે અહીં બે ઉત્કૃષ્ટાયુ છે - સાતમી નરકનું અને અનુત્તર દેવનું કૃષ્ણલેશ્યી નારકાયુનો બંધ કરે શુક્લલેશ્યી અનુત્તર દેવાયુનો બંધ કરે. અહીં સમ્યગ્દૃષ્ટિ અપ્રમત્ત યતિ સમજવો. ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી નારકાયુનો બંધ કરે છે. યોગ્ય વિશુદ્ધ પરિણામી અનુત્તર દેવાયુનો બંધ કરે છે. માનુષી સાતમી નરક યોગ્ય આયુ ન બાંધે, પણ અનુત્તર દેવાયુ બાંધે છે, માટે તેના સૂત્રમાં બધું પ્રશસ્ત કહ્યું. અહીં અતિ વિશુદ્ધ આત્મા આયુનો બંધ કરતો જ નથી, માટે યોગ્ય વિશુદ્ધ પરિણામ કહ્યા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૨૩નો ટીકાનુસાર અનુવાદ પૂર્ણ**

## ❀ પદ-૨૪-કર્મપ્રકૃતિબંધ ❀

-- x -- x -- x -- x --

૦ પદ-૨૩ની વ્યાખ્યા કરી, હવે ચોવીશની આરંભે છે, તેનો આ સંબંધ છે - પદ-૨૩માં કર્મબંધાદિ રૂપ પરિણામો વિચાર્યા, તે જ હવે કહેવાનાર ચાર પદોમાં ક્યાંક વિચારે છે. તેમાં ૨૪મું પદ —

● **સૂત્ર-૫૪૬ :-**

*ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? ગૌતમ ! આઠ છે - જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. એમ વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? સાત, આઠ કે છ કર્મપ્રકૃતિ બાંધે. નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત કે આઠ બાંધે. એમ વૈમાનિક સુધી જાણવું. પણ મનુષ્યને જીવ પ્રમાણે જાણવો.*

*જીવો જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? બધાં જીવો સાત બાંધે અને આઠ બાંધે, અથવા સાત બાંધે, આઠ બાંધે અને એક છ બાંધે, અથવા સાત બાંધે, આઠ બાંધે અને છ બાંધે.*

*નૈરયિકો જ્ઞાનવરણીય કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? બધાં સાત બાંધે અથવા સાત બાંધે અને એક આઠ બાંધે. અથવા બધા સાત બાંધે અને આઠ બાંધે, એમ ત્રણ ભંગો થયા. એમ સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથ્વીકાયિકો કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? સાત બાંધે અને આઠ બાંધે. એમ વનસ્પતિકાયિકો સુધી જાણવું.*

*વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચોને ત્રણ ભંગ છે. બધાં સાત બાંધે અથવા સાત બાંધે અને એક આઠ બાંધે, અથવા સાત બાંધે અને આઠ બાંધે. ભગવન્ ! મનુષ્યો જ્ઞાનાવરણીયનો બંધ કરતાં કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? બધાં સાત પ્રકૃતિ બાંધે અથવા સાત બાંધે અને એક આઠ બાંધે. અથવા સાત બાંધે અને આઠ બાંધે, અથવા સાત કર્મ બાંધે અને એક છ બાંધે. અથવા સાત બાંધે અને છ બાંધે, અથવા સાત બાંધે, એક આઠ કર્મ બાંધે અને એક છ બાંધે. અથવા સાત બાંધે, એક આઠ બાંધે અને છ બાંધે. અથવા સાત બાંધે, આઠ બાંધે અને એક છ કર્મ બાંધે. અથવા સાત બાંધે, આઠ બાંધે અને છ કર્મ બાંધે. એ નવ ભંગો થાય.*

*બાકીના વ્યંતરથી વૈમાનિક સુધીના દેવો નૈરયિકોની માફક સપ્તવિધાદિ બંધક કહેવા. એમ જેમ જ્ઞાનાવરણના બંધક કહ્યા, તેમ દર્શનાવરણનો પણ બંધ કરનારા જીવાદિ એકવચન અને બહુવચન વડે કહેવા.*

*વેદનીય કર્મ બાંધતો જીવ કેટલાં કર્મ બાંધે ? સાતનો બંધક, આઠનો બંધક, છનો બંધક અને એકનો પણ બંધક હોય. એમ મનુષ્ય સંબંધે પણ કહ્યું. બાકીના નૈરયિકાદિ જીવો સાત કર્મબંધક, આઠ કર્મબંધક છે, તે વૈમાનિક સુધી કહેવા.*

*વેદનીય કર્મ બાંધતા જીવોની પૃચ્છા — બધાં જીવો સાત બાંધે, આઠ બાંધે, એક બાંધે અને એક છ બાંધે. અથવા સાત બાંધે, આઠ બાંધે, એક બાંધે અને છ બાંધે તેવા હોય. બાકીના નારકાદિ યાવત્ વૈમાનિકો જ્ઞાનાવરણ બાંધતાં જે પ્રકૃતિ બાંધે તે વડે કહેવા. પરંતુ મનુષ્યો વેદનીય કર્મ બાંધતા કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? બધાં મનુષ્યો (૧) સાતના બંધક અને એકના બંધક હોય, અથવા (૨) સાત બાંધે, એક બાંધે અને એક આઠ કર્મ બાંધે, (૩) અથવા સાત બાંધે, એક બાંધે અને આઠ બાંધે, અથવા (૪) સાત બાંધે, એક બાંધે, એક છ કર્મ બાંધે. અથવા (૫) સાત બાંધે, એક બાંધે, છ કર્મ બંધક હોય. અથવા (૬) સાત બાંધે, એક બાંધે, એક આઠ કર્મ બાંધે, એક છ કર્મ બાંધે, (૭) અથવા સાત બાંધે, એક બાંધે, એક આઠ કર્મ બાંધે અને છ કર્મ બંધક હોય, (૮) અથવા સાત બાંધે, એક બાંધે, આઠ બાંધે, એક છ કર્મ બંધક હોય અથવા (૯) સાત બાંધે, એક બાંધે, આઠ બાંધે, છ બાંધે. એ નવ ભંગો કહેવા.*

*મોહનીયકર્મ બંધ કરતો જીવ કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? જીવ અને એકેન્દ્રિય સિવાય બાકીનાને ત્રણ ભંગો જામવા. જીવ અને એકેન્દ્રિયો સાત કર્મ બંધક અને આઠ કર્મ બંધક પણ હોય.*

*આયુકર્મ બાંધતો જીવ કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? અવશ્ય આઠ પ્રકૃતિ બાંધે, એ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. એમ બહુવચન વડે પણ સમજવું. - - - નામ, ગોત્ર અને અંતરાય કર્મનો બંધ કરતો જીવ કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? જ્ઞાનાવરણીયનો બંધ કરતાં જેટલી કર્મપ્રકૃતિ બાંધે તેટલી કહેવી. એમ નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું. એમ બહુવચન વડે કહેવું.*

● **વિવેચન-૫૪૬ :-**

કેટલી પ્રકૃતિઓ કહી ? ઈત્યાદિ સૂત્રપાઠ ફરીથી કથન તે વિશેષતા જણાવવા માટે છે. હવે કયું કર્મ બાંધતો કઈ કર્મપ્રકૃતિ બાંધે એમ બંધના સંબંધનો વિચાર કરવા પહેલાં જ્ઞાનાવરણીય કર્મ સાથેનો સંબંધ વિચારે છે - તે સૂત્ર સુગમ છે, પણ આયુષ્ બંધના અભાવકાળે સાત કર્મનો બંધ કરે છે. આયુ બાંધતા આઠ કર્મ બાંધે છે. મોહનીય અને આયુનો બંધ ન કરે ત્યારે છ કર્મનો બંધ કરે છે અને તે સૂક્ષ્મ સંપરાય છે. એક કર્મનો બંધક ન હોય કેમકે ઉપશાંત કષાયાદિ એક કર્મના બંધક હોય. કહ્યું છે — ઉપશાંત મોહ, ક્ષીણમોહ, કેવળજ્ઞાની એક કર્મનો બંધ કરે છે, તે બે સમય સ્થિતિક હોય. પણ સંપરાય કર્મના બંધક ન હોય, વળી ઉપશાંતકષાયાદિ જ્ઞાનાવરણીય કર્મ બાંધતા નથી, કેકમે તેનો બંધ સૂક્ષ્મ સંપરાયના છેલ્લા સમયે વિચ્છેદ થાય છે.

આ જ વાત નૈરયિકાદિના દંડકના ક્રમે વિચારે છે — - x - અહીં મનુષ્ય સિવાયના બધાં સ્થાને બે જ ભંગ જાણવા. સાત કર્મના કે આઠ કર્મના બંધક હોય, છ કર્મના બંધક રૂપ ત્રીજો ભંગ ન હોય - x - મનુષ્યના સ્થાને ત્રણ ભંગો કહેવા. - x - એમ વૈમાનિક સુધી કહેવું, પરંતુ મનુષ્યને જીવ માફક કહેવા. એમ એકવચન દંડક કહ્યો. પછી બહુવચનનો દંડક કહે છે - x - છ કર્મના બંધક હોય કે ન હોય કેમકે ઉત્કૃષ્ટ છ માસનું તેમને અંતર કહ્યું છે. હોય ત્યારે પણ એક, બે થી વધી ઉત્કૃષ્ટ - ૧૦૮ હોય. છ કર્મના બંધક આશ્રીને ત્રણ ભંગ થાય. નારકો છ કર્મના બંધક હોય જ નહીં, આઠ કર્મના બંધક કદાચિત્ જ હોય, તેથી બધાં સાત કર્મના બંધક એ પહેલો ભંગ કહ્યો, આઠ કર્મનો બંધક એક હોય કે ઘણાં હોય તે બીજા બે ભંગો જાણવા. આ જ ત્રણે ભંગ દશે ભવનપતિમાં કહેવો.

પાંચે પૃથ્વી આદિમાં એક જ ભંગ હોય - x - વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં નૈરયિકવત્ ત્રણ ભંગો છે. મનુષ્ય સૂત્રમાં નવ ભંગો કહ્યા. કેમકે - આઠ અને છ કર્મના બંધક કદાચિત્ સર્વથા ન હોય, - x - આઠ કર્મનો બંધક એક હોય, ઘણાં હોય, છ કર્મના બંધક એક કે વધુ હોય એમ પાંચ ભંગો થયા. ત્રિકસંયોગીમાં ચાર ભંગો, એમ બધાં મળી નવ ભંગો થયા.

જ્ઞાનવરણીય માફક દર્શનાવરણીય પમ વિચારવું.

વેદનીય કર્મના વિચારમાં ઉપશાંત મોહાદિ એક કર્મના જ બંધક હોય છે. બાકી બધું પૂર્વવત્. મનુષ્ય પદમાં પણ તે જ પૂર્વોક્ત નવભાંગા કહેવા. કેમકે સાત કર્મ બંધક અને એક કર્મ બંધક હંમેશાં ઘણાં હોવાથી બીજા ભંગોનો સંભવ નથી.

મોહનીય કર્મની વિચારણામાં જીવ અને પૃથ્વી આદિ પદોમાં પ્રત્યેકને વિશે સાત કર્મ બંધક અને આઠ કર્મ બંધકનો એક જ ભંગ હોય છે. કેમકે બંને પ્રકારના જીવો હંમેશાં ઘણાં હોય છે. છ કર્મ બંધક મોહનીય કર્મ ન બાંધે કેમકે મોહનીયનો બંધ અનિવૃત્તિ બાદર સંપરાય સુધી હોય છે.

આયુ કર્મ બંધક હંમેશાં આઠ કર્મનો બંધક હોય છે. માટે તેમાં ભંગો નથી. નામ, ગોત્ર, અંતરાય સૂત્રો જ્ઞાનાવરણીય વત્ જાણવા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૨૪નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## ❀ પદ-૨૫-"કર્મવેદ" ❀

— x — x — x —

૦ હવે પચીશમું પદ કહે છે, તેનું આદિ સૂત્ર આ છે —

**● સૂત્ર-૫૪૭ :-**

*ભગવન્ ! કર્મપ્રકૃતિ કેટલી છે ? ગૌતમ ! આઠ છે - જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય, એમ વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી પ્રકૃતિઓ વેદે ? અવશ્ય આઠ વેદે. એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. એ પ્રમાણે બહુવચનમાં પણ સમજવું. એ રીતે વેદનીય સિવાય અંતરાય સુધી જાણવું.*

*ભગવન્ ! જીવ વેદનીય કર્મ બાંધતો કેટલી કર્મ પ્રકૃતિઓ વેદે ? ગૌતમ ! સાત પ્રકૃતિ વેદે, આઠ પ્રકૃતિ વેદે કે ચાર પ્રકૃતિ વેદે. એ પ્રમાણે મનુષ્ય પણ વેદે.*

*બાકીના નૈરયિકથી વૈમાનિક સુધી એકવચન અને બહુવચન વડે પણ અવશ્ય આઠ કર્મ પ્રકૃતિ વેદે.*

*ભગવન્ ! જીવો વેદનીય કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? ગૌતમ ! (૧) બધાં આઠ કર્મ વેદક અને ચાર કર્મ વેદક હોય. (૨) અથવા આઠ કર્મ વેદક, ચાર કર્મ વેદક અને એક સાત કર્મ વેદક હોય, (૩) અથવા આઠ કર્મ વેદક, ચાર કર્મ વેદક અને સાત કર્મ વેદક હોય. એ પ્રમાણે મનુષ્યો પણ કહેવા.*

**● વિવેચ-૫૪૭ :-**

ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિ કહી છે ? ઈત્યાદિ સૂત્ર સ્પષ્ટ છે. હવે કયું કર્મ બાંધતો કેટલી કર્મ પ્રકૃતિ વેદે ? એ વિચારે છે - ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિ વેદે ? ઈત્યાદિ સૂત્ર સુગમ છે. વેદનીય સૂત્રમાં સાત કર્મ વેદક, આઠ કર્મ વેદક અને ચાર કર્મ વેદક હોય. સાત કર્મ વેદક ઉપશાંત મોહ કે ક્ષીણ મોહ હોય છે, કેમકે બંનેને મોહનીયનો ઉદય નથી. આઠ કર્મ વેદક મિથ્યાદૃષ્ટિથી સૂક્ષ્મ સંપરાય સુધીનો જીવો છે. કેમકે તેઓને અવશ્ય આઠે કર્મનો ઉદય છે. ચાર કર્મ વેદનારા સયોગી કેવલી છે. કેમકે તેમને ચાર ઘાતી કર્મનો ઉદય નથી. બહુ વચનમાં સાત કર્મ વેદનારા કદાચ હોય માટે ત્રણ ભંગો કહ્યા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૨૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ પદ-૨૬-“કર્મવેદબંધ” ❀

-- x -- x -- x -- x --

૦ હવે પદ-૨૬નો આરંભ કરે છે, તેનું આદિ સૂત્ર —

● **સૂત્ર-૫૪૮ :-**

*ભગવન્ ! કેટલી કર્મ પ્રકૃતિઓ છે ? ગૌતમ ! આઠ છે - જ્ઞાનાવરણ યાવત્ અંતરાય. એમ નૈરયિકોથી વૈમાનિકો કહેવા.*

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ વેદતો કેટલી પ્રકૃતિ બાંધે ? સાતનો, આઠનો, છ નો અને એક કર્મનો બંધક હોય*

*નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ વેદતો કેટલી પ્રકૃતિ બાંધે ? સાત કે આઠ બાંધે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. મનુષ્યને જીવ માફક કહેવો. જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદતા કેટલી કર્મ બાંધે ? ૧-બધાં સાત કે આઠ કર્મ બંધક હોય, ૨-અથવા સાત, આઠ કર્મ બંધક અને એક છ કર્મ બંધક હોય, ૩-અથવા સાત, આઠ, છ કર્મ બંધક હોય, ૪-અથવા સાત, આઠ અને એક એક કર્મનો બંધક હોય. ૫-સાત, આઠ, એક કર્મ બંધક, હોય, ૬-સાત, આઠ, એક છ કર્મ, એક એક કર્મનો બંધક હોય, ૭-અથવા સાત, આઠ, એક છ, એક કર્મ બંધક હોય, ૮-અથવા સાત, આઠ, છ અને એક એક કર્મ બંધક હોય. અથવા ૯-સાત, આઠ, છ અને એક કર્મબંધક હોય. એ પ્રમાણે નવ ભંગો થાય. એકેન્દ્રિય અને મનુષ્ય સિવાય બીજાને વૈમાનિક સુધી ત્રણ ભંગો હોય છે. એકે૦ સાત કે આઠ કર્મબંધક હોય.*

*મનુષ્યો જ્ઞાનાવરણ વેદતાં કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? ગૌતમ ! ૧-બધાં સાત કર્મ બંધક હોય, ૨-અથવા સાત અને એક આઠ કર્મ બંધક હોય, ૩-અથવા સાત અને આઠ કર્મ બંધક હોય, ૪-અથવા સાત અને એક છ કર્મબંધક હોય, ૫-અથવા છ કર્મ બંધક સાથે બે ભંગો હોય, ૬-૭ અથવા એક કર્મ બંધક સાથે બે ભંગો હોય, ૮ થી ૧૧-અથવા સાત, આઠ અને એક છ કર્મનો બંધક ઈત્યાદિ ચાર ભંગો હોય, ૧૨ થી ૧૫ અથવા સાત, એક આઠ કર્મ, એક એક કર્મનો બંધક ઈત્યાદિ ચાર ભંગો, ૧૬ થી ૧૯ - સાત, એક છ અને એક એક કર્મબંધક હોય ઈત્યાદિ ચાર ભંગ, ૨૦ થી ૨૭ અથવા સાત, એક આછ, એક છ, એ એક કર્મ બંધક હોય ઈત્યાદિ આઠ ભંગો. એ પ્રમાણે ૨૭-ભંગો થાય છે. એમ જે રીતે જ્ઞાનાવરણીય વેદતો કર્મ પ્રકૃતિનો બંધ કહ્યો, તેમ દર્શનાવરણીય અને અંતરાય વેદતા કહેવો.*

*વેદનીય કર્મ વેદતો જીવ કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? સાત, આઠ, છ કે એક કર્મ બંધક અને અબંધક પણ હોય. એમ મનુષ્યો જાણવા. બાકીના નૈરયિકાદિ સાત કે આઠ કર્મના બંધક હોય. એમ વૈમાનિક સુધી કહેવું. - - - જીવો વેદનીય કર્મ વેદતા કેટલી પ્રકૃતિ બાંધે ? ૧-બધાં સાત કર્મ બંધક,*



*આઠ કર્મ બંધક અને એક કર્મ બંધક હોય અથવા ૨-સાત, આઠ, એક અને એક છ કર્મ બંધક હોય. અથવા ૩-સાત, આઠ, એક અને છ કર્મ બંધક હોય, ૪-૫, અબંધકની સાથે બે ભંગ હોય, ૬ થી ૯- સાત, આઠ, એક, એક છ કર્મ બંધક અને એક અબંધક ઈત્યાદિ ચાર ભંગો જાણવા. એ પ્રમાણે નવ ભંગો થાય.*

*એકેન્દ્રિયો અભંગક છે. નૈરયિકથી વૈમાનિક સુધી ત્રણ ભંગો સમજવા. પણ મનુષ્યો વિશે પ્રશ્ન કરવો - બધાં સાત૦ અને એક કર્મ બંધક હોય અથવા સાત, એક, એક છ કર્મનો બંધક, એક આઠ કર્મનો બંધક અને એક અબંધક હોય. એમ ૨૭-ભંગો કહેવા.*

*જેમ વેદનીય કહ્યું, તેમ આયુ, નામ અને ગ્તોર કહેવું. જ્ઞાનાવરણીય વેદતા કહેલ પ્રકૃતિ બંધ પ્રમાણે મોહનીય કર્મ કહેવું.*

● **વિવેચન-૫૪૮ :-**

કર્મ પ્રકૃતિ કેટલી કહી છે ? ઈત્યાદિ સૂત્રનો અર્થ સ્પષ્ટ છે, હવે કયું કર્મ વેદતો કઈ કર્મ પ્રકૃતિ બાંધે ? એમ ઉદયની સાથે બંધના સંબંધનો વિચાર કરતા સૂત્રકારશ્રી કહે છે — જીવ જ્ઞાનાવરણ કર્મ વેદતો કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? ઈત્યાદિ સુગમ છે. પરંતુ જ્ઞાનાવરણીય કર્મ વેદતો એક પ્રકૃતિનો બંધ કરનાર ઉપશાંત મોહ કે ક્ષીણમોહ હોય, પણ સયોગી કેવલી ન હોય. કેમકે તેને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય નથી. બહુવચનના વિચારમાં છ પ્રકૃતિ બંધ કરનારા સૂક્ષ્મ સંપરાયો અને એક પ્રકૃતિ બંધક ઉપશાંત અને ક્ષીણમોહ કદાચિત્ હોય છે. તે એકત્વાદિ રૂપે વિકલ્પે હોય છે. તેથી કોઈવાર એક હોય, કોઈ વાર અનેક હોય, કોઈ વાર ન હોય. માટે એક અને અનેક બંને પ્રકારના અભાવમાં સાત કર્મ બંધક, આઠ કર્મ બંધક પણ હોય એ એક જ ભંગ હોય, કેમકે બંને જીવો હંમેશાં ઘણાં હોય. તેથી છ પ્રકૃતિનો પ્રક્ષેપ કરતાં એક અને બહુવચનથી બે ભંગ થાય. એ પ્રમાણે એક પરકૃતિના બંધકનો પ્રક્ષેપ કરતાં પણ બે ભંગો થાય છે. બંને પદનો સાથે પ્રક્ષેપ કરતા પૂર્વવત્ ચાર ભંગો થાય. - x -

એકેન્દ્રિય અને મનુષ્ય સિવાય નૈરયિકાદિમાં બહુવચન આશ્રિત ત્રણ ભંગ થાય, કેમકે આઠ કર્મબંધક કદાચિત્ હોવાથી બે વિકલ્પો છે. એકે૦માં ભંગોનો અભાવ છે. એટલે બીજા ભંગ થતાં નથી.

મનુષ્યોમાં ૨૭-ભંગો થાય છે. કેમકે આઠ, છ, એક કર્મ બંધક કદાચ હોય અને એકત્વાદિરૂપે વિકલ્પો હોય છે. તેમના અભાવમાં સાત કર્મબંધક એ પહેલો ભંગ હોય, અષ્ટવિધ બંધક પદનો પ્રક્ષેપ કરવાથી તેના એકવચન-બહુવચનના બે ભંગ થાય. ષડ્વિધ બંધકનો પ્રક્ષેપ કરતાં એક-અનેક બે ભંગો, એકવિધબંધક પ્રક્ષેપતા બે ભંગો, એમ સાત ભંગો થાય છે. અષ્ટવિધ અને ષડ્ વિધ બંધકના પ્રક્ષેપથી ચાર ભંગો, અષ્ટવિધ અને એકવિધને પ્રક્ષેપતા ચાર ભંગ, ષડ્વિધ અને

એકવિધ બંધકનો પ્રક્ષેપતા ચાર ભંગ એમ ૧૯-ભંગો થયા. પછી અષ્ટવિધ, ષડ્‌વિધ, એકવિધ બંધકથી આઠ ભંગ, કુલ ૨૭-ભંગ થયા.

વેદનીય સૂત્રમાં એક કર્મ બંધક સયોગી કેવલી પણ હોય, અબંધક અયોગી કેવલી છે - x - વેદનીય સૂત્રમાં એકવચન અને બહુવચનના વિચારમાં જીવપદને વિશે નવ ભંગો થાય છે કેમકે તેમાં સાત, આઠ અને એક કર્મના બંધક હંમેશાં ઘણાં હોય, બહુવચનમાં ષડ્‌વિધ બંધક અને અબંધકનો અભાવ છે, ત્યાં સાત, આઠ, એક કર્મ બંધકનો પહેલો ભંગ, ષડ્‌વિધને પ્રક્ષેપતા એકવચન, બહુવચન આશ્રીને બે ભંગ, એકવિધબંધક પદના બે ભંગો, બંને પદને પ્રક્ષેપતાં ચાર ભાંગા થાય છે.

મનુષ્યપદમાં ૨૭ ભંગો - સાત અને એકવિદ બંધક બહુવચન વડે હંમેશાં અવસ્થિત, તે સિવાય બીજા ત્રણે આઠ, છ કર્મ બંધક કે અબંધક મનુષ્યો કદાચિત્ હોય, એક કે અનેકરૂપે વિકલ્પે હોય, તેમના અભાવે સાત કર્મ બંધક હોય એ એક ભંગ ઈત્યાદિ સુગમ છે.

મોહનીય કર્મ વેદતો જીવ સાત, આઠ, છ કર્મનો બંધક હોય, કેમકે સૂક્ષ્મ સંપરાયમાં પણ મોહનીયનો ઉદય સંભવે છે. એમ મનુષ્યપદમાં પણ કહેવું. નરકાદિ સ્થાનોમાં સાત કર્મબંધક કે આઠ કર્મ બંધક કહેવું કેમકે ત્યાં સૂક્ષ્મ સંપરાય ગુણ ઠાણું નથી. બહુવચનમાં જીવપદમાં ત્રણ ભંગો કહ્યા, તેમાં સૂક્ષ્મ સંપરાય કદાચ હોય અને બીજા બે હંમેશાં ઘણાં હોય. માટે ષડ્‌વિધ બંધકના અભાવમાં સાત અને આઠ કર્મના બંધક હોય એ એક ભંગ, ષડ્‌વિધ બંધકને પ્રક્ષેપતા એકવચન-બહુવચનથી બે ભંગો છે.

નૈરયિકથી સ્તનિતકુમાર સુધી સાત કર્મ બંદક હંમેશાં ઘણાં હોય, આઠ કર્મ બંધક કદાચ હોય અને તે પણ એક કે અનેક વિકલ્પે હોય. આઠ કર્મ બંધક પદ પ્રક્ષેપતા એકવચન-બહુવચન આશ્રીને બે ભંગો, પાંચે પૃથિવ્યાદિમાં બીજા ભંગોનો અભાવ છે. - x - વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકો નૈરયિકવત્ ત્રણ ભંગ હોય. મનુષ્યોમાં નવ ભંગ હોય ઈત્યાદિ બધુ સુગમ છે. સૂત્રકારે કહ્યું છે કે જ્ઞાનાવરણીય વેદતા જે બંધ કહ્યો તે મોહનીય વેદતા પણ કહેવો.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૨૬-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❁ પદ-૨૭-‘‘કર્મ વેદવેદક’’ ❁

-- x -- x -- x -- x --

૦ હવે સત્તાવીશમું પદ આરંભીએ છીએ, તેનું પહેલું સૂત્ર—

● **સૂત્ર-૫૪૯ :-**

*ભગવન્ ! કેટલી કર્મ પ્રકૃતિ છે ? ગૌતમ ! આઠ - જ્ઞાનાવરણ યાવત્ અંતરાય. એમ નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ વેદતો જીવ કેટલી પ્રકૃતિ વેદે ? ગૌતમ ! સાત કે આઠ વેદે. એમ મનુષ્યમાં કહેવું. બાકીના બધાં એકવચન અને બહુવચન વડે પણ અવશ્ય આઠ પ્રકૃતિ વેદે છે.*

*એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદતા કેટલી પ્રકૃતિ વેદે ? ગૌતમ ! બધાં જીવો આઠ કર્મ વેદક હોય, અથવા આઠ કર્મ વેદક અને એક સાત કર્મ વેદક હોય, અથવા આઠ કર્મ વેદક અને સાત કર્મ વેદક હોય. એમ મનુષ્યો પણ જાણવા. દર્શનાવરણીય અને અંતરાય સંબંધે એમ જ કહેવું. વેદનીય, આયુ, નામ, ગોત્ર કર્મ વેદતો કેટલી કર્મ પ્રકૃતિ વેદે ? જેમ બંધક વેદકને વેદનીય કર્મ કહ્યું, તેમ કહેવું.*

*મોહનીય કર્મ વેદતો જીવ કેટલી કર્મપ્રકૃતિ વેદે ? આઠ વેદે. એમ નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું. એમ બહુવચનમાં જાણવું.*

● **વિવેચન-૫૪૯ :-**

- x - કયું કર્મ વેદતો કેટલી કર્મપ્રકૃતિ વેદે ? એ પ્રમાણે ઉદયની સાથે ઉદયનો સંબંધ વિચારે છે. સૂત્ર સ્પષ્ટ છે. તેમાં સાત કર્મવિદક ઉપસાંત કે ક્ષીણ મોહ હોય છે. કેમકે તેમને મોહનીય કર્મના ઉદયનો સંભવ નથી. બાકીના સૂક્ષ્મ સંપરાયાદિ આઠ કર્મ વેદક હોય. એમ મનુષ્ય પદને વિશે પણ કહેવું. નૈરયિકાદિ અવશ્ય આઠ કર્મના વેદક હોય છે. બહુવચન વિચારમાં જીવ અને મનુષ્યપદમાં ત્રણ ભાંગા હોય છે. તેમાં આઠ કર્મ વેદક હોય તે પહેલો ભંગ, સાત કર્મ વેદક એક હોય ત્યારે બીજો ભંગ, સાત ક્રમ વેદક ઘણાં હોય ત્યારે ત્રીજો ભંગ. બાકીના નૈરયિકાદિ પદોમાં આઠ કર્મવિદક જ હોય, માટે ભંગોનો અભાવ છે. કેમકે ત્યાં સાત કર્મ વેદકનો અસંભવ છે. એમ દર્શનાવરણીય અને અંતરાય સૂત્ર સંબંધે કહેવું.

વેદનીય સૂત્રમાં જીવપદ અને મનુષ્યપદમાં પ્રત્યેકને આશ્રીને આઠ કર્મનો, સાત અને ચાર કર્મનો વેદક હોય છે. તેમ કહેવું. બાકીના નૈરયિકાદિ પદોમાં આઠ કર્મનો વેદક હોય છે - એ એક ભંગ. કેમકે તેઓમાં ઉપશાંત મોહત્વાદિ અવસ્થા અસંભવ છે. તે જ વેદનીય સૂત્રમાં બહુવચનના વિચારમાં પ્રત્યેક જીવ અને મનુષ્યના ત્રણ ભાંગા સમજવા. તેમાં ‘આઠ કર્મના વેદક’ એ પ્રથમ ભંગ સર્વથા સાત કર્મના વેદકના અભાવે હોય છે. ઈત્યાદિ જાણવું. - x -

એમ આયુષ્ નામ, ગોત્ર કર્મના સૂત્રોનો વિચાર કરવો. મોહનીય વેદતો અવશ્ય આઠ કર્મની પ્રકૃતિઓને વેદક હોય છે, માટે જીવાદિ પચીશ સ્થાનકોમાં એક અને બહુવચનની અપેક્ષાએ બધે ભાંગાનો અભાવ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૨૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## પદ-૨૮-''આહાર''

-- x -- x -- x --

૦ એ રીતે વેદ-વેદ પદ કહ્યું, હવે પદ-૨૮ આરંભીએ છીએ. તેનો સંબંધ આ છે — પદ ૨૭માં નારકાદિ ગતિ પ્રાપ્ત જીવોના કર્મના વેદનારૂપ પરિણામ કહ્યા. હવે આહાર પરિણામ કહે છે —

### પદ-૨૮, ઉદ્દેશો-૧

૦ તેમાં આ બે સંગ્રહણી ગાથાઓ છે —

● સૂત્ર-૫૫૦ થી ૫૫૩ :-

*[૫૫૦,૫૫૧] સચિત્તાહારી, આહારાર્થી, કાળ, શેનો આહાર, સર્વતઃ, કેટલામો ભાગ, સર્વ પુદ્‌ગલ, કેવા રૂપે પરિણમે, એકેન્દ્રિય શરીરાદિ આહાર કરે ?, લોમાહાર, મનોભક્ષી એ પદોની વ્યાખ્યા કરવી.*

*[૫૫૨] નૈરયિકો સચિત્તાહારી, અચિત્તાહારી કે મિશ્રાહારી હોય ? તેઓ સચિત્ત કે મિશ્રાહારી નથી, પણ અચિત્તાહારી છે. એ રીતે અસુરકુમારથી વૈમાનિક સુધી જાણવું. ઔદારિક શરીરી યાવત્ મનુષ્યો સચિત્ત, અચિત્ત, મિશ્ર એ ત્રણે આહારી હોય.*

*નૈરયિકો આહારાર્થી હોય ? હા, હોય. નૈરયિકોને કેટલા કાળે આહારેચ્છા ઉત્પન્ન થાય ? ગૌતમ ! નૈરયિકોને બે પ્રકારે આહાર છે - આભોગ નિર્વર્તિત અને અનાભોગ નિર્વર્તિત. તેમાં અનાભોગ નિર્વર્તિત આહાર પ્રતિસમય નિરંતર હોય, આભોગ નિર્વર્તિત આહારની ઈચ્છા અસંખ્યાત સમયના અંતર્મુહૂર્તે થાય.*

*નૈરયિકો શેનો આહાર કરે છે ? દ્રવ્યથી અનંત પ્રદેશી, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશી, કાળથી કોઈપણ સ્થિતિક, ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા પુદ્‌ગલ સ્કંધોનો આહાર કરે છે. ભાવથી જે વર્ણવાળા પુદ્‌ગલો આહારે છે, તે શું એકવર્ણી યાવત્ પંચવર્ણી પુદ્‌ગલો આહારે છે ? સ્થાન માર્ગણાથી એકવર્ણી યાવત્ પંચવર્ણી પુદ્‌ગલો આહારે છે અને વિધાન માર્ગણાથી કાળા વર્ણના યાવત્ શુક્લ વર્ણના પુદ્‌ગલોનો આહાર કરે છે. વર્ણથી કાળા વર્ણના પુદ્‌ગલોનો આહાર કરે છે, તે શું એકગુણ કાળા વર્ણના યાવત્ દશ ગુણ કાળા વર્ણના, સંખ્યાત-અસંખ્યાત કે અનંતગુણ કાળા વર્ણના પુદ્‌ગલોનો આહાર કરે છે ? એક ગુણ યાવત્ અનંતગુણ કાળાવર્ણી પુદ્‌ગલોનો આહાર કરે છે. એ પ્રમાણે યાવત્ અનંતગુણ શુક્લવર્ણી પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. એમ ગંધ અને સરસમાં પણ જાણવું.*

*ભાવથી જે સ્પર્શવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે, તેમાં એક-બે-ત્રણ સ્પર્શવાળાનો આહાર કરતો નથી. પણ ચારથી આઠ સ્પર્શવાળાનો આહાર કરે છે. વિધાનમાર્ગણાથી કર્કશ યાવત્ રૂક્ષ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. સ્પર્શથી*

*જે કર્કશ પુદ્‌ગલોનો આહાર કરે છે તે એકગુણ યાવત્ અનંતગુણ કર્કશ પુદ્‌ગલોનો આહાર કરે છે, એમ આઠ સ્પર્શો કહેવા. યાવત્ અનંતગુણ રૂક્ષ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. ભગવન્ ! જે અનંતગુણ રૂક્ષ પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે, તે સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ પુદ્‌ગલોનો આહાર કરે છે ? ગૌતમ ! સ્પૃષ્ટનો આહાર કરે છે, અસ્પૃષ્ટ પુદ્‌ગલોનો નહીં - ઈત્યાદિ જેમ ભાષા ઉદ્દેશામાં કહ્યું તેમ યાવત્ છ દિશાથી આહાર કરે છે.*

*બહુલતાથી વર્ણથી કાળાં અને લીલાં, ગંધથી દુર્ગન્ધી, રસથી કડવા અને તીખાં, સ્પર્શથી કર્કશ, ગુરુ, શીત, રૂક્ષ પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે. તેઓના પૂર્વના વર્ણ-ગંધ-રસ-સ્પર્શગુણનો વિપરિણામ કરી, પરિપીડન કરી, નાશ કરી, વિધ્વંસ કરી બીજા અપૂર્વ વર્ણ-ગંધ-રસ-સ્પર્શગુણને ઉત્પન્ન કરી પોતાના શરીરરૂપ ક્ષેત્રમાં રહેલાં પુદ્‌ગલોનો સર્વાત્મા વડે આહાર કરે છે.*

*ભગવન્ ! નૈરયિકો સર્વતઃ આહાર કરે છે, સર્વતઃ પરિણમાવે છે, સર્વાત્મા વડે ઉચ્છ્‌વાસ લે છે - નિઃશ્વાસ મૂકે છે, વારંવાર આહાર કરે છે - પરિણમાવે છે - ઉચ્છ્‌વાસ લે છે - નિઃશ્વાસ મૂકે છે ? ગૌતમ ! હા, બધું તે પ્રમાણે જ કહેવું.*

*ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે, તે પુદ્‌ગલોના કેટલા ભાગે ભાવિકાળે આહાર કરે છે, કેટલા ભાગે આસ્વાદ કરે છે ? ગૌતમ ! અસંખ્યાતમા ભાગનો આહારપણે ઉપયોગ કરે, અનંતમાં ભાગનો આસ્વાદ લે છે.*

*નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે તે બધાં પુદ્‌ગલોનો આહાર કરે છે કે કરતો નથી ? બધાં અપરિશેષ પુદ્‌ગલોનો આહાર કરે છે. જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે, તે પુદ્‌ગલો તેઓને કેવા રૂપે વારંવાર પરિણમે છે ? તેમને શ્રોત્ર યાવત્ સ્પર્શનેન્દ્રિયપણે, અનિષ્ટ - અકાંત - અપ્રિય-અશુભ-અમનોજ્ઞ-અમનોહર-અનિચ્છનીય-અનભિલાષિતપણે, અધોપણે પણ ઉર્ધ્વપણે નહીં, દુઃખરૂપે પણ સુખરૂપે નહીં, એ રીતે પરિણમે છે.*

*[૫૫૩] ભગવન્ ! અસુરકુમારો આહારેચ્છાવાળા હોય ? હા, હોય, નૈરયિકોવત્ અસુરકુમારોને કહેવું યાવત્ તેમને વારંવાર પરિણમે છે. તેમાં આભોગ નિર્વર્તિત આહાર જઘન્યથી એક દિવસે, ઉત્કૃષ્ટ સાધિક હજાર વર્ષે આહારેચ્છા થાય છે. સામાન્ય કારણથી વર્ણથી પીળા અને સફેદ, ગંધથી સુગંધી, રસથી ખાટા અને મધુર, સ્પર્શથી મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ પુદ્‌ગલો તથા તેઓના પૂર્વના વર્ણગુણનો વિપરિણામ કરી યાવત્ સ્પર્શનેન્દ્રિયપણે યાવત્ મનોહરપણે, ઈચ્છનીયપણે, અભિલષિતપણે, ઉર્ધ્વપણે, લઘુપણે, સુખરૂપે વારંવાર પરિણમે છે, બાકી બધું નૈરયિકવત્ સમજવું.*

*એમ સ્તનિતકુમાર સુધી જાણવું. પણ ઈચ્છાપૂર્વક આહાર સંબંધે ઉત્કૃષ્ટ દિવસ પૃથક્ત્વે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.*



**● વિવેચન-૫૫૦ થી ૫૫૩ :-**

- x - (૧) નૈરયિકો સચિત્તાહારી છે કે અચિત્તાહારી ? (૨) આહારની ઈચ્છાવાળા, (૩) કેટલા કાળે આહારેચ્છા ઉપજે છે ? (૪) શેનો આહાર કરે છે ? (૫) સર્વતઃ નૈરયિકો સર્વાત્મ પ્રદેશ વડે આહાર કરે - ઈત્યાદિ. (૬) ગ્રહણ કરેલા પુદ્‌ગલોમાં કેટલાનો આહાર કરે ? (૭) જે પુદ્‌ગલો ગ્રહણ કર્યા, તે બધાંનો આહાર કરે કે ન કરે ? (૮) પરિણામરૂપ - જે પુદ્‌ગલોને આહારપણે ગ્રહણ કરે, તેને કેવા સ્વરૂપે પરિણમાવે. (૯) એકેન્દ્રિયાદિ શરીરરૂપ - નૈરયિકો એકે૦ને આહારે કે પંચે૦ (૧૦) લોમાહાર વક્તવ્યતા, (૧૧) મનોભક્ષીની વક્તવ્યતા. એ રીતે નામમાત્રથી કહેલાં પદોના અર્થાધિકારની વ્યાખ્યા કરવી.

જે પ્રતિજ્ઞા કરી છે, તેનો નિર્વાહ કરવાની ઈચ્છાથી ઉદ્દેશ ક્રમને અનુસરીને નિર્દેશ થાય છે. - x - સચિત્તની વ્યાખ્યા-નૈરયિકો સચિત્ત-અચિત્ત કે મિશ્ર આહાર કરે ? તેઓ અચિત્તાહાર કરે છે, કેમકે અહીં વૈક્રિય શરીરધારી વૈક્રિય શરીરના પોષણયોગ્ય પુદ્‌ગલોનો જ આહાર કરે છે અને તે અચિત્ત જ હોય છે. પણ જીવે ગ્રહણ કરેલાં હોતાં નથી, માટે અચિત્ત આહારી છે, એમ અસુરકુમારથી સ્તનિતકુમાર, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક જાણવા.

ઔદારિક શરીરી, ઔદારિક શરીરને પોષણ યોગ્ય પુદ્‌ગલો આહારે છે, તે પુદ્‌ગલો પૃથ્વીકાયાદિના પરિણામ રૂપે પરિમમત થયેલ હોય છે, માટે સચિત્ત-અચિત્ત-મિશ્ર આહારી ઘટી શકે છે. તેથી પૃથ્વીથી વનસ્પતિ, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, મનુષ્ય એ બધાં સચિત્ત-અચિત્ત-મિશ્ર આહારી કહેવા. એ પહેલો અધિકાર કહ્યો.

હવે બીજાથી આઠમા સુધીના સાત અધિકારો ચોવીશ દંડકના ક્રમે સાથે કહેવાની ઈચ્છાથી સૂત્રકાર પહેલાં નૈરયિકો સંબંધે કહે છે — નૈરયિકો આહારના અભિલાષી છે ? હા, છે - x - કેટલા કાળે આહારની ઈચ્છા થાય ? નૈરયિકોનો આહાર બે ભેદે છે - આભોગ નિર્વર્તિત - આલોચના, વિચાર. ઈચ્છા વડે ગ્રહણ કરેલો. તેનાથી ઉલટું અનાભોગ નિર્વર્તિત - ‘હું આહાર કરું’ એવી વિશિષ્ટ ઈચ્છા સિવાય વર્ષાકાળે પુષ્કળ મૂત્રાદિ વડે અભિવ્યક્ત શીત પુદ્‌ગલોના આહારની માફક ગ્રહણ કરાયેલ હોય તે અનાભોગ નિર્વર્તિત. તેમાં જે અનાભોગ નિર્વર્તિત આહાર છે તે નૈરયિકોને પ્રતિસમય હોય. ભવપર્યન્ત નિરંતર ગ્રહણ કરે છે, એમ પ્રતિપાદન કરવા નિરંતર આહાર ગ્રહણ કરે છે એમ કહ્યું. - x - વચ્ચે જરાપણ અંતર નથી તે બતાવવા અવિરહિત કહ્યું છે. પ્રતિસમય નિરંતર અનાભોગ નિર્વર્તિત આહારનું ગ્રહણ થાય તે ઓજાહારાદિ રૂપે સમજવું.

જે આભોગ નિર્વર્તિત આહારની અભિલાષા છે તે અસંખ્યાતા સમયે થાય છે. જે અસંખ્યાતા સમયે થાય, તે જઘન્ય પદે પણ અંતર્મુહૂર્ત રૂપ છે, પણ તેથી ઓછું નથી. પછી પણ રહેતી નથી. કેમકે નૈરયિકોને ‘‘હું આહાર કરુ’’ એવો જે અભિલાષ છે, તે ગ્રહણ કરેલા આહાર દ્રવ્યના પરિણામ વડે જે અતિ તીવ્ર દુઃખ થાય છે, અને

દુઃખ થવાથી અંતર્મુહૂર્ત પછી નિવૃત્ત થાય છે.

નૈરયિકો કેવો આહાર કરે છે ? દ્રવ્યાદિ ભેદથી ચાર પ્રકારે આહાર પ્રતિપાદન કરવા કહે છે — द्रव्य - અનંતપ્રદેશી પુદ્‌ગલ દ્રવ્ય ગ્રહણ કરે છે કેમકે તે સિવાયના સંખ્યાતપ્રદેશી આદિ સ્કંધ જીવને ગ્રહણ યોગ્ય નથી. ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશમાં રહેલાં, કાળથી જઘન્ય-મધ્યમ કે ઉત્કૃષ્ટ, કોઈપણ સ્થિતિક. અહીં સ્થિતિ એટલે આહાર યોગ્ય સ્કંધના પરિણામરૂપે રહેવું. ભાવથી વર્ણાદિયુક્ત — કેમકે દરેક પરમાણુમાં એકૈક વર્ણ, ગંધ, રસ, બે સ્પર્શ હોય છે, એવાં પુદ્‌ગલ દ્રવ્યને ગ્રહણ કરે છે. ભાવથી જે વર્ણવાળા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે, તે એકથી પાંચ વર્ણી પુદ્‌ગલોનો આહાર કરે ? ઈત્યાદિ પ્રશ્ન સૂત્ર સુગમ છે. સ્થાનમાર્ગણાને આશ્રીને - જેમાં વિશેષે રહે તે સ્થાન - એક, બે કે ત્રણ વર્ણવાળા આદિરૂપ સામાન્ય, તેની માર્ગણા - વિચારને આશ્રીને અર્થાત્ સામાન્ય વિચારને આશ્રીને. વ્યવહાર નયથી એક વર્ણ, બે વર્ણ તે કથન છે. નિશ્ચયનયથી તો સૂક્ષ્મ છતાં અનંત પ્રદેશી સ્કંધ પાંચ વર્ણવાળો જ હોય.

વિધાન માર્ગણા - વિશેષ વિચારથી, કાળો -લીલો એવી વર્ણાદિ વિશેષતાથી, કાળા વર્ણી પુદ્‌ગલ દ્રવ્ય આહારે છે. - x - x - એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ સંબંધી સૂત્રો પણ જાણવા. - x - શું તે સ્પૃષ્ટ - આત્મપ્રદેશોએ સ્પર્શેલા કે અસ્પૃષ્ટ - નહીં સ્પર્શેલા દ્રવ્યોનો આહાર કરે ? સ્પૃષ્ટ દ્રવ્યોનો આહાર કરે ઈત્યાદિ. ભાષા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે અહીં પણ જાણવું, તે આ પ્રમાણે - સ્પર્શેલા દ્રવ્યનો આહાર કરે છે. આત્મપ્રદેશો વડે अवगाढ - અવગાહેલા દ્રવ્યોનો આહાર કરે છે - x - પણ ન અવગાહેલા દ્રવ્યોનો આહાર કરતો નથી. અવગાહેલા દ્રવ્યોમાં પણ અંતર રહિત સાક્ષાત્ અવગાહેલાં દ્રવ્યોનો આહાર કરે છે. - x - પણ પરંપરાવગાઢ દ્રવ્યોનો આહાર કરતો નથી. અનંતરાવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે, તે સૂક્ષ્મ દ્રવ્યોનો પણ આહાર કરે છે અને બાદર દ્રવ્યોનો પણ આહાર કરે છે. જે સૂક્ષ્મ અને બાદર દ્રવ્યોનો આહાર કરે છે, તે ઉર્ધ્વ-ઉપરના પ્રદેશમાં રહેલા, અધોનીચેના પ્રદેશમાં રહેલા અને તીર્છા પ્રદેશમાં રહેલા દ્રવ્યોનો પણ આહાર કરે છે. વળી આ ઉર્ધ્વ, અધો કે તીર્છા પ્રદેશમાં રહેલા દ્રવ્યોનો આદિમાં, મધ્યમાં અને અંતમાં પણ આહાર કરે છે. જે આદિ-મધ્ય-અંતમાં રહેલા દ્રવ્યોનો આહાર કરે છે, તે પમ સ્વવિષય-પોતાના વિષયભૂત દ્રવ્યોનો આહાર કરે છે, અવિષય દ્રવ્યોનો આહાર કરતો નથી. વળી જે સ્વ વિષયક દ્રવ્યોનો આહાર કરે છે, તે આહાર પણ અનુક્રમે કરે છે, ક્રમે રહિત આહાર કરતો નથી. અનુક્રમે જે દ્રવ્યનો આહાર કરે છે, તે પણ ત્રણ-ચાર કે પાંચ દિશાથી આવેલા દ્રવ્યોનો નહીં પણ નિયમા છ દિશાથી આવેલા દ્રવ્યો આહારે છે.

*[● અહીં પ્રશ્નોત્તર પદ્ધતિથી વૃત્તિકારશ્રીએ નોંધેલ પાઠને અમે માત્ર વિધાનાત્મક રૂપે ઉપર મૂકેલ છે. હવે વૃત્તિકારશ્રી તે સૂત્રની વ્યાખ્યા રજૂ કરે છે. પરંતુ અમે તેનો આવશ્યક સંક્ષેપાર્થ જ રજૂ કર્યો છે.]*



આત્મપ્રદેશોનો સ્પર્શ આત્મપ્રદેશ વડે અવગાઢ ક્ષેત્રની બહાર પણ સંભવે છે માટે પ્રશ્ન કર્યો છે. अवगाढ - આત્મપ્રદેશો સાથે એક ક્ષેત્રમાં રહેલ. अनवगाढ - અવગાઢ ક્ષેત્રની બહાર રહેલ. अनंतरावगाढ - આત્મ પ્રદેશોમાં વ્યવધાન સિવાય રહેલા દ્રવ્યો. परंपरावगाढ - એક, બે, ત્રણ આદિ આત્મપ્રદેશો વડે અંતરવાળા દ્રવ્યો अणु - થોડાં પ્રદેશવાળાં દ્રવ્યો, बादर - ઘણાં પ્રદેશવાળા દ્રવ્યો. અહીં અણુ કે બાદરપણું આહારને યોગ્ય સ્કંધોના થોડાં પ્રદેશ અને ઘણાં પ્રદેશોની અપેક્ષાએ જાણવું. એ રીતે ઉર્ધ્વ-અધો કે તીર્છાપણું પણ જેટલા ક્ષેત્રમાં નૈરયિક રહેતો હોય તેટલા ક્ષેત્રની અપેક્ષાથી જાણવું.

આદિ, મધ્ય કે અંતમાં આહાર કરે છે ? એ પ્રશ્ન છે. તાત્પર્ય એ છે કે નૈરયિકો પોતાને ઉપભોગ્ય અનંતપ્રદેશી દ્રવ્યો અંતર્મુહૂર્ત કાળ સુધી ગ્રહણ કરે છે, તો સંશય થાય કે ઉપભોગને યોગ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ કાળની આદિમાં — પ્રથમ સમયે આહાર કરે છે, મધ્ય સમયે આહાર કરે છે કે છેલ્લા સમયે આહાર કરે છે ? તે ત્રણે સમયમાં આહાર કરે છે. स्वविषय - પોતાના આહારને યોગ્ય દ્રવ્યો, अविषय - પોતાના આહારને અયોગ્ય દ્રવ્યો. आनुपूर्वी - અનુક્રમ વડે, જેમ નજીક હોય તેમ. તેથી વિપરીત તે अनानुपूर्वी. - x - ઉપર, નીચે કે તીર્છા, જેમ નજીક હોય તેમ આહાર કરે છે, પણ નજીકના ક્રમને ઓળંગીને આહાર કરતો નથી. दिशा - લોકના નિષ્કૂટને અંતે જઘન્ય પદે ત્રણે દિશામાં રહેલાં દ્રવ્ય જ પ્રાપ્ત થાય, બે કે એક દિશામાં રહેલ દ્રવ્ય પ્રાપ્ત થતું નથી. અવશ્ય છ દિશામાંથી આવેલાં પુદ્‌ગલ દ્રવ્યો આહારે છે. કેમકે નૈરયિકો ત્રસનાડીના મધ્ય ભાગમાં રહેલા છે.

ओसन्न - બહુલતાથી - x - સામાન્ય કારણ, અને તે અશુભ વિપાક જ છે, તો પણ પ્રાયઃ મિથ્યાદૃષ્ટિ કૃષ્ણાદિ વર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે પણ ભવિષ્યના તીર્થંકરાદિ તેવાં દ્રવ્યોનો આહાર કરતાં નથી, માટે 'બહુલતાએ' એમ કહ્યું છે. વર્ણથી કાળાં અને નીલવર્ણવાળા ઈત્યાદિ સૂત્રાનુસાર જાણવું.

આહાર કરતાં પુદ્‌ગલોના पुराण - પૂર્વના વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ ગુણોને વિપરિણમાવી, પરિપીડન કરી, પરિશાટન કરી, પરિવિધ્વંસ કરી, એ ચારે પદો એકાર્થક અને વિનાશ અર્થના વાચક છે. તેમ જ ભિન્ન-ભિન્ન દેશના શિષ્યોના ઉપકારાર્થે છે. બીજા અપૂર્વ વર્ણાદિ ગુણો ઉત્પન્ન કરી, પોતાના શરીર ક્ષેત્રમાં રહેલ પુદ્‌ગલોને સર્વ આત્મપ્રદેશો વડે આહાર રૂપે ગ્રહણ કરે છે.

નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે, તે ગ્રહણ કર્યા પછીના કાળમાં કેટલામાં ભાગ આહાર રૂપે ઉપયોગ કરે છે તથા આહારરૂપે ગ્રહણ કરેલાંને કેટલામાં ભાગે આસ્વાદે છે ? કેમકે આહારરૂપે ગૃહીત બધાં પુદ્‌ગલો આસ્વાદાતા નથી માટે જુદો પ્રશ્ન કર્યો છે. ગૃહીત પુદ્‌ગલોના અસંખ્યાતમા ભાગને આહાર પણે ગ્રહણ કરે છે. બીજા પુદ્‌ગલો પડી જાય છે. આહારપણે ગૃહીત પુદ્‌ગલોના અનંતમાં ભાગને આસ્વાદે છે, બાકીના પુદ્‌ગલ દ્રવ્યો આસ્વાદ લીધા વિના શરીર પરિણામને

પ્રાપ્ત થાય છે.

આહારીત પુદ્‌ગલો કેવા સ્વરૂપે પરિણમે છે ? ઈત્યાદિ. અહીં વિશિષ્ટ ગ્રહણ સમજવું. તેથી જેના શેષ ભાગનો ત્યાગ કર્યો છે એવા અને કેવળ આહાર પરિણામને યોગ્ય પુદ્‌ગલ દ્રવ્યો છે તે આહારરૂપે ગ્રહણ કરાયેલા પુદ્‌ગલ સંબંધે અહીં પ્રશ્ન જાણવો. - x - x - x - x - તે બધાં પુદ્‌ગલો આહારરૂપે ગ્રહણ કરે છે કે કરતો નથી ? તે બધાં પુદ્‌ગલોનો આહાર કરે છે, કેમકે અહીં કેવળ આહારના પરિણામને યોગ્ય બધાં પુદ્‌ગલો ગ્રહણ કરેલાં છે.

નૈરયિકોએ ગૃહીત આહાર પુદ્‌ગલો તેને કેવા સ્વરૂપે વારંવાર પરિણામે છે ? શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય રૂપે, ધ્રાણેન્દ્રિય રૂપે, જિહ્વેન્દ્રિયરૂપે, સ્પર્શનેન્દ્રિયરૂપે પરિણમે છે. ઈન્દ્રિયરૂપે પરિણામ પામતાં તે પુદ્‌ગલો એકાંત અશુભરૂપ છે. તેથી અનિષ્ટપણે ઈત્યાદિ કહ્યું છે. इष्ट - મન વડે ઈચ્છેલા, તેનાથી વિપરત તે અનિષ્ટ. અહીં પરમાર્થથી શુભ છતાં કેટલાંકને અનિષ્ટ લાગે, તેથી કહે છે — અકાંતપણે, અત્યંત અશુભ વર્ણયુક્ત હોવાથી ન ઇચ્છવા યોગ્યપણે. તેથી જ અપ્રિયપણે - જોવા માત્રથી પણ પોતાને વિશે પ્રિય બુદ્ધિ ન ઉત્પન્ન કરનારા. અશુભ વર્ણાદિ હોવાથી અશુભપણે વિપાક કાળે દુઃખદાયી હોવાથી મનને આનંદ ન આપનારા હોવાથી અમનોજ્ઞપણે, ભોજ્યપણે મનને પસંદ ન પડે તેવા અમનોહર. અનીપ્સિતપણે - કેમકે ભોજ્યપણે ખાવાને ઈચ્છેલા નથી. જેને વિશે અભિલાષા થાય તે અભીષ્ટ, તેથી ભિન્ન તે અનભીષ્ટ. અર્થાત્ જે આહારપણે પુદ્‌ગલો ગ્રહણ કર્યા છે, તે તૃપ્તિનું કારણ થતાં નથી, તેથી ફરી અભિલાષાના વિષયપણે પરિણમતા નથી. તથા ભારેપણે, પણ લઘુપરિણામરૂપે નહીં, ભારે પરિણામ હોવાથી દુઃખરૂપે, પણ લઘુ પરિણામ વડે ન પરિણમેલા હોવાથી સુખરૂપે નહીં, એ પ્રમાણે નૈરયિકોને તે પુદ્‌ગલ વારંવાર પરિણમે છે.

એ જ આહારાર્થી આદિ સાત દ્વારોને ભવનપતિમાં વિચારવાની ઈચ્છાથી સૂત્રકારશ્રીએ કહ્યું કે — નૈરયિકવત્ તેમને વારંવાર પરિણમે છે, ત્યાં સુધી કહેવું. તેમાં અસુરકુમારની વિશેષતા બતાવવા સૂત્રકારશ્રી કહે છે — આભોગ નિર્વર્તિત આહારાદિ૦ - x - એમ કહી સૂત્ર બનાવેલ છે. અસુરકુમારો આહારાર્થી છે ? હા, છે. તેમનો આહાર બે પ્રકારે — આભોગ નિર્વર્તિત અને અનાભોગ નિર્વર્તિત. અનાભોગ નિર્વર્તિત આહાર નિરંતર છે. આભોગ નિર્વર્તિત જઘન્યથી ચતુર્થભક્ત, ઉત્કૃષ્ટ સાધિક હજાર વર્ષ. ચતુર્થભક્ત એ આગમમાં એક દિવસની સંજ્ઞા છે. તેથી જઘન્યથી એક દિવસ ગયા પછી આહારેચ્છા થાય છે. તે દશ હજાર વર્ષાયુવાળાને જાણવું, ઉત્કૃષ્ટ હજાર વર્ષે આહારેચ્છા થાય તે સાગરોપમ આયુવાળાને જાણવું.

અસુરકુમાર શેનો આહાર કરે છે ? દ્રવ્યથી અનંતપ્રદેશી, ક્ષેત્રથી અસંખ્યાતપ્રદેશાવગાઢ, ઈત્યાદિ નૈરયિકવત્ જાણવું. સામાન્ય કારણથી પીત અને શુક્લવર્ણી, ગંધથી સુગંધી, રસથી ખાટાં અને મધુર, સ્પર્શથી મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણગુણવાળાં - x - તથા વર્ણાદિ વિપરિણમાવી યાવત્ ઈચ્છિતપણે, અભિલાષાના



વિષયપણે, લઘુપણે, સુખરૂપે યાવત્ વારંવાર પરિણમે છે.

અસુરકુમારવત્ નાગકુમારથી સ્તનિતકુમાર પર્યન્ત કહેવું. પણ આભોગ નિર્વર્તિત આહારના વિચારમાં ઉત્કૃષ્ટથી બે થી નવ દિવસે આહારેચ્છા થાય છે. આ કથન પલ્યોપમના અસંખ્યાતમા ભાગ કે તેથી વધુ આયુવાળા માટે સમજવું.

હવે પૃથ્વીકાયિક સંબંધે આ સાત અધિકાર કહે છે —

**● સૂત્ર-૫૫૪ :-**

*ભગવન્ ! પૃથ્વીકાયિકો આહારાર્થી છે. હા, છે. ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા કાળે આહારેચ્છા ઉપજે ? તેને પ્રતિસમય નિરંતર આહારેચ્છા હોય. પૃથ્વી૦ શેનો આહાર કરે ? નૈરયિકવત્ કહેવું. યાવત્ કેટલી દિશાથી આવેલા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે ? વ્યાઘાત સિવાય છ દિશાથી આવેલ અને વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ કે ચાર કે પાંચ દિશાથી આવેલા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે. પરંતુ અહીં સામાન્ય કારણ કહેવાનું નથી.*

*વર્ણથી કાળા, લીલા, પીળાં, સફેદ વર્ણવાળાં, ગંધથી સુગંધી કે દુર્ગન્ધી, રસથી તીખા, કડવા, તૂરા, ખાટા, મધુર રસવાળા, સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શવાળા પુદ્‌ગલો તેઓના પૂર્વના વર્ણગુણોને વિપરિણમાવી ઈત્યાદિ બધું નૈરયિકવત્ કહેવું. યાવત્ કદાચ નિઃશ્વાસ લે.*

*પૃથ્વીકાયિકો જે પુદ્‌ગલોને આહારપણે ગ્રહણ કરે તે પુદ્‌ગલનો કેટલામો ભાગ ભાવિ કાળે આહાર કરે - પરિણામને યોગ્ય કરે - આસ્વાદ લે છે ? અસંખ્યાતમો ભાગ આહારે, અનંતમો ભાગ આસ્વાદે છે. પૃથ્વી૦ જે પુદ્‌ગલો આહારપણે ગ્રહે, શું તે બધાંનો આહાર કરે કે ન કરે ? નૈરયિકવત્ કહેવું, જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે, તેમને કેવા રૂપે વારંવાર પરિણમે ? સ્પર્શન ઈન્દ્રિયના વિવિધ પ્રકારે વારંવાર પરિણમે. વનસ્પતિ૦ સુધી એમ છે.*

**● વિવેચન-૫૫૪ :-**

પૃથ્વીકાયિકોના સૂત્રોનો પૂર્વવત્ વિચાર કરવો. પણ નિર્વ્યાઘાતમાં અવશ્ય છ દિશામાંથી આવેલા પુદ્‌ગલો આહારે છે. વ્યાઘાત - અલોકાકાશ વડે સ્ખલના થવી. વ્યાઘાતથી લોકના નિષ્કુટ આદિને વિશે કદાચ ત્રણ, ચાર કે પાંચ દિશાથી આવેલા પુદ્‌ગલ દ્રવ્યો આહારે છે. જ્યારે પૃથ્વી૦ નીચેના પ્રતરમાં અગ્નિખૂણામાં હોય ત્યારે અલોકના વ્યાઘાતથી અધોદિશાના પુદ્‌ગલોનો અભાવ હોય અગ્નિખૂણાને કારણે પૂર્વ અને દક્ષિણ દિશાના પુદ્‌ગલોનો અભાવ હોય. તેથી તે ત્રણ દિશા સિવાયની ઉર્ધ્વ, પશ્ચિમ, ઉત્તર દિશાથી આવેલ પુદ્‌ગલોનો આહાર કરે. પૃથ્વી૦ પશ્ચિમ દિશામાં હોય ત્યારે પૂર્વ દિશા અધિક ખુલ્લી થતાં ચાર દિશામાંથી, જ્યારે ઉપરના બીજા આદિ પ્રતરમાં પશ્ચિમ દિશામાં રહે ત્યારે અધોદિશા પણ ખુલ્લી થતાં પાંચ દિશાથી પુદ્‌ગલોનો આહાર કરે છે. બાકી બધું પૂર્વવત્ છે.

વિશેષ એટલું કે — સામાન્ય કારણને આશ્રીને કહેવાનું નથી, ઈત્યાદિ સુગમ

છે. શેષ વૃત્તિ સુગમ છે - x -

● **સૂત્ર-૫૫૫ :-**

*ભગવન્ ! બેઈન્દ્રિયો આહારની ઈચ્છાવાળા હોય ? હા, હોય. બેઈન્દ્રિયોને આહારનો અભિલાષ કેટલા કાળે થાય ? નૈરયિકવત્ જાણવું. પરંતુ તેમાં જે આભોગ નિર્વર્તિત આહાર છે, તે સંબંધે અસંખ્યાત સમય પ્રમાણ અંતર્મુહૂર્ત ગયા પછી વિવિધરૂપે આહારેચ્છા થાય છે. બાકી બધું પૃથ્વીકાયિકવત્ યાવત્ કદાચ નિઃશ્વાસ લે છે, ત્યાં સુધી કહેવું. વિશેષ એ કે — અવશ્ય છ દિશાથી આવેલ પુદ્ગલો આહારે છે.*

*ભગવન્ ! બેઈન્દ્રિય જીવો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે, તે પુદ્ગલોનો કેટલા ભાગ ભાવિકાળે આહારરૂપે પરિણમે છે અને કેટલો ભાગ આસ્વાદ લે છે - નૈરયિકવત્ કહેવું. બેઈન્દ્રિય જીવો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, શું તે બધાનો આહાર કરે છે કે કરતો નથી ? બેઈન્દ્રિયોને બે પ્રકારે આહાર કહ્યો — લોમાહાર, પ્રક્ષેપાહાર. લોમાહારપણે ગ્રહણ કરેલા પુદ્ગલોનો સમગ્રપણે આહાર કરે છે અને પ્રક્ષેપાહાર પુદ્ગલોનો અસંખ્યાતમા ભાગે આહાર કરે છે. અનેક હજારો ભાગો સ્પર્શ્યા વિના કે સ્વાદ લીધા વિના નાશ પામે છે.*

*સ્વાદ લીધા સિવાયના અને સ્પર્શ્યા સિવાયના પુદ્ગલોમાં કોણ કોનાથી અલ્પ૰ આદિ છે ? સૌથી થોડાં પુદ્ગલો સ્વાદ લીધા વિનાના, તેનાથી સ્પર્શ્યા વિનાના પુદ્ગલો અનંતગણાં છે.*

*બેઈન્દ્રિયો જે પુદ્ગલો આહારપણે લે છે, તેઓને કેવા રૂપે વારંવાર પરિણમે છે ? તેમને જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના વિવિધરૂપે વારંવાર પરિણમે છે. એમ ચઉરિન્દ્રિય સુધી જાણવું. પરંતુ તેના હજારો ભાગો સુંઘ્યા-આસ્વાધા કે સ્પર્શ્યા વિના નાશ પામે છે. આ સુંઘ્યા-આસ્વાધા કે સ્પર્શ્યા વિનાના પુદ્ગલોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? સૌથી થોડાં સુંઘ્યા વિનાના, આસ્વાધા વિનાના અનંતગુણા, સ્પર્શ્યા વિનાના પુદ્ગલો અનંતગણાં છે.*

*તેઈન્દ્રિયોએ ગ્રહણ કરેલ આહાર પુદ્ગલો તેમને કેવા રૂપે પરિણમે છે ? તે તેમને ઘ્રાણ-જિહ્વા-સ્પર્શનેન્દ્રિયના વિવિધ રૂપે વારંવાર પરિણમે છે. ચઉરિન્દ્રિયોને ચક્ષુ-ઘ્રાણ-જિહ્વા-સ્પર્શન ઈન્દ્રિયના વિવિધ રૂપે તે પુદ્ગલો વારંવાર પરિણમે છે. બાકી બધું તેઈન્દ્રિયો મુજબ જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો તેઈન્દ્રિયવત્ સમજવા. પરંતુ તેમાં આભોગ નિર્વર્તિત આહાર જઘન્યથી અંતર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટ બે દિવસે તેને આહારેચ્છા થાય છે. પંચેન્દ્રિય તિર્યંચોએ ગ્રહણ કરેલ પુદ્ગલો તેને કેવારૂપે પરિણમે છે ? શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-જિહ્વા અને સ્પર્શન ઈન્દ્રિયરૂપે વારંવાર પરિણમે છે.*

*મનુષ્યો પણ એમ જ સમજવા. પણ આભોગનિર્વર્તિત આહાર સંબંધે જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ દિવસે આહારેચ્છા થાય છે. વ્યંતરો નાગકુમારવત્ જાણવા. એમ જ્યોતિષ્ક દેવો પણ જાણવા. પરંતુ આભોગ નિર્વર્તિત આહારમાં જઘન્યથી દિવસપૃથકત્વ ઉત્કૃષ્ટથી પણ તેમજ આહારેચ્છા થાય છે. એમ વૈમાનિકો પણ જાણવા પરંતુ આભોગ નિર્વર્તિત આહારમાં જઘન્યથી દિવસ પૃથકત્વ અને ઉત્કૃષ્ટથી ૩૩,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય. બાકી બધું અસુરકુમારવત્ યાવત્ "તેઓને વારંવાર પરિણમે છે," સુધી જાણવું.*



*સૌધર્મ કલ્પમાં આભોગ નિર્વર્તિત આહાર સંબંધે જઘન્યથી દિવસ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ બે હજાર વર્ષે આહારાભિલાષ થાય છે. ઈશાન કલ્પની પૃચ્છા — જઘન્યથી સાધિક દિવસ પૃથકત્વ, ઉત્કૃષ્ટથી સાધિક બે હજાર વર્ષે આહારેચ્છા થાય. સનત્કુમાર-જઘન્યથી ૨૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષે આહારેચ્છા થાય. માહેન્દ્ર દેવોનો પ્રશ્ન - જઘન્ય ૭૦૦૦, ઉત્કૃષ્ટ ૧૦,૦૦૦ વર્ષે. બ્રહ્મલોકમાં - જઘન્ય ૭૦૦૦, ઉત્કૃષ્ટ ૧૦,૦૦૦ વર્ષે. લાંતકકલ્પે જઘન્ય ૧૦,૦૦૦, ઉત્કૃષ્ટ ૧૪,૦૦૦ વર્ષે, મહાશુક્ર કલ્પે જઘન્ય ૧૪,૦૦૦, ઉત્કૃષ્ટ ૧૭,૦૦૦ વર્ષે. સહસ્રાર કલ્પે - જઘન્ય ૧૭,૦૦૦, ઉત્કૃષ્ટ ૧૮,૦૦૦ વર્ષે. આનત કલ્પે - જઘન્ય ૧૮,૦૦૦, ઉત્કૃષ્ટ ૧૯,૦૦૦ વર્ષે. પ્રાણતકલ્પે - જઘન્ય ૧૯,૦૦૦, ઉત્કૃષ્ટ ૨૦,૦૦૦ વર્ષે. આરણકલ્પે-જઘન્ય ૨૦,૦૦૦, ઉત્કૃષ્ટ ૨૧,૦૦૦ વર્ષે. અચ્યુતકલ્પે - જઘન્ય-૨૧,૦૦૦, ઉત્કૃષ્ટ-૨૨,૦૦૦ વર્ષે આહારની ઈચ્છા થાય છે.*

*અધો અધો ગ્રૈવેયકની પૃચ્છા - જઘન્ય ૨૨,૦૦૦, ઉત્કૃષ્ટ ૨૩,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય. એ પ્રમાણે જેટલા સાગરોપમનું આયુષ્ હોય, તેટલા હજાર વર્ષો સર્વાર્થસિદ્ધ સુધી કહેવા. [તે મુજબ] અધોમધ્યમ ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ ૨૪,૦૦૦ વર્ષ, અધો ઉર્ધ્વ ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ ૨૫,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય. બધાંમાં જઘન્ય સ્થિતિ તે પૂર્વની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. આ પ્રમાણે આગળ પમ જઘન્ય સ્થિતિ કહેવી.*

*અધો મધ્યમ ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ ૨૬,૦૦૦ વર્ષે, મધ્યમ મધ્યમ ગ્રૈવેયકે ઉત્કૃષ્ટ-૨૭,૦૦૦ વર્ષ, મધ્યમ ઉર્ધ્વ ગ્રૈવેયકે ઉત્કૃષ્ટ-૨૮,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. ઉર્ધ્વ અધો ગ્રૈવેયકના દેવોને ઉત્કૃષ્ટ ૨૯,૦૦૦ વર્ષે, ઉર્ધ્વમધ્યમ ગ્રૈવેયકે દેવોને ઉત્કૃષ્ટ ૩૦,૦૦૦ વર્ષે, ઉર્ધ્વઉર્ધ્વ ગ્રૈવેયકે દેવોને ઉત્કૃષ્ટ ૩૧,૦૦૦ વર્ષે આહારની ઈચ્છા થાય છે. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત કલ્પે પૃચ્છા - ગૌતમ ! જઘન્ય ૩૧,૦૦૦, ઉત્કૃષ્ટ-૩૩,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય. સર્વાર્થસિદ્ધ દેવો વિશે પ્રશ્ન - અજઘન્યોત્કૃષ્ટ ૩૩,૦૦૦ વર્ષે આહાર ઈચ્છા થાય છે.*

● **વિવેચન-૫૫૫ :-**

ભગવન્ ! બેઈન્દ્રિયો આહારની ઈચ્છાવાળા હોય છે ? ઈત્યાદિ સૂત્ર સુગમ છે. પણ બેઈન્દ્રિયોને બે પ્રકારે આહાર છે — લોમાહાર અને પ્રક્ષેપાહાર. લોમ- વર્ષાદિકાળમાં શરીરમાં પુદ્ગલોનો પ્રવેશ, - x - મુખમાં કોળીયા લેવા તે પ્રક્ષેપાહાર.

તેમાં લોમાહારનો સમગ્રપણે આહાર કરે છે. કેમકે તે પુદ્ગલનો તેવો સ્વભાવ છે. પણ પ્રક્ષેપાહારનો અસંખ્યાતમો ભાગ આહાર કરે છે. ઘણાં દ્રવ્યો ન સ્પર્શાયેલ, ન સ્વાદ લીધેલા નાશ પામે છે. તેમાં કેટલાંક અતિ સ્થૂળપણાથી, કેટલાંક અતિ સૂક્ષ્મપણાથી નાશ પામે છે. હવે અલ્પબહુત્વ કહે છે —

અહીં આહારના એકૈક સ્પર્શયોગ્ય ભાગનો અનંતમો ભાગ આસ્વાદ્ય હોય છે. તેમાં કેટલાંક આસ્વાદને પ્રાપ્ત થાય, કેટલાંક આસ્વાદને પ્રાપ્ત ન થાય. તેથી આસ્વાદને ન પ્રાપ્ત થયેલા પુદ્ગલો થોડાં જ છે, કેમકે ન સ્પર્શાયેલ પુદ્ગલોની અપેક્ષાએ તેઓ અનંતમાં ભાગના છે, ન સ્પર્શાયેલા પુદ્ગલો અનંતગણાં છે - x - બેઈન્દ્રિયમાં કહ્યું તેમ ચઉરિન્દ્રિય સુધી કહેવું. કેમકે તેમની સમાન વક્તવ્યતા છે. પરંતુ જે પુદ્ગલોને પ્રક્ષેપાહારપણે ગ્રહણ કરે છે. તેના અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે અને અનેક હજાર - અસંખ્યાતા ભાગો સુંઘ્યા સિવાય, સ્પર્શ્યા કે આસ્વાદ્યા સિવાય નાશ પામે છે. અહીં એકૈક સ્પર્શયોગ્ય ભાગનો અનંતમો ભાગ આસ્વાદ્ય છે, તેનો અનંતમો ભાગ સુંઘવા યોગ્ય છે. માટે ઉક્ત અલ્પબહુત્વ થાય છે.

પંચેન્દ્રિય સૂત્રમાં અંતર્મુહૂર્ત જતાં આહારેચ્છા થાય છે. ઉત્કૃષ્ટથી બે દિવસ પછી આહારેચ્છા થાય છે. આ દેવકુરુ-ઉત્તરકુરુના તિર્યંચ પંચેન્દ્રિયની અપેક્ષાએ સમજવું. મનુષ્ય સૂત્રમાં ઉત્કૃષ્ટથી ત્રણ દિવસ ગયા પછી આહારેચ્છા થાય છે. તે પણ કુરુક્ષેત્રાપેક્ષાએ છે.

વ્યંતર સૂત્રમાં નાગકુમાર માફક કહેવું, જ્યોતિષ્ક સૂત્ર પણ તેમજ જાણવું. વિશેષ એ કે — જઘન્ય કે ઉત્કૃષ્ટ દિવસ પૃથકત્વ પછી આહારેચ્છા થાય છે. જ્યોતિષ્કો જઘન્યથી પણ પલ્યોપમના આઠમા ભાગના આયુવાળા હોય. તેથી બે દિવસથી નવ દિવસ ગયા પછી પુનઃ આહારેચ્છા થાય છે. વૈમાનિકમાં વિશેષ એ છે - જઘન્ય દિવસ પૃથકત્વ આહાર કહ્યો તે પલ્યોપમાદિ આયુવાળા માટે જાણવો, ઉત્કૃષ્ટથી ૩૩,૦૦૦ વર્ષે કહ્યું તે અનુત્તર દેવાપેક્ષાએ જાણવું. - x - x -

હવે એકેન્દ્રિય શરીરાદિ સંબંધે અધિકાર —

● **સૂત્ર-૫૫૬ :-**

***ભગવન્ ! નૈરયિકો શું એકેન્દ્રિય શરીરનો આહાર કરે કે યાવત્ પંચેન્દ્રિય શરીરનો ? ગૌતમ ! પૂર્વભાવની પ્રજ્ઞાપનાને આશ્રીને તે પાંચે શરીરનો આહાર કરે. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાને આશ્રીને અવશ્ય પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે, એમ સ્તનિતકુમાર સુધી છે.***

***પૃથ્વીકાયિકો વિશે પૃચ્છા - પૂર્વભાવ પ્રજ્ઞાપનાથી એમ જ સમજવું. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાથી અવશ્ય એકેન્દ્રિય શરીરોનો આહાર કરે. બેઈન્દ્રિયો પૂર્વભાવ પ્રજ્ઞાપનાથી તેમજ છે. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાથી અવશ્ય બેઈન્દ્રિય શરીરોનો આહાર કરે. એમ ચઉરિન્દ્રિય સુધી જાણવું. પરંતુ વર્તમાન ભાવ પ્રજ્ઞાપનામાં જેને જેટલી ઈન્દ્રિયો હોય તે તેટલી ઈન્દ્રિયવાળા શરીરનો આહાર કરે. બાકી***





***બધું નૈરયિકો વત્ વૈમાનિક સુધી જાણવું.***

***ભગવન્ ! નૈરયિકો લોમાહારી છે કે પ્રક્ષેપાહારી છે ? લોમાહારી છે, પ્રક્ષેપાહારી નથી, એમ એકેન્દ્રિયો અને સર્વે દેવો કહેવા. બેઈન્દ્રિયો યાવત્ મનુષ્યો લોમાહારી, પ્રક્ષેપાહારી બંને પણ હોય.***

● **વિવેચન-૫૫૬ :-**

પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તર - પૂર્વભાવની પ્રરૂપણાને આશ્રીને એકે૦ બે૦ તે૦ ચઉ૦ તથા પંચેન્દ્રિયના શરીરોનો પણ આહાર કરે છે. જ્યારે આહારપણે ગ્રહણ કરાતા પુદ્ગલો અતીતકાળના ભાવનો વિચાર કરીએ ત્યારે કેટલાંક કોઈક કાળે એકેન્દ્રિય શરીરરૂપે યાવત્ પંચેન્દ્રિય શરીરરૂપે પરિણમેલા હતા. તેથી ભૂતકાળના પરિણામનો હાલ વર્તમાનમાં આરોપણ કરી વિવક્ષા કરીએ ત્યારે નૈરયિકો પાંચે શરીરોનો આહાર કરે છે. વર્તમાન ભાવ પ્રરૂપણાથી અવશ્ય પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. - x - x - x - એમ ભવનપતિ સુધી કહેવું.

પૃથ્વીકાયિક સૂત્રમાં વર્તમાન ભાવ પ્રરૂપણામાં અવશ્ય એકેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. એમ કહેવું. કેમકે તેઓ એકેન્દ્રિયો હોવાથી તેમના શરીરો એકેનકિદ્રયો છે. એમ બેઈન્દ્રિયથી ચઉરિન્દ્રિય સૂત્રમાં તેના-તેના શરીરોનો આહાર કરે છે. તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યો, વ્યંતર, જ્યોતિષ્કો, વૈમાનિકોને નૈરયિકવત્ કહેવા.

હવે લોમાહારની વિચારણા - સૂત્ર સુગમ છે. પરંતુ નૈરયિકોને વૈક્રિય શરીરોનો તથાવિધ સ્વભાવ હોવાથી પ્રક્ષોપાહાર ન હોય. લોમાહાર પણ પર્યાપ્તાને હોય, અપર્યાપ્તાને નહીં. એમ નૈરયિકોને કહ્યા મુજબ એકેન્દ્રિયો તથા અસુરકુમારથી વૈમાનિક સુધી બધાં દેવો કહેવા. તેમાં એકેન્દ્રિયોને મુખ ન હોવાથી પ્રક્ષેપાહાર ન હોય. અસુરકુમારાદિને વૈક્રિય શરીરને લીધે તથાવિધ પ્રક્ષેપાહાર ન હોય. પરંતુ વિકલેન્દ્રિય, પંચે૦ તિર્યંચ અને મનુષ્યો લોમાહારી અને પ્રક્ષેપાહારી બંને કહેવા. કેમકે બંને પ્રકારે આહાર તેમને સંભવે છે.

હવે છેલ્લા અધિકારને કહેવા સૂત્રકાર જણાવે છે —

● **સૂત્ર-૫૫૭ :-**

***ભગવન્ ! નૈરયિકો ઓજાહારી અને મનોભક્ષી હોય છે ? ગૌતમ ! ઓજાહારી હોય, મનોભક્ષી નહીં. એમ બધાં ઔદારિક શરીરી જાણવા. વૈમાનિક સુધીના બધાં દેવો ઓજાહારી અને મનોભક્ષી હોય. તેઓમાં મનોભક્ષી દેવોને ‘‘અમે મન વડે ભક્ષણ કરવા ઈચ્છીએ છીએ’’ એવું ઈચ્છાપ્રધાન મન થાય છે. તે દેવો એવો વિચાર કરે છે ત્યારે તુરંત જ ઈષ્ટ, કાંત યાવત્ મનોનુકૂળ પુદ્ગલો તેમને મનોભક્ષણરૂપે પરિણમે છે. જેમ શીત પુદ્ગલો શીતયોનિક જીવને આશ્રીને શીતરૂપે પરિણમીને રહે, ઉષ્ણ પુદ્ગલો ઉષ્ણયોનિક જીવને આશ્રીને ઉષ્ણરૂપે થઈને રહે, એમ તે દેવો મનોભક્ષણ કરે ત્યારે તેમનું આહારનું ઈચ્છાપ્રધાન મન જલ્દીથી શાંત થાય છે.***

● **વિવેચન-૫૫૮ :-**

ઓજસ્ - ઉત્પત્તિ સ્થાને આહાર યોગ્ય પુદ્‌ગલોનો સમૂહ, જેનો ઓજસ્રૂપ આહાર છે, તે ઓજાહારી. મન વડે ભક્ષણ કરવાના સ્વભાવવાળા તે મનોભક્ષી કહેવાય. નૈરયિકો ઓજાહારી છે, કેમકે તેમને અપર્યાપ્તાવસ્થામાં ઓજાહારનો સંભવ છે. પણ મનોભક્ષી નથી. મનોભક્ષણ આહાર - તથાવિધ શક્તિથી મન વડે સ્વ શરીરની પુષ્ટિ કરનારા પુદ્‌ગલોનો આહાર કરાય, આહાર પછી તૃપ્તિ સહ સંતોષ પામે. તેવો મનોભક્ષણ આહાર નૈરયિકોને નથી. કેમકે તેવી શક્તિનો તેમને અભાવ છે. નૈરયિકોને કહ્યા પ્રમાણે પૃથ્વીકાયિકથી માંડી મનુષ્ય સુદીના બધાં ઔદારિક શરીરી જાણવા. તે આ પ્રમાણે –

બધાં પૃથ્વીકાયિકો ઓજાહારી અને મનોભક્ષી હોય છે ? ગૌતમ ! ઓજાહારી હોય, પણ મનોભક્ષી નહીં. એ રીતે બધાં દેવો કહેવા. - x - x - હવે દેવો જે પ્રકારે મનોભક્ષી છે, તે બતાવે છે – મનોભક્ષી દેવોનું મન આહારનો પ્રસ્તાવ હોવાથી આહાર વિશે આવા પ્રકારે થાય – "અમે મન વડે ખાવા ઈચ્છીએ છીએ." તથાવિધ શુભ કર્મોદયથી તત્કાળ ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ પુદ્‌ગલો મનોભક્ષણરૂપે પરિણમે છે. કેવી રીતે પરિણમે ? તે વિષયે દૃષ્ટાંત કહે છે – શીત પુદ્‌ગલો વિશેષથી શીત થઈને શીતયોનિવાળા પ્રાણીના સુખને માટે થાય છે. - x - એ પ્રમાણે પૂર્વોક્ત રીતિથી તે દેવોએ મનોભક્ષણ કર્યુ, તેથી તે દેવોનું ઈચ્છાપ્રધાન મન તુરંત તૃપ્તિ થવાથી શાંત થાય છે. - x - x -

અહીં ઓજાહારાદિના વિભાગને જણાવનારી સૂયગડાંગ નિર્યુક્તિની આ ગાથાઓ છે – ઓજાહાર શરીર વડે, લોમાહાર ત્વચાના સ્પર્શ વડે, પ્રક્ષેપાહાર કોળીયા વડે થાય છે. બધાં અપર્યાપ્ત જીવો ઓજાહારી જાણવા. પર્યાપ્તા જીવો લોમાહારી અને પ્રક્ષેપાહારી વિકલ્પે જાણવા - હોય કે ન પણ હોય. એકેન્દ્રિયો, દેવો, નારકોને પ્રક્ષેપાહાર નથી. શેષ સંસારીને હોય છે. લોમાહારી એકેન્દ્રિયો, દેવો, નારકો છે. બાકીના બધાને લોમાહાર, પ્રક્ષેપાહાર બંને હોય છે.

આહારની આભોગનિર્વર્તિતા અને અનાભોગનિર્વર્તિતા – દેવોને અપર્યાપ્તાવસ્થામાં અનાભોગ નિર્વર્તિત ઓજાહાર હોય, પર્યાપ્તાવસ્થામાં અનાભોગ નિર્વર્તિત લોમાહાર હોય છે. તતા મન વડે ભક્ષણ રૂપ આહાર આભોગ નિર્વર્તિત હોય અને પર્યાપ્તાવસ્થામાં હોય છે. બધાં જીવોને અપર્યાપ્તાવસ્થામાં ઓજાહાર અને પર્યાપ્તાવસ્થામાં લોમાહાર હોય, તે પણ અનાભોગ નિર્વર્તિત હોય છે. નૈરયિકોને લોમાહાર આભોગનિર્વર્તિત પણ હોય.



## ❀ પદ-૨૮, ઉદ્દેશો-૨ ❀

૦ આહારપદના ઉદ્દેશા-૧-ની વ્યાખ્યા કરી, હવે બીજાની વ્યાખ્યા કરીએ છીએ. તેની આ અધિકાર સંગ્રહ ગાથા.

● **સૂત્ર-૫૫૮ :-**

*આહાર, ભવ્ય, સંજ્ઞી, લેશ્યા, દૃષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર અને પર્યાપ્તિ એ ૧૩ દ્વારો છે.*

● **વિવેચન-૫૫૮ :-**

(૧) સામાન્યથી આહાર અધિકાર, (૨) ભવ્ય વિશેષિત આહારાધિકાર, (૩) સંજ્ઞી અધિકાર, (૪) લેશ્યાધિકાર, (૫) દૃષ્ટિ અધિકાર, (૬) સંયતાધિકાર, (૭) કષાયાધિકાર, (૮) જ્ઞાનાધિકાર, (૯) યોગાધિકાર, (૧૦) ઉપયોગાધિકાર, (૧૧) વેદાધિકાર, (૧૨) શરીર અધિકાર, (૧૩) પર્યાપ્તિ અધિકાર. અહીં ભવ્યાદિના ગ્રહણથી તેના વિપક્ષરૂપ અભવ્યાદિ પણ જાણવી. તેમાં પહેલો અધિકાર –

## ❀ પદ-૨૮, ઉદ્દેશો-૨, દ્વાર-૧ થી ૩ ❀

● **સૂત્ર-૫૫૯ થી ૫૬૧ :-**

*[૫૫૯] ભગવન્ ! જીવ આહારક હોય કે અનાહારક ? ગૌતમ ! કદાચ આહારક, કદાચ અનાહારક. એ પ્રમાણે નૈરયિક યાવત્ અસુરકુમાર યાવત્ વૈમાનિક કહેવા.*

*ભગવન્ ! સિદ્ધ આહારક છે કે અનાહારક ? આહારક નથી, અણાહારક છે. જીવો આહારક છે કે અનાહારક ? આહારક પણ હોય અને અણાહારક પણ હોય. નૈરયિકો વિશે પ્રશ્ન – (૧) બધાં જ આહારક હોય, અથવા-૨- બધાં આહારક અને એક અનાહારક હોય. અથવા-૩-ઘણાં આહારક હોય, ઘણાં અનાહારક હોય. એ રીતે વૈમાનિકો સુધી કહેવું. પરંતુ એકેન્દ્રિયો જીવોવત્ જાણવા.*

*સિદ્ધો ? તેઓ આહારક નથી, અણાહારક છે.*

*[૫૬૦] ભગવન્ ! ભવ્ય જીવ આહારક હોય કે અનાહારક ? કદાચ આહારક, કદાચ અનાહારક. એમ વૈમાનિક સુધી જાણવું. ભવ્ય જીવો આહારક કે અનાહારક ? જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. અભવ્યજીવ પણ એમ જ સમજવો. નોભવ્ય-નોઅભવ્ય જીવ આહારક કે અનાહારક ? આહારક ન હોય, અનાહારક હોય. એમ સિદ્ધો પણ જાણવા.*

*[૫૬૧] ભગવન્ ! સંજ્ઞી જીવો આહારક કે અનાહારક ? ગૌતમ ! કદાચ*

*આહારક, કદાચ અનાહારક. એમ વૈમાનિક સુધી છે. પરંતુ એકેન્દ્રિયો-વિકલેન્દ્રિયો વિશે પ્રશ્ન ન કરવો.*

*ભગવન્ ! સંજ્ઞી જીવો આહારક કે અનાહારક ? જીવાદિ સંબંધે ત્રણ ભંગો વૈમાનિકો સુધી જાણવા. અસંજ્ઞી જીવ આહારક કે અનાહારક ? કદાચ આહારક, કદાચ અણાહારક. એમ નૈરયિકથી વ્યંતર સુધી જાણવું. જ્યોતિષ્ક અને વૈમાનિક સંબંધે પ્રશ્ન ન કરવો.*

*અસંજ્ઞીજીવો આહારક કે અનાહારક ? તેઓ આહારક પણ હોય, અનાહારક પણ હોય એ એક ભંગ જાણવો. અસંજ્ઞી નારકો આહારક હોય કે અનાહારક ? (૧) બધાં આહારક, (૨) બધાં અનાહારક, (૩) એક આહારક-એક અનાહારક, (૪) એક આહારક ઘણાં અનાહારક, (૫) ઘણાં આહારક, એક અનાહારક, (૬) ઘણાં આહારક ઘણાં અનાહારક. એમ છ ભંગો જાણવા. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.*

*એકેન્દ્રિયોમાં બીજા ભંગો નથી. બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચોમાં ત્રણ ભંગો તથા મનુષ્ય, વ્યંતરોમાં છ ભંગો જાણવા. ભગવન્ ! નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવ આહારક કે અનાહારક ? કદાચ આહારક-કદાચ અનાહારક. એમ મનુષ્ય વિશે પણ જાણવું. સિદ્ધ અનાહારક હોય. બહુવચનમાં નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવો આહારક પણ હોય, અનાહારક પણ હોય. મનુષ્યને વિશે ત્રણ ભંગો હોય છે સિદ્ધો અનાહારક હોય છે.*

**● વિવેચન-૫૫૯ થી ૫૬૧ :-**

પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તર-કદાચ આહારક, કદાચ અનાહારક હોય. કેવી રીતે ? વિગ્રહગતિમાં, કેવલી સમુદ્ઘાતકાળે, શૈલેશી અવસ્થામાં અને સિદ્ધાવસ્થામાં અનાહારક હોય, બાકીની અવસ્થામાં આહારક હોય. એમ સામાન્યથી જીવ સંબંધે આહારનો વિચાર કરી, હવે નૈરયિકાદિ ચોવીશ દંડકના ક્રમે આહારકત્વ કહે છે —

નૈરયિકનું સૂત્ર સુગમ છે. બહુવચનમાં પણ આ સંબંધે વિચાર કરે છે — જીવો આહારક છે, ઈત્યાદિ. પ્રશ્નસૂત્ર - ગૌતમ ! આહારક પણ હોય અને અનાહારક પણ હોય. તે આ રીતે — વિગ્રહગતિ સિવાય બાકીના કાળે બધાં સંસારી જીવો આહારક હોય, વિગ્રહગતિ તો ક્વચિત્ કોઈ કાળે કોઈ જીવની હોય. તે સર્વકાળે હોવા છતાં પણ અમુક જીવોની જ હોય. તેથી આહારક જીવો ઘણાં હોય. અનાહારક સિદ્ધો તો હંમેશાં હોય છે, તેઓ અભવ્યોથી અનંતગુણાં છે. વળી હંમેશાં એકૈક નિગોદનો અસંખ્યાતમો ભાગ પ્રતિસમય વિગ્રહગતિમાં વર્તે છે, તેઓ અનાહારક હોય છે. તેથી આહારક અને અનાહારક બંને બહુવચનમાં જાણવા.

નારકોમાં કોઈ સમયે બધાં નારકો આહારક હોય, કેમકે ઉપપાતવિરહકાળમાં એમ થાય. નૈરયિકોનો ઉપપાત વિરહ બાર મુહૂર્ત્તનો છે. એટલા કાળમાં પૂર્વોત્પન્ન અને વિગ્રહગતિ પ્રાપ્ત પણ આહારક થાય અને બીજો ઉત્પન્ન ન થવાથી અનાહારકત્વ

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (59)



ન સંભવે. અથવા ઘણાં આહારક અને એક અનાહારક હોય. તે - x - આ રીતે - નરકમાં કદાચ એક જીવ ઉત્પન્ન થાય, કદાચ બે કે ત્રણ કે યાવત્ સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય, તેમાં જે એક ઉત્પન્ન થાય તે પણ વિગ્રહગતિ પ્રાપ્ત હોવાથી અનાહારક હોય, બીજા પૂર્વોત્પન્ન હોવાથી બધાં આહારક હોય. ત્રીજો ભંગ આહારક-અનાહારક બંને ઘણાં હોય. આ ભંગ, ઘણાં નારકો વિગ્રહગતિ વડે નૈરયિકપણે ઉત્પન્ન થયા હોય ત્યારે જાણવો. બીજા ભંગો સંભવ નથી.

એ પ્રમાણે અસુરકુમારથી સ્તનિતકુમાર સુધી, બેઈન્દ્રિયથી વૈમાનિક સુધી પ્રત્યેકને વિશે ત્રણ ભંગો જાણવા. - x - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિરૂપ એકેન્દ્રિયોમાં પ્રત્યેકમાં આહારકો અને અનાહારકો પણ હોય. આ એક જ ભંગ હોય, કેમકે પૃથ્વી આદિ પ્રતિસમય અસંખ્યાતા, વનસ્પતિ પ્રતિ સમય અનંતા વિગ્રહગતિથી ઉપજતા હોવાથી અનાહારકમાં હંમેશાં બહુવચન સંભવે છે. તેથી સૂત્રકાર કહે છે — એમ વૈમાનિક સુધી કહેવું. પણ એકેન્દ્રિયો જીવોની માફક કહેવા, - x - x - સિદ્ધોમાં 'અનાહારકો' હોય એ એક જ ભંગ કહેવો. કેમકે સર્વ શરીરના નાશથી તેમને આહારકનો સંભવ નથી.

બીજું ભવ્યદ્વાર - ભવસિદ્ધિક એટલે સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ભવે જેની સિદ્ધિ થાય છે તે. ભવ્ય તે આહારક હોય કે અનાહારક પણ હોય, વિગ્રહગતિમાં અનાહારક, બાકી આહારક, એમ ચોવીશે દંડકમાં જાણવું - x - અહીં સિદ્ધ વિષયક સૂત્ર ન કહેવું. કેમકે તે મોક્ષપદને પ્રાપ્ત થયેલ હોવાથી તેનામાં ભવ્યપણું નથી.

હવે તેના બહુવચન વડે આહારક-અનાહારકપણું કહે છે. જેમકે ભવ્યજીવો આહારક હોય ઈત્યાદિ. અહીં જીવપદમાં અને એકેન્દ્રિયોમાં પ્રત્યેકને આશ્રીને બંને સ્થાને બહુવચનથી આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય - એ એક જ ભંગ કહેવો. બાકીના નારકાદિમાં ત્રણ ભંગો હોય છે. [જે સૂત્રાર્થમાં કહેવાઈ ગયેલ છે] - x -

એક અને બહુ ભવ્યો વિશે આહારક અને અનાહારકપણું કહ્યું તેમ અભવ્યો પણ કહેવા. કેમકે બંને સ્થાને એકવચન અને બહુવચનમાં બધે ભંગોની સંખ્યા સમાન છે. - x - નોભવ્યનોઅભવ્ય અર્થાત્ જે ભવસિદ્ધિક નથી, તેમ અભવસિદ્ધિક પણ નથી તે સિદ્ધ છે. તેઓ ભવથી રહિત છે માટે ભવસિદ્ધિક નથી. વળી અભવસિદ્ધિક પણ નથી, કેમકે સિદ્ધિપદને પામેલ છે. તેથી અહીં માત્ર બે પદ વિચારવા - જીવપદ અને સિદ્ધિપદ. બંને સ્થાને એકવચનમાં 'અનાહારક' હોય એ એક જ ભંગ અને બહુવચનમાં પણ બધાં અનાહારક હોય તે એક જ ભંગ હોય છે.

સંજ્ઞીદ્વારમાં પ્રશ્નસૂત્ર સુગમ છે. સંજ્ઞી વિગ્રહગતિમાં અનાહારક હોય અને બાકીના સમયે આહારક હોય. [પ્રશ્ન] મનસહિત હોય તે સંજ્ઞી, વિગ્રહગતિમાં મન નથી તો સંજ્ઞી છતાં અનાહારક કેમ હોય ? [ઉત્તર] વિગ્રહગતિને પ્રાપ છતાં સંજ્ઞીનું આયુવેદે છે માટે સંજ્ઞી કહેવાય. માટે સંજ્ઞી છતાં અનાહારક કહેવામાં કોઈ દોષ

નથી. એ પ્રમાણે વૈમાનિક સૂત્ર કહેવું. પણ એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો મનરહિત હોવાથી સંજ્ઞી નથી, માટે તેમનું સૂત્ર સર્વથા ન કહેવું.

બહુવચનની અપેક્ષાએ જીવપદ અને નૈરયિકાદિપદમાં પ્રત્યેકને બધે ત્રણ ભંગો કહેવા (૧) બધાં આહારક, (૨) બધાં આહારક અને એક અનાહારક, (૩) ઘણાં આહારક-ઘણાં અનાહારક. - x - તેમાં સામાન્યથી જીવપદમાં પહેલો ભંગ હોય, કેમકે સર્વલોકની અપેક્ષાથી સંજ્ઞીપણે નિરંતર ઉપજે છે, એક સંજ્ઞીજીવ વિગ્રહગતિને પ્રાપ્ત થાય ત્યારે બીજો ભંગ, ઘણાં સંજ્ઞી જીવ વિગ્રહગતિ પ્રાપ્ત થાય ત્યારે ત્રીજો ભંગ, એ પ્રમાણે નૈરયિકાદિ પદોનો વિચાર કરવો.

અસંજ્ઞી પણ વિગ્રગતિમાં અનાહારક, બાકીના સમયે આહારક હોય. એમ વ્યંતર સુધી કહેવું અર્થાત્ સામાન્ય જીવપદ માફક ચોવીશ દંડકના ક્રમે વ્યંતર સૂત્ર સુધી કહેવું.

નારકો, ભવનપતિ, વ્યંતરો અસંજ્ઞી અને સંજ્ઞી બંનેથી આવી ઉત્પન્ન થાય. જેઓ અસંજ્ઞીથી આવે તે અસંજ્ઞી અને જેઓ સંજ્ઞીથી આવીને ઉપજે તે સંજ્ઞી કહેવાય. - x - જ્યોતિષ્ક અને વૈમાનિકો સંજ્ઞીથી જ આવીને ઉત્પન્ન થાય, અસંજ્ઞીથી આવીને નહીં. માટે તેઓમાં અસંજ્ઞીપણાના વ્યવહારના અભાવે તેમનો પાઠ નથી. - x - બહુવચનના વિચારમાં સામાન્યથી જીવપદને વિશે એક જ ભંગ હોય. જેમકે આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય. કેમકે પ્રતિસમય વિગ્રહગતિને પ્રાપ્ત અનંત એકેન્દ્રિયો હોવાથી તેઓ અનાહારકપણે હંમેશાં પ્રાપ્ત થતા હોવાથી અનાહારકમાં હંમેશાં બહુવચન હોય.

નૈરયિકપદમાં હંમેશાં છ ભંગો હોય છે. (૧) બધાં આહારક હોય, આ ભંગ જ્યારે અન્ય અસંજ્ઞી નારક ઉત્પન્ન થયા છતાં વિગ્રહ ગતિ પ્રાપ્ત ન હોય, પૂર્વોત્પન્ન બધાં અસંજ્ઞી નારકો આહારક હોય ત્યારે ઘટે છે. (૨) બધાં અનાહારક હોય, જ્યારે પૂર્વોત્પન્ન અસંજ્ઞી નારક એક પણ ન હોય અને ઉત્પન્ન થતાં વિગ્રહગતિ પ્રાપ્ત નારકો ઘણાં હોય ત્યારે જાણવો. (૩) એક આહારક, એક અનાહારક હોય તેમાં ઘણાં કાળથી ઉત્પન્ન એક અસંજ્ઞી નારક હોય, હમણાં ઉત્પન્ન થતો પણ એક અસંજ્ઞી નારક વિગ્રહગતિ પ્રાપ્ત હોય ત્યારે આ ભંગ ઘટી શકે. (૪) એક આહારક-ઘણાં અનાહારક-ઘણાં કાળનો ઉત્પન્ન એક અસંજ્ઞી નારક, અધુના ઉત્પન્ન બીજા અસંજ્ઞી નારકો વિગ્રહગતિ પ્રાપ્ત હોય ત્યારે જાણવો. (૫) ઘણાં આહારક અને એક અનાહારક - x - (૬) ઘણાં આહારક, ઘણાં અનાહારક હોય - x -

આ રીતે ઉક્ત છ ભંગો આ પ્રમાણે થાય — (૧) કેવળ આહારકપદના બહુવચનથી પહેલો ભંગ, (૨) અનાહારક પદના બહુવચન વડે, (૩) આહારક-અનાહારક પ્રત્યેકના એકવચનથી, (૪) આહારકના એકવચન, અનાહારકના બહુવચનથી, (૫) આહારક પદના બહુવચનથી અને અનાહારકપદના એકવચનથી, (૬) બંનેના બહુવચનથી.

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (60)



આ છ ભંગો અસુરથી સ્તનિતકુમાર સુધી જાણવા. - x - એકેન્દ્રિયોમાં ભંગોનો અભાવ છે. તેથી પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ પાંચેમાં અન્ય ભંગોનો અભાવ છે. તેથી એક જ ભંગ હોય — આહારકો હોય અને અનાહારકો હોય - x - તે ઘણાં છે અને સિદ્ધો પણ છે.

વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં પ્રત્યેકને આશ્રીને ત્રણ ભંગો જાણવા. જે પ્રસિદ્ધ છે. - x - બેઈન્દ્રિયોમાં આ વિચાર છે — બેઈન્દ્રિયપણે ઉત્પન્ન થતો એક પણ જીવ વિગ્રહગતિમાં ન હોય ત્યારે પૂર્વોત્પન્ન બધાં આહારક હોય એ પહેલો ભંગ, ઈત્યાદિ પૂર્વવત્ જાણવું. - x - એ પ્રમાણે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય પણ કહેવા. મનુષ્યો અને વ્યંતરમાં છ ભંગ હોય છે, તે નારકવત્ જાણવા. - x - નોસંજ્ઞી-નોઅસંજ્ઞીના વિચારમાં ત્રણ પદ છે — જીવ, મનુષ્ય અને સિદ્ધ. તેમાં જીવસંબંધે સૂત્ર કહે છે — નોસંજ્ઞીનોઅસંજ્ઞી જીવ આહારક હોય કે અનાહારક ? કદાચ આહારક, કેમકે કેવળજ્ઞાનીને સમુદ્ઘાતાદિ અવસ્થાના અભાવમાં આહારકપણું છે. કદાચ અનાહારકપણું છે - તે સમુદ્ઘાત અવસ્થામાં, અયોગીપણામાં, સિદ્ધાવસ્થામાં જાણવું. સિદ્ધ અનાહારક છે. બહુવચનથી આહારક અને અનાહારક બંને હોઈ શકે છે. - x - મનુષ્યોમાં ત્રણ ભંગો હોય. જેમકે કોઈ કેવલી સમુદ્ઘાતાદિ અવસ્થાને પ્રાપ્ત થયેલ ન હોય ત્યારે બધાં આહારક હોય. ઈત્યાદિ પૂર્વવત્ ત્રણ ભંગ.

લેશ્યાદ્વારમાં સામાન્યથી સલેશ્યીસૂત્ર કહે છે —

## ❀ પદ-૨૮, ઉદ્દેશો-૨, દ્વાર-૪ થી ૭ ❀

● **સૂત્ર-૫૬૨ થી ૫૬૫ :-**

*[૫૬૨] સલેશ્યી જીવ આહારક હોય કે અનાહારક ? કદાચ આહારક, કદાચ અણાહારક. એમ વૈમાનિક સુધી જાણવું. ભગવન્ ! સલેશ્યી જીવો આહારક કે અણાહારક ? જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. એમ કૃષ્ણ-નીલ-કાપોતલેશ્યીને પણ જીવ અને એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગો જાણવા. તેજોલેશ્યામાં પૃથ્વી, અપ્ અને વનસ્પતિકાયિકને છ ભંગો, બાકીના જેઓને તેજોલેશ્યા છે તેમને જીવાદિ સંબંધી ત્રણ ભંગ જાણવા. પદ્મ અને શુક્લ લેશ્યામાં જીવાદિ સંબંધી ત્રણ ભંગ. અલેશ્યી જીવો, મનુષ્યો અને સિદ્ધો હોય છે અને એકવચન-બહુવચનથી આહારક નથી, પણ અનાહારક છે.*

*[૫૬૩] ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ જીવો આહારક કે અનાહારક ? ગૌતમ ! કદાચ આહારક, કદાચ અનાહારક હોય. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોને છ ભંગ હોય. સિદ્ધો અનાહારક છે. બાકીના જીવને ત્રણ ભંગો હોય છે. મિથ્યાદૃષ્ટિમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો સમજવા. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવ૦? ગૌતમ !*

*આહારક હોય, અનાહારક ન હોય. એમ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાય વૈમાનિક સુધી જાણવું. બહુવચનમાં પણ એમ જાણવું.*

*[૫૬૪] ભગવન્ ! સંયત જીવ આહારક કે અનાહારક ? ગૌતમ ! કદાચ આહારક, કદાચ અનાહારક. એમ મનુષ્યમાં પણ કહેવું. બહુવચનમાં ત્રણ ભંગો જાણવા. અસંયતની પૃચ્છા - કદાચ આહારક કે અનાહારક હોય. બહુવચનમાં જીવ અને એકે૰ સિવાય ત્રણ ભંગો જાણવા. સંયતાસંયત જીવ, પંચે૰ તિર્યંચ અને મનુષ્ય હોય છે. તે એકવચન-બહુવચનથી પણ આહારક હોય છે, પણ અનાહારક હોતા નથી. નોસંયતનોઅસંયતનોસંયતાસંયત, જીવ અને સિદ્ધ છે. તે બંને વચનથી આહારક નથી, અનાહારક છે.*

*[૫૬૫] ભગવન્ ! સકષાયી જીવ આહારક કે અનાહારક ? ગૌતમ ! કદાચ આહારક, કદાચ અનાહારક. એમ વૈમાનિક સુધી છે. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. ક્રોધ કષાયી જીવાદિ વિશે એમ જ છે. પરંતુ દેવોમાં છ ભંગો હોય છે. માન અને માયા કષાયી દેવ અને નારકોમાં છ ભંગો, બાકીના સ્થાને જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. લોભકષાયી નારકોને છ ભંગો અને બાકી સ્થાનોમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. અકષાયીને નોસંજ્ઞીનોઅસંજ્ઞી માફક કહેવા.*

**● વિવેચન-૫૬૨ થી ૫૬૫ :-**

લેશ્યા સૂત્ર, સામાન્યથી જીવ સૂત્રવત્ કહેવું. અહીં પણ સિદ્ધનું સૂત્ર ન કહેવું. કેમકે સિદ્ધો અલેશ્યી છે. બહુવચનથી જીવ અને પૃથ્વી આદિ એકે૰ વિશે પ્રત્યેકને એક જ ભંગ હોય છે, આહારક પણ હોય અને અનાહારક પણ હોય, કેમકે બંને જીવો ઘણાં હોય છે. બાકીના નૈરયિકાદિ પદોમાં પ્રત્યેકને ત્રણ ભંગો જાણવા. બધાં આહારક હોય ઈત્યાદિ પૂર્વવત્. - x - એમ જે રીતે સલેશ્યી સૂત્ર કહ્યું, તેમ કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યીનું સૂત્ર પણ કહેવું. બધે સામાન્ય જીવપદમાં અને એકેન્દ્રિયોમાં પ્રત્યેકના અન્ય ભંગો હોતા નથી. બાકીનાને ત્રણ ભંગો હોય છે. તેજોલેશ્યા સૂત્ર એકવચનમાં પૂર્વવત્. બહુવચનમાં પૃથ્વી, પાણી, વનસ્પતિમાં છ ભંગો જાણવા, તેઓમાં તેજોલેશ્યા કઈ રીતે ? તેજોલેશ્યી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, પહેલા બે કલ્પના દેવોની પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ઉત્પત્તિ થાય છે. આમ ભગવતી-પ્રજ્ઞાપના ચૂર્ણિમાં પણ કહ્યું છે. તે છ ભંગો આ રીતે – (૧) બધાં આહારકો હોય, (૨) બધાં અનાહારક હોય, (૩) એક આહારક અને એક અનાહારક હોય, (૪) એક આહારક અને બધાં અનાહારક હોય ઈત્યાદિ છ. બાકીનાને જીવપદથી આરંભી ત્રણ ભાંગા જાણવા. - x - x -

શું બધાં જીવોને સામાન્યથી જીવપદથી આરંભી ત્રણ ભંગો હોય કે કોઈકને હોય ? જેમને તેજોલેશ્યા હોય તેમને ત્રણ ભંગો કહેવા, બાકીનાને ન કહેવા. તેથી કહ્યું કે – નારક, તેજો, વાયુ, વિકલેન્દ્રિય સંબંધે તેજોલેશ્યા સૂત્ર ન કહેવું.

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (61)



પદ્મલેશ્યા, શુક્લલેશ્યા જેમને હોય છે, તેઓ સંબંધે તે વિશે સૂત્ર કહેવું. તેમાં પદ્મલેશ્યા અને શુક્લ લેશ્યા પંચે૰ તિર્યંચ, મનુષ્ય, વૈમાનિકોમાં કહેવું. બીજાને નહીં. માટે તે બંને લેશ્યામાં પ્રત્યેકને આશ્રીને ચાર પદ ચે – સામાન્ય જીવપદ, પંચેન્દ્રિય તિર્યંચપદ, મનુષ્યપદ, વૈમાનિક પદ. બધે એકવચનથી કદાચ આહારક, કદાચ અનાહારક હોય એ એક ભંગ. બહુવચનથી ત્રણ ભંગો હોય. જેમકે બધાં આહારક હોય ઈત્યાદિ પૂર્વવત્. - x -

અલેશ્યી, અયોગી કેવળી અને સિદ્ધો છે. તેથી અહીં ત્રણ પદ સમજવા. જેમકે સામાન્ય જીવપદ, મનુષ્ય, સિદ્ધ. બધે બંને વચન વડે અનાહારકો જ કહેવા. અલેશ્યી જીવો, મનુષ્યો, સિદ્ધો બંને વચનની અપેક્ષાથી અનાહારક હોય છે.

● હવે સમ્યગ્દૃષ્ટિ દ્વારની વ્યાખ્યા – અહીં સમ્યક્દૃષ્ટિ ઔપશમિક-સાસ્વાદન-ક્ષાયોપશમિક-વેદક-ક્ષાયિક સમ્યક્ત્વ વડે જાણવા. કેમકે અહીં સામાન્ય સમ્યગ્દૃષ્ટિનું ગ્રહણ કરેલ છે. તે પ્રમાણે જ આગળ ભાંગાનો વિચાર કરવો. - x - વેદક સમ્યક્દૃષ્ટિ, ક્ષાયિક સમ્યક્ત્વને પામતો સમ્યક્ત્વ મોહનીયના ચરમસમયવર્તી પુદ્ગલોને અનુભવતો હોય ત્યારે જાણવો. એકવચનમાં જીવાદિ બધાં પદોમાં પ્રત્યેકને આશ્રીને કદાચ આહારક-કદાચ અનાહારક હોય. પરંતુ પૃથિવ્યાદિમાં એ સૂત્ર ન કહેવું કેમકે તેમાં સમ્યગ્દૃષ્ટિ નથી - x - બહુવચન સૂત્રમાં સામાન્યથી જીવપદમાં આહારકો-અનાહારકો બંને હોય-એ એક જ ભંગ ઘટે. કેમકે બંને પ્રકારના સમ્યગ્દૃષ્ટિ હંમેશાં ઘણાં હોય છે. નારક, ભવનપતિ, તિર્યંચ પંચે૰ મનુષ્ય, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં પ્રત્યેકને ત્રણ ભંગો હોય છે. જેમકે - કદાચિત્ બધાં જ આહારકો હોય ઈત્યાદિ પૂર્વવત્.

વિકલેન્દ્રિયમાં છ ભંગો હોય, તેનો પૂર્વવત્ વિચાર કરવો બેઈન્દ્રિયાદિને સમ્યગ્દૃષ્ટિપણું અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદનની અપેક્ષાએ જાણવું. સિદ્ધો અનાહારક હોય. કેમકે તેઓ ક્ષાયિક સમ્યક્ત્વ સહિત હોય. બાકીનાને ત્રણ ભંગો જાણવા. મિથ્યાદૃષ્ટિમાં એકવચનની અપેક્ષાએ બધે કદાચિત્ આહારક-કદાચ અનાહારક કહેવા. બહુવચનમાં જીવપદ અને પૃથિવ્યાદિમાં આહારકો પણ હોય, અનાહારકો પણ હોય. કેમકે બંને જીવો તેમાં ઘણાં હોય છે. બાકી બધાં સ્થાને ત્રણ ભંગો કહેવા. અહીં સિદ્ધ સૂત્ર ન કહેવું, કેમકે સિદ્ધોને મિથ્યાત્વ ન હોય. - x -

મિશ્રદૃષ્ટિ આહારક હોય પણ અનાહારક ન હોય. કેમકે સંસારીને વિગ્રહગતિમાં અનાહારકત્વ હોય. પણ વિગ્રહગતિમાં મિશ્રદૃષ્ટિત્વ ન હોય, કેમકે તે અવસ્થામાં કોઈ જીવ કાળ ન કરે. તેવું શાસ્ત્રવચન છે. તેથી તેમને અનાહારકપણું નથી. એમ ચોવીશે દંડકોમાં કહેવું. પણ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો ન કહેવા. કેમકે તેઓમાં મિશ્રદૃષ્ટિપણું અસંભવ છે. બહુવચનમાં પણ તેમ કહેવું. જેમકે ભગવન્ ! મિશ્રદૃષ્ટિ જીવો આહારક હોય કે અનાહારક ? આહારક હોય પણ અનાહારક ન હોય. ઈત્યાદિ - x -

સંયતદ્વારની વ્યાખ્યા - સંયતપણું મનુષ્યોને જ હોય. તેમાં બે પદ - જીવપદ અને મનુષ્યપદ. જીવપદનું સૂત્ર સુગમ છે. પરંતુ અનાહારકત્વ કેવલી સમુદ્‌ઘાત અવસ્થા કે અયોગીપણામાં જાણવું. બાકીના સમયે આહારકત્વ જાણવું. એમ મનુષ્ય સૂત્ર કહેવું. જેમકે સંયત મનુષ્ય આહારક હોય કે અનાહારક ? - x - બહુવચનમાં મનુષ્ય પદ અને જીવપદ પ્રત્યેકને ત્રણ ભંગો જાણવા. તે આ પ્રમાણે — બધાં આહારકો હોય — જ્યારે કોઈ પણ કેવલી સમુદ્‌ઘાત કે અયોગીપણાને પામેલ ન હોય ત્યારે આ ભંગ છે. અથવા બધાં આહારક હોય અને એક અનાહારક હોય ઈત્યાદિ પૂર્વવત્ જાણવું.

અસંયત સૂત્રમાં એકવચનની અપેક્ષાએ બધે કદાચિત્ આહારક-કદાચિત્ અનાહારક હોય. બહુવચનથી જીવપદ અને પૃથિવ્યાદિપદમાં પ્રત્યેકને આશ્રીને આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય — એ ભંગ હોય. બાકીના નૈરયિકાદિ સ્થાનોમાં પ્રત્યેકને ત્રણ ભંગ સમજવા.

સંયતાસંયત - દેશવિરતિધર. તેઓ પંચે૦ તિર્યંચ અને મનુષ્યો હોય. બાકીના જીવો ન હોય, કેમકે બાકીનાને સ્વભાવથી જ દેશવિરતિ પરિણામ હોતા નથી. એ પ્રમાણે એઓને ત્રણ પદ હોય. સામાન્ય જીવપદ, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય પદ. ત્રણેમાં બંને વચનથી આહારકો હોય. કેમકે બીજા ભવમાં જતાં અને કેવલી સમુદ્‌ઘાતાદિ અવસ્થામાં દેશવિરતિ પરિણામનો અભાવ છે.

નોસયંતનોઅસંયતનોસંયતાસંયતમાં બે પદ છે જીવપદ, સિદ્ધપદ. બંને સ્થાને બંને વચનમાં અનાહારકપણું જ હોય, આહારકપણું ન હોય. કેમકે સિદ્ધો અનાહારક હોય છે.

હવે કષાયદ્વાર - સકષાયી જીવ આહારક કે અનાહારક ? એકવચન સૂત્ર સુગમ છે. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો. જીવપદમાં અને પૃથિવ્યાદિ પદમાં પ્રત્યેકને "આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય" એમ કહેવું. કેમકે તે સ્થાનમાં આહારક અને અનાહારક બંને પ્રકારે સકષાયી જીવો ઘણાં હોય છે.

ક્રોધકષાયી સામાન્ય સકષાયીવત્ જાણવો. તેમાં જીવપદ અને પૃથિવ્યાદિ પદોના ભાંગાનો અભાવ છે. બાકીના સ્થાને ત્રણ ભંગો જાણવા. પરંતુ દેવોમાં છ ભંગો જાણવા. કેમકે દેવો સ્વભાવથી જ ઘણાં લોભી હોય છે. પણ બહુ ક્રોધાદિવાળા હોતા નથી. તેથી ક્રોધકષાયી એકાદિ પણ હોય, માટે છ ભંગો થાય છે (૧) કદાચિત્ બધાં આહારક હોય, કેમકે એક પણ ક્રોધકષાયી વિગ્રહગતિ પ્રાપ્ત ન હોય, (૨) કદાચિત્ બધાં અનાહારક હોય છે કેમકે એક પણ ક્રોધ કષાયી છતાં આહારક ન હોય. અહીં ક્રોધોદય માનાદિના ઉદયથી જુદો જ વિવક્ષિત છે. - x - (૩) કદાચ એક આહારક - એક અનાહારક હોય. (૪) કદાચ એક આહારક અને ઘણાં અનાહારક હોય ઈત્યાદિ - x - માન અને માયા કષાય સૂત્ર એકવચનમાં પૂર્વવત્

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (62)



જાણવું. બહુવચનમાં વિશેષતા કહે છે —

દેવો અને નૈરયિકોમાં પ્રત્યેકને આશ્રીને છ ભંગો — નૈરયિકો ભવ સ્વભાવથી બહુ ક્રોધી અને દેવો બહુ લોભી હોય તેથી તે બંનેને માન અને માયાકષાય સ્વલ્પ હોય, તેથી પૂર્વોક્ત છ ભંગો થાય. જીવપદ અને પૃથિવ્યાદિમાં પ્રત્યેકને આશ્રીને અન્ય ભંગો થતા નથી, કારણ કે આહારક, અનાહારક માનકષાયી-માયાકષાયી પ્રત્યેક હંમેશાં તે-તે સ્થાનોમાં ઘણાં હોય છે. બાકીના સ્થાને ત્રણ ભંગો છે. લોભકષાયમાં એકવચનમાં તેમજ સમજવું. બહુવચનમાં વિશેષતા જણાવે છે — તેમાં નૈરયિકોમાં છ ભંગો જાણવા, કેમકે તેઓમાં લોભ કષાય અલ્પ છે. બાકીના જીવ અને એકેન્દ્રિય સિવાયના સ્થાનોમાં પણ ત્રણ ભંગો જાણવા. દેવોમાં પણ ત્રણ ભંગ, કેમકે તેઓમાં લોભની અધિકતા હોવાથી છ ભંગો સંભવ નથી.

જીવ અને એકેન્દ્રિયોમાં પૂર્વવત્ એક જ ભંગ જાણવો. આહારકો પણ હોય - અનાહારકો પણ હોય. અકષાયી - x - મનુષ્યો અને સિદ્ધો હોય છે. અકષાયી મનુષ્યો ઉપશાંત કષાયાદિ જાણવા, કેમકે તે સિવાયના સકષાયી હોય છે. તેથી તેમને પણ ત્રણ પદો હોય છે. જેમકે — સામાન્યથી જીવપદ, મનુષ્યપદ, સિદ્ધપદ. જીવપદ અને મનુષ્ય પદમાં એકવચનથી કદાચિત્ આહારક હોય - કદાચિત્ અનાહારક હોય - એમ કહેવું. સિદ્ધપદમાં તો અનાહારક જ હોય. બહુવચનથી જીવપદમાં આહારકો પણ હોય - અનાહારકો પણ હોય, કેમકે કેવળી આહારકો અને સિદ્ધો અનાહારકો હંમેશાં ઘણાં હોય છે. મનુષ્યપદમાં ત્રણ ભંગો જાણવા - બધાં આહારકો હોય ઈત્યાદિ પૂર્વવત્.

## ૦ પદ-૨૮, ઉદ્દેશો-૨, દ્વાર-૮ થી ૧૩ ૦

૦ કષાયદ્વાર ગયું. હવે જ્ઞાનાદિ દ્વારો કહે છે —

● **સૂત્ર-૫૬૬ થી ૫૭૧ :-**

***[૫૬૬] જ્ઞાની સમ્યગ્દષ્ટિવત્ છે. આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાની બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોમાં છ ભંગો સમજવા, બાકીના જીવોમાં જેમને આ જ્ઞાનો છે, તેમને જીવાદિમાં ત્રણ ભંગો જાણવા. અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચો આહારકો હોય, પણ અનાહારક ન હોય. બાકીના જીવોમાં જેમને અવધિજ્ઞાન છે, તેમને જીવાદિ સંબંધે ત્રણ ભંગો જાણવા. મનઃપર્યવજ્ઞાની જીવો અને મનુષ્યો બંને વચન વડે આહારક છે પણ અનાહારક નથી. કેવળજ્ઞાની નોસંજ્ઞી નોઅસંજ્ઞીવત્ જાણવા.***

***અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાનીમાં જીવ, એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ છે. વિભંગજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય આહારક છે, અનાહારક નથી.***

*બાકીના જીવાદિને ત્રણ ભંગ છે.*

*[૫૬૭] સયોગીમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. મનોયોગી, વચનયોગી સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિવત્‌ કહેવા. પરંતુ વચનયોગ વિકલેન્દ્રિયોને પણ કહેવો. કાયયોગીમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો હોય છે. અયોગી જીવ, મનુષ્ય, સિદ્ધ અનાહારક છે.*

*[૫૬૮] સાકાર-અનાકારોપયુક્ત જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ, સિદ્ધો અનાહારક હોય છે.*

*[૫૬૯] સવેદીમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ. સ્ત્રીવેદ-પુરુષવેદમાં જીવાદિ સંબંધે ત્રણ ભંગ અને નપુંસકવેદમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ જાણવા. અવેદીજીવ કેવળજ્ઞાની માફક જાણવો.*

*[૫૭૦] સશરીરી જીવને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ. ઔદારિક શરીરી જીવ અને મનુષ્યોમાં ત્રણ ભંગો. બાકીના ઔદારિક શરીરી જીવો આહારક હોય - અનાહારક ન હોય. વૈક્રિય અને આહારક શરીરી, તે જેમને છે, તે આહારક હોય - અનાહારક ન હોય. તૈજસકાર્મણ શરીરી, જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો જાણવા. અશરીરી જીવો અને સિદ્ધો આહારક નથી પણ અનાહારક છે.*

*[૫૭૧] આહાર પર્યાપ્તિથી પર્યાપ્ત, શરીર-ઈન્દ્રિય-શ્વાસોચ્છ્‌વાસ-ભાષામન પર્યાપ્તિથી પર્યાપ્તાનો વિચાર કરતાં એ પાંચે પર્યાપ્તિમાં જીવ અને મનુષ્ય પદને આશ્રીને ત્રણ ભંગો છે. બાકીના જીવો આહારક હોય પણ અનાહારક ન હોય. ભાષા અને મન પર્યાપ્તિ પંચેન્દ્રિયોને હોય, બીજાને નહીં. આહાર પર્યાપ્તિથી અપર્યાપ્તો બંને વચનથી પણ આહારક નથી, પણ શરીર પર્યાપ્તિથી અપર્યાપ્ત કદાચિત્‌ આહારક હોય, કદાચિત્‌ અનાહારક હોય. ઉપરની ચારે અપર્યાપ્તિઓમાં નારક, દેવ, મનુષ્યોમાં છ ભંગો હોય છે. બાકીના પદોમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો હોય. ભાષામન પર્યાપ્તિ વડે પર્યાપ્તા જીવો અને પંચેન્દ્રિય તિર્યંચોમાં ત્રણ ભંગો, નારક, દેવ, મનુષ્યોમાં છ ભંગો કહેવા. સર્વે પદોમાં એકવચન-બહુવચનની અપેક્ષાથી જીવાદિ દંડકો પ્રશ્ન વડે કહેવા. જેને જે હોય તેને તેનો પ્રશ્ન કરવો, જેને જે નથી તેનો તેને પ્રશ્ન ન કરવો. યાવત્‌ ભાષામન પર્યાપ્તિ વડે અપર્યાપ્તા દેવ અને મનુષ્યોમાં છ ભંગો અને બાકીના સ્થાનમાં ત્રણ ભંગો કહેવા.*

**● વિવેચન-૫૬૬ થી ૫૭૧ :-**

પૂર્વે સમ્યગ્‌દૃષ્ટિ કહ્યો, તેમ જ્ઞાની કહેવો. જેમકે - જ્ઞાની જીવ આહારક હોય કે અનાહારક ? કદાચિત્‌ આહારક-કદાચિત્‌ અનાહારક. ઈત્યાદિ નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું — એકેન્દ્રિય ન કહેવા. જ્ઞાની જીવો આહારક કે અનાહારક ? કદાચિત્‌ આહારક પણ હોય - કદાચિત્‌ અનાહારક હોય. જ્ઞાની નૈરયિકો ? (૧) બધાં આહારક, અથવા (૨) બધાં આહારક અને એક અનાહારક. અથવા (૩) આહારક-

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (63)



ઘણાં અનાહારક. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

બેઈન્દ્રિય સંબંધે પૃચ્છા - બધાં આહારક હોય અથવા અનાહારક હોય અથવા એક આહારક અને એક અનાહારક હોય અથવા એક આહારક અને ઘણાં અનાહારક હોય અથવા ઘણાં આહારક અને એક અનાહારક હોય અથવા ઘણાં આહારક-ઘણાં અનાહારક હોય. એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયો કહેવા. બાકીના જીવો નૈરયિકવત્‌ વૈમાનિક સુધી જાણવા. સિદ્ધોની પૃચ્છા - તેઓ અનાહારકો હોય.

આભિનિબોધિક અને શ્રુતજ્ઞાની એકવચનમાં પૂર્વવત્‌ જાણવા. બહુવચનમાં વિકલેન્દ્રિયમાં છ ભંગો હોય. બાકીના જીવાદિ સ્થાનોમાં એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગો હોય. તે આ — (૧) બધાં આહારક હોય, (૨) બધાં આહારક-એક અનાહારક, (૩) ઘણાં આહારક-અનાહારક. - x - સૂત્ર સુગમ છે. પરંતુ જે જીવોને જ્ઞાન હોય તેમને ત્રણ ભંગો કહેવા. બાકીના પૃથિવ્યાદિમાં ન કહેવા. અવધિજ્ઞાનમાં એકવચનમા તેમ જ જાણવું. બહુવચનમાં અવધિજ્ઞાની પંચે૦ તિર્યંચો આહારક જ હોય. કેમકે પંચે૦ તિર્યંચનું અનાહારકપણું વિગ્રહગતિમાં હોય. તે સમયે તેઓને ગુણ નિમિત્તે અવધિજ્ઞાનનો સંભવ નથી. અપતિત અવધિજ્ઞાન સહિત દેવ કે મનુષ્ય તિર્યંચમાં ઉત્પન્ન થતો નથી.

એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાયના સ્થાનોમાં પ્રત્યેકને ત્રણ ભંગો છે - x - અવધિજ્ઞાની પંચે૦ તિર્યંચો આહારક હોય, બાકીના સ્થાનોમાં જેમને અવધિજ્ઞાન છે, તેમને જીવાદિમાં ત્રણ ભંગ જાણવા. મનઃપર્યવજ્ઞાન મનુષ્યોને જ હોય. તેથી તેના બે પદ છે — જીવપદ અને મનુષ્યપદ. બંને સ્થાને બંને વચનમાં મનઃપર્યવજ્ઞાની આહારક જ કહેવા, પણ અનાહારક નહીં. કેમકે વિગ્રહગત્યાદિમાં મનઃપર્યવજ્ઞાનનો સંભવ નથી. કેવલજ્ઞાની - x - માં ત્રણ પદ હોય સામાન્ય જીવપદ, મનુષ્યપદ, સિદ્ધપદ. તેમાં જીવ અને મનુષ્ય એક વચનથી કદાચિત્‌ આહારક હોય - અનાહારક હોય - એમ કહેવું. સિદ્ધપદમાં અનાહારક હોય. બહુવચનથી જીવપદમાં આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય. મનુષ્યપદમાં ત્રણ ભંગો હોય છે. સિદ્ધપદમાં બધાં અનાહારકો હોય.

અજ્ઞાની સૂત્ર-મતિ અને શ્રુત અજ્ઞાનીમાં એકવચનમાં પૂર્વવત્‌ જાણવું. બહુવચનમાં જીવ અને પૃથિવ્યાદિ એકેન્દ્રિયોમાં પ્રત્યેકને ઘણાં આહારકો-ઘણાં અનાહારકો પણ હોય - એમ કહેવું. બાકીના સ્થાનોમાં ત્રણ ભંગો જાણવા. વિભંગજ્ઞાની સૂત્ર એકવચનમાં તેમજ છે, બહુવચનમાં વિભંગજ્ઞાની પંચે૦ તિર્યંચો અને મનુષ્યો આહારક જ કહેવા. કેમકે તેમની વિગ્રહગતિથી ઉત્પત્તિ અસંભવ છે બાકીના સ્થાને એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાય અસંભવ છે.

હવે યોગદ્વાર - સામાન્યથી સયોગી એકવચનમાં તેમજ જાણવા. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિયપદોને છોડી બાકીમાં ત્રણ ભંગો જાણવા. જીવ અને પૃથિવ્યાદિ

પ્રત્યેકને ''આહારકો પણ હોય-અનાહારકો પણ હોય.'' એ ભંગ જાણવો. કેમકે તે સ્થાનોમાં બંને પ્રકારના જીવો ઘણાં હોય છે. મનયોગી - વચનયોગીને મિશ્રદૃષ્ટિ કહ્યા તેમ કહેવા. અર્થાત્ બંને વચનમાં આહારકો જ કહેવા. વચનયોગ વિકલેન્દ્રિયોને પણ હોય. વિશેષ આ - મિશ્રદૃષ્ટિપણું વિકલેન્દ્રિયોને નથી, માટે તેનું સૂત્ર નથી. વચનયોગ વિકલેન્દ્રિયોને છે. - x - x - x - એમ કાયયોગવાળા પણ એકવચન-બહુવચનમાં સયોગીવત્ જાણવા. અયોગી, મનુષ્યો અને સિદ્ધો હોય છે. તેથી અહીં ત્રણ પદ છે — જીવ, મનુષ્ય અને સિદ્ધ. ત્રણે સ્થાનોમાં અનાહારકપણું જ છે.

હવે ઉપયોગદ્વાર - સાકારોપયોગ અને અનારાકારોપયોગ સૂત્રમાં પ્રત્યેકને એકવચનમાં બધે કદાચિત્ આહારક અને અનાહારક હોય - એમ કહેવું. સિદ્ધમાં તો અનાહારક હોય. બહુવચનમાં જીવ અને પૃથિવ્યાદિમાં ઘણાં આહારક-ઘણાં અનાહારક હોય - એ ભંગ જાણવો. બાકીના સ્થાનોમાં ત્રણ ભંગો જાણવા. સિદ્ધો અનાહારક હોય છે. સૂત્રપાઠ - સાકારોપયોગી જીવ આહારક કે અનાહારક ? ઈત્યાદિ.

વેદદ્વારમાં સામાન્ય વેદ સહિત સૂત્રમાં એકવચનમાં કદાચ આહારક અને કદાચ અનાહારક ભંગ જાણવો. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિયોને છોડીને બાકીના સ્થાને ત્રણ ભંગો અને જીવ તથા એકેન્દ્રિયોમાં 'ઘણાં આહારક-ઘણાં અનાહારક હોય' એ સિવાયના ભંગોનો અભાવ જાણવો. કેમકે ત્યાં ઘણાં આહારક પણ હોય છે, ઘણાં અનાહારક પણ હોય છે. સ્ત્રીવેદ-પુરુષવેદ સૂત્ર એકવચનમાં તેમજ જાણવું. પરંતુ અહીં નારક, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય ન કહેવા. કેમકે તેઓ નપુંસક હોય છે. બહુવચનમાં જીવાદિ પદોમાં પ્રત્યેકને ત્રણ ભંગો જાણવા. નપુંસક વેદમાં એકવચનથી તેમજ જાણવું. પરંતુ અહીં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો ન કહેવા. કેમકે તેઓ નપુંસક વેદરહિત છે. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિય સિવાયના સ્થાનોમાં ત્રણ ભંગો તથા જીવ અને પૃથિવ્યાદિ એકેન્દ્રિયો પૂર્વે કહ્યા તેમ ભંગોનો અભાવ છે. અવેદીને કેવલી માફક કહેવા. જીવ અને મનુષ્યમાં એકવચનમાં કદાચ આહારક અને કદાચ અનાહારક હોય. બહુવચનમાં જીવપદમાં ''ઘણાં આહારકો પણ હોય - ઘણાં અનાહારકો પણ હોય. મનુષ્યોમાં ત્રણ ભંગો જાણવા અને સિદ્ધપદમાં'' બધાં અનાહારકો'' હોય.

શરીર દ્વારમાં — સશરીર સૂત્રમાં એકવચનથી બધે કદાચિત્ આહારક-કદાચિત્ અનાહારક હોય. બહુવચનથી જીવ અને એકેન્દ્રિય સિવાય બાકીના સ્થાનોમાં પ્રત્યેકને ત્રણ ભંગ જાણવા અને જીવ તથા એકેન્દ્રિયમાં પૂર્વવત્ ભંગોનો અભાવ સમજવો. ઔદારિક શરીરમાં એકવચનમાં તેમજ છે. પણ અહીં નારક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો ન કહેવા. કેમકે તેઓને ઔદારિક શરીર નથી. બહુવચનમાં જીવ અને મનુષ્યોમાં પ્રત્યેકને ત્રણ ભંગો જાણવા. બધાં આહારકો હોય - એ ભંગ જ્યારે કોઈપણ કેવળી સમુદ્દ્ઘાતને પ્રાપ્ત થયેલ કે અયોગી ન હોય ત્યારે

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (64)



છે. અથવા બધાં આહારક અને એક અનાહારક ઈત્યાદિ પૂર્વવત્. બાકીના પદોમાં જીવ અને એકેન્દ્રિય વિકલેન્દ્રિય કે પંચેન્દ્રિય તિર્યંચો આહારક જ કહેવા. કેમકે વિગ્રહગતિથી ઉત્તીર્ણ થયેલાને જ ઔદારિક શરીરનો સંભવ છે. વૈક્રિય અને આહારક શરીરી બધાં એકવચનમાં આહારક જ હોય. પરંતુ જેને આ શરીરો સંભવે છે, તે કહેવા. બીજા નહીં. - x - x - x - બહુવચનથી જીવ અને એકેન્દ્રિય સિવાયના સ્થાનોમાં ત્રણ ભંગ અને જીવ તથા એકેન્દ્રિયોમાં ભંગોનો અભાવ જાણવો. અશરીરી સિદ્ધો હોય છે તેમાં બે જ પદ છે. જીવો અને સિદ્ધો તે અનાહારક જ હોય.

હવે પર્યાપ્તિદ્વાર - આગમમાં પાંચ પર્યાપ્તિઓ કહી છે, કેમકે ભાષા અને મનોપર્યાપ્તિની એકપણે વિવક્ષા કરી છે. આહારાદિ પર્યાપ્તિ વડે પર્યાપ્તાને વિચારતા - x - એકવચનથી જીવ અને મનુષ્ય પદમાં કદાચ આહારક - કદાચ અનાહારક હોય. બાકીના સ્થાનોમાં આહારક હોય. બહુવચનમાં જીવ, મનુષ્યમાં ત્રણ ભંગો કહેવા. તેનો ઔદારિક શરીરીવાળા સૂત્રવત્ વિચાર કરવો. બાકીના બધાં આહારકો કહેવા. પરંતુ ભાષામન પર્યાપ્તિ પંચેન્દ્રિયોને જ હોય છે. માટે તેમાં ચઉરિન્દ્રિય સુધી ન કહેવું.

આહારપર્યાપ્તિથી અપર્યાપ્તાના સૂત્રમાં એકવચન વડે બધા અનાહારક કહેવા. કેમકે તે જીવો વિગ્રહગતિમાં જ હોય છે. કેમકે ઉત્પત્તિસ્થાન પ્રાપ્ત જીવ પહેલાં સમયે જ આહાર પર્યાપ્તિ વડે પર્યાપ્ત હોય છે. જો એમ ન હોય તો આહારકપણું ન ઘટે. બહુવચનથી અનાહારકો હોય. શરીરપર્યાપ્તિથી અપર્યાપ્ત સૂત્રમાં એકવચનથી કદાચિત્ આહારક-કદાચિત્ અનાહારક હોય. તેમાં વિગ્રહગતિમાં અનાહારક અને ઉપપાત ક્ષેત્રને પામેલો શરીર પર્યાપ્તિની સમાપ્તિ સુધી આહારક હોય છે. એ પ્રમાણે ઈન્દ્રિય-શ્વાસોચ્છ્વાસ અને ભાષામન પર્યાપ્તિ વડે અપર્યાપ્ત સૂત્રોમાં પ્રત્યેકને એકવચનથી કદાચિત્ આહારક હોય - કદાચિત્ અનાહારક હોય - એમ કહેવું. બહુવચનથી ઉપરની શરીર અર્યાપ્તિ આદિ ચાર અપર્યાપ્તિઓનો વિચાર કરતાં નારક, દેવ, મનુષ્યોને પ્રત્યેકને છ ભંગો કહેવા. જેમકે બધાં આહારક હોય, બધાં અનાહારકો જ હોય, એક આહારક અને એક અનાહારક હોય ઈત્યાદિ - x -

બાકીના નારક, દેવ, મનુષ્ય સિવાયના જીવોને જીવપદ અને એકેન્દ્રિય વિના ત્રણ ભંગો કહેવા. જેમકે બધાં આહારક હોય અથવા બધાં આહારકો અને એક અનાહારક હોય ઈત્યાદિ - x -

જીવ અને એકેન્દ્રિયમાં શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી અપર્યાપ્ત પ્રત્યેકને આશ્રીને ભંગોનો અભાવ છે. કેમકે તેઓ આહારકો પણ છે - અનાહારકો પણ છે, કેમકે આહારક અને અનાહારક બંને પ્રકારના જીવો હંમેશાં ઘણાં હોય છે.

ભાષા-મનોપર્યાપ્તિથી અપર્યાપ્તા પંચેન્દ્રિયો જ હોય છે તેથી તેમને જ અપર્યાપ્તામાં લેવા. તેમાં બહુવચનથી જીવ અને પંચે૰ તિર્યંચ પદમાં ત્રણ ભંગો કહેવા. પંચે૰ તિર્યંચો સંમૂર્છિમો હંમેશાં ઘણાં હોય છે. જ્યાં સુધી બીજો પંચે૰ તિર્યંચ

વિગ્રહગતિ ન પામે ત્યાં સુધી બધા આહારકો હોય - એ ભંગ હોય છે. એક વિગ્રહગતિને પ્રાપ્ત હોય ત્યારે બીજો ભંગ - બધા આહારક, એક અનાહારક ઈત્યાદિ જાણવું - x - જીવપદ વિશે એ અપેક્ષાએ ત્રણ ભંગો જાણવા. નારક, દેવ અને મનુષ્યમાં પ્રત્યેકને છ ભંગો હોય, તે પૂર્વે કહેલા છે.

હવે ભવ્યપદથી આરંભી પ્રાયઃ બંને વચનથી જુદા સૂત્રો જીવાદિ દંડકના ક્રમે કહ્યા નથી. તેથી તે સંબંધે સાદૃશ્યને જણાવતું સૂત્ર કહે છે — બધે બંને વચનથી એ જીવાદિ દંડકો કહેવા. શું બધે સામાન્યપમે કહેવા ? નહીં. જેને જે હોય તેને તે કહેવું. ક્યાં સુધી કહેવું ? ચરમ દંડકના કથન સુધી કહેવું. - x - યાવત્ ભાષા-મનોપર્યાપ્તિ વડે અપર્યાપ્તા નારક, દેવ, મનુષ્ય વિશે કહેવું. અહીં પ્રસ્તુત અર્થ વિચારવા પૂર્વાચાર્યોક્ત આ ગાથાઓ છે—

આ ૧૧-ગાથાનો અર્થ આ પ્રમાણે છે —

સિદ્ધ અને એકેન્દ્રિય સહિત જ્યાં જીવો છે, ત્યાં બીજો ભાંગો નથી, તેઓ સિવાયના જીવોમાં ત્રણ ભંગો છે. અસંજ્ઞી, દેવ, નારક, મનુષ્યોમાં છ ભંગો છે. પૃથ્વી-અપ્-વનસ્પતિમાં તેજોલેશ્યાથી છ ભંગો છે. સર્વે દેવોમાં ક્રોધ-માન-માયાના છ ભંગો. નારકોના માન-માયા-લોભમાં છ ભંગો. મતિ-શ્રુત-સમ્યક્ત્વના છ ભંગો અવશ્ય વિકલેન્દ્રિયને વિશે થાય છે. ઉપરની ચાર અપર્યાપ્તિમાં નારક, દેવ, મનુષ્યોને છ ભંગો. સંજ્ઞી, શુક્લલેશ્યા, સંયત, નીચલા ત્રણ જ્ઞાન, સ્ત્રી-પુરુષવેદમાં છ ભંગો. અવેદીને ત્રણ ભંગો. મિશ્રદૃષ્ટિ, મન-વચનયોગી, ચોથું જ્ઞાન, દેશવિરતિ, વૈક્રિયલબ્ધિધર, આહારક શરીરમાં અવશ્ય આહારક હોય. અવધિ અને વિભંગ જ્ઞાનમાં અવશ્ય આહારક જાણવા, પંચે૦ તિર્યંચો-મનુષ્યો વિભંગજ્ઞાનમાં હોય. ઔદારિક શરીરમાં પાંચે પર્યાપ્તિમાં જીવ અને મનુષ્યો વિશે ત્રણ ભંગો હોય. બાકીના બધાં આહારક હોય. નોભવ્યનોઅભવ્ય, અલેશ્યી, અયોગી, અશરીરી તથા પહેલી અપર્યાપ્તિમાં વર્તતા જીવો અનાહારક હોય. સંજ્ઞા-અસંજ્ઞા રહિત, અવેદી, અકષાયી, કેવળીને ત્રણ ભંગો છે —

આ બધી ગાથા પૂર્વોક્ત અર્થને જણાવનારી હોવાથી તેનો ફરી વિચાર કરતાં નથી. એકવચનથી સિદ્ધો બધે અનાહારક છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ
પદ-૨૮નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ



E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (65)



## ❀ પદ-૨૯-"ઉપયોગ" ❀

— x — x — x —

૦ એ પ્રમાણે આહાર નામે ૨૮-મું પદ કહ્યું. હવે ૨૯માં પદનો આરંભ કરે છે. તેનો સંબંધ આ છે — પદ-૨૮માં ગતિ પરિણામ વિશેષ આહાર પરિણામ કહ્યા. અહીં જ્ઞાનપરિણામ વિશેષ ઉપયોગ—

● સૂત્ર-૫૭૨ :-

*ભગવન્ ! ઉપયોગ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે — સાકાર ઉપયોગ, અનાકાર ઉપયોગ. સાકાર ઉપયોગ કેટલા ભેદે છે ? આઠ ભેદે — આભિનિબોધિક જ્ઞાન સાકારોપયોગ યાવત્ કેવળજ્ઞાન સાકારોપયોગ, મતિ અજ્ઞાન સા૦ યાવત્ વિભંગજ્ઞાન સાકારોપયોગ.*

*અનાકારોપયોગ કેટલા ભેદે છે ? ચાર ભેદે — ચક્ષુદર્શન અનાકારોપયોગ, અચક્ષુ૦ અવધિ૦ કેવળ દર્શન અનાકારોપયોગ.*

*એ પ્રમાણે જીવોને કહેવું. નૈરયિકોને કેટલા ભેદે ઉપયોગ છે ? ગૌતમ ! બે ભેદે — સાકાર અને અનાકાર. નૈરયિકોનો સાકાર ઉપયોગ કેટલા ભેદે છે ? છ ભેદે — મતિ૦ શ્રુત૦ અવધિજ્ઞાન સાકાર ઉપયોગ તથા મતિ-શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન સાકારોપયોગ.*

*નૈરયિકોને અનાકારોપયોગ કેટલા પ્રકારે છે ? ત્રણ ભેદે — ચક્ષુદર્શન૦, અચક્ષુદર્શન, અવધિદર્શન અનાકારોપયોગ. એમ સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથ્વીકાયિકોની પૃચ્છા-બે ભેદે છે. ચક્ષુદર્શન૦ અને અચક્ષુદર્શન અનાકારોપયોગ. પંચેન્દ્રિય તિર્યંચો નૈરયિકવત્ કહેવા. સામાન્ય ઉપયોગવત્ મનુષ્યોને કહેવા.*

*ભગવન્ ! વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને કેટલા ભેદે ઉપયોગ છે ? નૈરયિકોવત્ છે.*

*ભગવન્ ! જીવો સાકારોપયોગી છે, કે નિરાકારોપયોગી છે ? ગૌતમ ! બંને છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જે હેતુથી જીવો આભિનિબોધિક - શ્રુત - અવધિ મનઃપર્યવ-કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાનના ઉપયોગવાળા છે, તે હેતુથી જીવો સાકારોપયોગી છે. જે હેતુથી જીવો ચક્ષુદર્શનાદિ ચારે દર્શનોપયોગી છે, તે હેતુથી જીવો અનાકારોપયોગી છે, માટે એમ કહ્યું.*

*ભગવન્ ! નૈરયિકો સાકારોપયોગી છે કે નિરાકારોપયોગી ? ગૌતમ ! તે બંને છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જે હેતુથી નૈરયિકો આભિનિબોધિક-શ્રુત-અવધિજ્ઞાન અને મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાનના ઉપયોગવાળા છે, તે હેતુથી સાકારોપયોગી હોય છે. જે હેતુથી નૈરયિકો ચક્ષુ આદિ ત્રણે દર્શનવાળા છે, તે હેતુથી નૈરયિકો અનાકારોપયોગી છે. માટે ગૌતમ ! એમ કહ્યું. - x - એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.*

*પૃથ્વીકાયિકો વિશે પૃચ્છા - ગૌતમ ! તેમજ કહેવું યાવત્ જે હેતુથી*

***પૃથ્વી૦ મતિ-શ્રુત અજ્ઞાન ઉપયોગવાળા છે, તે હેતુથી તેઓ સાકારોપયોગી છે. જે હેતુથી પૃથ્વી૦ અચક્ષુદર્શન ઉપયોગવાળા છે, તે હેતુથી તેઓ અનાકારોપયોગી છે, માટે ગૌતમ ! એમ કહ્યું. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી જાણવું.***

***ભગવન્ ! બેઈન્દ્રિયની પૃચ્છા - બે ઉપયોગ છે, સાકારોપયોગ, અનાકારોપયોગ. ભગવન્ ! બેઈન્દ્રિયોનો સાકારોપયોગ કેટલા ભેદે છે ? ચાર ભેદે :- મતિ-શ્રુતજ્ઞાન, મતિ-શ્રુત અજ્ઞાન. તેમનો અનાકારોપયોગ કેટલા ભેદે છે ? એક અચક્ષુદર્શન અનાકારોપયોગ, તેઈન્દ્રિયો એમ જ છે. ચઉરિન્દ્રિયો પણ એમ જ છે, પરંતુ અનાકારોપયોગ બે ભેદે છે — ચક્ષુ૦ અને અચક્ષુદર્શનાવરણ અનાકારોપયોગ.***

***પંચેન્દ્રિય તિર્યંચ, નૈરયિકવત્ જાણવા. મનુષ્યોને ઔધિક ઉપયોગવત્ કહેવા. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક, નૈરયિકવત્.***

***ભગવન્ ! જીવો સાકારોપયોગી કે અનાકારોપયોગી ? બંને છે. કઈ રીતે ? જેથી જીવો પાંચ જ્ઞાન - ત્રણ અજ્ઞાનથી ઉપયુક્ત છે, તેથી સાકારોપયોગી છે. જેથી જીવો ચાર દર્શનથી ઉપયોગી છે, તેથી અનાકારોપયોગી છે. તેથી કહ્યું કે — બંને ઉપયોગી છે.***

***નૈરયિકો, સાકારોપયોગી કે અનાકારોપયોગી ? બંને છે. એમ કેમ કહ્યું ? જેથી નૈરયિકો આભિનિબોધિકાદિ ત્રણ જ્ઞાન, મત્યાદિ ત્રણ અજ્ઞાનથી ઉપયુક્ત છે, તેથી સાકારોપયોગી છે. ચક્ષુ આદિ ત્રણ દર્શન ઉપયુક્ત છે, તેથી અનાકારોપયોગી છે. માટે તેમ કહ્યું. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.***

***પૃથ્વીકાયિકોની પૃચ્છા — પૂર્વવત્ બંને ઉપયોગ કહેવા. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી કહેવું. બેઈન્દ્રિયોની અર્થ સહિત તેમજ પૃચ્છા કરવી - બેઈન્દ્રિય એકવચનવત્ કહેવું. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી કહેવું. વિશેષમાં ચક્ષુદર્શન અધિક કહેવું. પંચેન્દ્રિય તિર્યંચ નૈરયિકોવત્ જાણવા, મનુષ્યો જીવની માફક અને વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો નૈરયિકોની માફક જાણવા.***

**● વિવેચન-૫૭૨ :-**

ભદંત-પરમકલ્યાણયુક્ત. ઉપભોજન તે ઉપયોગ, જે વડે જીવ વસ્તુનું જ્ઞાન કરવામાં પ્રવૃત્ત થાય તે ઉપયોગ, જીવનો બોધરૂપ તાત્ત્વિક વ્યાપાર. તે કેટલા ભેદે છે ? आकार - પ્રતિનિયત અર્થને ગ્રહણ કરવાનો પરિણામ. - x - આકાર સહિત તે साकार, એવો ઉપયોગ, તે સાકારોપયોગ. અર્થાત્ સચેતન કે અચેતન વસ્તુમાં ઉપયોગ કરતો આત્મા જ્યારે પર્યાય સહિત વસ્તુ જાણે, ત્યારે તે ઉપયોગ સાકાર કહેવાય. તે ઉપયોગ કાળથી છદ્મસ્થને અંતર્મુહૂર્ત્ત અને કેવળીને એક સમયનો હોય છે. ઉક્ત સ્વરૂપનો આકાર જેમાં નથી તે અનાકારોપયોગ. - x - તે છદ્મસ્થને અંતર્મુહૂર્ત્તનો છે. પણ અનાકારોપયોગના કાળથી સાકારોપયોગ કાળ સંખ્યાતગણો જાણવો. કેમકે તે પર્યાયનો બોધ કરતો હોવાથી તેમાં ઘણો કાળ લાગે છે. પણ

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (66)



કેવળીને અનાકારોપયોગ એક સમયનો છે. च - સ્વગત ભેદસૂચક.

સાકારોપયોગના ભેદો કહે છે — अभि - અર્થાભિમુખ, नि - પ્રતિનિયત સ્વરૂપવાળો, નિશ્ચિત બોધ તે આભિનિબોધિક. જેનાથી કે જેને વિશે બોધ થાય તે આભિનિબોધ - તેના આવરણ કર્મનો ક્ષયોપશમ. એવું જ્ઞાન તે આભિનિબોધિક જ્ઞાન. તે ઈન્દ્રિય અને મનને નિમિત્તે થયેલ યોગ્ય દેશમાં રહેલ વસ્તુનો સ્પષ્ટ બોધ. એવા પ્રકારનો સાકારોપયોગ તે આભિનિબોધિક સાકારોપયોગ.

શ્રુત-વાચ્ય વાચક ભાવથી શબ્દ સાથે સંબંધિત અર્થનું ગ્રહણ કરવામાં કારણભૂત બોધ વિશેષ. - x - શબ્દ અને અર્થનું પર્યાલોચન કરનાર ઈન્દ્રિય અને મનોનિમિત્ત બોધ વિશેષ તે શ્રુતજ્ઞાન. 'अव' શબ્દનો અર્થ 'નીચે' થાય છે. જેના વડે નીચે વિસ્તારવાળી વસ્તુનો બોધ થાય તે अवधि અથવા મર્યાદા, રૂપી જ દ્રવ્યો જાણવા પણે પ્રવૃત્તિ રૂપ મર્યાદા સહિત જે જ્ઞાન તે અવધિજ્ઞાન. परि - સર્વથા अव - ગમન કરવું. મન વિશે કે મન સંબંધી સર્વથા જાણવું તે મનઃપર્યવજ્ઞાન છે. આ જ્ઞાનનો વિષય અઢીદ્વીપ અને સમુદ્રોમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત દ્રવ્યો છે. केवल - એક, કેમકે મત્યાદિ જ્ઞાન નિરપેક્ષ છે. કેમકે છાદ્મસ્થિક જ્ઞાન નષ્ટ થાય છે, ત્યારે કેવળજ્ઞાન ઉપજે છે. અથવા केवल - શુદ્ધ. કેમકે તેના આવરણરૂપ કર્મ મેલ દૂર થયા છે. અથવા કેવળ-સંપૂર્ણ. અથવા કેવળ-અસાધારણ, કેમકે તેના જ્ઞાનનો વિષય અનંત છે. એવું જે જ્ઞાન તે કેવળજ્ઞાન તથા મતિ, શ્રુત, અવધિ જ્યારે મિથ્યાત્વથી મલિન થાય ત્યારે અનુક્રમે મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગ જ્ઞાન રૂપે તેમનો વ્યવહાર કરાય છે, બધે સાકારોપયોગ સાથે જોડવું.

અનાકાર ઉપયોગના ભેદો — (૧) ચક્ષુઈન્દ્રિય વડે દર્શનરૂપ સામાન્યનું ગ્રહણ તે ચક્ષુદર્શન. (૨) અચક્ષુ-ચક્ષુ સિવાયની બીજી ઈન્દ્રિયો અને મન વડે સ્વ-સ્વ વિષયનું સામાન્ય જ્ઞાન તે અચક્ષુદર્શન. અવધિ-મર્યાદિત, માત્ર રૂપી દ્રવ્ય વિષયક દર્શન તે અવધિ દર્શન. કેવળ-સંપૂર્ણ જગતમાં રહેલી સર્વ વસ્તુનું સામાન્ય જ્ઞાન રૂપ દર્શન તે કેવળ દર્શન. આ બધાં સાથે 'અનાકારોપયોગ' જોડવું. (પ્રશ્ન) મનઃપર્યવજ્ઞાનનું દર્શન કેમ નહીં ? મનના પર્યાય સંબંધે જે જ્ઞાન થાય તે મનના પર્યાયને જ વિશેષરૂપે ગ્રહણ કરતું ઉત્પન્ન થાય છે. પર્યાય-વિશેષ, વિશેષ વિષયક જ્ઞાન જ કહેવાય પણ દર્શન કહેવાતું નથી, માટે મનઃપર્યવ દર્શનનો અભાવ છે.

એ પ્રમાણે જીવોને કહેવું. સામાન્ય ઉપયોગવત્ જીવોનો ઉપયોગ પણ બે પ્રકારનો જાણવો. તેમાં પણ સાકારઉપયોગ આઠ પ્રકારે અને અનાકાર ઉપયોગ ચાર પ્રકારે છે. અર્થાત્ જેમ પૂર્વે જીવપદ રહિત ઉપયોગ સૂત્ર સામાન્યથી કહ્યું, તેમ જીવપદસહિત કહેવું. જેમકે જીવોનો ઉપયોગ કેટલા પ્રકારે છે, ઈત્યાદિ - x - x -

ચોવીશ દંડકના ક્રમે નૈરયિકાદિનો ઉપયોગ કહે છે — નૈરયિકોનો ઉપયોગ કેટલા પ્રકારે ? નૈરયિક બે પ્રકારે — સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ. અવધિજ્ઞાન પણ ભવ નિમિત્તક અવશ્ય થાય - x - સમ્યગ્દૃષ્ટિને મત્યાદિ જ્ઞાન અને મિથ્યાદૃષ્ટિને તે ત્રણ

અજ્ઞાન હોય છે. એટલે સામાન્ય નૈરયિકને ઉપયોગ છ પ્રકારે સાકાર અને ચક્ષુ આદિ ત્રણ પ્રકારે દર્શન હોય. એમ સ્તનિતકુમાર સુધી કહેવું. પૃથ્વી૦નો ઉપયોગ-સાકાર બે ભેદે, અનાકાર એક અચક્ષુદર્શન છે. કેમકે તેમને સમ્યગ્‌દર્શનાદિ નથી. એમ બધાં એકેન્દ્રિયો છે.

બેઈન્દ્રિયનો ઉપયોગ સાકાર-ચાર ભેદે, અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદનપણાથી હોય, અનાકારોપયોગ એક જ હોય. તેઈન્દ્રિયોને તેમજ હોય. ચઉરિન્દ્રિયોને વધારામાં ચક્ષુદર્શનરૂપ અનાકારોપયોગ હોય. પંચે૦ તિર્યંચોનો ઉપયોગ - સાકાર છ ભેદે અને અનાકાર ત્રણ ભેદે હોય છે. કેમકે કેટલાંક પંચે૦ તિર્યંચોને અવધિજ્ઞાન-અવધિદર્શન સંભવે છે. મનુષ્યોને યથા સંભવ આઠે સાકારોપયોગ, ચારે અનાકારોપયોગ હોય છે. કેમકે તેમને સર્વે જ્ઞાનો સર્વે દર્શનોની લબ્ધિ સંભવે છે. દેવો નૈરયિકવત્‌ જાણવા. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમે જીવનો ઉપયોગ વિચાર્યો.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૨૯નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (67)



## ❀ પદ-૩૦-‘‘પશ્યતા’’ ❀

— x — x — x — x —

૦ એ પ્રમાણે - ૨૯મું પદ કહ્યું. હવે ૩૦ માંનો આરંભ કરે છે તેનો સંબંધ આ છે - પદ-૨૯માં જ્ઞાન પરિણામ વિશેષ ઉપયોગ કહ્યો, અહીં પણ જ્ઞાનપરિણામ વિશેષમાં પશ્યતા કહે છે —

- **સૂત્ર-૫૭૩ :-**

*ભગવન્‌ ! પશ્યતા કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે — સાકાર પશ્યતા, અનાકાર પશ્યતા. સાકાર પશ્યતા કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે — શ્રુતજ્ઞાનપશ્યતા, અવધિજ્ઞાન૦, મનઃપર્યવજ્ઞાન૦, કેવલજ્ઞાન૦, શ્રુત અજ્ઞાન૦, વિભંગજ્ઞાન પશ્યતા. અનાકાર પશ્યતા કેટલા ભેદે છે ? ત્રણ ભેદે - ચક્ષુદર્શન૦ અવધિદર્શન૦ કેવલદર્શન પશ્યતા. એ પ્રમાણે જીવોને પણ કહેવું.*

*નૈરયિકોને કેટલા પ્રકારે પશ્યતા છે ? બે ભેદે - સાકાર પશ્યતા અને અનાકાર પશ્યતા. સાકાર પશ્યતા ચાર ભેદે છે — શ્રુત૦, અવધિ જ્ઞાન પશ્યતા, શ્રુતઅજ્ઞાન૦ અને વિભંગજ્ઞાન પશ્યતા. તેમની અનાકાર પશ્યતા બે ભેદે — ચક્ષુદર્શન૦ અવધિદર્શન પશ્યતા.*

*એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથ્વીકાયિકોને કેટલા પ્રકારે પશ્યતા હોય છે ? એક સાકાર પશ્યતા હોય - x - તે પણ શ્રુતઅજ્ઞાન સાકાર પશ્યતા હોય. એમ વનસ્પતિકાયિક સુધી જાણવું.*

*બેઈન્દ્રિયોને કેટલા ભેદે પશ્યતા હોય ? એક સાકાર પશ્યતા હોય. એમ તેઈન્દ્રિયોને પણ જાણવું. ચઉરિન્દ્રિયોને બે પ્રકારે પશ્યતા હોય — સાકાર અને અનાકાર પશ્યતા. સાકારપશ્યતા બેઈન્દ્રિયવત્‌ જાણવી. અનાકાર પશ્યતા ? એક ચક્ષુદર્શનરૂપ કહેવી. મનુષ્યોને જીવવત્‌ કહેવા. બાકીના જીવો નૈરયિકવત્‌ વૈમાનિક સુધી કહેવા.*

*ભગવન્‌ ! જીવો સાકારપશ્યતાવાળા છે કે અનાકાર પશ્યતાવાળા છે ? ગૌતમ ! તે બંને છે. ભગવન્‌ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે હેતુથી જીવો શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવળજ્ઞાની છે, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની છે, તે હેતુથી સાકાર પશ્યતાવાળા છે. જે હેતુથી જીવો ચક્ષુ-અવધિ-કેવળદર્શની છે, તે હેતુથી અનાકાર પશ્યતાવાળા છે, માટે ગૌતમ ! હું કહું છું કે જીવો બંને ભેદે છે.*

*ભગવન્‌ ! નૈરયિકો સાકારપશ્યતાવાળા છે કે અનાકાર પશ્યતાવાળા ? ગૌતમ ! એમ જ જાણવું પણ સાકારપશ્યતામાં મનઃપર્યવ, કેવળજ્ઞાની ન કહેવા. અનાકારમાં કેવળદર્શન ન કહેવું.*

*પૃથ્વીકાયિકો સાકારપશ્યતાવાળા કે અનાકાર પશ્યતાવાળા છે ? માત્ર સાકાર પશ્યતાવાળા છે. એમ કેમ કહો છો ? પૃથ્વી૦ એક શ્રુત અજ્ઞાનરૂપ સાકાર પશ્યતા છે. માટે ગૌતમ ! એમ કહ્યું. એમ વનસ્પતિકાયિક સુધી કહેવું.*

*બેઈન્દ્રિયો સંબંધે પૃચ્છા - તેઓ સાકારપશ્યતાવાળા જ છે. એમ કેમ કહો છો ? ગૌતમ ! બેઈન્દ્રિયોને બે પ્રકારે સાકાર પશ્યતા છે - શ્રુતજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન સાકાર પશ્યાતા, તેથી એમ કહ્યું. એ પ્રમાણે તેઈન્દ્રિયોને જાણવા.*

*ચઉરિન્દ્રિયો વિષયક પૃચ્છા — તે સાકારપશ્યતાવાળા પણ હોય, અનાકાર-પશ્યતાવાળા પણ હોય. એમ કેમ કહો છો ? ગૌતમ ! જેથી ચઉરિન્દ્રિયો શ્રુતજ્ઞાની કે શ્રુત અજ્ઞાની છે, તેથી તે સાકાર પશ્યતાવાળા છે, જેથી તેઓ ચક્ષુદર્શની છે તેથી અનાકારપશ્યતાવાળા છે, મરાટે ગૌતમ ! એમ કહ્યું છે. મનુષ્યો જીવવત્ અને બાકીના જીવો નૈરયિકવત્ વૈમાનિક સુધી જાણવા.*

● વિવેચન-૫૭૩ :-

પશ્યતા એટલે ત્રૈકાલિક કે સ્પષ્ટ ઉપયોગ. તેમાં પહેલું સૂત્ર છે - પશ્યતા કેટલી છે ? અહીં દ્દશ્ ધાતુ જોવાના અર્થમાં છે. તેનું પશ્ય બન્યું ભાવમાં પશ્યતા બન્યું. આ શબ્દ ઉપયોગની માફક સાકાર અને અનાકાર બોધનો પ્રતિપાદક છે. તથા ઉપયોગ વિશે પ્રશ્નોત્તર આ પ્રમાણે છે, ઉપયોગના બે ભેદે — સાકાર અને અનાકાર. તેમ પશ્યતા વિશે પ્રશ્નોત્તર એ પ્રમાણે જ જાણવા.

સાકાર અને અનાકાર ભેદ સમાન છતાં ઉપયોગ અને પશ્યતામાં શો ભેદ છે ? જેથી જુદી કહી. (ઉત્તર) સાકાર-અનાકાર ભેદના પેટાભેદ સંખ્યારૂપ વિશેષતા છે. ઉપયોગ આઠ ભેદે છે, પશ્યતા છ ભેદે છે. કેમકે મતિજ્ઞાન-મતિઅજ્ઞાનને પશ્યતા નથી માનતા. એમ કેમ ? અહીં પશ્યતા એટલે પ્રેક્ષણ અર્થ છે. - x - સાકાર પશ્યતામાં અધિક દીર્ઘકાળ પર્યન્ત ઈક્ષણ-જોવું. અનાકાર પશ્યતા વિચારતા સ્પષ્ટરૂપ ઈક્ષણ તે પ્રેક્ષણ જાણવું. તેથી જે જ્ઞાન વડે ત્રણ કાળનો બોધ થાય, તે જ જ્ઞાન દીર્ઘકાળનો વિષય હોવાથી સાકાર પશ્યતા શબ્દથી કહેવાય છે. મતિજ્ઞાન અને મતિ અજ્ઞાન ઉત્પન્ન અને વિનાશને અપ્રાપ્ત અર્થનું ગ્રહણ કર્તા વર્તમાનકાળ વિષયક છે. - x - x - તે સાકારપશ્યતા વાચ્ય નથી. શ્રુતજ્ઞાનાદિ ત્રિકાળ વિષયક છે. જેમકે શ્રુતજ્ઞાન વડે અતીત અને અનાગત ભાવો જાણી શકાય છે. આગમ ગ્રન્થાનુસાર ઈન્દ્રિય અને મન નિમિત્તે જે વિજ્ઞાન થાય તેને જિનો શ્રુતજ્ઞાન કહે છે. અવધિ જ્ઞાન પણ અતીત-અનાગત અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી રૂપ કાળને જાણે છે. મનઃપર્યવજ્ઞાન પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અતીત અને અનાગત કાળને જાણે છે અને કેવળજ્ઞાન સર્વકાળ વિષયક સુપ્રસિદ્ધ છે. શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન પણ ત્રિકાળ વિષયક છે. કેમકે તે વડે પણ અતીત-અનાગત ભાવનું જ્ઞાન થાય છે. તેથી તે જ્ઞાનો સાકારપશ્યતા કહ્યા.

જેમાં પૂર્વોક્ત સ્વરૂપવાળા આકારની સ્ફૂરણા થાય તે બોધ વર્તમાનકાળ વિષયક હોય કે ત્રિકાળ વિષયક હોય. ત્યાં બધે ઉપયોગ શબ્દ પ્રવર્તે છે, માટે સાકારોપયોગ આઠ પ્રકારે છે. અનાકારોપયોગ ચાર પ્રકારે છે. જ્યારે અનાકાર પશ્યતા ત્રણ ભેદે છે, કેમકે અચક્ષુદર્શન અનાકારપશ્યતારૂપ નથી. - x -

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (68)



અચક્ષુદર્શનમાં સ્પષ્ટ ઈક્ષણ નથી, કેમકે આત્મા ચક્ષુની જેમ બાકીની ઈન્દ્રિયો અને મન વડે જાણતો નથી. તેથી અચક્ષુદર્શન અનાકારપશ્યતારૂપ ન હોવાથી તેને અનાકારપશ્યતામાં ગણેલ નથી. એ રીતે ઉપયોગ અને પશ્યતાના ભેદમાં વિચિત્રતા હોવાથી બંને જુદા છે. એ જ વિશેષતા કહેવા માટે સૂત્રકાર પહેલા સાકાર-અનાકાર ભેદો કહે છે —

પશ્યતા બે ભેદે — સાકાર અને અનાકાર. ઈત્યાદિ - x - સામાન્યથી જીવપદના વિશેષણ રહિત પશ્યતા કહી, હવે જીવપદના વિશેષણ સહિત પશ્યતા કહે છે. તે આ પ્રમાણે - x - જીવોને કેટલા પ્રકારે પશ્યતા કહી - બે પ્રકારે, સાકાર પશ્યતા અને અનાકાર પશ્યતા. - x - ઈત્યાદિ કહી, હવે ચોવીશદંડકમાં કહે છે —

નૈરયિકોને કેટલા ભેદે પશ્યતા કહી છે ? ઈત્યાદિ સુગમ હોવાથી અને ઘણું કરીને ઉપયોગ પદમાં વિચારેલ હોવાથી પૂર્વોક્ત ભાવનાનુસાર સ્વયં જાણી લેવું. એ પ્રમાણે સામાન્ય અને વિશેષથી જીવોની પશ્યતા કહી.

હવે પશ્યતા સહિત જીવોને જ વિચારવા માટે સૂત્રકાર કહે છે — ભગવન્ ! જીવો શું સાકારદર્શી છે ? जीवा - જીવનયુક્ત, પ્રાણ ધારણ કરનારા. किं - પ્રશ્નાર્થક છે. સાકારપશ્યતા જેમને હોય તે સાકારદર્શી અથવા સાકારપશ્યતાવાળા. અહીં મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની કહેવાતા નથી ઈત્યાદિ. કેમકે નૈરયિકોને ચારિત્ર પ્રાપ્તિ ન હોવાથી મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન-દર્શન નથી.

અહીં છદ્મસ્થને અનુક્રમે ઉત્પન્ન થતો સાકાર-અનાકાર ઉપયોગ ઘટે ચે, કેમકે તેઓ કર્મસહિત છે. કર્મસહિત જીવોને અન્ય ઉપયોગ સમયે અન્ય ઉપયોગ કર્મ વડે આચ્છાદિત હોવાથી ન ઘટે. અને કેવળજ્ઞાનીનો ચારઘાતી કર્મના ક્ષયથી થાય, તેથી સંશય થાય છે કે — તેને જ્ઞાનાવરણ, દર્શનાવરણનો ક્ષય થયેલો હોવાથી જે સમયે રત્નપ્રભાદિને જાણે તે જ સમયે જુએ કે તેવા જીવ સ્વભાવથી અનુક્રમે જુએ છે ? માટે પૂછે છે કે—

● સૂત્ર-૫૭૪ :-

*ભગવન્ ! કેવલી આ રત્નપ્રભા પૃથ્વીને આકારો, હેતુઓ, ઉપમા, દૃષ્ટાંતો, વર્ણ, સંસ્થાન, પ્રમાણ અને પ્રત્યવતાર વડે જે સમયે જાણે છે, તે સમયે જુએ છે ? જે સમયે જુએ, તે સમયે જાણે છે ? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેનું જ્ઞાન સાકાર અને દર્શન અનાકાર હોય છે. તે હેતુથી યાવત્ તે સમયે સાકાર અને દર્શન અનાકાર હોય છે. તે હેતુથી યાવત્ તે સમયે ન જાણે. એ પ્રમાણે નીચે સાતમી પૃથ્વી સુધી જાણવું.*

*એમ સૌધર્મ દેવલોક યાવત્ અચ્યુત દેવલોક, ગ્રૈવેયક, અનુત્તર વિમાન, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, પરમાણુ પુદ્ગલ. દ્વિપ્રદેશી યાવત્ અનંતપ્રદેશી સ્કંધ સંબંધે કહેવું.*

*ભગવન્ ! કેવલી આ રત્નપ્રભા પૃથ્વીને અનાકાર, અહેતુ, અનુપમા,*

***અદૃષ્ટાંત, અવર્ણ, અસંસ્થાન, અપ્રમાણ, અપ્રત્યાવતાર વડે જુએ છે, જાણતો નથી ? હા, ગૌતમ ! કેવલી યાવત્ જુએ છે, પણ જાણતો નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેમને દર્શન અનાકાર હોય છે અને જ્ઞાન સાકાર હોય છે. તેથી એમ કહેવાય છે કે કેવલી આ રત્નપ્રભા પૃથ્વીને અનાકાર વડે યાવત્ દેખે છે, પણ જાણતો નથી. એમ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, પરમાણુ પુદ્‌ગલ અને અનંત પ્રદેશી સ્કંધને દેખે છે, પણ જાણતો નથી.***

**● વિવેચન-૫૭૪ :-**

કેવળજ્ઞાન અને દર્શન જેમને છે, તે કેવલી કહેવાય છે. ભદંત - પરમ કલ્યાણયોગી. આ પ્રત્યક્ષ જણાતી રત્નપ્રભા પૃથ્વીને આકારના ભેદો વડે, જેમકે - આ રત્નપ્રભા પૃથ્વીના ખરકાંડ, પંકકાંડ, અપ્‌કાંડ ત્રણ ભેદથી છે. ખરકાંડ સોળ ભેદે છે ઈત્યાદિ. હેતુ — યુક્તિ વડે, તે આ પ્રમાણે - શા કારણે રત્નપ્રભા કહેવાય છે ? કેમકે તેનો રત્નમય કાંડ છે, માટે રત્નપ્રભા કહેવાય - x - ઉપમાઓ વડે, તે આ રીતે — રત્નપ્રભામાં રત્નપ્રભાદિ કાંડો વર્ણ વિભાગની અપેક્ષા વડે કેવા છે ? પદ્મરાગ મણિ જેવા વર્ણના છે ? ઈત્યાદિ. દૃષ્ટાંતો વડે - પ્રમાણ વડે જાણેલો છે વિવક્ષિત સાધ્ય અને સાધનના વ્યાપ્તિરૂપ સંબંધનો પરિચ્છેદ, જેમને વિશે તે દૃષ્ટાંત. - x - x -

વર્ણો વડે - શુક્લાદિ વર્ણના વિભાગ વડે. તેઓના જ અધિક અને ઓછા સંખ્યાતા, અસંખ્યાતા, અનંતગુણ વિભાગ વડે વર્ણનું ગ્રહણ ઉપલક્ષણ - ગંધાદિનું સૂચક છે. તેથી ગંધ, રસ, સ્પર્શના વિભાગ વડે જાણવું. સંસ્થાનો વડે, તે રત્નપ્રભામાં ભવન અને નારકના સંસ્થાનો છે, જેમકે - તે ભવનો બહારથી વૃત્ત અને અંદર ચોખૂણા છે, ઈત્યાદિ. એ રીતે નરકાવાસ સંસ્થાનાદ કહે. પ્રમાણો વડે — પરિમાણ વડે. જેમકે તે ૧,૮૦૦,૦૦ યોજન જાડાઈ તથા લંબાઈ-પહોળાઈમાં એક રાજપ્રમાણ છે. પ્રત્યવતારો વડે પ્રતિ-સર્વથા, અવતીર્ય-વ્યાપ્ત થાય જેઓ વડે તે પ્રત્યવતાર. તે અહીં ઘનોદધિ વગેરેના વલયો જાણવા. તે વલયો સર્વે દિશા અને વિદિશામાં આ રત્નપ્રભાને વીંટીને રહેલા છે.

જે સમયે આકારાદિ સહિત રત્નપ્રભાને જાણે છે, તે સમયે કેવળદર્શનથી દેખે છે એટલે કેવળ દર્શનનો વિષય કરે છે ? ગૌતમ ! એ અર્થયુક્તિયુક્ત નથી. - x - કેમકે - x - અહીં જ્ઞાન વડે જાણતો હોય તે ‘જાણે છે’ એમ કહેવાય છે, દર્શન વડે જાણતો હોય તે ‘દેખે છે’ એમ કહેવાય છે. કેવલીનું જ્ઞાન સાકાર છે - x - વિશેષણોને ગ્રહણ કરતો હોય તે બોધ જ્ઞાન કહેવાય. દર્શન અનાકાર છે. કેમકે - વિશેષોને નિર્વિશેષપણે જાણવાત તે દર્શન. તેમાં જ્ઞાન અને દર્શન જીવને તેવા પ્રકારના સ્વભાવથી અંશતઃ ઉત્પન્ન થતાં નથી. - x - તથા સ્વભાવથી જ્યારે જ્ઞાન હોય ત્યારે સર્વપ્રદેશમાં જ્ઞાન હોય, જ્યારે દર્શન હોય ત્યારે સર્વ પ્રદેશોમાં દર્શન જ હોય. કેમકે જ્ઞાન અને દર્શન સાકાર અને અનાકારપણે પરસ્પર વિરુદ્ધ છે. - x -

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (69)



તેથી જે સમયે જાણે છે, તે સમયે જોતો નથી. જે સમયે જુએ છે, તે સમયે જાણતો નથી. - x -

[શ્રી મલયગિરિજી કહે છે કે—] ઉક્ત કથન દ્વારા, વાદી સિદ્ધસેન દિવાકરે જે કહ્યું છે કે — ‘કેવલી એક સમયે જાણે અને જુએ છે’ - તેનું પણ ખંડન કરેલ સમજવું. કેમકે આ સૂત્ર વડે સાક્ષાત્ યુક્તિપર્વક જ્ઞાન અને દર્શનના ઉપયોગને ક્રમશઃ સ્થાપેલ છે. એ પ્રમાણે શર્કરાપ્રભાથી તમસ્તમપ્રભા, સૌધર્મથી અનુત્તર વિમાન, ઈષત્પ્રાગ્ભારા ઈત્યાદિ બધાંને વિચારવા.

શેષ વૃત્તિ સુગમ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૩૦-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ પદ-૩૧-"સંજ્ઞી" ❁

— x — x — x —

૦ એ પ્રમાણે 'પશ્યતા' નામે ૩૦-મું પદ કહે છે. હવે ૩૧-મું પદ કહે છે. તેનો સંબંધ આ છે – પૂર્વ પદમાં જ્ઞાનપરિણામવિશેષ જણાવ્યું, અહીં પરિણામની સામ્યતાથી સંજ્ઞા પરિણામ કહે છે.

**● સૂત્ર-૫૭૫,૫૭૬ :-**

***[૫૭૫] ભગવન્ ! જીવો સંજ્ઞી, અસંજ્ઞી કે નોસંજ્ઞીનોઅસંજ્ઞી હોય ? ગૌતમ ! જીવો એ ત્રણે ભેદે હોય. નૈરયિકો વિશે પ્રશ્ન – ગૌતમ ! નૈરયિકો સંજ્ઞી કે અસંજ્ઞી હોય, પણ નોસંજ્ઞીનોઅસંજ્ઞી ન હોય. એમ સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથ્વીકાયિકો વિશે પ્રશ્ન - ગૌતમ ! તેઓ સંજ્ઞી નથી, અસંજ્ઞી છે, નોસંજ્ઞીનોઅસંજ્ઞી નથી. એ પ્રમાણે વિકલેન્દ્રિયો પણ જાણવા. મનુષ્યો, જીવવત્ જાણવા. પંચેન્દ્રિય તિર્યંચો અને વ્યંતરો નૈરયિકવત્ સમજવા. જ્યોતિષ્ક અને વૈમાનિકો સંજ્ઞી છે, અસંજ્ઞી કે નોસંજ્ઞીનોઅસંજ્ઞી નથી. સિદ્ધો સંબંધે પૃચ્છા - તેઓ સંજ્ઞી કે અસંજ્ઞી નથી, નોસંજ્ઞીનોઅસંજ્ઞી છે.***

***[૫૭૬] નારક, તિર્યંચ, મનુષ્ય, વ્યંતર, અસુરાદિ સંજ્ઞી અને અસંજ્ઞી છે. વિકલેન્દ્રિયો અસંજ્ઞી છે. જ્યોતિષ્ક-વૈમાનિક સંજ્ઞી છે.*** *[એ પ્રમાણે સૂત્રનો જ અર્થ કહેતી ગાથા છે.]*

**● વિવેચન-૫૭૫,૫૭૬ :-**

- x - સંજ્ઞા-પદાર્થના ભૂત, વર્તમાન, ભાવી સ્વભાવનો વિચાર કરવો. તે સંજ્ઞા જેઓને છે, તે સંજ્ઞી કહેવાય છે. એટલે વિશિષ્ટ સ્મરણાદિરૂપ મનના જ્ઞાનવાળા સંજ્ઞી જાણવા. ઉક્ત મનોવિજ્ઞાન રહિત તે અસંજ્ઞી. તેઓ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સંમૂર્છિમ પંચેન્દ્રિય હોય છે અથવા જે વડે પૂર્વે જાણેલો, વર્તમાન અને ભાવિ પદાર્થ સમ્યક્ જણાય તે સંજ્ઞા, તે જેમને હોય તે સંજ્ઞી - મન સહિત કહેવાય. તેથી વિપરીત તે અસંજ્ઞી.

તેઓ હમણાં જ કહેલા એકેન્દ્રિયાદિ જાણવા. કેમકે એકેન્દ્રિયોને પ્રાયઃ સર્વથા મનોવૃત્તિનો અભાવ છે. બેઈન્દ્રિયાદિને વિશિષ્ટ મનોવૃત્તિ નથી. કેમકે તે બેઈન્દ્રિયાદિ વર્તમાનકાળવર્તી શબ્દાદિ અર્થને શબ્દાદિ રૂપે જાણે છે. ભૂત અને ભાવિ અર્થને નથી જાણતા. કેવળજ્ઞાની અને સિદ્ધ સંજ્ઞી નથી - અસંજ્ઞી પણ નથી. પરંતુ સંજ્ઞી-અસંજ્ઞી બંનેના પ્રતિષેધનો વિષય છે. જો કે કેવળજ્ઞાનીને મનોદ્રવ્યનો સંબંધ છે, પણ મનોદ્રવ્ય વડે તે ભૂત-વર્તમાન અને ભાવિ પદાર્થના સ્વભાવનો વિચાર કરતાં નથી, પરંતુ તેઓ બધાં જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો ક્ષય થયેલો હોવાથી પર્યાલોચન સિવાય જ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે સાક્ષાત્ સર્વ વસ્તુને જાણે છે અને જુએ છે. તેથી તે સંજ્ઞી નથી - અસંજ્ઞી પણ નથી. પરંતુ સર્વકાળવર્તી સર્વ દ્રવ્ય અને પર્યાયના સમૂહને પ્રત્યક્ષ કરવામાં સમર્થ જ્ઞાન વડે સહિત છે. સિદ્ધ પણ

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (70)



સંજ્ઞી નથી, કેમકે તેને દ્રવ્ય મનનો અભાવ છે, તેમ અસંજ્ઞી પણ નથી, કેમકે તે સર્વજ્ઞ છે.

એ પ્રમાણે સામાન્યથી જીવપદમાં સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી હોય છે. - x - જીવો સંજ્ઞી પણ હોય છે. કેમકે નૈરયિકાદિ સંજ્ઞી છે. જીવો અસંજ્ઞી પણ છે. કેમકે પૃથિવ્યાદિ અસંજ્ઞી છે અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી પણ છે, કેમકે તેમાં સિદ્ધ અને કેવલી છે.

હવે તેમને ચોવીશ દંડકના ક્રમથી વિચારે છે - જે નૈરયિક સંજ્ઞીથી આવીને ઉત્પન્ન થાય તે સંજ્ઞી કહેવાય. બીજા અસંજ્ઞી કહેવાય. નૈરયિકોને ચારિત્ર અભાવે કેવલીપણું ન હોય માટે નોસંજ્ઞીનોઅસંજ્ઞી હોતા નથી. એમ બધાં ભવનપતિઓ કહેવા. કેમકે તેઓ અસંજ્ઞીથી પણ આવીને ઉપજે અને તેમને કેવલીપણાનો અભાવ પણ છે.

મનુષ્યો, જીવવત્ કહેવા. એટલે તેઓ સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી પણ હોય. ગર્ભજ સંજ્ઞી છે, સંમૂર્છિમો અસંજ્ઞી છે. કેવલી નોસંજ્ઞી-નોઅસંજ્ઞી છે. પંચે૦ તિર્યંચ અને વ્યંતરો નૈરયિકવત્ કહેવા. તેમાં સંમૂર્છિમ પંચે૦ તિર્યંચો અસંજ્ઞી અને ગર્ભજ સંજ્ઞી છે. વ્યંતરો અસંજ્ઞીથી આવીને ઉપજે તો અસંજ્ઞી, સંજ્ઞીથી આવીને ઉપજે તો સંજ્ઞી કહેવાય. બંને ચારિત્ર અભાવે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી નથી.

જ્યોતિષ્ક, વૈમાનિકો સંજ્ઞી જ હોય. પરંતુ અસંજ્ઞીન હોય, કેમકે તે અસંજ્ઞીથી આવીને ન ઉપજે. તેમ તેઓને ચારિત્ર પણ નથી, માટે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી પણ નથી. સિદ્ધો પૂર્વોક્ત યુક્તિથી સંજ્ઞી કે અસંજ્ઞી નથી, પણ નોસંજ્ઞી-નોઅસંજ્ઞી છે.

ઉક્ત સૂત્રના સુખે બોધ થવા માટે સંગ્રહણી ગાથા કહી છે. તે સુગમ છે. સૂત્રાર્થમાં નોંધી છે. તેમાં વિશેષ એ કે - વનચર એટલે વ્યંતરો, અસુરાદિ - સમસ્ત ભવનપતિ, વિકલેન્દ્રિય - એક, બે, ત્રણ, ચાર ઈન્દ્રિયવાળા અસંજ્ઞી હોય છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૩૧-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ પદ-૩૨-"સંયમ" ❀

-- x -- x -- x -- x --

૦ એ પ્રમાણે ૩૧-મું પદ કહ્યું. હવે ૩૨-મું પદ કહે છે. તેનો આ સંબંધ છે - ૩૧માં પદમાં સંજ્ઞીપરિણામ કહ્યા. અહીં ચારિત્ર પરિણામ વિશેષ સંયમને કહે છે. સંયમ નિરવદ્ય યોગ પ્રવૃત્તિ અને સાવદ્ય યોગની નિવૃત્તિ રૂપ છે. તેનું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૫૭૭,૫૭૮ :-**

***[૫૭૭] ભગવન્ ! જીવો શું સંયત છે, અસંયત છે, સંયતાસંયત છે કે નોસંયતનોઅસંયતનોસંયતાસંયત છે ? ગૌતમ ! તે ચારે છે. નૈરયિકો વિશે પ્રશ્ન - તેઓ સંયત નથી, અસંયત છે, સંયતાસંયત નથી, નોસંયતનોઅસંયત-નોસંયતાસંયત નથી. એમ ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિયો તિર્યંચ વિશે પૃચ્છા — સંયત નથી, અસંયત છે, સંયતાસંયત છે, નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત નથી. મનુષ્યો વિશે પૃચ્છા — સંયત, અસંયત, સંયતાસંયત પણ ચે. પણ નોસંયતનોઅસંયતનો સંયતાસંયત નથી. વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો નૈરયિકોવત્ જાણવા. સિદ્ધોનો પ્રશ્ન — સંયત, અસંયત કે સંયતાસંયત નથી, પણ નોસંયતનોઅસંયતનોસંયતાસંયત છે.***

***[૫૭૮] જીવો અને મનુષ્ય સંયત, અસંયત, મિશ્ર હોય. તિર્યંચો સંયતરહિત છે. બાકીના અસંયત છે.***

● **વિવેચન-૫૭૭,૫૭૮ :-**

સર્વ સાવદ્ય યોગોથી સમ્યક્પણે નિવૃત્ત થયેલા હોય, અર્થાત્ ચારિત્ર પરિણામની વૃદ્ધિના કારણભૂત નિરવદ્ય યોગોમાં પ્રવર્તતા હોય તે સંયત-એટલે હિંસાદિ પાપસ્થાનોથી નિવૃત્ત. તેનાથી વિપરીત તે અસંયત. હિંસાદિમાં દેશથી નિવૃત્ત તે સંયતાસંયત જેઓએ ત્રણેનો પ્રતિષેધ કરેલ છે, તે સિદ્ધ. કઈ રીતે ? સંયમ નિરવદ્ય યોગ પ્રવૃત્તિ અને સાવદ્ય યોગ નિવૃત્તિરૂપ છે. તેથી સંયતાદિ પર્યાયો યોગ આશ્રિત છે. સિદ્ધ ભગવંતો યોગ રહિત છે. કેમકે તેમને શરીર અને મનનો અભાવ છે, મરાટે સંયતાદિ ત્રણે અવસ્થાથી નિવૃત્ત છે એમ સામાન્યથી જીવપદમાં સંયતાદિ ચારે અવસ્થા ઘટે.

સૂત્રકાર પણ કહે છે — જીવો સંયત પણ છે, કેમકે સાધુઓ સંયત છે. અસંયત પણ છે, કેમકે નારકો અસંયત છે. સંયતાસંયત પણ છે, કેમકે પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો દેશથી સંયમી હોય. નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત પણ છે, કેમકે સિદ્ધોને ત્રણેનો પણ પ્રતિષેધ છે. ચોવીશ દંડક સૂત્રો સુગમ છે.

અહીં સંગ્રહણી ગાથા કહે છે — સંયત૦ઈત્યાદિ. તાત્પર્ય એ છે કે — જીવપદ અને મનુષ્યપદમાં સંયતાદિ ત્રણે પદો ઘટે છે, પણ નથી ઘટતા એમ નથી. એ તાત્પર્યને જણાવનાર આ સૂત્ર છે. પરંતુ અન્ય પદનો નિષેધ કરતું નથી. જો એમ ન હોય તો જીવપદમાં સંયતાદિ ત્રણે અવસ્થાના પ્રતિષેધરૂપ ચોથું પદ પણ ઘટે છે. જે પ્રકારે પૂર્વે કહ્યું છે. તથા સંયતપદ રહિત ઉપલક્ષણથી ત્રણેના પ્રતિષેધ રહિત

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (71)



પંચેન્દ્રિય તિર્યંચો છે.

[પ્રશ્ન] સંયતપદ રહિત તિર્યંચ પંચેન્દ્રિયો કેમ કહેવાય ? કારણ કે તેઓમાં સર્વથા સંયતપણું ઘટે છે. જેમકે — સંયતપણું નિરવદ્ય યોગની પ્રવૃત્તિ અને સાવદ્ય યોગની નિવૃત્તિરૂપ છે અને તિર્યંચોને પણ નિરવદ્ય યોગમાં પ્રવૃત્તિ અને સાવદ્ય યોગથી નિવૃત્તિ સંભવે છે. કેમકે તેઓ આયુષ્યના છેલ્લા કાળે પણ ચાર પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરી શુભ યોગોમાં વર્તતા દેખાય છે. વળી સિદ્ધાંતમાં તે તે સ્થાને તેઓ પોતાના વિશે મહાવ્રતોનું આરોપણ કરતાં સંભળાય છે. કહ્યું છે કે — તિર્યંચોને ચારિત્રનો નિષેધ કર્યો છે તો પણ તેઓમાં ઘણાંને સિદ્ધાંતોમાં મહાવ્રતોનું આરોપણ સંભળાય છે.

[સમાધાન] તે અયુક્ત છે. કારણ કે સમ્યક્ પ્રકારે વસ્તુતત્ત્વનું જ્ઞાન નથી. અહીં સંયતપણું નિરવદ્યયોગની પ્રવૃત્તિ અને સાવદ્યયોગની નિવૃત્તિરૂપ આંતર ચારિત્ર પરિણામ સહિત જાણવું તે સિવાયનું નહીં. જેઓએ ચાર પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરેલું છે એવા અને મહાવ્રતોનું આરોપણ કરતાં તેઓને ભાવનિમિત્તે ચારિત્રનો પરિણામ થતો નથી અને તે પરિણામ અચિંત્ય ચિંતામણી સમાન મનુષ્ય ભવમાં જ થાય છે. તે પણ કર્મના ક્ષયોપશમ વડે થાય, બીજી રીતે નહીં. માટે ભગવંતે મનુષ્યભવ દુર્લભ કહ્યો છે.

[પ્રશ્ન] તે રીતે મહાવ્રતાદિની આરોપણરૂપ ચેષ્ટા કરતાં તિર્યંચોને આંતર ચારિત્ર પરિણામ નથી - એમ શાથી જણાય ?

[ઉત્તર] તેઓને કેવળજ્ઞાનાદિ નહીં થવાથી. જો તિર્યંચોને પણ ચારિત્ર પરિણામ સંભવે તો ક્યાંક ક્યારે કોઈકને ઉત્કૃષ્ટ ભાવે મનઃપર્યવજ્ઞાન કે કેવળજ્ઞાન પણ થાય. પણ તેવું સંભળાતું નથી. માટે જણાય છે કે તેમને ચારિત્ર પરિણામનો સંભવ નથી. - x - તેથી ચારિત્ર પરિણામનો અભાવ હોવાથી તેઓ સંયત પદ રહિત છે.

બીજા સંસારી જીવો અસંયતપદ સહિત છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૩૨-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ પદ-૩૩-"અવધિ" ❀
— x — x — x —

૦ એ પ્રમાણે ૩૨-મું પદ કહ્યું. હવે ૩૩-મું પદ આરંભે છે, તેનો સંબંધ આ છે — ૩૨-માં પદમાં ચારિત્ર પરિણામ વિશેષ સંયમને કહ્યો. અહીં જ્ઞાન પરિણામ વિશેષ અવધિને કહે છે. તે અધિકાર —

● **સૂત્ર-૫૭૯,૫૮૦ :-**

***[૫૭૯] ભેદ, વિષય, સંસ્થાન, અભ્યંતર, બાહ્ય, દેશાવધિ, હીયમાન અવધિ, વર્ધમાન અવધિ, પ્રતિપાતી, અપ્રતિપાતી એ દશ દ્વારો.***

***[૫૮૦] ભગવન્ ! અવધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! તે બે ભેદે છે— ભવપ્રત્યયિક, ક્ષાયોપશમિક. ભવપ્રત્યયિક બે છે — દેવો અને નૈરયિકો. ક્ષાયોપશમિક બે છે — મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચો.***

● **વિવેચન-૫૭૯,૫૮૦ :-**

(૧) જેનો અર્થ પૂર્વે કહ્યો છે, તે અવધિજ્ઞાનનો પહેલા ભેદ કહેવાનો છે, પછી (૨) વિષય, (૩) પછી સંસ્થાન-અવધિજ્ઞાને પ્રકાશિત કરેલા ક્ષેત્રના જે ત્રાપા આદિ આકાર વિશેષરૂપ છે, તેનું કારણ અવધિજ્ઞાન હોવાથી અવધિના સંસ્થાનરૂપે કહેવાય છે. તથા અવધિ બે પ્રકારે — (૪) અભ્યંતરાવધિ - જે સર્વ દિશામાં પોતાના વિષયભૂત ક્ષેત્રનો પ્રકાશ કરે અને અવધિજ્ઞાની સાથે નિરંતર સ્વપ્રકાશ્ય ક્ષેત્ર સંબંધવાળું હોય તે. (૫) તેથી વિપરીત તે બાહ્યાવધિ.

અભ્યંતરાવધિ બે ભેદે — અંતગત, મધ્યગત, અંતગત શબ્દના પૂર્વાચાર્યોએ ત્રણ અર્થો બતાવેલા છે. આત્મપ્રદેશોને અંતે રહેલ અવધિ. અહીં ઉત્પન્ન થતું કોઈપણ અવધિજ્ઞાન સ્પર્ધકરૂપે ઉત્પન્ન થાય છે. સ્પર્ધક એટલે ગવાક્ષના જાળીયા આદિથી બહાર નીકળેલ દીવાના પ્રકાશ માફક અવધિજ્ઞાનનો પ્રકાશવિશેષ. - x - આ સ્પર્દ્ધકો એક જીવને અસંખ્યાતા કે સંખ્યાતા હોય છે. - x - તે વિચિત્ર સ્વરૂપવાળા હોય છે. તેમાંના કોઈ પર્યન્તવર્તી આત્મપ્રદેશોમાં ઉત્પન્ન થાય છે. તેમાં પણ કેટલાંક આગળના ભાગે, કેટલાંક પૃષ્ઠ ભાગે, કેટલાંક અધોભાગે, કેટલાંક ઉર્ધ્વભાગે, કેટલાંક મધ્યવર્તી આત્મપ્રદેશોમાં હોય છે. એ પ્રમાણે ઉત્પન્ન થતું અવધિજ્ઞાન, આત્માના અંત ભાગે રહેલ હોવાથી અન્તગત કહેવાય કેમકે અંતમાં રહેલાં તે આત્મપ્રદેશો વડે સાક્ષાત્ અવબોધ થાય.

અથવા ઔદારિક શરીરમાં અંતે રહેલું અવધિજ્ઞાન - તે અંતગતઅવધિ કહેવાય. કેમકે ઔદારિક શરીર અપેક્ષાએ એક દિશામાં રહેલા દ્રવ્યોનો બોધ થાય છે. - x - અથવા બધાં આત્મપ્રદેશોનો ક્ષયોપશમ હોવા છતાં પણ ઔદારિક શરીરમાં અંતે કોઈપણ એક દિશામાં જેથી બોધ થાય તે અંતગત કહેવાય છે.

(પ્રશ્ન) જો બધાં આત્મપ્રદેશોનો ક્ષયોપશમ હોય તો ચારે તરફ કેમ જોતો નથી ? (ઉત્તર) એક દિશામાં ક્ષયોપશમનો સંભવ છે દેશાદિ અપેક્ષાએ કર્મનો

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (72)



ક્ષયોપશમ વિચિત્ર હોય, તેથી બધા આત્મપ્રદેશોનો સ્વ સામગ્રીના વશથી આવો જ ક્ષયોપશમ થાય છે. જેથી ઔદારિક શરીર અપેક્ષાએ એક વિવક્ષિત દિશામાં જુએ છે. - x - x -

અથવા સર્વ આત્મપ્રદેશો વિશુદ્ધ છતાં ઔદારિક શરીરના અંતે એક દિશામાં જોવામાં રહેલું છે માટે અંતગત કહેવાય છે. એ બીજો પક્ષ છે. ત્રીજો પક્ષ છે - એક દિશામાં રહેલા તે અવધિજ્ઞાન વડે જે ક્ષેત્ર પ્રકાશિત થયું છે, તે ક્ષેત્રના અંતે અવધિ વર્તે છે. કેમકે ક્ષેત્રના અંતે અવધિજ્ઞાની રહેલ છે. તેથી અંતે એટલે એક દિશામાં રહેલ અવધિ જ્ઞાનના વિષયભૂત ક્ષેત્રને પર્યન્તે રહેલ માટે અંતગત અવધિ.

અંતગત અવધિજ્ઞાન ત્રણ ભેદે - આગળ, પાછળ, પડખે. જેમ કોઈ હાથમાં ગ્રહણ કરેલ અને આગળ ચાલતી દીવી વડે આગળના ભાગને જ જુએ, તેમ જે અવધિજ્ઞાનથી તેવો ક્ષયોપશમ થતાં આગળ સંખ્યાતા કે અસંખ્યાતા યોજન સુધી જુએ છે તે પુરતઃ - અવધિજ્ઞાન. તે જ પુરુષ પાછળ હાથમાં ગ્રહણ કરેલ દીવીથી પાછળના ભાગને જ જુએ તેમ જે અવધિજ્ઞાન પાછળ સંખ્યાતા-અસંખ્યાતા યોજન સુધી જુએ તે પૃષ્ઠતઃ અવધિજ્ઞાન છે. જે અવધિ વડે એક કે બંને પડખે સંખ્યાતા કે અસંખ્યાતા યોજન સુધી જુએ તે પાર્શ્વતઃ અવધિજ્ઞાન કહેવાય. આ કથનની પુષ્ટિ નંદિસૂત્રની ચૂર્ણીમાં પણ છે. - x -

મધ્યગત અવધિ પણ ત્રણ પ્રકારે છે — અહીં દંડાદિના મધ્ય ભાગ માફક મધ્ય પ્રસિદ્ધ છે. તેમાં આત્મપ્રદેશોના મધ્ય ભાગમાં રહેલ અવધિ મધ્યગત કહેવાય છે. આ અવધિજ્ઞાન સ્પર્દ્ધક રૂપ છે અને સર્વ દિશામાં બોધનું કારણ મધ્યવર્તી આત્મપ્રદેશોનું અવધિજ્ઞાન જાણવું અથવા સર્વ આત્મપ્રદેશોનો ક્ષયોપશમ હોવા છતાં ઔદારિક શરીરના મધ્યભાગ વડે જ્ઞાન થાય છે. માટે મધ્યગત અવધિ કહેવાય. અથવા તે અવધિ વડે જે ક્ષેત્ર પ્રકાશિત છે, તે ક્ષેત્રની સર્વ દિશાઓમાં મધ્ય ભાગને વિશે રહેલું તે મધ્યગત અવધિ કહેવાય. કેમકે અવધિજ્ઞાની તે વડે પ્રકાશિત ક્ષેત્રના મધ્ય ભાગમાં રહેલો છે. - x - અથવા જ્ઞાનના વિષયભૂત ક્ષેત્રના મધ્યભાગમાં અવધિજ્ઞાની પુરુષ હોય છે માટે તે મધ્યગત અવધિ કહેવાય છે.

ઉક્ત ત્રણે વ્યાખ્યાનમાં જ્યારે અવધિ વડે પ્રકાશિત ક્ષેત્રનો અવધિજ્ઞાની સાથે સંબંધ હોય ત્યારે તે અભ્યંતરાવધિ કહેવાય. કેમકે તે સર્વ દિશામાં પ્રકાશિત ક્ષેત્રના મધ્યભાગમાં રહેલો છે. આ ભેદ બાહ્ય અવધિમાં ન લેવો, કેમકે અભ્યંતરાવધિમાં અંતર્ભાવ થાય છે. પરંતુ જ્યારે અવધિજ્ઞાનથી પ્રકાશિત ક્ષેત્ર વચ્ચે ત્રુટિત હોવાથી અવધિજ્ઞાની સાથે તેનો સંબંધ ન હોય, ત્યારે બાહ્ય અવધિ કહેવાય છે. આ ભેદ અહીં ગ્રહણ કરવો. પછી દેશાવધિ, પ્રતિપક્ષે સર્વાવધિ કહેવાનો છે.

દેશાવધિ અને સર્વાવધિનું સ્વરૂપ - અવધિ ત્રણ ભેદે છે — સર્વજઘન્ય, મધ્યમ, સર્વોત્કૃષ્ટ. સર્વ જઘન્ય અવધિ તે દ્રવ્યથી તૈજસ અને ભાષા વર્ગણા વચ્ચે રહેલા અંતગત દ્રવ્યોને, ક્ષેત્રતી અંગુલના અસંખ્યાતમા ભાગ ક્ષેત્રને, કાળતી

આવલિકાના અસંખ્યાતમા ભાગ અતીત અને અનાગત કાળને જાણે છે. અહીં અવધિ, ક્ષેત્ર અને કાળને સ્વરૂપથી સાક્ષાત્ ન જાણે. કેમકે તે અમૂર્ત છે અને અવધિનો વિષય રૂપી દ્રવ્યો છે. ક્ષેત્ર અને કાળનું જ્ઞાન ઉપચારથી જાણવું. - x - દરેક દ્રવ્યના જઘન્યપદે પણ રૂપ, રસ, ગંધ, સ્પર્શરૂપ ચાર પર્યાયોને જાણે છે. - x - દ્રવ્યો અનંત છે. આથી ઉપર પ્રદેશની-સમયની અને પર્યાયની વૃદ્ધિ વડે વધતું અવધિજ્ઞાન મધ્યમ સમજવું. તે ત્યાં સુધી જાણવું કે યાવત્ સર્વોત્કૃષ્ટ પરમાવધિ ન થાય.

સર્વોત્કૃષ્ટ પરમાવધિ દ્રવ્યથી સર્વ રૂપી દ્રવ્યોને જાણે, ક્ષેત્રથી અલોકમાં લોકપ્રમાણ ખંડોને જાણે, કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી રૂપ અતીત-અનાગત કાળને જાણે, ભાવથી અનંત પર્યાયોને જાણે છે. કેમકે દરેક દ્રવ્યના સંખ્યાતા કે અસંખ્યાતા પર્યાયોને જાણે છે. - x - અહીં સર્વજઘન્ય અને મધ્યમ અવધિને દેશાવધિ કહેવાય અને સર્વોત્કૃષ્ટ અવધિને પરમાવધિ કે સર્વાવધિ કહેવાય છે. તથા અવધિની હાનિ-વૃદ્ધિ કહેવાની છે.

તેમાં તથાવિધ સામગ્રીના અભાવથી પૂર્વાવસ્થાથી હાનિને પ્રાપ્ત થતું તે હીયમાન અવધિ. - x - જેમ જેમ અધિકાધિક ઈંધન નાંખવા વડે અગ્નિની જ્વાલાનો સમૂહ વધતો જાય, તેમજ પૂર્વાવસ્થાથી યથાયોગ્યપણે વિશુદ્ધ-વિશુદ્ધતર અધ્યવસાય થવાથી વધતું જાય તે વર્ધમાન અવધિ કહેવાય છે.

પ્રતિપાતી અને અપ્રતિપાતી. 'च' શબ્દ અનુક્ત અર્થનો સમુચ્ચય કરનાર હોવાથી અનુગામિક અને અનાનુગામિક અવધિ પણ કહેવા યોગ્ય છે. તેમાં પડવાના સ્વભાવવાળું હોવાથી-પ્રતિપાતી, જે અવધિ ઉત્પન્ન થઈ ક્ષયોપશમને યોગ્ય કેટલોક કાળ રહી પ્રદીપની માફક સર્વથા નાશ પામે તે પ્રતિપાતી.

હીયમાન અને પ્રતિપાતીમાં શો ભેદ ? પૂર્વાવસ્થાથી નીચે નીચે હાનિ પામતું તે હીયમાન અને એક કાળે નિર્મૂળ નાશ પામે તે પ્રતિપાતી. જે પડે નહીં તે અપ્રતિપાતી, જે કેવળજ્ઞાન કે મરણ સુધી નાશ ન પામે તે અપ્રતિપાતી. ગમન કરનારને સર્વથા અનુસરે તે આનુગામિક અથવા અનુગમ એ જેનું પ્રયોજન છે, તે આનુગામિક. જે લોચનની માફક જનારાને અનુસરે તે આનુગામિક અવધિ કહેવાય. જે આનુગામિક નથી તે અનાનુગામિક સાંકળથી બાંધેલ દીવા માફક ગમન કરનાર પુરુષને અનુસરતું નથી. - એમ દ્વાર ગાથા કહી.

હવે ઉદ્દેશના ક્રમે નિર્દેશ થાય છે. પહેલાં અવધિના ભેદો કહે છે - x - (૧) ભવપ્રત્યયિક - જેમાં કર્મને વશવર્તી પ્રાણીઓ ઉત્પન્ન થાય તે ભવ-નારકાદિનો જન્મ. ભવ એ જ કારણ જેનું છે, તે ભવપ્રત્યય. અહીં પ્રત્યય શબ્દ કારણ અર્થમાં છે. - x - (૨) અવધિજ્ઞાનાવરણીય કર્મના ઉદયાવલિકામાં રહેલા અંશના વેદવા વડે નાશ થવો તે ક્ષય અને અનુદય અવસ્થામાં રહેલ કર્મના વિપાકોદયને રોકવે તે ઉપશમ. ક્ષય અને ઉપશમ વડે થયેલો તે 'ક્ષાયોપશમિક' નામે બીજો ભેદ જાણવો.



E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (73)



જે અવધિ જેઓને હોય તે તેઓને બતાવે છે — બે પ્રકારના જીવોને ભવપ્રત્યય અવધિ હોય — દેવો અને નારકોને. દેવો ભવનપત્યાદિ ચાર ભેદે છે. નારકો - રત્નપ્રભાદિ સાત ભેદ છે. 'च' શબ્દથી બીજા ભેદો વિષય અને સંસ્થાનમાં કહેશે.

(પ્રશ્ન) અવધિજ્ઞાન ક્ષાયોપશમિક ભાવમાં છે અને નારકાદિ ભવ ઔદયિક ભાવમાં વર્તે છે, તો દેવાદિને ભવપ્રત્યય અવધિજ્ઞાન કેમ કહેવાય ? અહીં દોષ નથી, કેમકે ભવપ્રત્યય અવધિજ્ઞાન પણ પરમાર્થથી ક્ષાયોપશમિક જ છે. પણ તે ક્ષયોપશમ દેવ અને નારકોના ભવમાં અવશ્ય હોય છે, તેથી 'ભવપ્રત્યય' એમ કહ્યું, અહીં નંદીસૂત્રની ચૂર્ણિની સાક્ષી પણ આપી છે.

બેને ક્ષાયોપશમિક અવધિ હોય છે — મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચને. 'च' શબ્દ અનેક ભેદોનો સૂચક છે. આ બંનેને અવધિજ્ઞાન હોય જ તેમ નથી. તેથી ક્ષાયોપશમિકપણું સામાન્ય હોવા છતાં પણ ભવપ્રત્યયથી ભિન્ન છે. બાકી બધાં ક્ષાયોપશમિક જ છે.

એમ અવધિજ્ઞાનનો ભેદ કહ્યો. હવે તેનો વિષય —

● સૂત્ર-૫૮૧ :-

*ભગવન્ ! નૈરયિકો કેટલા ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે અને જુએ ? ગૌતમ ! જઘન્યથી અર્દ્ધ ગાઉ, ઉત્કૃષ્ટ ચાર ગાઉ ક્ષેત્રને જાણે અને જુએ. ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક અવધિજ્ઞાન વડે કેટલાં ક્ષેત્રને જાણે અને જુએ ? જઘન્ય સાડા ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉ ક્ષેત્રને જાણે અને જુએ. શર્કરાપ્રભાના નૈરયિકો જઘન્ય ત્રણ, ઉત્કૃષ્ટ સાડા ત્રણ ગાઉ અવધિજ્ઞાનથી જાણે-જુએ.*

*વાલુકાપ્રભા નૈરયિકો જઘન્ય અઢી, ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ. પંકપ્રભા નૈરયિક જઘન્ય બે, ઉત્કૃષ્ટ અઢી ગાઉ. ધૂમપ્રભા નૈરયિક જઘન્ય દોઢ, ઉત્કૃષ્ટ બે ગાઉ. તમઃપ્રભા પૃથ્વી નૈરયિકો જઘન્ય ગાઉ, ઉત્કૃષ્ટ દોઢ ગાઉ. અધઃસપ્તમી નૈરયિક જઘન્ય અર્દ્ધ ગાઉ, ઉત્કૃષ્ટ એક ગાઉ અવધિજ્ઞાન વડે જાણે અને જુએ.*

*અસુરકુમારો અવધિજ્ઞાનથી કેટલું ક્ષેત્ર જાણે અને જુએ ? જઘન્ય-૨૫ યોજન, ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપ સમુદ્રો. નાગકુમારો જઘન્ય ૨૫-યોજન, ઉત્કૃષ્ટ સંખ્યાતા દ્વીપ-સમુદ્રોને અવધિજ્ઞાનથી જાણે અને જુએ. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.*

*પંચેન્દ્રિય તિર્યંચ કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાનથી જાણે અને જુએ ? જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો જાણે-જુએ. મનુષ્યો વિશે પૃચ્છા - જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ અલોકમાં લોક પ્રમાણમાત્ર અસંખ્યાતા ખંડોને અવધિ વડે જાણે-જુએ. વ્યંતરો નાગકુમારવત્ જાણવા.*

જ્યોતિષ્કો અવધિ વડે કેટલું ક્ષેત્ર જુએ - જાણે ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને સંખ્યાતા દ્વીપ-સમુદ્રો. સૌધર્મ દેવોની પૃચ્છા-જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ યાવત્ રત્નપ્રભાના ચરમ ભાગને તીર્છું અસંખ્યાત દ્વીપ સમુદ્ર પર્યન્ત અને ઉર્ધ્વ પોત-પોતાના વિમાનો સુધી અવધિ વડે જાણે-જુએ. એમ ઈશાન દેવો પણ કહેવા. સનત્કુમાર પણ તેમજ છે. પરંતુ નીચે બીજી શર્કરાપ્રભા પૃથ્વી નીચેના ચરમભાગ સુધી જાણે-જુએ માહેન્દ્ર દેવો એમજ જાણવા.

બ્રહ્મલોક અને લાંતક દેવ ત્રીજી વાલુકાપ્રભાની નીચેના ચરમ ભાગને જાણે-જુએ. મહાશુક્ર અને સહસ્રાર દેવો પંકપ્રભાના અધો ચરમાંતને જાણે-જુએ. આનતાદિ ચાર દેવો પાંચમી નરકના અધો ચરમાંતને જાણે-જુએ. અધો અને મધ્યમ ગ્રૈવેયક દેવો છટ્ઠી પૃથ્વીના અધો ચરમાંતને, ઉપલી ગ્રૈવેયકના દેવો જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટ સાતમી નરકના અધો ચરમાંત સુધી, તીર્છું અસંખ્યાતા દ્વીપ-સમુદ્રસુધી સ્વ-સ્વ વિમાનો સુધી, અનુત્તરૌપપાતિક દેવો સંપૂર્ણ લોકનાડીને અવધિવડે જાણે અને જુએ.

● વિવેચન-૫૮૧ :-

સૂત્ર સુગમ છે, પણ સાતમી નરકમાં જઘન્યથી અવધિજ્ઞાન અડધો ગાઉ છે. રત્નપ્રભામાં ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન ચાર ગાઉ છે. પ્રત્યેક નરકમાં નૈરયિકોના અવધિજ્ઞાનના વિષયનો વિચાર સૂત્રમાં કરે છે. તે સુગમ છે. ઉત્કૃષ્ટ પદના વિષયનો સંગ્રહ કરનારી બે ગાથા છે. રત્નપ્રભાદિમાં જઘન્ય અવધિ જ્ઞાન અનુક્રમે સાડા ત્રણ ગાઉ ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. ઉત્કૃષ્ટ પણ ચાર ગાઉ ઈત્યાદિ સૂત્રમાં કહ્યું.

ભવનપતિ અને વ્યંતરોને અવધિનો જઘન્ય જે પચીશ યોજન પ્રમાણ વિષય છે, તે દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિને આશ્રીને જાણવો, બાકીનાની અપેક્ષાએ ન સમજવો. - x - મનુષ્યમાં ઉત્કૃષ્ટ જે અલોકમાં લોક પ્રમાણ અસંખ્યાતા ખંડોને જાણે છે તે પરમાવધિ અપેક્ષાએ સમજવું. આ તો સામર્થ્ય માત્રનું વર્ણન છે. જો એટલા ક્ષેત્રમાં તેને જોવા લાયક વિષય હોય તો જુએ. પરંતુ છે નહીં. કેમકે અલોકમાં રૂપી દ્રવ્યો અસંભવ છે અને અવધિનો વિષય રૂપી દ્રવ્ય છે. જ્યાં સુધી સંપૂર્ણ લોકને જુએ ત્યાં સુધી અહીં સ્કંધોને જ જુએ, જ્યારે અવધિ અલોકમાં પણ પ્રસરે ત્યારે જેમ જેમ વધે, તેમ તેમ લોકમાં સૂક્ષ્મ સૂક્ષ્મતર સ્કંધોને જુએ છે, છેવટે પરમાણુને જુએ છે. - x - x - પરમાવધિ વડે યુક્ત અવશ્ય અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

[પ્રશ્ન] વૈમાનિકો જઘન્યથી જે અંગુલના અસંખ્યાતમા ભાગ ક્ષેત્રને કહ્યું, તેમાં બીજા શંકા કરે છે — અંગુલના અસંખ્યાતમો ભાગ ક્ષેત્ર વિષયક અવધિજ્ઞાન સૌથી જઘન્ય છે, સૌથી જઘન્ય અવધિજ્ઞાન તિર્યંચ અને મનુષ્યોમાં જ હોય, બીજાને હોતું નથી. તો - x - કેમ અહીં વૈમાનિકોને સર્વ જઘન્ય અવધિ કહ્યું ? સૌધર્માદિ દેવોને પરભવથી આવેલ અવધિજ્ઞાન ઉત્પત્તિકાળે સંભવે છે, તે કદાચિત્ સર્વજઘન્ય

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (74)



પણ હોય. ઉત્પન્ન થયા પછી તો તે ભવમાં ઉત્પન્ન અવધિ હોય, માટે કંઈપણ દોષ નથી. આ વાત જિનભદ્ર ગણિ ક્ષમા શ્રમણે પણ કહી છે. પોતાના વિમાન સુધી એટલે પોતાના વિમાનના શિખર અને ધ્વજાદિ પર્યન્ત હોય છે.

હવે સંસ્થાન દ્વાર કહે છે —

● સૂત્ર-૫૮૨,૫૮૩ :-

[૫૮૨] નૈરયિકોને અવધિજ્ઞાન કેવા સંસ્થાનવાળું હોય ? ગૌતમ ! ત્રાપાના આકાર જેવું. અસુરકુમારે વિશે પૃચ્છા-પ્યાલા જેવા આકારે. એમ સ્તનિતકુમારો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો વિશે પ્રશ્ન - અનેક પ્રકારના આકારવાળું. એમ મનુષ્યોનું પણ જાણવું. વ્યંતરો વિશે પૃચ્છા - ઢોલના આકારે. જ્યોતિષ્કો વિશે પૃચ્છા-તેનો આકાર ઝાલર જેવો છે. સૌધર્મ દેવની પૃચ્છા - ઉભા રહેલા મૃદંગ જેવા આકારે છે. એમ અચ્યુત દેવો સુધી જાણવું. ગ્રૈવેયક દેવો વિશે પૃચ્છા - તેનો આકાર પુષ્પની ચંગેરી જેવો છે. અનુત્તરૌપપાતિક સંબંધે પૃચ્છા - તેના અવધિજ્ઞાનનો આકાર જવનાલિકા જેવો છે.

[૫૮૩] ભગવન્ ! નૈરયિકો અવધિજ્ઞાનના મધ્યવર્તી હોય છે કે બહાર હોય ? મધ્યવર્તી હોય, બહાર ન હોય. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચોની પૃચ્છા - તેઓ મધ્યવર્તી ન હોય, બહાર હોય. મનુષ્યોની પૃચ્છા - મધ્યવર્તી પણ હોય, બહાર પણ હોય, વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકો નૈરયિકવત્ જાણવા.

ભગવન્ ! નૈરયિકોને દેશાવધિ હોય કે સર્વાવધિ ? ગૌતમ ! દેશાવધિ હોય, સર્વાવધિ ન હોય. એમ સ્તનિતકુમારો સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચોનો પ્રશ્ન - દેશાવધિ હોય, સર્વાવધિ ન હોય. મનુષ્યો વિશે પ્રશ્ન - તેમને દેશાવધિ અને સર્વાવધિ બંને હોય છે. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને નૈરયિકોવત્ જાણવા.

નૈરયિકોને અવધિજ્ઞાન આનુગામિક, અનાનુગામિક, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી, અપ્રતિપાતી, અવસ્થિત કે અનવસ્થિત હોય ? ગૌતમ ! આનુગામિક, અપ્રતિપાતી, અવસ્થિત હોય છે, પરંતુ અનાનુગામિક, વર્ધમાન, હીયમાન, પ્રતીપાતી, અનવસ્થિત હોતું નથી. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચની પૃચ્છા-આનુગામિક પણ હોય યાવત્ અનવસ્થિત પણ હોય. એમ મનુષ્યોને પણ કહેવું. વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકને નૈરયિકવત્ કહેવું.

● વિવેચન-૫૮૨,૫૮૩ :-

નૈરયિકોનું અવધિજ્ઞાન કેવા આકારનું છે ? ત્રાપો-કાષ્ઠનો સમુદાય વિશેષ. તે લાંબો અને ત્રિકોણ હોય છે તેવો આકાર નારકીના અવધિજ્ઞાનનો હોય. ભવનપતિનું અવધિ પ્યાલા આકારે છે. તે લાટ દેશમાં ધાન્ય ભરવાનું પાત્ર વિશેષ છે. ઉપર નીચે લાંબો હોય છે. પંચે૦ તિર્યંચ અને મનુષ્યને અનેક આકારે છે. - x - x - x -

વ્યંતરોને પટહ આકારે અવધિ છે, પટહ-ઢોલ, તે બંને બાજુ વિસ્તીર્ણ, કંઈક લાંબો, ઉપર-નીચે સમાન પ્રમાણવાળો છે. જ્યોતિષ્કોનું ઝાલર જેવું છે. ઝાલર-ચામડાથી મઢેલ, વિસ્તીર્મ, વલયાકૃતિ, વાદ્ય વિશેષ. બારે દેવલોકમાં મૃદંગના આકારે છે. - x - ગ્રૈવેયકનું અવધિ પુષ્પોની શિખા સહિત ચંગેરી જેવું છે. અનુત્તરૌપપાતિક દેવોને યવનાલિકા આકારે છે. આ સંપૂર્ણ કથન ભાષ્યકારે પણ કર્યુ છે.

સંસ્થાનોના પ્રતિપાદન કરવા વડે જણાવે છે કે – ભવનપતિ અને વ્યંતરોને ઉપર અધિક અવધિજ્ઞાન હોય. વૈમાનિકોને નીચે અને જ્યોતિષ્ક-નારકોને તીર્છું વધારે અવધિજ્ઞાન હોય છે. તથા મનુષ્યો અને તિર્યંચોને વિચિત્ર અવધિજ્ઞાન હોય. - x - x -

નારક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો તેવા પ્રકારના ભવસ્વભાવથી અવધિના મધ્યવર્તી હોય છે, બહાર હોતા નથી. અર્થાત્ ચોતરફ પ્રકાશવાળા, સ્વસંબંધી અવધિવાળા હોય, પણ સ્પર્દ્ધકવાળા કે વિછિન્નાવધિવાળા ન હોય પંચે૦ તિર્યંચો તથાવિધ ભવ સ્વભાવથી અવધિના મધ્યવર્તી ન હોય, પણ બહાર હોય. અર્થાત્ તેઓ સ્પર્દ્ધકાદિરૂપ અવધિવાળા હોય છે.

દેશાવધિ, સર્વાવધિ વિચારમાં મનુષ્ય સિવાય બધાં દેશાવધિવાળા અને મનુષ્યો દેશાવધિ-સર્વાવધિવાળા પણ હોય, કેમકે મનુષ્યોને પરમાવધિનો સંભવ છે. આનુગામિકાદિ વિચારમાં નારક, ભવનપત્યાદિ ચારે દેવો, આનુગામિક, અપ્રતિપાતી, અવસ્થિત અવધિવાળા છે. પરંતુ તેવા ભવસ્વભાવથી અનાનુગામિકાદિયુક્ત નથી. પરંતુ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો આઠે પ્રકારે અવધિયુક્ત હોય છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૩૪નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (75)



## ❁ પદ-૩૪-“પ્રવિચારણા” ❁

-- x -- x -- x -- x -- x --

૦ એ પ્રમાણે ૩૩-મું પદ કહ્યું, હવે ૩૪મું પદ આરંભે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ પદમાં જ્ઞાનપરિણામ વિશેષ અવધિજ્ઞાન વિશે કહ્યું. અહીં પરિણામ સામ્યતાથી વેદપરિણામવિશેષ પ્રવીચાર કહેવાય છે. તેમાં સર્વ વક્તવ્યતા સંગ્રાહક આ બે ગાથા છે –

**● સૂત્ર-૫૮૪ થી ૫૮૬ :-**

***[૫૮૪,૫૮૫] અનંતરગતાહાર, આહાર વિશે આભોગાદિ, પુદ્ગલોને જાણતા નથી, અધ્યવસાયકથન, સમ્યક્ત્વ પ્રાપ્તિ, પછી કાય-સ્પર્શ-રૂપ-શબ્દ-મન સંબંધી પરિચારણા, અલ્પબહુત્વ.***

***[૫૮૬] નૈરયિકો અનંતરાહારક હોય ? પછી નિર્વર્તના, પછી પર્યાદાન, પછી પરિણામપણું, પછી પરિચારણા, પછી વિકુર્વણા હોય ? હા, ગૌતમ ! નૈરયિકો અનંતરાહારક ઈત્યાદિ હોય.***

***ભગવન્ ! અસુરકુમારો અનંતરાહારક, પછી નિર્વર્તના, પછી પર્યાદાન, પછી પરિણામપણું, પછી વિકુર્વણા, પછી પરિચારણા હોય ? હા, અસુરકુમારોને અનંતરાહારક ઈત્યાદિ તેમજ હોય. એમ સ્તનિતકુમાર સુધી કહેવું. ભગવન્ ! પૃથ્વીકાયિકો અનંતરાહારક, પછી નિર્વર્તના, પછી પર્યાદાન, પછી પરિણામપણું, પછી પરિચારમા, પછી વિકુર્વણા હોય ? પરિચારણા સુધી તેમ હોય, વિકુર્વણા ન હોય. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી કહેવું. પરંતુ વાયુકાયિક, પંચેન્દ્રિયતિર્યંચ, મનુષ્યોને નૈરયિકવત્ હોય. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને અસુરકુમારવત્ જાણવા.***

**● વિવેચન-૫૮૪ થી ૫૮૬ :-**

અનંતર આહારક-ઉત્પત્તિ સમયે તુરંત જ સમયના પણ અંતર વિના આહાર કરનાર નૈરયિકાદિ કહેવા યોગ્ય છે. પછી આહારનું આભોગ-અનાભોગપણું કહેવું. જેમકે નૈરયિક આભોગ નિર્વર્તિત છે કે અનાભોગ નિર્વર્તિત ? ઈત્યાદિ. પછી નૈરયિકો આહારપણે ગૃહીત પુદ્ગલોને જાણતા નથી ઈત્યાદિ ચોવીશ દંડક ક્રમે કહેવું. પછી નૈરયિક આદિના ક્રમથી અધ્યવસાનો કહેવા. પછી સમ્યક્ત્વનો બોધ નૈરયિકાદિ ચોવીશ દંડકના ક્રમથી વિચારવો. પછી પરિચારણા વક્તવ્યતા કહેવી. કોના વિષયમાં ? કાય, સ્પર્શ, રૂપ, શબ્દ, મનમાં. પછી કાય પ્રવિચાર આદિનું અલ્પબહુત્વ કહેવું. ઉદ્દેશ મુજબ નિર્દેશ કરતાં –

પહેલાં અનંતરાગત આહાર કથન કહે છે – નૈરયિકો૦ ■ પરમ કલ્યાણયોગી, પરમ સુખ યોગી. ઉત્પત્તિ ક્ષેત્રની પ્રાપ્તિ સમયે જ આહાર કરનારા હોય ? પછી અનુક્રમે તેમના શરીરની ઉત્પત્તિ થાય ? ત્યારપછીથી યથાયોગ્યપણે અંગ અને પ્રત્યંગો વડ લોમાહાર આદિ દ્વારા ચોતરફથી પુદ્ગલ ગ્રહણ થાય છે ? પછી પુદ્ગલોનો ઈન્દ્રિયાદિ રૂપે પરિણામ થાય છે ? પછી યથાયોગ્ય શબ્દાદિ વિષયોનો

ઉપભોગ થાય છે ? પછી વૈક્રિયલબ્ધિ વડે અનેક પ્રકારે - અનેક રૂપવાળા વૈક્રિય શરીર થાય છે ? એમ પ્રશ્ન કર્યો. ભગવન્ કહે છે — હા, ગૌતમ ! એ પ્રમાણે છે. એમ નૈરયિકોની અનંતરાહારાદિની વક્તવ્યતા મુજબ અસુરકુમારાદિ દશે ભવનપતિ કહેવા. વિશેષ એ કે — અસુરકુમારાદિને પહેલા વિકુર્વણા અને પછી પ્રવિચાર હોય. કેમકે તેઓ પહેલાં ઈષ્ટ વૈક્રિયરૂપ કરે છે, પછી શબ્દાદિ વિષયોનો ઉપભોગ કરે છે, એ નિયમ છે. બાકીના જીવો શબ્દાદિ વિષયના ઉપભોગની પ્રાપ્તિ થતાં હર્ષના વશથી અત્યંત વિશિષ્ટ શબ્દાદિના ઉપભોગની ઈચ્છાથી કે અન્ય કારણે વિકુર્વણા કરે છે.

પૃથ્વીકાયના વિષયમાં પ્રશ્નસૂત્ર તેમજ કહેવુ. ઉત્તર સૂત્ર પરિચારણા સુધી કહેવું. કેમકે તેમને પણ સ્પર્શના ઉપભોગનો સંભવ છે. પણ તેમને વિકુર્વણા ન કહેવી. કેમકે તેમને વૈક્રિયલબ્ધિ અસંભવ છે. પૃથ્વી૦ માફક વાયુકાય સિવાયના અપ્કાયથી ચઉરિન્દ્રિય સુધી જાણવા. કેમકે તે બધાંને પણ વૈક્રિયલબ્ધિ નથી.

વાયુકાયમાં વિશેષતા કહેવા વાયુકાય સહિત પંચે૦ તિર્યંચ અને મનુષ્યોનું અતિદેશપણું બતાવે છે, નૈરયિકોની માફક વાયુકાયિકાદિ કહેવા. તેમને વૈક્રિય લબ્ધિનો સંભવ હોવાથી વિકુર્વણા પણ કહેવી. પણ તે વિકુર્વણા વિષયભોગ પછી હોય છે. વ્યંતરાદિ દેવો અસુરકુમારવત્ જાણવા, તેથી તેમને પણ પૂર્વે વિકુર્વણા અને પછી પ્રવિચારમા કહેવી. કેમકે બધાં દેવોનો તેવો સ્વભાવ છે.

હવે આહાર વિશે આભોગ વિચારવા કહે છે —

● સૂત્ર-૫૮૭ :-

*ભગવન્ ! નૈરયિકોનો આહાર શું આભોગ નિર્વર્તિત છે કે અનાભોગ નિર્વર્તિત ? ગૌતમ ! તે બંને પ્રકારે હોય. એ પ્રમાણે અસુરકુમારથી વૈમાનિક સુધી જાણવું. પરંતુ એકેન્દ્રિયોનો આહાર આભોગ નિર્વર્તિત નથી, પણ અનાભોગ નિર્વર્તિત હોય છે.*

*ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે તે શું જાણે - જુએ અને તેનો આહાર કરે કે ન જામે, ન દેખે અને આહાર કરે છે ? ગૌતમ ! તેઓ ન જાણે - ન દેખે અને આહાર કરે છે એ પ્રમાણે તેઈન્દ્રિયો સુધી જાણવું. ચઉરિન્દ્રિયો સંબંધે પૃચ્છા - કેટલાંક જાણે નહીં - જુએ છે અને આહાર કરે છે. કેટલાંક જાણે નહીં - જુએ નહીં અને આહાર કરે છે. પંચેન્દ્રિય તિર્યંચો ? તેમાં (૧) કેટલાંક જાણે-જુએ-અને આહાર કરે. (૨) કેટલાંક જાણે-જુએ નહીં અને આહાર કરે. (૩) કેટલાંક ન જાણે - જુએ અને આહાર કરે. (૪) કેટલાંક ન જાણે - ન જુએ અને આહાર કરે છે. એ પ્રમાણે મનુષ્યો કહેવા.*

*વ્યંતર અને જ્યોતિષ્ક નૈરયિકોવત્ જાણવા. વૈમાનિક વિશે પ્રશ્ન — (૧) કેટલાંક જાણે-જુએ અને આહાર કરે. (૨) કેટલાંક ન જાણે - ન જુએ અને આહાર કરે. એમ કેમ કહો છો ? ગૌતમ ! વૈમાનિક બે ભેદે છે — માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન, અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન એમ જે રીતે પહેલાં ઈન્દ્રિય*

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (76)



*ઉદ્દેશામાં કહ્યું તેમ કહેવું - x -*

*ભગવન્ ! નૈરયિકોને કેટલાં અધ્યવસાયો છે ? ગૌતમ ! અસંખ્યાતા. તે પ્રશસ્ત છે કે અપ્રશસ્ત ? તે બંને છે. એમ વૈમાનિક સુધી જાણવું. ભગવન્ ! નૈરયિકો સમ્યક્ત્વાધિગામી છે, મિત્યાત્વ અધિગામી છે કે મિશ્ર અધિગામી ? ગૌતમ ! તે ત્રણેના અધિગામી હોય. એમ વૈમાનિકો સુધી જાણવું. પરંતુ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો સમ્યક્ત્વાધિગમી નથી. મિશ્રાધિગમી નથી, મિથ્યાત્વાધિગમી છે.*

● વિવેચન-૫૮૭ :-

નૈરયિકોને આભોગ નિર્વર્તિત આહાર હોય ? ઈત્યાદિ. મનોવ્યાપાર પૂર્વક આહાર ગ્રહણ કરે ત્યારે આભોગ નિર્વર્તિત. તે સિવાય અનાભોગ નિર્વર્તિત આહાર હોય. તે લોમાહાર જાણવો. એ પ્રમાણે બાકીના જીવોનો આહાર કહેવો. પણ એકેન્દ્રિયો અતિ અલ્પ અને અસ્પષ્ટ મનોદ્રવ્યની લબ્ધિ હોવાથી સ્પષ્ટ મનોવ્યાપાર હોતો નથી. તેથી તેમને હંમેશાં અનાભોગનિર્વર્તિત જ આહાર છે.

હવે આહારપણે ગ્રહણ કરાતા પુદ્‌ગલોના જ્ઞાન-દર્શનનો વિચાર કરે છે — જે પુદ્‌ગલોને નૈરયિકો આહારપણે લે, તેને જાણે - જુએ કે ન જાણે - ન જુએ ? તેઓ અવધિજ્ઞાન વડે ન જાણે, કેમકે તે લોમાહાર રૂપે અતિ સૂક્ષ્મ હોવાથી નારકોના અવધિજ્ઞાનનો વિષય ન થાય. તેમ જુએ પણ નહીં કેમકે તે ચક્ષુઈન્દ્રિયનો વિષય નથી. બેઈન્દ્રિયો પણ ન જાણે, કેમકે તેઓ મિથ્યાજ્ઞાની છે. બેઈન્દ્રિયોને મતિ અજ્ઞાન છે, તે પણ અસ્પષ્ટ છે, તેથી પ્રક્ષેપાહારને સમ્યક્ ન જાણે, તેમજ ચક્ષુઈન્દ્રિયો ન હોવાથી જુએ પણ નહીં.

એ રીતે તેઈન્દ્રિયો પણ જ્ઞાનદર્શન રહિત જાણવા. ચઉરિન્દ્રિયો કેટલાંક ન જાણે કેમકે મિથ્યાજ્ઞાની છે. તેમને બેઈન્દ્રિય સમાન કહેવા. પણ ચક્ષુઈન્દ્રિય વડે જુએ છે, કેમકે ચક્ષુઈન્દ્રિય હોય છે. કેમકે માખી આદિ ગોળ વગેરેને જુએ છે અને આહાર કરે છે બીજા કેટલાંક મિથ્યાજ્ઞાની ચઉરિન્દ્રિયો જાણતા નથી. અંધકારાદિને કારણે અનુપયોગના સંભવથી ન જુએ. પંચેન્દ્રિયતિર્યંચો સંબંધે લોમાહાર અને પ્રક્ષેપાહારને આશ્રીને ચઉભંગી જાણવી. તેમાં પ્રક્ષેપાહાર અપેક્ષાએ આ પ્રમાણે છે —

(૧) સમ્યગ્જ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચો પ્રક્ષેપાહારને જાણે છે, ચક્ષુઈન્દ્રિયથી જુએ છે અને આહાર કરે છે. (૨) કેટલાંક જાણે પણ અંધકારાદિથી અનુપયોગ થતાં જુએ નહીં. (૩) મિથ્યાજ્ઞાની હોય તે જાણે નહીં પણ ચક્ષુઈન્દ્રિયથી જુએ. (૪) કેટલાંક મિથ્યાજ્ઞાનથી જાણે નહીં. અંધકારાદિથી જુએ નહીં. લોમાહાર અપેક્ષાએ આમ કહેવું — (૧) વિશિષ્ટ અવધિજ્ઞાન અભાવે લોમાહારને ન જાણે પણ ઈન્દ્રિયના અતિ વિશુદ્ધ સામર્થ્યથી જુએ અને આહાર કરે. (૨) પૂર્વવત્ ન જાણે, સામર્થ્ય અભાવે ન જુએ. (૩) કેટલાંક જાણે નહીં પણ ઈન્દ્રિય સામર્થ્યથી જુએ છે. (૪) કેટલાંક મિથ્યાજ્ઞાનને કારણે ન જાણે, ઈન્દ્રિય સામર્થ્ય અભાવે ન જુએ.

વ્યંતર અને જ્યોતિષ્કો નૈરયિકવત્ જાણવા. કેમકે નૈરયિકોના અવધિજ્ઞાનની

માફક આ બંનેને પણ મનોભક્ષી હોવા છતાં આહારના પુદ્‌ગલો વિષય નથી. વૈમાનિકનું જુદું સૂત્ર કહ્યું. વૈમાનિકો જે પુદ્‌ગલોને આહારપણે ગ્રહણ કરે તે શું જાણે - જુએ અને આહાર કરે કે ન જાણે, ન જુએ અને આહાર કરે. ગૌતમ ! વૈમાનિકો બે ભેદે — માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક, અમાયી સમ્યગ્‌ દૃષ્ટિ ઉપપન્નક. [illegible] પૂર્વભવે માયા કરેલ. સ્થૂળ માયાથી બંધાયેલ મલિન કર્મ ઉદયમાં આવે છે. ત્યારે ભવપ્રત્યયિક અવધિજ્ઞાન પણ સમીચીન ન હોય. તેઓ સમ્યગ્‌દૃષ્ટિ ન સમજવા. [illegible] વિપરીત [illegible] જિનપ્રણિત વસ્તુતત્ત્વનો બોધ. એવા માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલ. તેઓ ઉપરના ગ્રૈવેયક ત્રિકના અંત સુધી હોય. કેમકે તેમને યથાયોગ્યપણે મિથ્યાદૃષ્ટિત્વ અને માયીપણું અવશ્ય હોય. તેનાથી વિપરીત અમાયી સમ્યગ્‌દૃષ્ટિ છે. તેઓ અનુત્તર વિમાનવાસી હોય છે. કેમકે તેઓને અવશ્ય સમ્યગ્‌દૃષ્ટિપણું અને પૂર્વભવના અતિ અલ્પ ક્રોધાદિ તથા ઉપશાંત કષાયપણું હોય છે. - x - x - x - માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા ન જાણે - ન જુએ અને આહાર કરે. જે અમાયી સમ્યગ્‌દૃષ્ટિ ઉપપન્નક દેવો છે, તે બે ભેદે — અનંતરોત્પન્ન અને પરંપરોત્પન્ન. અનંતરોત્પન્ન ન જાણે, ન જુએ આહાર કરે ઈત્યાદિ - x - x - યાવત્‌ જે ઉપયોગ સહિત છે, તે જાણે - જુએ અને આહાર કરે છે.

ઉપલી ત્રિકના ઉપરના ગ્રૈવેયક સુધીના દેવો મન વડે સંકલ્પ માત્રથી ભક્ષણ યોગ્ય આહાર પરિણામી પુદ્‌ગલોને અવધિજ્ઞાન વડે ન જાણે, કેમકે તે પુદ્‌ગલો તેમના અવધિજ્ઞાનનો વિષય નથી અને ચક્ષુ વડે જોતાં નથી, કેમકે ચક્ષુનું તેવું સામર્થ્ય નથી. જે અમાયી સમ્યગ્‌દૃષ્ટિ ઉપપન્નક - અનુત્તરવાસી દેવો છે, તે બે ભેદે — અનંતરોત્પન્ન, પરંપરોત્પન્ન. જેને ઉત્પન્ન થયે એક સમયનું અંતર પડેલ નથી તે અનંતરોત્પન્ન અને જેને ઉત્પન્ન થયાને દ્વિતીયાદિ સમયો થયા છે તેઓ પરંપરોત્પન્ન કહેવાય. તેમાં પહેલાં ન જાણે - ન જુએ કેમકે પહેલા સમયે અવધિજ્ઞાનોપયોગ અને ચક્ષુઈન્દ્રિય નથી. - x - પરંપરોત્પન્નમાં અપર્યાપ્તા પણ ન જાણે - ન જુએ. ઈત્યાદિ બધું પૂર્વેના પદોમાં કહેવાયા મુજબ અહીં જાણવું. - x - x - x -

(પ્રશ્ન) ઉપયોગ સહિત હોય તો પણ મનોભક્ષ્ય આહારના પુદ્‌ગલો કેમ જાણે ? આવશ્યકમાં પ્રથમ પીઠિકામાં કહ્યું છે કે — કાર્મણ શરીરના દ્રવ્યોને જોતો ક્ષેત્રથી લોકના અસંખ્યાત ભાગોને જુએ, કાળથી કંઈક ન્યૂન પલ્યોપમ સુધી જુએ. અનુત્તર દેવો તો સંપૂર્ણ લોકનાડીને જુએ છે. તેથી મનોભક્ષ્ય આહાર પરિણામ યોગ્ય પુદ્‌ગલોને પણ જાણે છે - x - x -

અધ્યવસાયના વિચારમાં પ્રત્યેક નૈરયિકાદિને અસંખ્યાતા અધ્યવસાયો હોય છે. કેમકે પ્રતિસમય ઘણું કરી ભિન્ન ભિન્ન અધ્યવસાય હોય છે. હવે સમ્યકત્વાદિ પ્રાપ્તિનો વિચાર કહે છે — સમ્યકત્વની પ્રાપ્તિવાળા ઈત્યાદિ નૈરયિકો હોય તે પ્રશ્ન-ઉત્તર સુગમ છે. કેમકે ત્રણેની પ્રાપ્તિનો યથાયોગ્ય સંભવ છે. એમ વૈમાનિક સુધી કહેવું. પણ કેટલાંક એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયને સાસ્વાદન સમ્યકત્વ પણ હોય, પરંતુ

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (77)



તેઓ મિથ્યાત્વને સન્મુખ હોવાથી સમ્યકત્વ છતાં તેની સૂત્રકારે વિવક્ષા કરી નથી.

હવે પરિચારણાનો વિચાર કરવા સૂત્રકાર કહે છે —

● **સૂત્ર-૫૮૮ થી ૫૯૩ :-**

*[૫૮૮] ભગવન્‌ ! દેવો શું દેવી સહિત સપરિચાર છે, કે દેવી સહિત અપરિચાર છે, કે દેવી રહિત પરિચાર સહિત છે, કે દેવી અને પરિચાર રહિત છે ? ગૌતમ ! કેટલાંક દેવો-સદેવી-સપરિચારી છે, કેટલાંક અદેવીક-સપરિચારી છે, કેટલાંક દેવો અદેવીક-અપરિચારી છે, પરંતુ દેવો સદેવીક-અપરિચારી ન હોય. ભગવન્‌ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! ભવનપતિથી ઈશાન કલ્પ સુધી દેવો સદેવીક-સપરિચારી હોય. સનત્કુમારથી અચ્યુત કલ્પ સુધી દેવો અદેવીક-સપરિચારી હોય. ગ્રૈવેયક અને અનુત્તરવાસી દેવો અદેવીક-અપરિચારી છે. પરંતુ કોઈ દેવો-દેવી સહિત અને પરિચાર રહિત ન હોય. માટે ગૌતમ ! તેમ કહ્યું.*

*[૫૮૯] ભગવન્‌ ! પરિચારણા કેટલા ભેદે છે ? પાંચ ભેદે - કાયપરિચારણા, સ્પર્શ૦-રૂપ૦-શબ્દ૦-મનપ્રવિચારણા. ભગવન્‌ ! પાંચ પ્રવિચારણા કેમ કહી ? ગૌતમ ! ભવનપતિથી ઈશાનકલ્પ સુધીના દેવો કાયપ્રવિચારી છે. ત્રીજા-ચોથા કલ્પે સ્પર્શ પ્રવિચારી, પાંચમા-છટ્ઠા કલ્પે રૂપ પ્રવિચારી, સાતમા-આઠમાં કલ્પે શબ્દ પ્રવિચારી, આનતાદિ ચાર કલ્પે મન પ્રવિચારી હોય છે. ગ્રૈવેયક અને અનુત્તરમાં દેવો અપ્રવિચારી હોય, માટે તેમ કહ્યું.*

*તેમાં જે કાય પ્રવિચારી છે, તેઓને ઈચ્છા-મન થાય કે — ‘‘અમે અપ્સરા સાથે કાય પ્રવિચાર કરીએ’’ તે દેવો એમ સંકલ્પ કરે એટલે જલ્દી અપ્સરાઓ ઉદાર શ્રૃંગાર યુક્ત મનોજ્ઞ, મનોહર, મનોરમ ઉત્તર વૈક્રિય રૂપ કરી દેવો પાસે આવે છે. પછી તે દેવો તે અપ્સરા સાથે કાયપ્રવિચાર કરે છે.*

*[૫૯૦] જેમ શીત પુદ્‌ગલ શીતયોનિક પ્રાણીને પામી અતિ શીતપણે પરિણત થઈને રહે, ઉષ્ણપુદ્‌ગલો ઉષ્ણયોનિક પ્રાણીને પામી અતિ ઉષ્ણ પરિણત થઈને રહે છે, તેમ તે દેવો વડે તે અપ્સરા સાથે કાયપરિચાર કરે ત્યારે ઈચ્છામન જલ્દી શાંત થાય.*

*[૫૯૧] ભગવન્‌ ! તે દેવોને શુક્ર પુદ્‌ગલો છે ? હા, છે. તે પુદ્‌ગલો અપ્સરાને કેવા રૂપે વારંવાર પરિણમે છે ? શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસના-સ્પર્શન ઈન્દ્રિયપણે, ઈષ્ટ-કાંત-મનોજ્ઞ-મનામપણે, સુભગ-સૌભાગ્ય-રૂપ-યૌવન-લાવણ્યપણે પુદ્‌ગલો વારંવાર તેઓને પરિણમે છે.*

*[૫૯૨] તેમાં જે સ્પર્શ પરિચારક દેવો છે, તેમના મનમાં ઈચ્છા ઉપજે, એ પ્રમાણે કાયપરિચારવત્‌ બધું જ તે પ્રમાણે કહેવું. તેમાં જે રૂપ પરિચારક ઈચ્છા કરે, ત્યારે તે દેવ એમ મનમાં કરતાં પૂર્વવત્‌ યાવત્‌ ઉત્તર વૈક્રિયરૂપ વિકુર્વે, વિકુર્વીને જ્યાં તે દેવ છે ત્યાં જાય, જઈને તે દેવની કંઈક સમીપે રહી, તેવા*

***ઉદાર યાવત્ મનોરમ ઉત્તર વૈક્રિયરૂપને દર્શાવતી-દર્શાવતી ઉભી રહે, ત્યારે તે દેવો તે અપ્સરાની સાથે રૂપ પરિચારણા કરે છે. બાકી પૂર્વવત્ યાવત્ વારંવાર પરિણમે છે. તેમાં જે શબ્દ પરિચારક દેવો છે, તેમના મનમાં ઈચ્છા થાય કે —***

***અમે અપ્સરા સાથે શબ્દ પ્રવિચાર કરીએ, ત્યારે પૂર્વવત્ યાવત્ વૈક્રિય રૂપ વિકુર્વીને દેવો પાસે આવે છે. આવીને તે દેવોની કંઈક સમીપે રહીને અનુત્તર એવા અનેક પ્રકારના શબ્દો બોલતી બોલતી ઉભી રહે છે. ત્યારબાદ તે અપ્સરાની સાથે શબ્દ પ્રવિચાર કરે છે. બાકી બધું પૂર્વવત્ યાવત્ વારંવાર પરિણમે છે. તેમાં જે મન પ્રવિચારક દેવો છે, તેઓ મનમાં ઈચ્છા કરે કે 'અમે અપ્સરા સાથે મન વડે પ્રવિચાર કરવા ઈચ્છીએ છીએ' ત્યારે તે અપ્સરાઓ જલ્દી ત્યાં આવી અનુત્તર અનેક પ્રકારે સંકલ્પો કરતી ઉભી રહે છે. ત્યારપછી દેવો તે અપ્સરાની સાથે મન વડે વિષય સેવન કરે છે, બાકી બધું પૂર્વવત્, યાવત્ વારંવાર પરિણમે છે.***

***[૫૯૩] ભગવન્ ! કાયપરિચારક યાવત્ મનપરિચારક અને અપરિચારક દેવોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડા દેવો અપરિચારક છે, મન પરિચારક સંખ્યાતગણાં, શબ્દ પરિચારક અસંખ્યાતગણાં, રૂપપરિચારક અસંખ્યાતગણાં, સ્પર્શ પરિચારક અસંખ્યાતગણાં, કાયપરિચારક અસં૦ છે.***

**● વિવેચન-૫૮૮ થી ૫૯૩ :-**

સૂત્ર સુગમ છે. પરંતુ ભવનપતિથી ઈશાન કલ્પ સુધીના દેવો દેવી સહિત છે. કેમકે ત્યાં દેવીઓની ઉત્પત્તિ છે. તેથી જ તેઓ વિષય સેવન કરનારા છે. કેમકે દેવીઓનો દેવો વડે યથાયોગ્ય પરિગ્રહ થવાથી ઈચ્છા થતાં શરીર વડે વિષય સેવન થાય છે. સનત્કુમાર અને માહેન્દ્ર, બ્રહ્મલોક અને લાંતક, મહાશુક્ર અને સહસ્રાર તથા આનતાદિ ચાર કલ્પમાં દેવો દેવી રહિત હોય છે. કેમકે ત્યાં દેવીની ઉત્પત્તિ નથી. તેઓ પરિચારણા યુક્ત છે. કેમકે સૌધર્મ અને ઈશાનની દેવીઓ સાથે અનુક્રમે સ્પર્શ-રૂપ-શબ્દ-મન વડે વિષય સેવન થાય છે. ગ્રૈવેયક અને અનુત્તરૌપપાતિક દેવો દેવી રહિત હોય છે અને વિષય સેવન રહિત હોય છે. કેમકે ત્યાં અત્યંત મંદ પુરુષવેદનો ઉદય હોવાથી મન વડે પણ વિષયસેવન સંભવ નથી, પરંતુ કોઈ દેવો તથાવિધ ભવસ્વભાવથી દેવી સહિત અને પરિચાર રહિત હોતા નથી. ઈત્યાદિ - x -

- x -■ શરીર વડે મનુષ્ય સ્ત્રીપુરુષ માફક મૈથુન સેવન જેમને છે તેવા અર્થાત્ ભવનપતિથી ઈશાન કલ્પ સુધી દેવો સંક્લિષ્ટ ઉદયવાળા પુરુષવેદ કર્મના પ્રભાવથી મનુષ્ય માફક મૈથુન સુખમાં લીન થતાં અને કાયક્લેશ જન્ય સર્વ અંગે સ્પર્શ સુખ પામી પ્રસન્ન થાય છે. ત્રીજા-ચોથા કલ્પના દેવો સ્પર્શ પરિચારક - સ્તન, હાથ, સાથળ અને જઘનાદિ શરીર સ્પર્શથી મૈથુન સેવનારા હોય છે. તેઓ મૈથુન સેવવા ઈચ્છે છે ત્યારે મૈથુન સેવન ઈચ્છાથી નીકટ રહેલી દેવીઓના સ્તનાદિ અવયવોનો સ્પર્શ કરે છે, તેટલા માત્રથી કાયપ્રવિચાર વડે અનંતગુણ સુખ અને

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (78)



વેદની ઉપશાંતિ થાય છે.

પાંચમા-છટ્ઠા કલ્પના દેવો રૂપ પરિચારક - રૂપના જોવા વડે મૈથુન સેવી છે. તેઓ દેવાંગનાઓનું કામની રાજધાની જેવું દીવ્ય અને ઉન્માદક રૂપ જોઈને કાયપ્રવિચારથી અનંતગુણ મૈથુન સુખ અનુભવે છે. તેટલા માત્રથી તેમનો વેદ ઉપશાંત થાયછે. સાતમાં-આઠમાં કલ્પે દેવો શબ્દ પરિચારક - શબ્દના શ્રવણ માત્રથી મૈથુન સેવી હોય છે. તેઓ ઈષ્ટ દેવીના ગીત, હાસ્ય, સવિકાર ભાષણ, નૂપુરાદિના ધ્વનિના શ્રવણ માત્રથી કાયપ્રવિચારથી અનંતગુણ સુખનો ઉપભોગ કરે છે. તેટલા માત્રથી તેનો વેદ શાંત થાય છે. આનતાદિ ચારે કલ્પમાં દેવો મનપ્રવિચાર વડે વૃદ્ધિ પામેલા પરસ્પર અનેક પ્રકારના મનોસંકલ્પથી મૈથુનસેવી હોય છે. તેઓ પરસ્પર મનના સંકલ્પ માત્રથી કાય પ્રવિચારથી અનંતગુણ સુખને પામે છે. તેટલા માત્રથી તેઓ તૃપ્ત થાય છે.

ગ્રૈવેયક અને અનુત્તર દેવો અપરિચારક છે. કેમકે તેઓ અલ્પ મોહોદયથી પ્રશમ સુખમાં લીન થયેલા છે. [પ્રશ્ન] જો એમ છે, તો તેઓ બ્રહ્મચારી કેમ ન કહેવાય ? ચારિત્રના પરિણામના અભાવથી. - x - કાય પરિચારક દેવોનો કાયપ્રવિચાર કહે છે —

કાય પ્રવિચારી દેવોને કાય વડે મૈથુન સેવવાની ઈચ્છાયુક્ત મન થાય છે. કેવી રીતે ? ''અમે અપ્સરા સાથે કાય પ્રવિચાર કરવા ઈચ્છીએ છીએ' તે પછી તે દેવો તેમ વિચારે એટલે જલ્દી જ અપ્સરા પોતપોતાને ઉપભોગ્ય દેવોનો અભિપ્રાય જાણી વિષય સેવન અભિલાષાથી ઉત્તર વૈક્રિય રૂપો કરે છે. તે રૂપો ઉદાર, પણ હીન અવયવવાળા નહીં, આભૂષણાદિથી વિભૂષિત, તે રૂપો કદાચ કોઈને અમનોજ્ઞ હોય, તેથી કહે છે — સ્વ ઉપભોગ્ય દેવના મનોગત ભાવને ગમે તેવાં, મનોજ્ઞ રૂપો લેશથી પણ સંભવે, તેથી કહે છે — મનોહર - સ્વ ઉપભોગ્ય દેવના મનું હરણ કરે તેવા, વળી સ્વ ઉપભોગ્ય દેવોના મનને રમાડે તેવા મનોરમ, પ્રતિ સમય ઉત્તરોત્તર અનુરાગ સહિત કરે તેવાં. એવો રૂપો કરીને દેવો પાસે પ્રગટ થાય છે. પછી જેમ મનુષ્ય-માનુષી સાથે મૈથુન સેવે તેમ દેવો અપ્સરા સાથે સર્વ અંગના કાયકલેશ પૂર્વક મૈથુન સેવન કરે છે, કેમકે એ પ્રમાણે જ તેમને વેદ ઉપશાંતિ થાય છે.

દૃષ્ટાંત કહે છે — તે વિવક્ષિત શીતયોનિક પ્રાણીને આશ્રીને શીતપુદ્ગલો અતિશય શીતપણે પરિણમે છે. અર્થાત્ શીત પુદ્ગલો શીતયોનિક પ્રાણીને વિશેષ સુખને માટે થાય છે અને ઉષ્ણ પુદ્ગલો ઉષ્ણયોનિક પ્રાણીને - x - વિશેષથી સુખને મરાટે થાય છે. એ પ્રમાણે તે દેવોએ તે અપ્સરા સાથે કાયપ્રવિચાર કરતાં, વિષયેચ્છા પ્રધાન મન જલ્દી જ અતિતૃપ્તિ થવાથી શાંત થાય છે. અર્થાત્ શીત કે ઉષ્ણ પુદ્ગલ તે-તે યોનિક પ્રાણીનો સ્પર્શ થતાં વિશેષ શીત કે ઉષ્ણપણું પામી તેના સુખને માટે થાય છે. તેમ દેવીના શરીર પુદ્ગલો દેવના શરીરને પામીને અને દેવના શરીરના પુદ્ગલો દેવીના શરીરને પામીને પરસ્પર એક ગુણપણે પરિણમતા એકબીજાના સુખને

માટે થાય છે. તેનાથી તૃપ્તિ થતાં ઈચ્છા નિવૃત્ત થાય.

અહીં મનુષ્ય સ્ત્રીને મનુષ્યપુરુષના ઉપભોગમાં શુક્રના પુદ્‌ગલોનો સંયોગ થવાથી સુખ થાય છે, તો દેવીનો ઉપભોગ્ય દેવના શુક્ર પુદ્‌ગલોના સંયોગથી સુખ થાય કે બીજી રીતે સુખ થાય ? એવા સંદેહથી શુક્ર પુદ્‌ગલોના અસ્તિત્વ સંબંધે પ્રશ્ન કરે છે - તે દેવોને શુક્ર પુદ્‌ગલો હોય છે ? - x - હા, હોય છે. પરંતુ વૈક્રિય શરીર અંતર્ગત્ પુદ્‌ગલો છે, માટે ગર્ભાધાનનું કારણ થતાં નથી. તે શુક્ર પુદ્‌ગલો દેવીને કેવા સ્વરૂપે શુક્ર પુદ્‌ગલોનું ક્ષરણ થાય ત્યારે પરિણમે છે ? શ્રોત્ર૦ યાવત્ સ્પર્શનેન્દ્રિયરૂપે પરિણમે. કદાચ અનિષ્ટ પરિણામ પામતા સંભવે તો ? તેથી કહે છે – ઈષ્ટપણે. ઈષ્ટ પણ ક્યારેક અકાંત હોય તેથી કહે છે – કાંતપણે. કાંત પણ કોઈ વસ્તુ મનને સ્પૃહણીય ન હોય. તેથી કહે છે – મનોજ્ઞપણે - અતિ સ્પૃહણીયપણે. તે પણ કદાચ પ્રારંભ કાળે સંભવે, માટે કહે છે – મનોનુકૂળપણે. ઈત્યાદિ - x - વળી સર્વજનને પ્રિયપમે, - x - પરિણમે. તેથી કહે છે - x - x - સૌભાગ્ય માટે રૂપ-યૌવન અને લાવણ્યરૂપ ગુણ સ્વરૂપે પરિણમે છે. તેમાં રૂપ-સૌંદર્યવાળો આકાર, યૌવન-અતિ તરુણાવસ્તા, લાવણ્યકામ વિકારનો હેતુ ઉત્કૃષ્ટ પરિણામ વિશેષ. - x - એમ તે શુક્ર પુદ્‌ગલો તે અપ્સરાને વારંવાર પરિણમે. એમ કાયપ્રવિચાર કહ્યો.

હવે સ્પર્શ પ્રવિચાર કહે છે – તે પરિચારકોમાં જે સ્પર્શ પરિચારક દેવો છે, તેમનું ઈચ્છામન-સ્પર્શ પરિચારની ઈચ્છાવાળું થાય છે. બધું કાયપરિચારક મુજબ કહેવું. “અમે તે અપ્સરા સાથે સ્પર્શ વડે મૈથુન સેવન ઈચ્છીએ છીએ. એવું તે દેવો વિચારે ત્યારે જલ્દી તે અપ્સરા યાવત્ રૂપો વિકુર્વી દેવ પાસે આવે. પછી તે દેવો અપ્સરા સાથે સ્પર્શ વડે મૈથુન સેવે છે. જેમકે મુખ ચુંબન, સ્તન મર્દન, હાથ વડે આલિંગન, જઘન-ઉરુ આદિને સ્પર્શ કરવા રૂપ સ્પર્શ પ્રવિચાર કહ્યો. - x - x - એટલે મૈથુનેચ્છા જલ્દી શાંત થાય છે. - x - તે દેવોને શુક્ર પુદ્‌ગલો છે ? હા, છે. કેવા રૂપે પરિણમે ? ઈત્યાદિ બધું કાય પ્રવિચારવત્ કહેવું. પરંતુ સ્પર્શ પ્રવિચારમાં શુક્ર પુદ્‌ગલોનો સંક્રમ દિવ્ય પ્રભાવથી થાય છે, એમ સમજવું.

હવે રૂપ પ્રવિચારને વિચારતા કહે છે – સૂત્ર સુગમ છે. જે દેવલોકમાં જે વિમાનમાં જે સ્થળે દેવો છે, તે જ સ્થાને અપ્સરા આવે છે. આવીને થોડે દૂર રહી. પૂર્વે વિકુર્વેલા ઉદાર યાવત્ વૈક્રિય રૂપને બતાવતી ઉભી રહે છે, પછી તે દેવો તે અપ્સરા સાથે પરસ્પર વિલાસપૂર્વક દૃષ્ટિક્ષેપ, અંગ પ્રત્યંગોને જોવો, પોત-પોતાના રાગને પ્રદર્શિત કરવા યોગ્ય ચેષ્ટા પ્રગટ કરવા વગેરેરૂપ રૂપ પ્રવિચાર કરે છે. - x - x - એમ રૂપ પ્રવિચારની વિચારણા કરી.

હવે શબ્દ પ્રવિચારણા – સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - x - સર્વ પ્રકારે મનને આનંદ ઉત્પન્ન કરવા વડે, અનન્ય સદૅશ, અત્યંત કામોદ્દીપન કરનારા, સભ્ય-અસભ્ય શબ્દો બોલતી ઉભી રહે છે.

તેમાં જે મનપ્રવિચારી દેવો છે, ઈત્યાદિ - x - મનમાં પ્રવિચારનો વિચાર કરે

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (79)



છે. જલ્દી તે અપ્સરા સૌધર્મ-ઈશાનકલ્પે પોતાના વિમાનમાં જ રહીને પરમ સંતોષ ઉપજાવવા વડે અસાદારણ અનેકવિધ કામ સહિત સભ્ય-અસભ્યરૂપ મનનો પ્રચાર કરતી ઉભી રહે છે. કેમકે દેવીઓ સહસ્રારકલ્પ સુધી જ જાય છે. હરિભદ્રસૂરિજી કહે છે - x - તે અપરિગૃહીતા દેવી જ જાય છે તથા સૌધર્મકલ્પે પલ્યોપમાયુષ્ક દેવી સૌધર્મને જ ઉપભોગ્ય છે. પલ્યોપમ કરતાં એક સમય અધિક યાવત્ દશ પલ્યોપમ સ્થિતિક દેવી સનત્કુમાર સાથે ગમન કરે છે. સમયાધિક દશ પલ્યોપમથી વીશ પલ્યોપમસ્થિતિક બ્રહ્મલોકના દેવોને ગમનયોગ્ય છે. સમયાધિક વીશ પલ્યોપમથી ત્રીશ પલ્યોપમ સ્થિતિક દેવી મહાશુક્ર દેવને ગમન યોગ્ય છે. સમયાધિક ત્રીશથી ચાલીશ પલ્યોપમ સ્થિતિક દેવી આનત દેવોને અવલંબન ભૂત છે. તેથી આગળ ૫૦ પલ્યોપમ સ્થિતિક આરણદેવને ધ્યાત્વ્ય છે એ પ્રમાણે ક્રમથી ઈશાનની દેવી કહેવી. પણ તેમાં અનુક્રમે ઈશાન દેવ, માહેન્દ્રદેવ, લાંતક દેવ, સહસ્રાર દેવાદિને ઉપભોગ્ય કહેવી. તેમાં આયુ સ્થિતિ પલ્યોપમ, પંદર-પચીશ-પાત્રીશ આદિ પલ્યોપમ સ્થિતિક દેવીઓ કહેવી. - x - x - શેષ વૃત્તિ સરળ છે. જોઈ લેવી.

હવે પરસ્પર અલ્પબહુત્વ કહે છે – સૌથી થોડાં દેવો અપરિચારક છે. કેમકે તે ગ્રૈવેયક અને અનુત્તર દેવો છે. - x - તેનાથી મન પ્રવિચારી સંખ્યાતગણાં છે. કેમકે તે આનતાદિચાર કલ્પના દેવો છે. તે પૂર્વ દેવો કરતાં સંખ્યાતગણાં છે. - x - તેનાથી શબ્દ પ્રવિચારી અસંખ્યાતગણાં છે. કેમકે તેઓ મહાશુક્ર અને સહસ્રાર કલ્પવાસી છે. - x - તેનાથી રૂપ પ્રવિચારી અસંખ્યાતગણાં છે. કેમકે તેઓ બ્રહ્મલોક અને લાંતકવાસી છે. - x - તેનાથી સ્પર્શ પ્રવિચારી અસંખ્યાતગણાં છે કેમકે સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં રહેનારા છે. - x - તેનાથી કાયપ્રવિચારી અસંખ્યાતગણાં છે, કેમકે ભવનપતિથી ઈશાન પર્યન્તના બધાં દેવો કાયપ્રવિચારી છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૩૪નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ પદ-૩૫-"વેદના" ❀

-- x -- x -- x -- x --

૦ એ પ્રમાણે ૩૪-મું પદ કહ્યું, હવે ૩૫મું આરંભે છે. તેનો સંબંધ આ છે - ૩૪માં પદમાં વેદ પરિણામ વિશેષ પ્રવિચાર કહ્યો. આ પદમાં વેદના કહે છે. પહેલાં સકલ કથન સંગ્રાહક આ બે ગાથા –

● સૂત્ર-૫૯૪ થી ૫૯૬ :-

*[૫૯૪] શીત, દ્રવ્ય, શરીર, સાતા, દુઃખ, આભ્યુપગમિકી, ઔપક્રમિકી, નિદા અને અનિદા વેદના જાણવી.*

*[૫૯૫] સાતા-અસાતા, સુખા-દુઃખા અને અદુઃખસુખા વેદના બધાં જીવો વેદે છે. વિકલેન્દ્રિયો માનસિક, બાકીના બંને વેદના વેદે.*

*[૫૯૬] ભગવન્ ! વેદના કેટલા ભેદે ? ગૌતમ ! ત્રણ ભેદે – શીત, ઉષ્ણ અને શીતોષ્ણ. નૈરયિકો શું શીત વેદના વેદે છે, ઉષ્ણ વેદના વેદ છે કે શીતોષ્ણ વેદના વેદે છે ? શીત કે ઉષ્ણ વેદના વેદે પણ શીતોષ્ણ વેદના ન વેદે.*

*કોઈ એકૈક પૃથ્વીની વેદના કહે છે–*

*રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો વિશે પૃચ્છા – તેઓ ઉષ્ણ વેદના વેદે, શીત કે શીતોષ્ણ ન વેદે. એમ વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકો સુધી છે. પંકપ્રભા પૃથ્વી નૈરયિકો વિશે પૃચ્છા – તેઓ શીત અને ઉષ્ણ વેદના વેદે, શીતોષ્ણ નહીં. ઉષ્ણવેદના વેદક ઘણાં છે. શીતવેદના વેદક ઘણાં છે અને ઉષ્ણ વેદના વેદક થોડાં છે. તમા અને તમસ્તમામાં શીતવેદના વેદે છે, પણ ઉષ્ણ અને શીતોષ્ણ વેદના વેદતા નથી.*

*અસુરકુમારો વિશે પૃચ્છા – તેઓ શીત, ઉષ્ણ, શીતોષ્ણ ત્રણે વેદના વેદે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.*

*ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ચાર ભેદે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. નૈરયિકો શું દ્રવ્યથી યાવત્ ભાવથી વેદના વેદે છે ? ચારે પણ વેદના વેદે. એમ વૈમાનિકો સુધી જાણવું.*

*ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – શારીરિક, માનસિક, શારીરિક-માનસિક વેદના. નૈરયિકો શારીરિક વેદના વેદે, માનસિક કે શારીરિક-માનસિક વેદના વેદે ? ગૌતમ ! એ ત્રણે પ્રકારની વેદના વેદે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરંતુ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો શારીરિક વેદના વેદે છે, પણ બીજી બે ન વેદે.*

*ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે – સાતા, અસાતા અને સાતાસાતા. નૈરયિક શું સાતા વેદના વેદે, અસાતા કે સાતાસાતા વેદના વેદે છે ? ગૌતમ ! ત્રણે પ્રકારની વેદના વેદે.*

*એમ સર્વે જીવો વૈમાનિક સુધી જાણવા.*

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (80)



*ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ગૌતમ ! દુઃખા, સુખા અને અદુઃખસુખા. ભગવન્ ! નૈરયિકો શું દુઃખા વેદના વેદે ઈત્યાદિ પ્રશ્ન - ગૌતમ ! તે ત્રણે વેદના વેદે-એમ વૈમાનિકો સુધી જાણવું.*

● વિવેચન-૫૯૪ થી ૫૯૬ :-

પહેલી શીત વેદના. ચ શબ્દથી ઉષ્ણ અને શીતોષ્ણ વેદના કહેવી. પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રીને વેદના કહેવી. પછી શારીરિક-ઉપલક્ષણથી માનસી વેદના કહેવી. પછી સાતા અને દુઃખા વેદના ભેદ સહિત કહેવી. તે પછી આભ્યુપગમિકી અને ઔપક્રમિકી વેદના કહેવી. પછી નિદા-અનિદા કહેવી. સાતા-સુખાદિની વિશેષતા અને આભ્યુપગમિકી આદિ શબ્દોનો અર્થ આગળ કહીશું. સાતાદિને આશ્રીને જે વિશેષતા કહેવાની છે, તેનો સંગ્રહ કરનારી બીજી ગાથા છે –

બધાં સંસારી જીવો સાતા, અસાતા અને ચ શબ્દથી સાતાસાતા બંને પ્રકારની વેદના વેદે છે. તથા સુખા, દુઃખા અને અદુઃખસુખા વેદના વેદે છે. તથા એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિયો અને અસંજ્ઞી પંચેન્દ્રિયો મનરહિત વેદના વેદે છે. બાકીના જીવો શરીર અને મન સંબંધી શારીરિક, માનસિક બંને પ્રકારની વેદના વેદે છે. આ દ્વાર ગાથામાં નિદા-અનિદા વેદનાના ભેદોનો સંગ્રહ કર્યો નથી.

પહેલાં શીત વેદનાનું પ્રતિપાદન કરવા સૂત્રકાર કહે છે – ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ઈત્યાદિ. શીતા - શીત પુદ્‌ગલના સંપર્કથી ઉત્પન્ન થયેલી. એમ ઉષ્ણા જાણવી. જે ભિન્ન અવયવમાં શીત અને ઉષ્ણ પુદ્‌ગલના સંબંધથી શીત અને ઉષ્ણ વેદના થાય તે શીતોષ્ણા. એ ત્રણે વેદના નૈરયિકાદિ ચોવીશ દંડક ક્રમે વિચારે છે. - x - તેમાં નૈરયિકમાં પહેલી ત્રણમાં ઉષ્ણ વેદના વેદે છે. તે નારકો શીતયોનિક છે, તેના આશ્રયભૂત જે નરકાવાસો છે, તે ચોતરફ જગત્પ્રસિદ્ધ ખેરનાં અંગારા કરતાં અધિક અને ઘણાં તાપવાળા ઉષ્ણ પુદ્‌ગલોથી ઉત્પન્ન થયેલા છે. પંકપ્રભાના નૈરયિકો ઉષ્ણ વેદના વેદે છે. કેટલાંક શીત વેદના અનુભવે છે. કેમકે ત્યાંના નરકાવાસો શીત અને ઉષ્ણના ભેદે બે પ્રકારે છે. ઉષ્ણ વેદનાનો સદ્‌ભાવ ઘણાં નરકાવાસોમાં છે, શીત વેદના થોડાં નરકાવાસોમાં છે. ધૂમપ્રભા પૃથ્વીમાં શીત વેદનાવાળા ઘણાં છે, ઉષ્ણ વેદનાવાળા થોડાં છે. કેમકે ઉષ્ણવેદનાવાળા નરકાવાસ થોડાં, શીતવેદનાવાળા વધુ છે. અહીં સુધીનું સૂત્ર પૂર્વાચાર્યોમાં મતભેદ વિના સંભળાય છે.

કેટલાંક આચાર્યો આ સંબંધે અધિક સૂત્ર કહે છે – તે મુજબ એકૈક પૃથ્વીમાં વેદના કહે છે રત્નપ્રભા૦ ઈત્યાદિ. સૂત્ર સુગમ છે એ પ્રમાણે નૈરયિકોની શીતાદિ વેદના કહી. હવે અસુરકુમાર વિશે વેદનાને વિચારે છે – અસુરકુમારો શું શીતવેદના વેદે છે કે ઉષ્ણ વેદના વેદે છે ઈત્યાદિ ? તેઓ જ્યારે શીતળ જળથી ભરેલા દ્રહાદિમાં સ્નાન કરે છે, ત્યારે શીતવેદના પણ વેદે છે. જ્યારે કોઈ મહાઋદ્ધિવાળો દેવ કોપના આવેશથી વિરૂપ દૃષ્ટિ વડે જોતો શરીરમાં સંતાપ ઉત્પન્ન કરે છે ત્યારે ઉષ્ણવેદના પણ વેદે છે. જેમ ઈશાનેન્દ્રે બલીચંચા રાજધાનીમાં વસતા અસુરકુમારોને સંતાપ ઉત્પન્ન

કરેલો અથવા બીજી રીતે તેવા ઉષ્ણ પુદ્‌ગલોના સંબંધથી ઉષ્ણ વેદનાને અનુભવતા જાણવા. જ્યારે જુદા જુદા અવયવમાં શીત અને ઉષ્ણ પુદ્‌ગલોનો સંબંધ થાય ત્યારે શીતોષ્ણ વેદના અનુભવે છે.

(પ્રશ્ન) જીવોને ઉપયોગ અનુક્રમે હોય છે, તો અહીં શીત અને ઉષ્ણ વેદનાનો અનુભવ એક સાથે કેમ કહો છો? તથાવિધ જીવ સ્વભાવથી વેદનાનો અનુભવ અનુક્રમે જ થાય છે. કેવળ શીત અને ઉષ્ણ વેદનાના કારણભૂત પુદ્‌ગલોનો સંબંધ એક કાળે થાય છે. માટે સૂક્ષ્મ અને જલ્દી થવાના સ્વભાવવાળા ઉપયોગના ક્રમની અપેક્ષા કર્યા વિના જે પ્રમાણે તેઓ એક કાળે વેદતા હોય એમ માને છે તે પ્રતિપાદન કરેલ છે. તેમાં કોઈ દોષ નથી.

અસુરકુમાર વત્ વૈમાનિકો સુધી સૂત્ર કહેવું. જેમકે — ભગવન્ ! પૃથ્વીકાયિકો શું શીત વેદના વેદે કે ઉષ્ણ કે શીતોષ્ણ વેદના વેદે ? ત્રણે વેદના વેદે. તેમાં મનુષ્ય પર્યન્ત હિમાદિ પડવાથી શીત વેદના, અગ્નિના સંબંધથી ઉષ્ણ વેદના ઈત્યાદિ અનુભવે છે - x -

હવે તે વેદના અન્ય પ્રકારે કહે છે - x - x - અહીં વેદના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સામગ્રીથી ઉત્પન્ન થાય છે. કેમકે સર્વ વસ્તુ દ્રવ્યાદિ સામગ્રીના વશથી ઉપજે છે. તેમાં જ્યારે જીવોની વેદના પુદ્‌ગલ દ્રવ્યના સંબંધને આશ્રીને વિચારીએ ત્યારે દ્રવ્યથી વેદના થાય છે. નારકાદિના ઉત્પત્તિ ક્ષેત્રને આશ્રીને વિચારાય ત્યારે ક્ષેત્રવેદના, નારકાદિ ભવના કાળના સંબંધથી વિવક્ષા કરાય ત્યારે કાળ વેદના, વેદનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થવા વડે વિચારાય ત્યારે ભાવ વેદના. એ ચારે વેદના ચોવીશ દંડકના ક્રમથી કહે છે — નૈરયિકો શું દ્રવ્યથી વેદના વેદે છે ? ઈત્યાદિ બધું સુગમ છે.

હવે અન્ય પ્રકારે વેદનાનું પ્રતિપાદન કરતા કહે છે — વેદના કેટલા ભેદે છે ? ઈત્યાદિ. શરીરમાં થયેલી શારીરિક વેદના, મનમાં ઉત્પન્ન થયેલી તે માનસિક વેદના. બંનેમાં થયેલી તે શારીરિક-માનસી વેદના. એ વેદના ચોવીશ દંડકના ક્રમથી કહે છે — નૈરયિકો શું શારીરી વેદના વેદે છે ? ઈત્યાદિ. તેમાં પરસ્પર ઉદીરણાથી, પરમાધામીએ ઉત્પન્ન કરેલી કે ક્ષેત્રના પ્રભાવથી શારીરી વેદના વેદે છે. કેવળ પછીના ભવને અનુસરીને મનમાં દુઃખનો વિચાર કરે ત્યારે તથા દુષ્કર્મ કરનાર અતિશય પશ્ચાત્તાપ કરે ત્યારે માનસી વેદના વેદે. વિવક્ષિત કાળમાં શરીર અને મનમાં પીડાનો અનુભવ કરે ત્યારે. તેટલો કાળની સહ વિવક્ષાથી શારીર-માનસી વેદના વેદે છે. અહીં પણ વેદનાનો અનુભવ અનુક્રમે જ થાય છે. પણ - x - x - તેની વિવક્ષા એકપણે કરેલી છે, માટે શરીર અને મનની પીડાનો અનુભવ સાથે કહ્યો, તેમાં દોષ નથી. એમ વૈમાનિક સુધી જાણવું. પરંતુ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને મન નથી, માટે મનો વેદના ન કહેવી.

હવે અન્ય પ્રકારે વેદના કહે છે — તેમાં સાતા અર્થાત્ સુખરૂપ વેદના, અસાતા



E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (81)



અર્થાત્ દુઃખરૂપ વેદના, સાતાસાતા - સુખ દુઃખરૂપ વેદના. તેનો જ નૈરયિકાદિ ચોવીશ દંડકના ક્રમે વિચાર કરે છે - નૈરયિકો શું સાતા વેદના વેદે છે ? ઈત્યાદિ. તીર્થંકરના જન્માદિ સમયે સાતા વેદના વેદે છે. બાકીના સમયે અસાતા વેદના વેદે છે. જ્યારે પૂર્વભવનો મિત્ર દેવ વચનામૃતો વડે શાંત કરે ત્યારે મનમાં સાતા અને શરીરે ક્ષેત્ર પ્રભાવથી અસાતા અનુભવે અથવા તેના દર્શનથી સાતા અને પશ્ચાત્તાપથી અસાતા અનુભવે ત્યારે સાતાસાતા વેદના વેદે. અહીં પણ વિવક્ષિત કાળને એક ગણી સાતાસાતા વેદના કહી. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. તેમાં પૃથિવ્યાદિ જીવો જ્યાં સુધી તેને ઉપદ્રવ ન થાય, ત્યાં સુધી સાતા વેદના વેદે. ઉપદ્રવ પ્રાપ્ત થતાં અસાતા વેદના વેદે. બંને હોય ત્યારે સાતાસાતા વેદના વેદે. વ્યંતરાદિ દેવો સુખ અનુભવતા સાતા વેદના, ચ્યવનાદિ સમયે અસાતા વેદના, બીજાની સંપત્તિને જોવાથી માત્સર્ય અને પ્રિય દેવીના આલિંગનાદિ અનુભવ એક સાથે થતાં સાતાસાતા વેદના અનુભવે છે.

ફરી અન્ય પ્રકારે વેદના પ્રતિપાદિત કરતાં કહે છે — જે વેદના એકાંતે દુઃખરૂપે ન કહી શકાય, કેમકે સુખ પણ હોય અને એકાંતે સુખરૂપ પણ ન કહેવાય, કેમકે સુખ પણ હોય તે અદુઃખસુખા વેદના કહેવાય છે. [પ્રશ્ન] સાતા-અસાતા અને સુખા-દુઃખામાં ભેદ શો છે ? જે અનુક્રમે ઉદય પ્રાપ્ત વેદનીય કર્મના પુદ્‌ગલના અનુભવથી સુખ-દુઃખ થાય તે સાતા-અસાતા અને જે અન્ય વડે ઉદીરાતી વેદનારૂપ સાતા-અસાતા તે સુખા-દુઃખા. - x - x -

હવે બીજા પ્રકારે વેદનાની વિચારણા કરે છે —

● સૂત્ર-૫૯૭ :-

***ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે — આભ્યુપગમિકી અને ઔપક્રમિકી. ભગવન્ ! નૈરયિકો આભ્યુપગમિકી વેદના વેદે કે ઔપક્રમિકી વેદના વેદે ? ગૌતમ ! આભ્યુપગમિકી વેદના ન વેદે, પણ ઔપક્રમિકી વેદના વેદે છે. એમ ચઉરિન્દ્રિય સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો બંને પ્રકારે વેદના વેદે. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને નૈરયિકવત્ જાણવા.***

● વિવેચન-૫૯૭ :-

આભ્યુપગમિકી એટલે જે વેદના સ્વયં અંગીકાર કરાય. જેમ સાધુ વડે કેશ લુંચન, આતાપનાદિ વડે શરીરને કષ્ટ અપાય છે. કેમકે સ્વયં અંગીકાર કરવા વડે ઉત્પન્ન થયેલી તે આભ્યુપગતિકી. ઉપક્રમ-સ્વયં જ પાસે જવું. અથવા ઉદીરણાકરણ વડે પાસે લાવવું. તે વડે ઉત્પન્ન, તે ઔપક્રમિકી. સ્વયં ઉદયમાં આવેલ કે ઉદીરણા કરણથી ઉદયમાં આવેલા વેદનીય કર્મના વિપાકના અનુભવથી ઉત્પન્ન થયેલી વેદા તે ઔપક્રમિકી. તેમાં પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને બંને પ્રકારની વેદના વેદે છે. કેમકે સમ્યગ્દૃષ્ટિ પંચે૦ તિર્યંચો અને મનુષ્યો કર્મક્ષય કરવા આભ્યુપગમિકી વેદના વેદે છે. બાકીના જીવો ઔપક્રમિકી જ વેદના વેદે છે. એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિયોને

મનનો અભાવ હોવાથી તથાવિધ આભ્યુગમિકી વેદના પ્રાપ્ત ન થાય. નારક, ભવનપત્યાદિ ચારે દેવોને તથાવિધ ભવસ્વભાવથી આભ્યુગમિકી વેદના નથી. ઈત્યાદિ સુગમ છે. ફરી બીજી રીતે વેદના—

**● સૂત્ર-૫૯૮ :-**

*ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? બે ભેદે – નિદા અને અનિદા. નૈરયિકો નિદા વેદના વેદે છે કે અનિદા વેદના ? બંને વેદના વેદે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! નૈરયિકો બે ભેદે છે - સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. સંજ્ઞીભૂત નિદા વેદના વેદે, અસંજ્ઞીભૂત અનિદા વેદના વેદે છે. તેથી તેમ કહ્યું છે.*

*એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથ્વીકાયિકો વિશે પૃચ્છા. તેઓ નિદા વેદના ન વેદે, અનિદા વેદના વેદે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પૃથ્વીકાયિકો બધાં અસંજ્ઞી છે. તેઓ અસંજ્ઞીભૂત અનિદા વેદના વેદે છે. તેથી એમ કહું છું કે પૃથ્વીકાયિકો નિદા વેદના ન વેદે, અનિદા વેદના વેદે. એમ ચઉરિન્દ્રિય સુધી કહેવું. પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો, વ્યંતરો નૈરયિકવત્ જાણવા.*

*જ્યોતિષ્ક દેવો વિશે પૃચ્છા – તેઓ નિદા વેદના વેદે, અનિદા વેદના પણ વેદે. એમ કેમ કહો છો ? જ્યોતિષ્ક દેવો બે ભેદે – માયી મિથ્યાદૃષ્ટિ, અમાયી સમ્યગ્દૃષ્ટિ. માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અનિદા વેદના વેદે. અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા નિદા વેદના વેદે છે. તે હેતુથી ગૌતમ ! એમ કહ્યું છે કે – જ્યોતિષ્કો બંને વેદના વેદે. એ પ્રમાણે વૈમાનિકો પણ જાણવા.*

**● વિવેચન-૫૯૮ :-**

ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? બે ભેદે – નિદા અને અનિદા. જેમાં અત્યંત કે નિશ્ચિત ચિત્ત અપાય તે નિદા. સામાન્ય રીતે મનના વ્યાપારવાળી કે સમ્યક્ વિવેકવાળી વેદના. તે સિવાય મનના વ્યાપાર રહિત કે સમ્યક્‌વિવેક રહિત તે અનિદા વેદના.

ચોવીશ દંડકના ક્રમે કહે છે – નૈરયિકો બે ભેદે છે – સંજ્ઞીભૂત, અસંજ્ઞીભૂત. સંજ્ઞીથી આવીને ઉત્પન્ન થાય તે સંજ્ઞીભૂત, અસંજ્ઞીથી આવીને ઉત્પન્ન થાય તે અસંજ્ઞીભૂત નૈરયિક કહેવાય. અસંજ્ઞી નૈરયિકો પૂર્વે અન્ય જન્મમાં કરેલ કંઈપણ શુભ, અશુભ કે વૈરાદિનું સ્મરણ કરતા નથી. કેમકે સ્મરણ તેનું જ થાય, જે તીવ્ર સંકલ્પ વડે કરેલ હોય. પરંતુ પૂર્વના અસંજ્ઞી ભવમાં મનરહિત હોવાથી તેમને તીવ્ર સંકલ્પ ન હોય. તેથી તેઓ અનિદા વેદના વેદે છે - x - સંજ્ઞીભૂત નૈરયિકો પૂર્વનું બધું સ્મરણ કરે છે. માટે નિદા વેદના વેદે. એ પ્રમાણે ભવનપતિ બધાં કહેવા. કેમકે તેઓને સંજ્ઞી-અસંજ્ઞી બંનેથી ઉત્પત્તિ છે. ચઉરિન્દ્રિય સુધી સંમૂર્છિમ હોવાથી મનરહિત છે માટે અનિદા વેદના વેદે છે. પંચે૦ તિર્યંચ, મનુષ્યો, વ્યંતરો નૈરયિક મુજબ જાણવા. કેમકે પંચે૦ તિર્યંચ અને મનુષ્ય બે ભેદે – સંમૂર્છિમ અને ગર્ભજ. સંમૂર્છિમ મન રહિત

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (82)



હોવાથી અનિદા વેદના વેદે છે ગર્ભજ નિદા વેદના વેદે છે. વ્યંતરો સંજ્ઞી-અસંજ્ઞી બંનેથી આવે છે તેથી નિદા અને અનિદા બંને વેદના વેદે.

જ્યોતિષ્કો સંજ્ઞીથી જ આવે, - x - x - તેઓ બે ભેદે છે - માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક - માયા વડે બાંધેલ મિથ્યાત્વાદિ કર્મ પણ ઉપચારથી માયા કહેવાય, તેવા માયી. મિથ્યાત્વના ઉદયથી મિથ્યાદૃષ્ટિ. તેનાથી યુક્ત તે માયીમિથ્યાદૃષ્ટિ ઉપપન્નક. તેનાથી વિપરીત તે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક, તેમાં પહેલા પ્રકારના દેવો - x - x - યથાવસ્થિત જ્ઞાનાભાવે અનિદા વેદના વેદે. બીજા પ્રકારના દેવો સમ્યગ્દૃષ્ટિપણાથી યથાવસ્થિત જાણી નિદા વેદના વેદે છે. એ પ્રમાણે વૈમાનિક પણ જાણવા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૩૫-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ પદ-૩૬-"સમુદ્‌ઘાત" ❁

-- x -- x -- x -- x --

૦ એ પ્રમાણે ૩૫-માં પદની વ્યાખ્યા કરી. હવે ૩૬-માં પદનો આરંભ કરે છે. તેનો સંબંધ આ છે - પૂર્વ પદમાં ગતિપરિણામ વિશેષ વેદના કહી. અહીં ગતિપરિણામ વિશેષ સમુદ્‌ઘાત વિચારે છે. સમુદ્‌ઘાત વક્તવ્યતા સંદર્ભે આ સંગ્રહણી ગાથા છે—

● **સૂત્ર-૫૯૯ :-**

***વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલી સમુદ્‌ઘાત એ સાત, સમુદ્‌ઘાત જીવ અને મનુષ્યોને હોય છે.***

● **વિવેચન-૫૯૯ :-**

વેયણ - આદિ સાત સમુદ્‌ઘાતો છે. જેમકે વેદના સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત વગેરે. સામાન્યથી જીવના વિચારમાં અને મનુષ્યદ્વારમાં સાત સમુદ્‌ઘાતો કહેવાના છે, પણ ન્યૂન નહીં. કેમકે જીવ અને મનુષ્ય વિશે સાતે સમુદ્‌ઘાતોનો સંભવ છે. અહીં 'एव' શબ્દ પરિમાણના અર્થમાં છે. - x - બાકીના દ્વારોના વિચારમાં જ્યાં જેટલા સમુદ્‌ઘાતોનો સંભવ હોય ત્યાં તેટલા કહેવા. આ સંગ્રહણી ગાથાનો સંક્ષેપાર્થ છે.

સમુદ્‌ઘાત એટલે શું ? सम - એકીભાવ, उत् - પ્રાબલ્ય, એકીભાવ વડે પ્રબળતાથી ઘાત કરવો તે સમુદ્‌ઘાત. કોની સાથે એકી ભાવ ? વેદનાદિ સાથે. તે આ રીતે — આત્મા જ્યારે વેદનાદિ સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલ હોય ત્યારે વેદનાદિ અનુભવજ્ઞાન વડે પરિણત જ હોય છે અન્ય જ્ઞાન વડે પરિણત ન હોય. અધિકપણે કર્મનો ઘાત શી રીતે થાય ? વેદનાદિ સમુદ્‌ઘાત સાથે પરિણત થયેલ આત્મા કાલાંતરે અનુભવવા યોગ્ય વેદનાદિના કર્મપ્રદેશોને ઉદીરણાકરણ વડે આકર્ષી ઉદયાવલિકામાં નાંખી અનુભવી નિર્જરે છે. અર્થાત્ આત્મપ્રદેશ સાથે રહેલા સંક્લિષ્ટ કર્મોનો નાશ કરે છે. કેમકે નિર્જરા એટલે પૂર્વકૃત્ કર્મોનો નાશ કરવો તે.

તે આ રીતે — વેદના સમુદ્‌ઘાત અસાતા વેદનીય કર્મને આશ્રિત છે, કષાયસમુ૰ કષાય ચારિત્ર મોહનીયને આશ્રિત છે. મારણાંતિક સમુ૰ અંતર્મુહૂર્ત્ત આશ્રિત છે. વૈક્રિયાદિ ત્રણ તે-તે નામ કર્મને આશ્રિત છે. કેવલી સમુદ્‌ઘાત વેદનીય, નામ, ગોત્ર કર્મને આશ્રિત છે. તેમાં વેદના સમુદ્‌ઘાત પ્રાપ્ત આત્મા અસાતાવેદનીય કર્મના પુદ્‌ગલોનો ક્ષય કરે છે. તે આ રીતે — વેદના વડે પીડિત જીવ અનંતાનંત કર્મ સ્કંધો વડે વીંટાયેલા આત્મપ્રદેશો શરીરથી બહાર કાઢે છે. તે પ્રદેશો વડે મુખ અને જઠરના ખાલી ભાગને તથા કાન અને સ્કંધાદિના વચ્ચેના ભાગને પૂરી લંબાઈ અને વિસ્તારમાં શરીરપ્રમાણ ક્ષેત્રને વ્યાપી અંતર્મુહૂર્ત્ત રહે છે અને તે સમયમાં ઘણાં અસાતાવેદનીય કર્મપુદ્‌ગલોનો ક્ષય કરે છે.

કષાય સમુદ્‌ઘાતના પરિણામવાળો આત્મા કષાય ચારિત્ર મોહનીય કર્મપુદ્‌ગલોનો નાશ કરે છે. તે આ — કષાયોદયથી વ્યાકુળ જીવ આત્મપ્રદેશોને

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (83)



બહાર કાઢી, તેના વડે મુખ અને ઉદરાદિના ખાલી ભાગને તથા કાન, સ્કંધાદિની વચ્ચેના ભાગોને પૂરી લંબાઈ અને વિસ્તારમાં શરીરક્ષેત્રને વ્યાપીને રહે છે. ઘણાં પુદ્‌ગલોનો નાશ કરે.

મરણ સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો આયુષ્કર્મના પુદ્‌ગલોનો નાશ કરે છે. પણ મરણસમુદ્‌ઘાત પ્રાપ્ત જીવ પોતના આત્મપ્રદેશોથી મુખ-ઉદરાદિ ખાલી ભાગોને પૂરી વિસ્તાર અને જાડાઈમાં સ્વ શરીરપ્રમાણ અને લંબાઈમાં સ્વ શરીર કરતાં અધિક જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કર્ષથી અસંખ્યાતા યોજનો સુધી એક દિશામાં રહેલા ક્ષેત્રને વ્યાપીને રહે છે, એમ કહેવું.

વૈક્રિય સમુદ્‌ઘાત પ્રાપ્ત જીવ સ્વ આત્મપ્રદેશોને શરીરથી બહાર કાઢી શરીર વિસ્તાર અને જાડાઈ પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાતા યોજન પ્રમાણ દંડ કરી સ્થૂળ પુદ્‌ગલોના ક્રમથી વૈક્રયિશરીર નામકર્મના પુદ્‌ગલોનો પૂર્વવત્ ક્ષય કરે છે. - x - એ પ્રમાણે તૈજસ અને આહારક સમુદ્‌ઘાતનો વિચાર કરવો. પરંતુ તૈજસ સમુદ્‌ઘાત તેજોલેશ્યા મૂકવાના સમયે તૈજસ નામકર્મના ક્ષયનું કારણ છે. આહારક સમુ૰ પ્રાપ્ત જીવ આહારક શરીર નામકર્મોના પુદ્‌ગલોનો ક્ષય કરે છે.

કેવલી સમુદ્‌ઘાત પ્રાપ્ત જીવ સાતા અસાતા વેદનીયાદિ કર્મના પુદ્‌ગલોનો નાશ કરે છે. તે આ રીતે — કેવલજ્ઞાની પહેલા સમયે જાડાઈમાં સ્વ શરીરપ્રમાણ અને ઉંચો-નીચો લોકાંત પર્યન્ત આત્મપ્રદેશોનો દંડ કરે છે. બીજે સમયે પૂર્વ-પશ્ચિમ કે દક્ષિણ-ઉત્તર કપાટ કરે છે. ત્રીજે સમયે મંથાન કરે, ચોથા સમયે વચ્ચેના આંતરા પૂરે છે. પાંચમાં સમયે આંતરાને સંહરે છે, છટ્ઠા સમયે મંથાન સંહરે છે, સાતમા સમયે કપાટ સંહરે છે, આઠમાં સમયે શરીરમાં આવીને રહે છે. - x - તેમાં દંડ કરવાના સમયે પહેલાં જે પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ વેદનીય, નામ, ગોત્ર, કર્મની સ્થિતિના બુદ્ધિથી અસંખ્યાતા ભાગો કરવા, પછી દંડ સમયે દંડ કરતો તે અસંખ્યાત ભાગોનો ક્ષય કરે અને એક અસંખ્યાતમો ભાગ બાકી રાખે.

પૂર્વે જે ત્રણ કર્મોનો રસ હતો. તેના અનંત ભાગો કરવા. પછી દંડ સમયે ૧ અસાતાવેદનીય, ૨ થી ૬ પ્રથમ સમયમાં પાંચ સંસ્થાન, ૭ થી ૧૧ - પાંચ સંઘયણ, ૧૨ થી ૧૫ પ્રશસ્ત વર્ણાદિ ચતુષ્ક, ૧૬-ઉપઘાત, ૧૭-અપ્રશસ્ત વિહાયોગતિ, ૧૮-દુઃસ્વર, ૧૯-દુર્ભગ, ૨૦-અસ્થિર, ૨૧-અપર્યાપ્ત, ૨૨-અશુભ, ૨૩-અનાદેય, ૨૪-અયશકીર્તિ, ૨૫-નીચગોત્ર એ પચીશ પ્રકૃતિઓના રસના અનંત ભાગોનો નાશ કરે છે, અને એક અનંતમોભાગ બાકી રહે છે. તે સમયે સાતાવેદનયી, દેવદ્ધિક, મનુષ્યદ્ધિક, પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર, ત્રણ ઉપાંગ, પહેલું સંસ્થાન, પહેલું સંઘયણ, પ્રશસ્ત વર્ણાદિ ચતુષ્ક, અગુરુ લઘુ, પરાઘાત, ઉચ્છ્‌વાસ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, આતપ, ઉધોત, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશોકીર્તિ, નિર્માણ, તીર્થંકર અને ઉચ્ચગોત્રરૂપ ૩૯-પ્રકૃતિઓનો અનુભાગ અપ્રશસ્ત પ્રકૃતિના અનુભાગ મધ્યે પ્રદેશ કરવા વડે નાશ કરે છે. એ સમુદ્‌ઘાતનો પ્રભાવ છે.

બાકી રહેલી અસંખ્યાતમા ભાગની સ્થિતિ, અનંતમા ભાગના રસના અનુક્રમે અસંખ્યાતા અને અનંતા ભાગો કરે છે.

પછી બીજા કપાટ સમયે સ્થિતિના અસંખ્યાત ભાગોનો નાશ કરે છે, એક ભાગ બાકી રહે છે. અનુભાગના અનંતા ભાગોનો નાશ કરે છે અને એક ભાગ બાકી રહે છે. અહીં અપ્રશસ્ત પ્રકૃતિના અનુભાગ મધ્યે પ્રવેશ કરવા વડે પ્રશસ્ત પ્રકૃતિઓના અનુભાગનો ઘાત સમજવો. પછી ત્રીજા સમયે બાકી રહેલ અસંખ્યાતમો ભાગ સ્થિતિ અને અનંત ભાગના અનુભાગના ફરીથી બુદ્ધિ વડે અનુક્રમે અસંખ્યાતા અને અનંતમા ભાગો કરીને, ચોથા સમયે સ્થિતિના અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે અને એક ભાગ બાકી રહે છે. અનુભાગના પણ અનંતા ભાગોનો નાશ કરે છે અને એક ભાગ બાકી રહે છે. પ્રશસ્ત પ્રકૃતિઓના અનુભાગનો ઘાત પૂર્વવત્ જાણવો.

એ પ્રમાણે સ્થિતિઘાતાદિ કરતાં અને જેણે સ્વપ્રદેશો વડે સર્વલોકને વ્યાપ્ત કર્યો છે, એવા કેવળીને વેદનીયાદિ ત્રણ કર્મની સ્થિતિ આયુષ્ કરતાં સંખ્યાતગણી રહેલી છે, અનુભાગ હજી પણ અનંતગુણ છે. હવે ચોથા સમયે બાકી રહેલી અસંખ્યાતમા ભાગની સ્થિતિના અને અનંતમાં ભાગના રસના ફરી પણ બુદ્ધિ વડે અનુક્રમે સંખ્યાતા અને અનંતા ભાગો કરે છે. પછી આંતરાના સંહાર કરવાના સમયે સ્થિતિના સંખ્યાત ભાગોનો નાશ કરે છે. એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. અનુભાગના અનંતા ભાગોનો નાશ કરે છે અને એક ભાગ બાકી રહે છે એ પ્રમાણે દંડાદિના પાંચ સમયમાં પ્રત્યેક સમયે પ્રત્યેક ખંડ નાશ પામેલો હોય છે, કેમકે સમયે સમયે સ્થિતિખંડ અને અનુભાગ ખંડનો નાશ કરે છે. પછી છટ્ઠા સમયથી પ્રયત્ન મંદ થવાથી સ્થિતિ ખંડ અને અનુભાગ ખંડનો અંતર્મુહૂર્ત્ત કાળમાં વિનાશ કરે છે.

છટ્ઠા સમયથી પછીના સમયોમાં પ્રતિસમય ખંડના એકૈક ખંડનો ત્યાં સુધી નાશ કરે છે યાવત્ અંતર્મુહૂર્ત્તના છેલ્લા સમયે સંપૂર્ણ ખંડનો નાશ થાય છે. એ પ્રમાણે અંતર્મુહૂર્ત્ત સ્થિતિ ખંડો અને અનુભાગ ખંડોનો જ્યાં સુધી સયોગી અવસ્થાનો છેલ્લો સમય છે, ત્યાં સુધી ઘાત કરે છે. આ બધાં સ્થિતિ ખંડો અને અનુભાગ ખંડો અસંખ્યાતા જાણવા. આ સંબંધે આટલું કહેવું પૂરતું છે.

સંગ્રહણી ગાથાના અર્થને સ્પષ્ટ કરતાં પ્રથમથી સમુદ્ઘાતથી સંખ્યાનો પ્રશ્ન પૂછે છે — ભદંત - વર્ધમાન સ્વામીનું આમંત્રણ છે. પરમકલ્યાણના યોગથી ભદંત છે. અથવા ભવાંત - સંબોધન છે. કેમકે તે સર્વ સંસારસાગરને અંતે રહેલા છે. અથવા ભયાંત કહેવા. કેમકે આલોક-પરલોકાદિ સાત પ્રકારના ભયનો નાશ કરેલો છે.

સમુદ્ઘાત કેટલા છે ? તે વિશે પ્રશ્ન પૂછે છે —

● **સૂત્ર-૬૦૦ :-**

***ભગવન્ ! સમુદ્ઘાતો કેટલા છે ? સાત. વેદનાસમુદ્ઘાત યાવત્ કેવલી***

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (84)



***સમુદ્ઘાત. વેદના સમુ૦ કેટલાં સમયનો છે ? અસંખ્યાતા સમય પ્રમાણ અંતર્મુહૂર્ત્તનો છે. એમ આહારક સમુ૦ સુધી કહેવું. કેવલી સમુદ્ઘાત કેટલા સમયનો છે ? આઠ સમયનો.***

***નૈરયિકોને કેટલા સમુદ્ઘાત છે ? ચાર — વેદના, કષાય મારણાંતિક અને વૈક્રિયસમુદ્ઘાત. અસુરકુમારોને કેટલા સમુદ્ઘાત છે ? પાંચ — વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ સમુદ્ઘાત. એમ સ્તનિતકુમારો સુધી કહેવું. પૃથ્વીકાયિકોને કેટલા સમુ૦ છે ? ત્રણ-વેદના, કષાય અને મારણાંતિક. એમ ચઉરિન્દ્રિયો સુધી કહેવું. પરંતુ વાયુકાયિકોને ચાર સમુદ્ઘાત હોય છે — વેદના, કષાય, મારણાંતિક અને વૈક્રિય સમુદ્ઘાત. પંચેન્દ્રિય તિર્યંચ યાવત્ વૈમાનિકને કેટલા સમુદ્ઘાતો છે ? પાંચ — વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય અને તૈજસ. પણ મનુષ્યોને ઉપરોક્ત સાતે સમુદ્ઘાતો હોય છે.***

● **વિવેચન-૬૦૦ :-**

વેદનાનો સમુદ્ઘાત તે વેદના સમુદ્ઘાત. એ પ્રમાણે આહારક સમુદ્ઘાત સુધી જાણવું. કેવલી સંબંધી સમુદ્ઘાત તે કેવલીસમુદ્ઘાત. હવે કયો સમુદ્ઘાત કેટલો કાળ હોય છે ? તે કહે છે. તેમાં વેદના સમુદ્ઘાત આદિનો કાળ સુગમ છે. પરંતુ યાવત્ આહારક સમુદ્ઘાત ઉક્ત અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સમુદ્ઘાતો અનુક્રમે કહેવા.

હવે એ જ સમુદ્ઘાતનો ચોવીશ દંડકના ક્રમે વિચારે છે — નૈરયિકોને આદિના ચાર સમુદ્ઘાતો હોય છે. કેમકે તેઓને તેજો લબ્ધિ, આહારક લબ્ધિ, કેવળજ્ઞાનના અભાવે બાકીના ત્રણ સમુદ્ઘાત ન સંભવે. અસુરકુમારાદિ દશે ભવનપતિઓને તેજોલેશ્યાની લબ્ધિ હોવાથી આદિના પાંચ સમુદ્ઘાતો હોય છે.

પૃથ્વી-અપ્-તેઉ-વનસ્પતિ-બે ત્રણ ચાર ઈન્દ્રિય જીવોને આદિના ત્રણ સમુદ્ઘાત છે. કેમકે તેમને વૈક્રિયાદિ લબ્ધિનો અભાવ છે. વાયુકાયિકોને વૈક્રિયલબ્ધિ હોવાથી પહેલાં ચારે સમુદ્ઘાતો સંભવે છે. પંચેન્દ્રિય તિર્યંચોને આદિના પાંચ સમુદ્ઘાતો હોય છે કેમકે તેઓમાં કેટલાંકને તેજોલબ્ધિ પણ હોય છે. મનુષ્યોને સાતે સમુદ્ઘાતો હોય છે. કેમકે તેમને સર્વે ભાવો હોય છે. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને આદિના પાંચે સમુદ્ઘાતો સંભવે છે. કેમકે તેઓમાં વૈક્રિય અને તેજોલબ્ધિ હોય છે. - x -

હવે ચોવીશ દંડકને આશ્રીને એક જીવને કેટલા વેદનાદિ સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે, કેટલા ભાવિમાં થશે, તે કહે છે —

● **સૂત્ર-૬૦૧ :-**

***ભગવન્ ! એકૈક નારકને કેટલા વેદના સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે ? ગૌતમ ! અનંતા. કેટલા ભાવિમાં થવાના છે ? કોઈને થવાના હોય, કોઈને ન હોય. જેને હોય તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા થનાર હોય છે. એમ અસુરકુમારોને પણ યાવત્ નિરંતર વૈમાનિક***

***દંડક સુધી કહેવું. એમ તૈજસ સમુદ્‌ઘાત સુધી જાણવું, એ પ્રમાણે પાંચ સમુદ્‌ઘાતો ચોવીસ દંડકે કહેવા.***

***ભગવન્ ! એકૈક નૈરયિકને પૂર્વે આહારકસમુદ્‌ઘાતો કેટલા થયા છે. કોઈને હોય, કોઈને ન હોય, જેને હોય તેને જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટથી ત્રણ હોય. ભાવિકાળે કેટલાં થવાના છે ? કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય. એ પ્રમાણે નિરંતર વૈમાનિક સુધી કહેવું. પણ મનુષ્યને પૂર્વે થયેલ અને ભાવિકાળે થનાર, નૈરયિકને ભાવિ કાળે થનારા છે તેમ કહેવા.***

***ભગવન્ ! એકૈક નૈરયિકને કેવલિ સમુદ્‌ઘાત કેટલા થયેલા છે ? પૂર્વે થયા નથી. ભાવિમાં કેટલા થવાના છે ? કોઈને થાય અને કોઈને ન થાય. જેને થનાર છે તેને એક સમુદ્‌ઘાત થવાનો છે. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. પણ મનુષ્યને કોઈને થયેલ છે - કોઈને નથી. જેને છે તેને એક છે, ભાવિકાળે થનાર પણ એક જ છે.***

**● વિવેચન-૬૦૧ :-**

એકૈક નૈરયિકને કેટલા વેદના સમુ૰ થયા છે? ઈત્યાદિ. ગૌતમ! અનંતા થયા છે. કેમકે નારકાદિ સ્થાનો અનંતવાર પ્રાપ્ત થયા છે અને એકૈક નારકાદિ સ્થાનની પ્રાપ્તિ સમયે પ્રાયઃ અનેકવાર વેદના સમુદ્‌ઘાત થાય છે. આ કથન ઘણાં જીવોની અપેક્ષાથી છે. કેમકે ઘણાં જીવો અવ્યવહાર રાશિથી નીકળેલા અનંતકાળ સુધી હોય. તેથી તેમની અપેક્ષાથી અનંત વેદના સમુદ્‌ઘાત ઘટી શકે. પરંતુ થોડાં કાળથી અવ્યવહાર રાશિથી નીકળેલાં હોય તેઓને યથા સંભવ સંખ્યાતા કે અસંખ્યાતા વેદના સમુદ્‌ઘાતો જાણવા. પણ તેઓ થોડાંક જ છે. ભાવિમાં કેટલાં થનાર છે? સૂત્રપાઠ સુગમ છે. પરંતુ પુરઃ - આગળ, કૃત - પરિણામ પ્રાપ્તિની યોગ્યતા વડે કેટલા થનાર છે? અર્થાત્ ભાવિમાં થનારા. કોઈને હોય - કોઈને ન હોય. ઈત્યાદિ ઉત્તર સૂત્ર છે. અર્થાત્ જે કોઈ જીવ વિવક્ષિત પ્રશ્ન સમય પછી વેદના સમુદ્‌ઘાત કર્યા વિના જ નરકથી નીકળી, મનુષ્યભવમાં વેદના સમુદ્‌ઘાત ન પામીને જ સિદ્ધ થાય છે. તેને ભાવિકાળમાં એક પણ વેદના સમુદ્‌ઘાત થવાનો નથી. પણ વિવક્ષિત જીવ બાકીના આયુકાળમાં કેટલોક કાળ નરકમાં રહી પછી મનુષ્યભવ પામી સિદ્ધ થાય, તેને એકાદિ સમુદ્‌ઘાતનો સંભવ છે. સંખ્યાતા આદિ કાળ સુધી સંસારમાં રહેનારને સંખ્યાતા-અસંખ્યાતા-અનંતા વેદના સમુદ્‌ઘાતો થાય.

- x - બધાં અસુરકુમારાદિ સ્થાનોમાં અતીતકાળે અનંત વેદના સમુદ્‌ઘાતો કહેવા. અનાગત કાળે વેદના સમુદ્‌ઘાતો કોઈને થાય - કોઈને ન થાય. ઈત્યાદિ પૂર્વે કહ્યા મુજબ જાણવું. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમે કષાય સમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત, તૈજસ સમુદ્‌ઘાત પ્રત્યેક દંડકે કહેવા. તેથી ૧૨૦-દંડક

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (85)



સૂત્રો થાય. બાકી સૂત્રમાં કહેલ બધું સુગમ છે.

ભગવન્ ! એકૈક નૈરયિકને પૂર્વે બધાં અતીતકાળની અપેક્ષા કેટલાં આહારક સમુદ્‌ઘાતો પૂર્વે થયા છે ? ગૌતમ ! કોઈને હોય, કોઈને ન હોય. - x - x - જેણે પૂર્વે મનુષ્યપણું પામીને તેવા પ્રકારની સામગ્રીના અભાવે ચૌદ પૂર્વનું અધ્યયન કર્યુ નથી, ચૌદ પૂર્વનું જ્ઞાન હોવા છતાં આહારક લબ્ધિના અભાવે કે તેવા પ્રયોજનના અભાવે આહારક શરીર કર્યુ નથી, તેને હોતાં નથી. જેને હોય તેને જઘન્યથી એક કે બે અને ઉત્કૃષ્ટથી ત્રણ જ હોય. કેમકે જણે ચાર વાર આહારક શરીર કર્યુ છે, તેમનું નરકમાં ગમન થતું જ નથી, ભાવિકાળે પણ કોઈને હોય - કોઈને ન હોય. તેમાં મનુષ્યત્વ પામી તેવી સામગ્રીના અભાવે ચૌદ પૂર્વનું જ્ઞાન અને આહારક સમુદ્‌ઘાત વિના સિદ્ધ થાય તેને હોતા નથી. બાકીનાને યથાસંભવ ઉત્કૃષ્ટથી ચાર સમુ૰ થાય પછી અવશ્ય બીજી ગતિમાં ઉત્પન્ન ન થવાથી આહારક સમુ૰ સિવાય સિદ્ધિગમન થાય છે. એમ વૈમાનિક સુધી કહેવું.

— પરંતુ મનુષ્યને અતીતકાળે - અનાગત કાળે પણ જેમ નૈરયિકોને કહ્યું, તેમ કહેવું અર્થાત્ ઉત્કૃષ્ટથી અતીતકાળે પણ ચાર અને અનાગતકાળે પણ ચાર સમુદ્‌ઘાતો ઉત્કૃષ્ટથી કહેવા. તેનો સૂત્રપાઠ આમ થાય - એકૈક મનુષ્યને કેટલાં આહારક સમુદ્‌ઘાત પૂર્વે થયેલા છે ? ઈત્યાદિ બધું કહેવું. પરંતુ તાત્પર્ય એ કે ચોથી વખત આહારક શરીર કરનારો અવશ્ય તે ભવે જ મુક્તિ પામે. એમ કેમ જાણ્યું ? સૂત્રના પૂર્વાપર વિચારથી. જો ચોથી વેળા આહારક શરીર કરીને બીજી કોઈ ગતિમાં જાય તો નારકાદિ કોઈપણ ગતિમાં અતીત કાળે ચાર આહારક સમુદ્‌ઘાત કહ્યા હોત, પણ કહ્યા નથી. તેથી જાણી શકાય છે કે ચોથી વેળા આહાક શરીર કરી અવશ્ય તે ભવમાં જ મુક્તિગામી થાય છે, બીજી ગતિમાં જતો નથી. જો આહારક સમુદ્‌ઘાત ન કર્યો હોય તો તેની અપેક્ષાએ 'નથી' તેમ જાણવું. પરંતુ જે - x - ચાર આહારક સમુદ્‌ઘાતથી નિવૃત્ત થયેલો હોય અને હજી મનુષ્યભવનો ત્યાગ કર્યો નથી તેને ચાર સમુદ્‌ઘાતો પૂર્વકાળે જાણવા. ભાવિકાળે થનારા સમુદ્‌ઘાત પણ કોઈને હોય કોઈને ન હોય. જે ચોથી વેળા આહારક શરીર કરીને આહારક સમુ૰થી નિવૃત્ત થયેલ છે, અથવા જેણે આહારક શરીર કર્યુ નથી કે જેણે એક-બે કે ત્રણ વખત કરેલ છે, પણ તથાવિધ સામગ્રીના અભાવે આહારકશરીર કર્યા વિના જ મુક્તિ પામશે, તેને ભાવિમાં આહારક સમુદ્‌ઘાત કરવાના હોતા નથી. જેને કરવાના છે, તેને જઘન્યથી એક-બે-ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર સમુદ્‌ઘાતો કરવાના હોય છે. તેમાં એકાદિ સમુદ્‌ઘાતનો સંભવ પૂર્વોક્ત ભાવનાનુસાર સ્વયં જાણવો.

હવે કેવળી સમુદ્‌ઘાત સંબંધે દંડક સૂત્ર કહે છે — એક એક નૈરયિકને અનંત અતીતકાળને આશ્રીને કેટલા કેવલીસમુદ્‌ઘાત પૂર્વે થયા છે ? એક પણ નહીં, કેમકે કેવલી સમુદ્‌ઘાત પછી અંતર્મુહૂર્ત્તમાં અવશ્ય જીવો પરમ પદને પામે છે. તેથી કેવલી સમુ૰ થયો હોત, તો તે જીવ નરકે જ ન જાત, પણ નરકમાં છે, માટે કેવલી

સમુદ્‌ઘાત થયેલ નથી. ભવિષ્યકાળે કેટલા થવાના છે ? કોઇને હોય - કોઇને ન હોય, કેવલી સમુ૰ પ્રાણીને સર્વદા એકવાર જ થાય. કોઇને પણ જીવનમાં કેવલી સમુદ્‌ઘાત થવાનો હોય તો એક જ વખત થાય. તેથી જે મુક્તિપદ પામવાને અયોગ્ય હોય અથવા કેવલિસમુદ્‌ઘાત કર્યા સિવાય જે મુક્તિપદને પામશે તેમને આશ્રીને કેવલી સમુ૰ નથી. કેમકે કેવલી સમુ૰ વિના પણ અનંતા કેવલી જિનો સિદ્ધિગતિને પામેલા છે. - x - જેને છે તેને એક જ વાર કેવલી સમુ૰ થશે, કેમકે પછી તે અવશ્ય મુક્તિ પામશે.

નૈરયિક સંબંધી પાઠ વડે ચોવીશે દંડક વૈમાનિક સુધી કહેવા. તે આ પ્રમાણે — એકૈક વૈમાનિકને પૂર્વે કેટલા સમુદ્‌ઘાત થયેલા છે? ગૌતમ! પૂર્વે એક પણ નહીં, ઈત્યાદિ - x - પરંતુ અહીં વિશેષ એ છે કે — મનુષ્યને કેવલી સમુદ્‌ઘાતમાં પૂર્વે ''કોઈકને હોય - કોઈકને નહીં'' એમ કહેવું. તેમાં જે કેવલી સમુદ્‌ઘાતથી નિવૃત્ત પણ મોક્ષને અપ્રાપ્ત તેવા આવશે. તે બધાં મળીને ઉત્કૃષ્ટ પદે શત પૃથક્ત્વ હોય. કોઈક પૂર્વ કાળે કેવલી સમુદ્‌ઘાતને ન પણ કરે. તેવા અસંખ્યાતા જાણવા. કેમકે શત પૃથક્ત્વ સિવાયના મનુષ્યો કેવલી સમુદ્‌ઘાતને પ્રાપ્ત ન થાય. - x - x - કેવલી સમુદ્‌ઘાત પ્રાપ્ત હોય તે એક જ વખત હોય, બે-ત્રણ ન હોય. કેમકે એક જ સમુદ્‌ઘાત વડે પ્રાયઃ બધા અગાતી કર્મોનો નિર્મૂળ નાશ થાય છે. અતીત સમુદ્‌ઘાત સંબંધે કહ્યું.

એ પ્રમાણે ભવિષ્યકાળે થવાના કેવલી સમુદ્‌ઘાતો સંબંધે જાણવું. તે આ રીતે — કોઈને હોય - કોઈને ન હોય. જેને છે તેને એક થવાનો છે. અહીં પૂર્વે કહ્યા પ્રમાણે સ્વયં વિચારવું.

એ પ્રમાણે અતીત-અનાગત કાળને આશ્રીને એકૈક નૈરયિકાદિ સંબંધે વેદનાદિ સમુદ્‌ઘાત વિચાર્યા. હવે સમુદાયરૂપે નૈરયિકાદિના પ્રત્યેક દંડકે સમુદ્‌ઘાત સંબંધે વિચારે છે —

**● સૂત્ર-૬૦૨ :-**

*ભગવન્ ! નૈરયિકોને કેટલા વેદના સમુદ્‌ઘાતો પૂર્વે થયેલા છે. ગૌતમ ! અનંતા, કેટલા ભાવિકાળે થવાના છે ? અનંતા. એમ વૈમાનિકો સુધી જાણવું. એમ તૈજસ સમુદ્‌ઘાત સુધી કહેવું. એમ કુલ ૧૨૦ દંડકો થાય છે. ભગવન્ ! નૈરયિકોને આહાર સમુદ્‌ઘાતો કેટલા પૂર્વે થયા છે ? પૂર્વે અસંખ્યાતા થયેલા છે. ભાવિકાળે કેટલા થવાના છે ? અસંખ્યાતા થવાના છે. એમ વૈમાનિકો સુધી જાણવું. પરંતુ વનસ્પતિકાયિકો અને મનુષ્યોને આ વિશેષ છે - વનસ્પતિ૰ પૂર્વે કેટલા આહારક સમુદ્‌ઘાતો થયા છે ? અનંતા. મનુષ્યોને પૂર્વે કેટલા આહારક સમુદ્‌ઘાતો થયા છે ? કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા. એમ ભવિષ્યકાળે પણ જાણવા.*

*ભગવન્ નૈરયિકોને પૂર્વે કેટલા કેવલી સમુદ્‌ઘાતો થયા છે ? એક પણ નહીં. કેટલા થવાના છે ? અસંખ્યાત થવાના છે. એમ વૈમાનિકો સુધી જાણવું.*

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (86)



*મનુષ્યોને કેટલા કેવલી સમુદ્‌ઘાતો પૂર્વે થયા છે ? કદાચ થયા હોય, કદાચ ન થયા હોય. જો થયા હોય તો જઘન્યથી એક-બે-ત્રણ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ હોય. ભાવિમાં કેટલા થશે ? કદાચ સંખ્યાતા અને કદાચ અસંખ્યાતા થવાના છે.*

**● વિવેચન-૬૦૨ :-**

વિવક્ષિત પ્રશ્ન સમયે વર્તતા સમુદિત બધાં નૈરયિકોને પૂર્વે કેટલાં વેદના સમુદ્‌ઘાતો થયા છે ? પૂર્વે અનંતા થયેલા છે. કેમકે ઘણાં જીવો અનંતકાળથી અવ્યવહાર રાશિથી નીકળેલા છે, તેમને અતીત અનંતકાળે નૈરયિકમાં અનંતા વેદના સમુદ્‌ઘાતો થયા હોય છે. ભાવિમાં કેટલા થવાના છે ? - x - અનંતા થવાના છે. કેમકે બધાં નૈરયિકો અનંતકાળ સંસારમાં રહેવાના છે. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમે વૈમાનિક સુધી કહેવું. વેદનાની માફક કષાય, મરણ, વૈક્રિય અને તૈજસ સમુદ્‌ઘાતો પણ વિચારવા. એ રીતે ૧૨૦ દંડક થશે.

હવે આહારક સમુદ્‌ઘાત કહે છે — નૈરયિકોને આહારક સમુદ્‌ઘાતો અતીતકાળે કેટલા થયા છે ? ઈત્યાદિ. પૂર્વે અસંખ્યાતા થયા છે. નૈરયિકો પ્રશ્ન સમયે કુલ અસંખ્યાતા હોય. તેમાં કેટલાંક અસંખ્યાતા છે, જેમણે પૂર્વે આહારક સમુદ્‌ઘાત કર્યો છે. તેથી અહીં અસંખ્યાતા કહ્યા, પણ અનંતા કે સંખ્યાતા ન કહ્યા. એ રીતે ભાવિમાં આહારક સમુદ્‌ઘાતવાળા પણ અસંખ્યાતા જાણવા. એમ ચોવીશ દંડકના ક્રમે વૈમાનિકો સુધી કહેવું. પરંતુ વિશેષતા આ છે —

પૂર્વે વનસ્પતિકાયિકો અનંતા થયા છે. કેમકે જેણે પૂર્વે આહારક સમુદ્‌ઘાત કર્યા છે એવા અનંતા ચૌદ પૂર્વધરો પ્રમાદના વશથી સંસારની વૃદ્ધિ કરીને વનસ્પતિમાં હોય છે. ભાવિકાળે અનંતા આહારક સમુદ્‌ઘાત કરવાના, કેમકે અનંતા જીવો વનસ્પતિથી નીકળી ચૌદ પૂર્વી થઈ આહારક સમુદ્‌ઘાત કરી ભાવિમાં મોક્ષે જવાની છે.

મનુષ્યોને કેટલા આહારક સમુદ્‌ઘાત અતીતકાળે થયા છે ? - x - કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા. કઈ રીતે ? અહીં સંમૂર્છિમ અને ગર્ભજ મનુષ્ય સમુદાયના વિચારમાં મનુષ્યો ઉત્કૃષ્ટ પદે - x - બાકીના નારકાદિ જીવરાશિની અપેક્ષા ઘણાં થોડા જ છે. તેમાં પણ જેમણે પૂર્વે આહારક શરીર કરેલું છે, તેઓ તો કેટલાંક છે. વિવક્ષિત પ્રશ્ન સમયે કદાચ સંખ્યાતા કે અસંખ્યાતા હોય. તે માટે સૂત્રમાં કહ્યું કે કદાચ સંખ્યાતા કે કદાચ અસંખ્યાતા હોય.

ભાવિકાળમાં પણ વિવક્ષિત પ્રશ્ન સમયે વિધમાન મનુષ્યોમાં કેટલાંક આહારક શરીર કરશે તેઓ પણ કદાચ સંખ્યાતા અને કદાચ અસંખ્યાતા હોય છે. તેથી સૂત્રમાં અતીત માફક જાણવા કહ્યું.

ભગવન્ વનસ્પતિકાયિકોને કેટલાં આહારક સમુદ્‌ઘાતો ભાવિમાં થવાના છે ? અનંતા. મનુષ્યોને કેટલાં આહારક સમુદ્‌ઘાતો ભાવિમાં થવાના છે ? કદાચ સંખ્યાતા થવાના હોય અને કદાચ અસંખ્યાતા થવાના હોય છે.

કેવલિ સમુદ્‌ઘાત વિશે પ્રશ્ન સૂત્ર - ભગવન્ ! કેટલા કેવલિ સમુદ્‌ઘાતો

અતીત કાળે થયેલા છે. ઈત્યાદિ સુગમ છે. ગૌતમ ! નૈરયિકોને કોઈને ભૂતકાળમાં કેવલી સમુદ્‌ઘાત થયો નથી. કેમકે જેમણે કેવલિ સમુદ્‌ઘાત કર્યો છે. તેમનું નારકાદિમાં ગમન થતું નથી. કેટલાં ભાવિમાં થવાના છે ? ગૌતમ ! અસંખ્યાતા થવાના છે. કેમકે વિવક્ષિત પ્રશ્ન સમયે વર્તતા નારકોમાં અસંખ્યાતા નારકો ભાવિમાં કેવલિ સમુદ્‌ઘાત થવાનો છે. તેમ કેવલીએ જાણેલ છે. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી વૈમાનિકો સુધી કહેવું.

અહીં વિશેષતા એ છે કે — વનસ્પતિકાયિકોને કેટલા સમુદ્‌ઘાત અતીતકાળે થયા છે ? ઈત્યાદિ. અનંતા થવાના છે, કેમકે તેવા જીવો અનંતા છે. મનુષ્યોને અતીતકાળે કેટલા કેવળી સમુદ્‌ઘાતો અતીત કાળે થયા છે ? પ્રશ્ન સૂત્ર સુગમ છે. કદાચ અતીત કાળે થયા હોય, કદાચ ન થયા હોય. તેમાં તે સમયે જેણે કેવલી સમુદ્‌ઘાત કર્યો છે એવા મનુષ્યો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ હોય છે. કેમકે ઉત્કૃષ્ટપદે એક કાળે એટલા કેવળજ્ઞાની કેવલિ સમુદ્‌ઘાતને પામેલા હોય છે. ભવિષ્યકાળે થનારા કેવળી સમુદ્‌ઘાતો કેટલા હોય છે ? મનુષ્યોને તે કદાચિત્ સંખ્યાતા, કદાચિત્ અસંખ્યાતા હોય છે. કેમકે મનુષ્યો સંમૂર્છિમ અને ગર્ભજ બધાં મળીને ઉત્કૃષ્ટ પદ પૂર્વે બતાવેલા પ્રમાણાનુસાર હોય છે. તેમાં પણ વિવક્ષિત સમયે વર્તતા મનુષ્યોમાં ઘણાં અભવ્ય હોવાથી કદાચિત્ સંખ્યાતા હોય, કદાચિત્ અસંખ્યાતા હોય કારણ કે જેમને ભાવિમાં કેવલિ સમુદ્‌ઘાત થવાના છે. એવા ઘણાં હોય છે.

● **સૂત્ર-૬૦૩ :-**

***ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા વેદના સમુદ્‌ઘાતો પૂર્વે થયા છે ? ગૌતમ ! અનંતા. કેટલા ભવિષ્યકાળે થવાના છે ? કોઈને થાય-કોઈને ન થાય. જેને થાય તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત થાય.***

***એ પ્રમાણે અસુરકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં જાણવું. એકૈક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલા વેદના સમુદ્દિઘાતો અતીતકાળે થયા છે ? અનંતા. કેટલા ભાવિકાળે થવાના છે ? કોઈને થાય - કોઈને ન થાય. જેને થાય તેને કદાચ સંખ્યાતા કે અસંખ્યાતા કે અનંતા થાય. એકૈક અસુરકુમારને અસુરકુમારપણામાં અતીત કાળે કેટલા વેદના સમુ૰ થયા છે ? અનંતા. ભાવિ કાળે કેટલા થવાના છે ? કોઈને થાય, કોઈને ન થાય. જેને થાય તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા થાય. એમ નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં કહેવું.***

***એ પ્રમાણે વેદના સમુદ્‌ઘાત વડે અસુરકુમાર નૈરયિકથી આરંભી વૈમાનિક સુધીમાં કહ્યા તેમ નાગકુમારાદિ બધાં બાકીના સ્વસ્થાનોમાં અને પરસ્થાનોમાં કહેવા. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું.***

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (87)



***એમ આ ચોવીશગુણા ચોવીશ દંડકો થાય.***

● **વિવેચન-૬૦૩ :-**

હવે નૈરયિકત્વાદિ ભાવોમાં વર્તતા એકૈક નૈરયિક આદિને પૂર્વકાળે કેટલા વેદના સમુદ્‌ઘાતો થયેલા હોય? કેટલા ભવિષ્યમાં થનારા હોય, તેનું નિરૂપણ કરે છે — એકૈક નૈરયિક સર્વ અતીતકાળની અપેક્ષાએ તે તે કાળે નૈરયિકપણામાં વર્તતા બધાં મળીને અનંતા વેદના સમુદ્‌ઘાત થયેલા છે. કેમકે એકૈક નૈરયિકને પૂર્વે અનંતવાર નરકસ્થાન પ્રાપ્ત થયું છે અને એકૈક નરકપદમાં જઘન્યથી સંખ્યાતા વેદના સમુદ્‌ઘાતો થાય છે. ભવિષ્યમાં કેટલા થવાના છે? એકૈક નૈરયિકને સંસારથી માંડી મોક્ષગમન કાળ સુધી અનાગતકાળ અપેક્ષાથી નારકપણામાં ભાવિમાં થનારા બધાં મળીને વેદના સમુદ્‌ઘાતો કોઈને થવાના - કોઈને નથી થવાના. નીકટમાં મૃત્યુ પામનાર નૈરયિક વેદના સમુદ્‌ઘાત વિના છેવટના મરણ વડે નરકથી નીકળી પછીના ભવમાં સિદ્ધ થાય. તેને ભાવિમાં નૈરયિકપણામાં એક પણ વેદના સમુદ્‌ઘાત નથી. બીજાને થવાના છે, તે પણ જઘન્યથી એક, બે કે ત્રણ. જેઓનું ક્ષીણ થયેલું શેષાયુ બાકી છે એવા, તે ભવમાં ઉત્પન્ન અને પછીના ભવે સિદ્ધ થવાના છે, તેમની અપેક્ષાએ ઉક્ત કથન જાણવું. પણ ફરીથી નરકમાં ઉત્પન્ન થનારની અપેક્ષાએ ન સમજવું. કેમકે ફરી નરકમાં ઉત્પન્ન થનારને જઘન્યપદે સંખ્યાતા વેદના સમુદ્‌ઘાતો થાય છે. - x - x - ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા હોય છે —

— તેમાં જે એક વાર જઘન્યસ્થિતિક નરકમાં ઉત્પન્ન થવાનો છે, તે અસંખ્યાતા અને અનંતવાર ઉત્પન્ન થવાનો છે, તેને અનંતા સમુદ્‌ઘાતો હોય છે. એ પ્રમાણે નૈરયિક સંબંધી પાઠ વડે ચોવીશે દંડકના ક્રમથી વૈમાનિક સુધી કહેવું. જેમકે — એકૈક નૈરયિકને અસુરકુમારની અપેક્ષાએ કેટલા વેદના સમુદ્‌ઘાતો અતીતકાળે થયા છે ? અનંતા. ભાવિકાળે કેટલા થવાના છે ? કોઈને થવાના છે, કોઈને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા ભાવિકાળે થવાના હોય છે. તેમાં અતીતકાળે અનંતવાર અસુરકુમારત્વ પ્રાપ્ત થયું હોવાથી અસુરકુમારપણે પ્રાપ્ત થયેલા નૈરયિકને અતીતકાળે અનંતા વેદના સમુદઘાતો ઘટે છે. ભાવિ વેદના સમુ૰ના વિચારમાં જે નૈરયિકથી નીકળી મનુષ્ય થઈ સિદ્ધ થશે કે પરંપરાએ એક વખત અસુરકુમારના ભવને પામવા છતાં વેદના સમુદ્‌ઘાતને નહીં પામે તેને એક પણ વેદના સમુદ્‌ઘાત નથી. પણ જે પામે. તેને જઘન્યથી એક, બીજાને બે કે ત્રણ વાર, સંખ્યાતીવાર ઈત્યાદિ પણ વેદના સમુ૰ હોય, એમ ચોવીશ દંડકમાં ક્રમે વૈમાનિક સુધી કહેવું —

પૂર્વે નૈરયિકપણે થયેલા એકૈક અસુરકુમારને સંપૂર્ણ અતીતકાળની અપેક્ષાએ બધાં મળી કેટલા વેદના સમુદ્‌ઘાતો પૂર્વે થયેલા છે? ગૌતમ! અતીત કાળે અનંતા થયેલા છે. કેમકે તેણે અનંતવાર નૈરયિકપણું પામેલ છે અને એક નૈરયિકના

ભવમાં જઘન્યપદે પણ સંખ્યાતા વેદના સમુદ્‌ઘાતો થયેલા છે. કેટલા થવાના છે? કદાચિત્ થાય - કદાચિત્ ન થાય. એટલે કોઈકને થાય અને કોઈકને ન થાય. તાત્પર્ય એ કે — અસુરકુમારના ભવથી નીકળી નરકમાં જવાનો નથી, પરંતુ તુરંત કે પરંપરાએ મનુષ્યભવ પામી સિદ્ધ થશે તેને નૈરયિકપણામાં ભાવિ કાળે વેદના સમુદ્‌ઘાત થવાનો નથી. કેમકે તેને નૈરયિકપણાની અવસ્થાનો જ અસંભવ છે. જે તે ભવથી પરંપરાએ નરકે જશે તેને વેદના સમુદ્‌ઘાતો થાય છે. તેમાં કોઈને સંખ્યાતા કે અસંખ્યાતા કે અનંતા થાય છે. તેમાં જે એક વાર જઘન્ય સ્થિતિવાળા નૈરયિકમાં ઉત્પન્ન થશે, તેને જઘન્યપદે પણ સંખ્યાતા હોય, કેમકે સર્વ જઘન્ય સ્થિતિક નરકોમાં પણ સંખ્યાતા વેદના સમુદ્‌ઘાતો થાય છે. અનેકવાર જઘન્યસ્થિતિક નરકોમાં અને એક કે અનેકવાર દીર્ઘસ્થિતિક નરકોમાં જવાથી અસંખ્યાત કે અનંત વેદના સમુદ્‌ઘાતો સંભવે છે.

અસુરકુમારપણામાં રહેલા એકૈક અસુરકુમારને સંપૂર્ણ અતીત કાળને આશ્રીને કેટલા વેદના સમુદ્‌ઘાતો અતીતકાળે થયા છે ? અનંતા. કેમકે પૂર્વે પણ અનંતવાર અસુરકુમારત્વ પ્રાપ્ત થયું છે, દરેક ભવમાં પ્રાયઃ વેદના સમુદ્‌ઘાત હોય છે. ભાવિકાળમાં કોઈને હોય, કોઈને ન હોય. કેમકે જેને પ્રશ્નકાળ પછી વેદના સમુ૦ થવાનો નથી અને ત્યાંથી નીકળી ફરી અસુરકુમારત્વ પ્રાપ્ત થવાનું નથી. તેને વેદના સમુ૦ ન થાય. જે અસુરકુમારત્વ એક વખત પામે તેને જઘન્યથી એક, બે કે ત્રણ વેદના સમુ૦ થાય. સંખ્યાતી વાર ઉપજે તેને સંખ્યાતા થાય યાવત્ અનંતવાર ઉપજે તેને અનંતા થાય. એ રીતે ચોવીશ દંડકના ક્રમે નાગકુમારત્વાદિમાં અસુરકુમાર સંબંધે વૈમાનિકમાં સુધી કહેવું.

એ પ્રમાણે નૈરયિકના ચોવીશ દંડક સૂત્રથી આરંભી વૈમાનિકના ચોવીશ દંડકના ચોવીશ સૂત્રો થાય. ઈત્યાદિ - x -

હવે પ્રત્યેક દંડકના ૨૪ એવા ૨૪ દંડક સૂત્રો વડે કષાય સમુદ્‌ઘાતનો વિચાર કરતા સૂત્રકાર કહે છે —

● સૂત્ર-૬૦૪ :-

*ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલાં કષાયસમુદ્‌ઘાતો અતીત કાળે થયા છે ? અનંતા. ભાવિકાળે કેટલાં થવાના છે ? કોઈને થાય - કોઈને ન થાય. જેને થાય તેને એકથી માંડી અનંતા જાણવા. એકૈક નૈરયિકને અસુરકુમારપણે કેટલાં કષાય સમુ૦ અતીતકાળે થયા છે ? અનંતા. ભાવિમાં કેટલાં થવાના છે ? કોઈને થાય - કોઈને ન થાય. જેને થાય, તેને કદાચ સંખ્યાતા કે અસંખ્યાતા કે અનંતા થવાના છે. એ પ્રમાણે નૈરયિકને સ્તનિતકુમાર સુધી કહેવું. પૃથ્વીકાયિકપણામાં એકથી માંડી અનંત જાણવા, એમ મનુષ્યમાં કહેવું.*

*વ્યંતરમાં અસુરકુમારવત્ કહેવું. જ્યોતિષ્કપણામાં અતીતકાળે અનંતા છે, ભાવિમાં કોઈને થાય - કોઈને ન થાય. જેને થાય તેને કદાચ અસંખ્યાતા અને કદાચ અનંતા હોય. એમ વૈમાનિકમાં પણ કદાચ અસંખ્યાત કે અનંતા હોય.*

*અસુરકુમારને નૈરયિકપણે અતીતકાળે અનંતા થયા છે. ભાવિકાળે કોઈને થાય - કોઈને ન થાય. જેને થાય, તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા, કદાચ અનંતા હોય અસુરકુમારને અસુરકુમારપણામાં અતીતકાળે અનંતા, ભાવિકાળે એકથી માંડી અનંત સુધી જાણવા. એમ નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં નૈરયિકવત્ કહેવું. અમે યાવત્ સ્તનિતકુમારને વૈમાનિકમાં કહેવું. પરંતુ સર્વને સ્વસ્થાનમાં એકથી અનંત સુધી અને પરસ્થાનમાં અસુરકુમારવત્ જાણવું.*

*પૃથ્વીકાયિકને નૈરયિકપણામાં યાવત્ સ્તનિતકુમારમાં અતીતકાળે અનંતા, ભાવિકાળે કોઈને થાય - કોઈને ન થાય. જેને થાય તેને કદાચ સંખ્યાતા - કદાચ અસંખ્યાતા કે અનંતા થવાના હોય. પૃથ્વી૦ પૃથ્વીકાયિકપણામાં યાવત્ મનુષ્યપણામાં અતીતકાળે અનંતા થયા હોય, ભાવિમાં થવાના કોઈને હોય - કોઈને ન હોય. જેને હોય તેને એકથી અનંત હોય. વ્યંતરપણામાં નૈરયિકવત્ કહેવું. જ્યોતિષ્ક અને વૈમાનિકપણામાં અતીતકાળે અનંતા છે. ભાવિમાં કોઈને હોય - કોઈને ન હોય. જેને હોય તેને કદાચ અસંખ્યાતા કે અનંતા હોય. એમ યાવત્ મનુષ્ય સંબંધે જાણવું. વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકને અસુરકુમારવત્ કહેવા. પણ સ્વસ્થાનને આશ્રીને એકથી અનંત સુધી. યાવત્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કહેવું. એમ ચોવીશ ચોવીશગણાં દંડક છે.*

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (88)



● વિવેચન-૬૦૪ :-

નૈરયિકને નૈરયિકપણાં વિશે પ્રશ્ન સૂત્ર સુગમ છે. ભાવિમાં કષાય સમુદ્‌ઘાત કોઈને થાય - કોઈને ન થાય. શેષ આયુ ક્ષીણ થયું છે એવો પ્રશ્ન સમયે ભવાંતે વર્તતો નૈરયિક, કષાય સમુદ્‌ઘાત પ્રાપ્ત કર્યા સિવાય જ નરકથી નીકળી તુરંત પછીના ભવમાં સિદ્ધ થશે કે પરંપરાએ બીજા ભવોમાં સિદ્ધ થશે પણ ફરી નરકગામી નહીં થાય. તેને નૈરયિકત્વમાં ભાવિ કષાય સમુ૦ ન હોય. જેને હોય તેને જઘન્યથી એક, બે કે ત્રણ ઈત્યાદિ પૂર્વવત્.

જેમ નૈરયિકને નૈરયિકપણામાં કહ્યું તેમ અસુરકુમારપણામાં અતીત સૂત્ર જાણવું. તે પ્રમાણે જ ભાવિમાં કોઈને થવાના હોય, કોઈને ન હોય. જે નરકથી નીકળી ભાવિમાં અસુરકુમારત્વ પામશે નહીં તેને અસુરકુમારપણામાં ભાવિકાળે કષાય સમુદ્‌ઘાતો થવાના નથી. જે પામશે તેને જઘન્યથી સંખ્યાતા હોય છે. કેમકે જઘન્ય સ્થિતિમાં પણ અસુરકુમારને સંખ્યાતા કષાયસમુદ્‌ઘાતો થાય છે. કેમકે તેઓ લોભાદિ બહુકષાયવાળા છે. ઉત્કૃષ્ટપદે અસંખ્યાતા કે અનંતા હોય છે. બાકી પૂર્વવત્ જાણવું.

એ પ્રમાણે નૈરયિકોને નાગકુમારત્વાદિ સ્થાનોમાં યાવત્ સ્તનિતકુમારપણામાં નિરંતર કહેવું. તેમ સૂત્રમાં પણ કહ્યું છે. પૃથ્વી૦માં અતીત સૂત્ર તેમજ કહેવું. ભાવિ

વિચારમાં કોઈને હોય - કોઈને ન હોય. જે નરકથી નીકળી પૃથ્વીકાયિકમાં જવાનો નથી. તેને ન હોય. જે જવાના છે, તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા હોય છે. તે આ પ્રમાણે – તિર્યંચ પંચેન્દ્રિય ભવથી, મનુષ્ય ભવ કે દેવભવથી કષાય સમુદ્ઘાતને પ્રાપ્ત થઈ જે એકવાર પૃથ્વીકાયિકોમાં જવાનો છે, તેને એક, બે વાર જવાનો છે તેને બે, ત્રણ વાર જવાનો છે તેને ત્રણ, સંખ્યાતીવાર જવાનો છે, તેને સંખ્યાતા - x - અનંત કષાય સમુદ્ઘાત જાણવા. સૂત્રકારે પણ તેમ કહેલું છે.

એ પ્રમાણે યાવત્ મનુષ્યપણામાં જાણવું. એમ પૃથ્વી૦ જે સૂત્રપાઠ કહ્યો, તે વડે મનુષ્યપણામાં સુધી કહેવું. જેમકે – એકૈક નૈરયિકને અપ્કાયિકપણામાં કેટલા કષાયસમુદ્ઘાતો અતીતકાળે થયા હોય ? અનંત. ભાવિમાં કેટલા થાય ? ઈત્યાદિ - x - કહેવું. એ પ્રમાણે મનુષ્ય સૂત્ર સુધી કહેવું. તેમાં અપ્કાયથી મનુષ્યસૂત્ર સુધીનો વિચાર પૃથ્વીકાયિક સૂત્રવત્ કરવો.

બેઈન્દ્રિય સૂત્રમાં ભાવિકાળે થવાના કષાયસમુદ્ઘાત વિચારમાં જઘન્યથી એક, બે, ત્રણ સમુદ્ઘાતો જે એકવાર જઘન્ય સ્થિતિવાળા બેઈન્દ્રિયના ભવને પામે, તેની અપેક્ષાએ સમજવા. સંખ્યાતી વાર બેઈન્દ્રિયપણાને પામે તેને સંખ્યાતા ઈત્યાદિ અનંત સુધી કષાય સમુદ્ઘાત ભાવિકાળે પ્રાપ્ત થનાર છે. એમ તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયો પણ વિચારવા. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય વિશે આ પ્રમાણે વિચારવું – જે એક વખત તિર્યંચ પંચેન્દ્રિયના ભવને પામવાનો છે અને સ્વભાવથી જ અલ્પકષાયી છે, તેને જઘન્યથી એક, બે કે ત્રણ સમુદ્ઘાતો હોય છે. બાકીના તિર્યંચ પંચે૦ ભવને સંખ્યાતી વાર પ્રાપ્ત કરનારા સંખ્યાતા, અસંખ્યાતીવાર પ્રાપ્ત કરનારા અસંખ્યાતા, અનંતીવાર પ્રાપ્ત કનરારાને અનંતા કષાય સમુદ્ઘાતો થવાના છે.

મનુષ્યસૂત્રમાં ભાવિ કષાય સમુદ્ઘાત સંબંધે આ પ્રમાણે વિચારવું – જે નરકભવથી નીકળી અલ્પકષાયી મનુષ્ય ભવ પામી કષાય સમુદ્ઘાત વિના જ મોક્ષે જવાનો છે. તેને નથી. બાકીનાને હોય છે. તેમાં એક, બે કે ત્રણવાર કષાય સમુ૦ પ્રાપ્ત કરશે તેને એક, બે કે ત્રણ કષાય સમુદ્ઘાતો હોય છે. સંખ્યાતા ભવો કરનારને કે એકભવમાં પણ સંખ્યાતા કષાય સમુદ્ઘાત કરનારને સંખ્યાતા ઈત્યાદિ અનંત કષાય સમુ૦ સુધી કહેવું.

જ્યોતિષ્કપણામાં અતીતકાળે પણ અનંતા કહેવા. ભાવિમાં કોઈને થાય, કોઈને ન થાય. તે પૂર્વવત્ કહેવું. જેને છે તેઓમાં પણ કોઈને અસંખ્યાતા અને કોઈને અનંતા હોય. પણ કદાચ સંખ્યાતા હોય એમ ન કહેવું. કેમકે – જ્યોતિષ્કોને જઘન્યથી અસંખ્યાતા કાળનું આયુ હોવાથી, જઘન્યથી પણ અસંખ્યાતા કષાયસમુદ્ઘાતો હોય છે. અનંતવાર જનારાને અનંતા હોય છે.

એમ વૈમાનિકપણામાં પણ ભાવિકાળમાં કદાચિત્ અસંખ્યાતા અને કદાચિત્



E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (89)



અનંતા હોય, તેની વિચારણા પૂર્વવત્ એ પ્રમાણે નૈરયિકોને સ્વસ્થાને અને પરસ્થાને કષાય સમુ૦ કહ્યા.

હવે અસુરકુમારોમાં સ્વસ્થાન અને પરસ્થાનને આશ્રીને કષાય સમુદ્ઘાતનો વિચાર કરવા કહે છે - એકૈક અસુરકુમારને નૈરયિકપણામાં કષાયસમુદ્ઘાતો અતીતકાળે અનંતા હોય છે. ભાવિ કાળે કોઈને હોય - કોઈન ન હોય . જે અસુરકુમારના ભવથી નીકળી નરકે જવાનો નથી, તેને હોતા નથી, જે નરકે જવાનો છે તેને હોય છે. તેમાં પણ જઘન્યથી સંખ્યાતા હોય છે, કેમકે જઘન્ય સ્થિતિક નરકોમાં પણ સંખ્યાતા કષાય સમુદ્ઘાતો થાય છે. ઉત્કૃષ્ટથી અસંખ્યાતા કે અનંતા જાણવા. તેમાં જઘન્ય સ્થિતિક નરકોમાં વારંવાર અને દીર્ઘસ્થિતિક નરકોમાં એક કે અનેકવાર જનારને અસંખ્યાતા, અનંતવાર જનારને અનંતા હોય છે.

અસુરકુમારને અસુરકુમારપણામાં અતીતકાળે અનંતા અને ભાવિકાળે એકથી માંડી અનંત સુધી હોય છે. જે ભાવિમાં થનાર છે તે કોઈને હોય અને કોઈને ન હોય. જે અસુરકુમાર ભવના પર્યન્તવર્તી છે અને કષાય સમુદ્ઘાત કરવાનો નથી, તેમ ત્યાંથી ચ્યવી ફરી અસુરકુમાર ભવ પ્રાપ્ત કરવાનો નથી, પણ પછીના ભવે કે પરંપરાએ સિદ્ધિપદને પામશે તેને હોતા નથી. બાકીનાને હોય છે. જેને હોય તેને જઘન્યથી એક, બે, ત્રણ હોય ઈત્યાદિ પૂર્વવત્.

એ પ્રમાણે નાગકુમારપણામાં અને પછી ચોવીશ દંડકમાં ક્રમથી નિરંતર યાવત્ વૈમાનિકપણામાં નૈરયિકવત્ સૂત્ર કહેવું. અર્થાત્ નાગકુમારથી સ્તનિતકુમારમાં ભાવિમાં કોઈને હોય છે - કોઈને હોતા નથી. હોય તેને સંખ્યાતા કે અસંખ્યાતા કે અનંતા હોય છે. પૃથ્વીકાયિકાદિપણામાં યાવત્ મનુષ્યપણામાં જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા હોય છે.

વ્યંતરપણામાં જેને થવાના છે, તેને કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત કે કદાચ અનંતા હોય છે. જ્યોતિષ્કમાં જેને થવાના છે તેને કદાચ અસંખ્યાત હોય - કદાચ અનંતા હોય. વૈમાનિકપણામાં પણ એમ જ કહેવું. - x - x - અહીં વિશેષતા બતાવે છે કે – પરંતુ નાગકુમારથી સ્તનિતકુમાર સુધીના બધાંને સ્વસ્થાનની અપેક્ષાથી અવશ્ય ભાવિમાં થવાના એકથી માંડી અનંત સુધી જાણવા. પરસ્થાન અપેક્ષાએ અસુરકુમારવત્ કહેવા.

પૃથ્વીકાયિકને નૈરયિકપણામાં યાવત્ સ્તનિતકુમારત્વમાં અતીતકાળે અનંતા જાણવા, ભાવના પૂર્વવત્. ભાવિમાં કોઈને હોય કોઈને ન હોય. તેમાં જે પૃથ્વીકાયના ભવથી નીકળી નરકમાં, અસુરકુમાર યાવત્ સ્તનિતકુમારમાં જવાનો નથી, પણ મનુષ્યભવ પામી મોક્ષે જવાનો છે, તેને હોતા નથી. બીજાને હોય છે. જેને હોય તેને જઘન્યથી સંખ્યાતા હોય. કેમકે જઘન્યસ્થિતિક નરકાદિમાં પણ સંખ્યાતા કષાયસમુદ્ઘાતો હોય છે. ઉત્કૃષ્ટથી અસંખ્યાતા કે અનંતા હોય છે. તે પૂર્વવત્ વિચારવા.

પૃથ્વીકાયિકપણામાં યાવત્ મનુષ્યપણામાં અતીતકાળે તે પ્રમાણે અનંતા હોય છે. ભાવિકાળે થનાર એકથી અનંત સુધી કહેવા. તે કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા હોય.

વ્યંતરપણામાં જેમ નૈરયિકપણામાં કહ્યું તેમ કહેવું. અર્થાત્ એકથી માંડી અનંત સુધી ન કહેવા. પરંતુ કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા કે કદાચ અનંતા કહેવા. જ્યોતિષ્ક અને વૈમાનિકપણામાં અતીત કાળે તે પ્રમાણે અનંતા થયેલા છે. જે ભાવિમાં થવાના છે, તે જઘન્યપદે અસંખ્યાતા અને ઉત્કૃષ્ટ અનંતા જાણવા. એ પ્રમાણે અપ્કાયિકને યાવત્ મનુષ્યને જાણવું.

વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને અસુરકુમારવત્ કહેવા. પણ ભાવિના વિચારમાં સ્વસ્થાનની અપેક્ષાથી બધું એકથી માંડીને અનંત સુધી કહેવા. પરસ્થાનની અપેક્ષાથી અસુરકુમારનું સૂત્ર કહ્યું તેમ કહેવું. - x - એ પ્રમાણે કષાય સમુદ્ઘાત સંબંધી ચોવીશ સંખ્યાવાળા ચોવીશ દંડકો કહેવા. - x -

હવે પ્રત્યેક દંડકના ચોવીશ ચોવીશ દંડક સૂત્રો વડે મારણાંતિક સમુદ્ઘાત કહે છે —

● **સૂત્ર-૬૦૫ :-**

***મારણાંતિક સમુદ્ઘાત સ્વસ્થાનને વિશે અને પરસ્થાનને વિશે પણ એકથી માંડીને અનંતા વડે કહેવો. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવો, એ પ્રમાણે એ ચોવીશ એવા ચોવીશ દંડકો કહેવા.***

***વૈક્રિય સમુદ્ઘાત, કષાય સમુદ્ઘાત માફક કહેવો. પરંતુ જેને હોય તેને કહેવો. એ પ્રમાણે પણ ચોવીશ ચોવીશ દંડકો કહેવા.***

***તૈજસ સમુદ્ઘાત મારણાંતિક સમુદ્ઘાત માફક કહેવો. પરંતુ જેને હોય તેને કહેવો. એ પ્રમાણે ચોવીશના ચોવીશ દંડકો કહેવા.***

***ભગવન્! એકૈક નૈરયિક, નૈરયિકપણામાં કેટલા આહારક સમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે? ગૌતમ! થયેલા નથી. એ પ્રમાણે વૈમાનિકપણામાં સુધી કહેવું. પરંતુ મનુષ્યપણામાં અતીતકાળે કોઈને થયેલા છે, કોઈને નથી, જેને થયેલા છે, તેને જઘન્યથી એક, બે, ઉત્કૃષ્ટ ત્રણ હોય છે. કેટલા ભાવિકાળે થવાના છે? ગૌતમ! કોઈને થવાના હોય છે — કોઈને હોતા નથી. જેને હોય છે, તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય છે. એ પ્રમાણે સર્વ જીવો અને મનુષ્યો કહેવા.***

***મનુષ્યને મનુષ્યપણામાં અતીતકાળે કોઈને હોય છે, કોઈને હોતા નથી, જેને હોય છે, તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય છે. એ પ્રમાણે ભાવિકાળમાં થવાના પણ જાણવા. એમ પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડકો વૈમાનિકપણામાં સુધી કહેવા.***

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (90)



***ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા કેવલિ સમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે ? ગૌતમ ! થયા નથી. ભાવિ કાળે કેટલા થવાના છે ? થવાના નથી. એમ વૈમાનિકપણામાં સુધી કહેવું. પરંતુ મનુષ્યપણામાં અતીતકાળે થયા નથી. ભાવકાળમાં કોઈને થવાના હોય, કોઈને હોતા નથી. જેને થવાનો છે તેને એક થવાનો છે. મનુષ્યને મનુષ્યપણામાં અતીતકાળે કોઈને થયેલા છે - કોઈને નથી, જેને થયા છે તેને એક થયેલો છે, એમ ભાવિકાળે થવાનો પણ એક જ જાણવો. એમ આ ચોવીશ ચોવીશ દંડકો કહેવા.***

● **વિવેચન-૬૦૫ :-**

મારણાંતિક સમુદ્ઘાત ભાવિકાળમાં સ્વસ્થાન વિશે અને પરસ્થાન વિશે એકથી માંડી અનંતસંખ્યા વડે કહેવો. - x - વૈમાનિકપણાં સુધી વૈમાનિકને સૂત્ર કહેવું. તે આ પ્રમાણે — ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા મારણાંતિક સમુદ્ઘાતો અતીતકાળે થયા છે ? ગૌતમ અનંતા થયેલા છે. ઈત્યાદિ - x - તેમાં જે મારણાંતિક સમુદ્ઘાત કર્યા વિના કાળ કરીને નરકથી નીકળી તુરંત કે પરંપરાથી મનુષ્યભવ પામીને સિદ્ધ થશે, પણ ફરી નરકમાં જવાનો નથી. તેને ભાવિમાં મારણાંતિક સમુદ્ઘાત હોતા નથી. પરંતુ જે તે જ ભવમાં વર્તતો મારણાંતિક સમુદ્ઘાત વડે કાળ કરીને નરકથી નીકળી સિદ્ધ થશે. તેને ભાવિમાં એક મારણાંતિક સમુદ્ઘાત હોય છે. જે ફરી નરકમાં આવી બધાં મળી બે મારણાંતિક સમુદ્ઘાતને પ્રાપ્ત થવાનો છે, તેને બે હોય છે. એ પ્રમાણે ત્રણ-સંખ્યાતા-અસંખ્યાતા-અનંત પણ કહેવા.

એ પ્રમાણે અસુરકુમારપણામાં સૂત્રપાઠ કહેવો. પરંતુ અહીં ભાવના આ પ્રમાણે છે — જે નરકથી નીકળી મનુષ્યભવ પામી સિદ્ધ થશે, અથવા તે ભવમાં મારણાંતિક સમુદ્ઘાતને પ્રાપ્ત ન કરીને મૃત્યુ પામી તેથી અન્ય ભવમાં મોક્ષે જશે, તેને હોતા નથી. બાકીનાને એકાદિનો વિચાર પૂર્વવત્ કરવો. વ્યંતર, જ્યોતિષ્ક નૈરયિકવત્ કહેવા.

જેમ નૈરયિકનો નૈરયિકાદિ ચોવીશ સ્થાનોમાં વિચાર કર્યો તેમ અસુરકુમારથી માંડી વૈમાનિક સુધીના ચોવીશ દંડકાના ક્રમે વિચાર કરવો. એ પ્રમાણે અન્યાન્ય પણ ચોવીશ દંડક સૂત્રો થયા છે. એમ મારણાંતિક સમુદ્ઘાત પ્રત્યેકના ચોવીશ-ચોવીશ દંડકથી કહ્યો.

હવે એટલી જ સંખ્યાવાળા સૂત્રો વડે વૈક્રિયસમુદ્ઘાતને કહેવાની ઈચ્છાવાળા સૂત્રકાર કહે છે — વૈક્રિય સમુદ્ઘાત વિશે કષાય સમુદ્ઘાત સંબંધે પૂર્વે કહ્યું તેમ બધે કહેવું. કેવળ જેને વૈક્રિય લબ્ધિનો અસંભવ હોવાથી વૈક્રિય સમુ૦ નથી, તેને ન કહેવો. તે આ પ્રમાણે - એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા વૈક્રિય સમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે ? ગૌતમ ! અનંતા, કેટલા ભાવિ કાળે થશે ?, ઈત્યાદિ પૂર્વવત્. - x - એકૈક નૈરયિકને અસુરકુમારપણામાં કેટલા વૈક્રિય સમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે ? ગૌતમ ! અનંતા. કેટલા ભાવિકાળે થવાના છે ? ઈત્યાદિ પૂર્વવત્. - x - એમ સ્તનિત કુમાર સુધી કહેવું. એકૈક નૈરયિકને પૃથ્વીકાયિકપણામાં કેટલાં

વૈક્રિય સમુદ્‌ઘાતો અતીતકાળે થયેલા છે ? ગૌતમ ? થયેલા નથી. ભાવિકાળે થવાના છે ? - થવાના નથી. એ પ્રમાણે તેઉકાયિકપણામાં કહેવું.

ભગવન્ ! નૈરયિકને વાયુકાયિકપણામાં કેટલા વૈક્રિય સમુદ્‌ઘાતો અતીતકાળે થયેલા છે ? ગૌતમ ! અનંતા. કેટલા ભાવિમાં થવાના છે ? ગૌતમ ! કોઈને થવાના છે - કોઈને થવાના નથી. જેને થવાના છે, તેમને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા થવાના છે.

વનસ્પતિકાયિક યાવત્ ચઉરિન્દ્રિયપણામાં, જેમ પૃથ્વીકાયિકપણામાં કહ્યું તેમ કહેવું. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યપણામાં જેમ વાયુકાયિકપણામાં કહ્યું તેમ કહેવું. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકપણામાં જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ કહેવું. અહીં જ્યાં વૈક્રિય સમુદ્‌ઘાતનો સંભવ છે, ત્યાં કષાયસમુદ્‌ઘાતની માફક વિચારવું બીજે તેનો નિષેધ પ્રસિદ્ધ છે, કેમકે ત્યાં વૈક્રિયલબ્ધિ જ અસંભવ છે.

જેમ નૈરયિક સંબંધે ચોવીશ દંડકના ક્રમે સૂત્ર બતાવ્યું તેમ અસુરકુમારાદિ સંબંધે પણ ચોવીશ દંડકના ક્રમે પ્રત્યેક સૂત્ર જાણવું પણ અસુરકુમારથી સ્તનિતકુમાર સુધીમાં અને વ્યંતરાદિમાં પરસ્પર સ્વસ્થાને એકથી અનંતા અને પરસ્થાને સંખ્યાતાદિ કહેવા. વાયુ૦ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય પરસ્પર સ્વસ્થાને અને પરસ્થાને એકથી અનંતા કહેવા. બાકી બધું પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે પ્રત્યેક દંડકના ચોવીશ દંડક સૂત્રો થાય છે. - x - x -

હવે તૈજસ સમુદ્‌ઘાતને અતિદેશ વડે કહે છે. જેમ મારણાંતિક સમુદ્‌ઘાત કહ્યો, તેમ તૈજસ સમુદ્‌ઘાત કહેવો. અર્થાત્ તૈજસ સમુદ્‌ઘાત સ્વસ્થાને અને પરસ્થાને એકથી માંડી અનંત સંખ્યા વડે કહેવો. પરંતુ જેને તૈજસ સમુદ્‌ઘાત સંભવતો નથી તેને ન કહેવો.

નૈરયિક, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયને સંભવતો નથી, માટે ન કહેવો. બીજાને કહેવો. તે આ પ્રમાણે — ભગવન્! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલાં તૈજસ સમુદ્‌ઘાતો અતીતકાળે થયા છે? ગૌતમ! થયા નથી. કેટલાં ભાવિમાં થવાના છે? થવાના નથી. એકૈક નૈરયિકને અસુરકુમારપણે કેટલા તૈજસ સમુદ્‌ઘાતો અતીત કાળે થયેલા છે? ગૌતમ! અનંતા. કેટલાં ભાવિમાં થવાના છે? કોઈને થાય, કોઈને ન થાય. ઈત્યાદિ - x -x -

એ પ્રમાણે મારણાંતિક સમુદ્‌ઘાત સંબંધી પાઠ વડે અને ક્વચિત્ સર્વથા નિષેધરૂપ પ્રકારથી તૈજસ સમુદ્‌ઘાત સંબંધી પણ પ્રત્યેકના ચોવીશ ચોવીશ દંડકો કહેવા.

આહારક સમુદ્‌ઘાતની વિચારણા - એકૈક નૈરયિકને આહારક સમુદ્‌ઘાતો અતીતકાળે કેટલા હોય ? ઈત્યાદિ. અહીં બધાં સ્થાનોને આશ્રીને મનુષ્યપણાના વિચારમાં અતીતકાળે જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટથી ત્રણ હોય છે. તથા ભાવિમાં થવાના જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય છે. - x - એ રીતે

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (91)



આહારક સમુદ્‌ઘાત વિશે ચોવીશ દંડકો કહેવા. ક્યાં સુધી ? વૈમાનિકને વૈમાનિકપણામાં સૂત્ર છે, ત્યાં સુધી કહેવા. જેમ કે એકૈક વૈમાનિકને વૈમાનિકપણામાં કેટલા આહારક સમુદ્‌ઘાતો અતીત કાળે થયેલા છે ? ગૌતમ ! નથી, ભાવિકાળે કેટલાં થવાના છે ? ગૌતમ ! થવાના નથી.

હવે કેવલિ સમુદ્‌ઘાત સંબંધે કહે છે — ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેવલા કેવલિ સમુદ્‌ઘાતો હોય ? ઈત્યાદિ. અર્થાત્ બધાં સ્થાનોમાં મનુષ્યપણાના વિચાર સિવાય અતીત અને ભાવિકાળમાં નિષેધ કરવો. મનુષ્ય સિવાયના સ્થાનોમાં મનુષ્યપણાના વિચારમાં અતીત કેવલિ સમુદ્‌ઘાતનો નિષેધ કરવો. ભાવિમાં થવાનો કેવલિ સમુદ્‌ઘાત કોઈને હોય - કોઈને ન હોય. જેને હોય તેને એક જ કહેવો. મનુષ્યને મનુષ્યપણામાં અતીત કાળે કોઈને હોય - કોઈને ન પણ હોય. જેને હોય તેને એક જ હોય. આ કથન પ્રશ્ન સમયે કેવલિસમુદ્‌ઘાત કરી રહેલા કેવલીને આશ્રીને સમજવું. ભાવિમાં કોઈને હોય - કોઈને ન હોય. જેને હોય તેને એક જ હોય. એ પ્રમાણે કેવલિસમુદ્‌ઘાતમાં ચોવીશના ચોવીશ દંડક થાય.

બધાં મળી એકવચન સંબંધે ચોવીશદંડકને સાત વડે ગુણતાં ૧૬૮ સૂત્રો છે. હવે એટલી જ સંખ્યાવાળા બહુવચન સંબંધે સૂત્રો બતાવવાની ઈચ્છાવાળા સૂત્રકારશ્રી કહે છે —

● **સૂત્ર-૬૦૬ :-**

*ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલાં વેદના સમુદ્‌ઘાતો અતીતકાળે થયેલા છે ? ગૌતમ ! અનંતા. ભાવિમાં કેટલાં થવાના છે ? ગૌતમ ! અનંતા એમ વૈમાનિકપણામાં સુધી કહેવું. એમ સર્વે જીવોને વૈમાનિકપણામાં સુધી કહેવું. એમ તૈજસ સમુદ્‌ઘાત સુધી કહેવું. પણ ઉપયોગ રાખી જેને વૈક્રિય અને તૈજસ સમુદ્‌ઘાત હોય તેને કહેવા.*

*ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા આહારક સમુદ્‌ઘાતો થયા છે ? થયા નથી. કેટલા થશે ? થવાના નથી. એ પ્રમાણે વૈમાનિકપણામાં કહેવું. પરંતુ મનુષ્યપણામાં અતીતકાળે અસંખ્યાતા અને ભાવિ કાળે પણ અસંખ્યાતા કહેવા, તેમ વૈમાનિકો સુધી કહેવું પણ વનસ્પતિકાયિકોને મનુષ્યપણામાં અતીતકાળે અનંતા થયા છે. ભાવિ કાળે અનંતા થવાના છે. મનુષ્યોને મનુષ્યપણામાં અતીતકાળે કદાચ સંખ્યાતા હોય - કદાચ અસંખ્યાતા હોય. એમ ભાવિકાળમાં પણ જાણવું.*

*બાકીના બધાં દંડકો નૈરયિકવત્ કહેવા, એમ ૨૪-દંડકો છે.*

*નૈરયિકોને નૈરયિકપણામાં કેટલાં કેવલિ સમુ૦ થયા છે ? થયા નથી. એમ ભાવિમાં પણ નથી. વૈમાનિકપણાં સુધી આ કહેવું. પરંતુ મનુષ્યપણામાં અતીતકાળમાં નથી. ભાવિકાળમાં અસંખ્યાતા હોય છે. એમ વૈમાનિક સુધી કહેવા. પણ વનસ્પતિકાયિકોને મનુષ્યપણમાં થયા નથી. ભાવિકાળે અનંતા*

***થશે. મનુષ્યોને મનુષ્યપણામાં કદાચ થયા હોય કે ન હોય. હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટ શત પૃથકત્વ હોય. કેટલા ભાવિકાળે થવાના છે ? કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા થશે. એમ ચોવીશ ચોવીશ દંડકો કહેવા. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં સુધી કહેવું.***

**● વિવેચન-૬૦૬ :-**

વિવક્ષિત પ્રશ્ન સમયે વર્તતા બધાં નૈરયિકો જેઓ પૂર્વે સર્વ અતીતકાળની અપેક્ષાથી યથા સંભવ નૈરયિકપણામાં રહેલાં હોય તેઓનો સમુદિત સર્વ સંખ્યા વડે કેટલાં વેદના સમુદ્‌ઘાત થયા હોય ? અનંતા. કેમકે ઘણાં નૈરયિકો અનંતકાળથી અવ્યવહાર રાશિમાંથી નીકળેલા હોય. અનંતવાર નરકમાં જવા વડે તેમને અનંત સમુદ્‌ઘાતો સંભવે છે. ભાવિમાં કેટલાં થવાના છે ? એમ આ સૂત્રથી સૂચના જણાવી. સંપૂર્ણ પાઠ આ પ્રમાણે જાણવો — નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા વેદના સમુદ્‌ઘાતો ભાવિમાં થવાના હોય ? અનંત. કેમકે ઘણાંનું ફરીથી અનંતવાર નરકમાં આગમન સંભવે છે. એમ વૈમાનિકપણામાં સુધી કહેવું - x - x - અહીં અતીતકાળે અનંતા પ્રસિદ્ધ છે. કેમકે સાંવ્યવહારિક જીવોએ પ્રાયઃ અનંતીવાર વૈમાનિકપણું પ્રાપ્ત કર્યુ છે. ભાવિમાં થવાના અનંતા છે કેમકે પ્રશ્ન સમયે વર્તતા બધાં નૈરયિકોમાં અનંતવાર ઘણાં નૈરયિકો વૈમાનિક થાય.

જેમ નૈરયિકોને નૈરયિકત્વાદિ અવસ્થામાં ચોવીશ દંડકના અતીત-અનાગત વેદના સમુદ્‌ઘાતો કહ્યા, તેમ અસુરકુમારાદિ સર્વે જીવોને વૈમાનિક સુધી કહેવા. વૈમાનિકપણામાં આ રીતે — ભગવન્ ! વૈમાનિકોને વૈમાનિકપણામાં કેટલા વેદના સમુદ્‌ઘાતો અતીતકાળે થયા હોય ? અનંતા. ઈત્યાદિ પૂર્વવત્ - x -

એ પ્રમાણે કષાય, મરણ, વૈક્રિય, તૈજસ સમુદ્‌ઘાતો પણ નૈરયિકોથી માંડી વૈમાનિક સુધીના બધાં જીવોને બધાં નૈરયિકત્વાદિ સ્થાનોમાં ચોવીશ દંડકના ક્રમે કહેવા.

એ પ્રમાણે વેદના સમુદ્‌ઘાત સંબંધી પ્રકાર વડે કષાય આદિ સમુદ્‌ઘાતો પણ તૈજસ સમુદ્‌ઘાત સુધી કહેવા. વિશેષ એ કે — ઉપયોગપૂર્વક સર્વ સૂત્રો બુદ્ધિ વડે વિચારવા. તાત્પર્ય એ કે જ્યાં સમુદ્‌ઘાતો ઘટે ત્યાં અતીત અનાગત સમુદ્‌ઘાતો અનંતા કહેવા. બાકીના સ્થાનોમાં પ્રતિષેધ કરવો. તેને જ વિશેષથી કહે છે — જે નૈરયિકાદિ જીવરાશિને વૈક્રિય અને તૈજસ સમુદ્‌ઘાત સંભવે છે. તે તેને કહેવા. બાકીના પૃથિવ્યાદિમાં તેનો નિષેધ કરવો.

કષાય અને મારણાંતિક સમુદ્‌ઘાતો બધે જ વેદના સમુદ્‌ઘાતની માફક અતીત-અનાગતકાળે સામાન્યથી અનંતા કહેવા. પણ ક્યાંય તેનો નિષેધ ન કરવો.

હવે આહારક સમુદ્‌ઘાત વિશે સૂત્ર — આહારકલબ્ધિ છતાં આહારક શરીરના પ્રારંભકાળે આહારક સમુદ્‌ઘાત હોય છે, એ સિવાય હોતો નથી, આહારકલબ્ધિ ચૌદ પૂર્વીને હોય અને તે મનુષ્યપણામાં જ હોય. તેથી મનુષ્ય સિવાય બીજી અવસ્થામાં

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (92)



અતીત અને અનાગત આહારક સમુદ્‌ઘાતોનો નિષેધ કરવો. મનુષ્યપણામાં પૂર્વે અસંખ્યાતા થયા છે. કેમકે પ્રશ્ન સમયે વર્તતા નારકોમાં પૂર્વે તે-તે કાળે મનુષ્યપણું પામી, જેમણે ચૌદ પૂર્વો ભણ્યા, એવા અસંખ્યાતા નારકો પૈકી દરેકે એક, બે કે ત્રણ વાર આહારક સમુદ્‌ઘાત કરેલો હોય. અનાગતકાળે પણ અસંખ્યાતા જાણવા. કેમકે પ્રશ્ન સમયે વર્તતા નારકોમાં અસંખ્યાતા નારકો નરકથી નીકળી તુરંત કે પરંપરાએ તે-તે કાળે મનુષ્યપણું પામી ચૌદપૂર્વી થઈ એક, બે, ત્રણ કે ચાર વાર આહારક સમુ૰ કરશે. એ પ્રમાણે અસુરકુમારોથી વૈમાનિકો સુધી કહેવું.

ફક્ત વિશેષ એ કે — વનસ્પતિકાયિકોને મનુષ્યપણામાં અતીત-અનાગત સમુદ્‌ઘાતો અનંતા કહેવા. કેમકે પૂર્વે ચૌદપૂર્વી થઈ જેમણે યથાસંભવ એક, બે કે ત્રણ વાર આહારક સમુદ્‌ઘાતો કર્યા છે, એવા અનંતા જીવો વનસ્પતિમાં રહેલા છે અને વનસ્પતિકાયથી નીકળી તુરંત કે પરંપરાએ મનુષ્યત્વ પામી યથાસંભવ એક, બે, ત્રણ કે ચાર વખત આહારક સમુદ્‌ઘાતો કરવાના છે.

મનુષ્યોને મનુષ્યપણામાં અતીત-અનાગત કાળે કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા હોય. કઈ રીતે ? પ્રશ્ન સમયે વર્તતા મનુષ્યો ઉત્કૃષ્ટપદે પણ સૌથી થોડાં છે. વિવક્ષિત પ્રશ્ન સમયે વર્તતા મનુષ્યો વિશે કદાચ અસંખ્યાતા મનુષ્યોમાં પ્રત્યેકે યથાસંભવ એક, બે, ત્રણ કે ચાર વાર આહારક સમુ૰ કરેલા છે. ભાવિમાં કરવાના પણ છે. એમ ચોવીશ-ચોવીશ દંડક છે.

હવે કેવલિ સમુદ્‌ઘાત કહે છે — નૈરયિકોને નૈરયિક અવસ્થામાં કેટલા કેવલિ સમુદ્‌ઘાતો થયા હોય ? કેવલિ સમુ૰ મનુષ્યાવસ્થામાં જ હોય છે, બીજામાં નહીં. જેણે કેવળી સમુ૰ કર્યો છે, તે સંસારમાં ભ્રમણ ન કરે, પણ અંતર્મુહૂર્ત્તમાં અવશ્ય મોક્ષ પામે. તેથી નારકોને મનુષ્યપણા સિવાયની અવસ્થાઓમાં અતીત, અનાગત કેવલિ સમુ૰નો નિષેધ કરવો. નૈરયિકોને મનુષ્ય અવસ્થામાં પણ અતીત સમુ૰નો નિષેધ કરવો. કેમકે જેમને કેવલિ સમુ૰ કર્યો છે, તેઓનું નરકમાં ગમન ન થાય, ભાવિ કેવલિ સમુ૰ થશે. કેમકે પ્રશ્ન સમયે વર્તતા નારકોમાં અસંખ્યાતા નારકો મુક્તિગમન યોગ્ય છે. તેથી ભાવિકાળે અસંખ્યાતા હોય છે તેમ કહ્યું. એમ જે રીતે નૈરયિકોનો કેવલિ સમુદ્‌ઘાત કહ્યો તેમ વૈમાનિક સુધી કહેવું.

વિશેષ એ કે - વનસ્પતિકાયિકોને મનુષ્યપણામાં અતીત કેવલિ-સમુદ્‌ઘાતનો નિષેધ કરવો. કેમકે જેમણે કેવલિ સમુ૰ કર્યો છે તેઓને સંસાર હોતો નથી. ભાવિકાળે અનંતા કહેવા. કેમકે પ્રશ્ન સમયે વર્તતા વનસ્પતિકાયિકોમાં અનંતા વનસ્પતિ૰ ત્યાંથી નીકળી પછી કે પરંપરાએ કેવલિ સમુ૰ કરી મોક્ષે જવાના છે.

મનુષ્યોને મનુષ્યપણામાં અતીતકાળે કદાચિત્ હોય, કદાચિત્ ન હોય. કેમકે જેમણે કેવલિ સમુ૰ કર્યો છે, તેઓ સિદ્ધ થયેલા છે, બીજા હજી કેવલિ સમુ૰ને પ્રાપ્ત થયા નથી. જ્યારે પૂર્વ કાળે હોય ત્યારે જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ શતપૃથકત્વ હોય છે. ભાવિકાળે સંખ્યાતા કે અસંખ્યાતા પ્રાપ્ત થવાના છે. કેમકે

પ્રશ્ન સમયે વર્તતા મનુષ્યો સંખ્યાતા કે અસંખ્યાતા યથાસંભવ તુરંત કે પરંપરાએ કેવલિ સમુ૦ કરી સિદ્ધ થવાના છે.

કેવલિ સમુ૦ વડે એ રીતે ચોવીશે દંડકે પૃચ્છા કરવી અને તે વૈમાનિકોને વૈમાનિકપણામાં વિશે સૂત્ર સુધી કહેવા. - x - x - એ પ્રમાણે એકવચન અને બહુવચન સહિત નૈરયિકોથી વૈમાનિક સુધીના જીવોમાં અતીત-અનાગત વેદનાદિ સમુદ્‌ઘાતના સંભવ અને અસંભવપૂર્વક સંખ્યાતા પ્રમાણની પ્રરૂપણા કરી.

હવે તે તે સમુદ્‌ઘાત વડે યાવત્ કેવલિ સમુદ્‌ઘાત રહિત કે સહિત જીવોનું પરસ્પર અલ્પબહુત્વ કહે છે —

● સૂત્ર-૬૦૭,૬૦૮ :-

*[૬૦૭] ભગવન્ ! આ વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક, કેવલિ સમુદ્‌ઘાતવાળા અને સમુદ્‌ઘાત રહિત એ જીવોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો આહારક સમુ૦ છે, કેવલિ સમુ૦ સંખ્યાતગણાં છે, તૈજસ સમુ૦ અસંખ્યાતગણાં છે, વૈક્રિય સમુ૦ અસં૦ છે. મારણાંતિક સમુ૦ અનંતગણાં છે. કષાય સમુ૦વાળા અસં૦ છે, વેદના સમુ૦ વિશેષાધિક છે. સમુદ્‌ઘાતરહિત અસં૦ છે.*

*[૬૦૮] ભગવન્ ! વેદના-કષાય-મારણાંતિક અને વૈક્રિય સમુ૦ વડે સમુદ્‌ઘાતો સહિત અને રહિત નૈરયિકોમાં કોણ-કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં નૈરયિકો મારણાંતિક સમુ૦વાળા, વૈક્રિય સમુ૦ અસંખ્યાતગણાં, કષાયસમુ૦ સંખ્યા૦ વેદના સમુ૦ સંખ્યા૦ છે, સમુદ્‌ઘાત રહિત સંખ્યાતગણાં છે.*

*ભગવન્ ! વેદના-કષાય-મારણાંતિક-વૈક્રિય-તૈજસ સમુદ્‌ઘાત સહિત અને રહિત અસુરકુમારોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં અસુરકુમારોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં અસુરકુમારો તૈજસ સમુદ૦ મારણાંતિક સમુ૦ અસં૦, વેદના સમુ૦ અસંખ્યા૦ કષાય સમુ૦ સંખ્યાત૦, વૈક્રિય સમુ૦ સંખ્યા૦ સમુદ્‌ઘાત રહિત અસં૦ છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.*

*ભગવન્ ! વેદના, કષાય, મરણ સમુદ્‌ઘાત સહિત અને રહિત પૃથ્વી૦ કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં પૃથ્વી૦ મારણાંતિક સમુ૦ છે, કષાય સમુ૦ સંખ્યા૦, વેદના સમુ૦ વિશેષ૦ સમુદ્‌ઘાત રહિત અસં૦ છે. એમ વનસ્પતિ૦ સુધી જાણવું. પરંતુ સૌથી થોડાં વાયુ૦ વૈક્રિય સમુ૦, મારણાંતિક સમુ૦ અસં૦ કષાય સમુ૦ સંખ્યા૦ વેદના સમુ૦ વિશેષ, સમુદ્‌ઘાત રહિત અનંતગણાં છે.*

*ભગવન્ ! વેદના, કષાય, મારણાંતિક સમુદ્‌ઘાત સહિત અને રહિત બેઈન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં બેઈન્દ્રિયો મારણાંતિક સમુ૦ વેદના સમુ૦ અસં૦ કષાય સમુ૦ અસં૦ છે સમુદ્‌ઘાત રહિત*

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (93)



*સંખ્યા૦ છે - એમ ચઉરિન્દ્રિય સુધી છે.*

*ભગવન્ ! વેદના યાવત્ તૈજસ સમુ૦ સહિત અને રહિત પંચે૦ તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? પંચેન્દ્રિય તિર્યંચો તૈજસ સમુ૦ સૌથી થોડાં, વૈક્રિય સમુ૦ અસં૦ છે. મારણાંતિક સમુ૦ અસં૦, વેદના સમુ૦ અસં૦, કષાય સમુ૦ સંખ્યા૦, સમુદ્‌ઘાત રહિત જીવો અસંખ્યાતગણાં છે.*

*ભગવન્ ! વેદના યાવત્ કષાય સમુદ્‌વાળા, સમુદ્‌ઘાત રહિત મનુષ્યોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં મનુષ્યો આહારક સમુ૦ કેવલી સમુ૦ સંખ્યા૦, તૈજસ સમુ૦ સંખ્યા૦, વૈક્રિય સમુ૦ સંખ્યા૦, મારણાંતિક સમુ૦ અસંખ્યા૦, વેદના સમુ૦ અસં૦ કષાય સમુ૦ અસં૦, સમુ૦ રહિત અસંખ્યાતગણાં છે.*

*વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો અસુરકુમારવત્ જાણવા.*

● વિવેચન-૬૦૭,૬૦૮ :-

ભગવન્ ! જેમનું પૂર્વે યથાસંભવ સમુદ્‌ઘાત વડે અને સમુદ્‌ઘાત રહિતપણે પ્રતિપાદન કર્યુ છે એવા, વેદના યાવત્ કેવલિ સમુદ્‌ઘાતવાળા અને રહિત એવા સામાન્યપણે જીવોની મધ્યે કયા જીવો, કોનાથી અલ્પ હોય, કયા જીવો કોનાથી સંખ્યાતગણાં, અસંખ્યાતગણાં ઈત્યાદિ હોય ? કયા જીવો સમાન સંખ્યક, કયા જીવો કોનાથી વિશેષાધિક હોય ? સૂત્રમાં ॥ શબ્દે વિકલ્પે જાણવો.

ભગવંત કહે છે — સૌથી થોડાં જીવો આહારક સમુદ્‌ઘાતવાળા છે, કેમકે આહારક શરીરો કદાચિત્ છ માસ સુધી આ લોકમાં હોતા પણ નથી. હોય ત્યારે જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સહસ્ર પૃથકત્વ હોય. કેવળ આહારક સમુદ્‌ઘાત આહારકશરીરના આરંભે હોય, પછી નહીં, તેથી એક કાળે થોડાંક જ આહારક સમુદ્‌ઘાતો હોય.

તેનાથી કેવળી સમુદ્‌ઘાતવાળા સંખ્યાતગણાં છે. કેમકે તેઓ એક કાળે શત પૃથકત્વ હોય. જો કે આહારકશરીરી વિધમાનકાળે જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સહસ્રપૃથક્ત્વ છે, તો પણ આહારક શરીરના પ્રારંભે જ આહારક સમુ૦ હોય છે, તેથી - x - કેવલિ સમુ૦ સંખ્યાતગુણા હોવામાં વિરોધ નથી. તૈજસ સમુ૦ તેનાથી અસં૦ છે. કેમકે પંચે૦ તિર્યંચ, મનુષ્ય, દેવોને પણ તૈજસ સમુ૦ સંભવે છે. તેનાથી વૈક્રિય સમુ૦ અસંખ્યાતગણાં છે. કેમકે નારકો અને વાયુ૦ને પણ વૈક્રિય સમુ૦ સંભવે છે. વૈક્રિયલબ્ધિક વાયુ૦ દેવોથી પણ અસં૦ છે. કઈ રીતે ? બાદર પર્યાપ્ત વાયુ૦ સ્થલચર પંચે૦ અસંખ્યાત ગણાં છે, સ્થળચર પંચે૦ દેવોથી પણ અસં૦ છે. જો કે બાદર વાયુ૦ના સંખ્યાતમાં ભાગ માત્રને વૈક્રિયલબ્ધિ સંભવે છે, તો પણ તેઓ દેવો કરતાં અસં૦ છે. માટે તૈજસ સમુ૦ કરતાં વૈક્રિય સમુ૦ અસં૦ ઘટે છે.

તેનાથી મારણાંતિક સમુ૦ અનંતગણાં છે. કેવી રીતે ? અહીં અનંતા નિગોદ જીવોનો અસં૦ ભાગ હંમેશાં વિગ્રહગતિમાં હોય છે. તેઓ ઘણું કરીને મારણાંતિક

સમુ૦ છે. તેમનાથી પણ કષાય સમુ૦વાળા અસંખ્યાતગણાં છે, કેમકે વિગ્રહગતિ પ્રાપ્ત જીવો કરતાં અસં૦ અનંત નિગોદ જીવો કષાય સમુ૦ હંમેશાં હોય છે. તેનાથી વેદના સમુ૦ વિશેષાધિક છે. કેમકે અનંત નિગોદ જીવો વેદના સમુ૦ હંમેશા હોય છે. તેમનાથી પણ સમુદ્‌ઘાત રહિત જીવો અસં૦ છે. કેમકે વેદના, કષાય અને મરણ સમુ૦ કરતાં અસં૦ નિગોદ જીવો સમુ૦ રહિત છે.

હવે એ જ અલ્પબહુત્વનો નૈરયિકાદિ જીવ વિશેષમાં ચોવીશ દંડકના ક્રમે યથાસંભવ વિચાર કરે છે – સૌથી થોડાં નૈરયિકો મારણાંતિક સમુ૦ છે. કેમકે મારણાંતિક સમુ૦ મરણ કાળે હોય છે અને મરણ, બાકીના જીવતા નારકોની અપેક્ષાથી ઘણાં થોડાનું હોય છે. વળી બધાં મરણ પામતાં જીવોને સામાન્યથી મરણ સમુ૦ હોતો નથી. શાસ્ત્ર વચન છે કે સમુ૦વાળા પણ મરે છે અને સમુ૦ વિનાના પણ મરે છે. તેમનાથી વૈક્રિય સમુ૦ અસંખ્યાતગમાં છે કેમકે – સાતે નરકપૃથ્વીમાં પરસ્પર દુઃખ ઉત્પન્ન કરવા માટે ઘણાં નારકોને નિરંતર ઉત્તર વૈક્રિયનો પારંભ સંભવે છે.

તેમનાથી કષાયસમુ૦ સંખ્યાતગણાં છે, કેમકે જેમણે ઉત્તરવૈક્રિય કર્યુ છે, જેમણે નથી કર્યુ એવા સર્વ સંખ્યા વડે - x - સંખ્યાતગણાં છે. તેમનાથી વેદના સમુ૦ સંખ્યાતગણાં છે, કેમકે ક્ષેત્રજન્ય, પરમાધાર્મિકોએ કરેલ, પરસ્પર વેદનાથી પ્રાયઃ ઘણાં હંમેશાં વેદના સમુ૦ને પ્રાપ્ત થયા હોય. તેઓથી પણ સમુદ્‌ઘાતથી રહિત જીવો સંખ્યાતગણાં છે, કેમકે વેદના સમુ૦ સિવાય પણ સામાન્યથી વેદના અનુભવતા ઘણાં વધુ નારકો સંભવે છે.

હવે અસુરકુમારોનું અલ્પબહુત્વ કહે છે – સૌથી થોડાં અસુરકુમારો તૈજસ સમુ૦ છે. કેમકે તૈજસ સમુ૦ ઘણો કોપાવેશ હોય ત્યારે ક્વચિત્ કોઈકવાર કોઈને હોય. તેનાથી મારણાંતિક સમુ૦ અસંખ્યાતગણાં છે, તેનાથી વેદના સમુ૦ અસંખ્યાતગણાં છે, કેમકે પરસ્પર યુદ્ધાદિ કરવામાં ઘણાં વેદના સમુ૦ પ્રાપ્ત થાય છે. તેથી પણ કષાય સમુ૦ સંખ્યાતગણાં છે, તેમનાથી વૈક્રિય સમુ૦ વાળા સંખ્યાતગણાં છે, કેમકે સંભોગાદિ અનેક નિમિત્તે અતિશય ઘણાં અસુરકુમારોને ઉત્તર વૈક્રિય શરીરનો આરંભ સંભવે છે. તેમનાથી પણ સમુદ્‌ઘાત રહિત અસંખ્યાતગણાં છે, કેમકે ઘણાં ઉત્તમ જાતિવાળા અને સુખસાગરમાં લીન દેવો અસંખ્યાતગણાં કોઈપણ સમુદ્‌ઘાત રહિત હંમેશાં હોય છે. સ્તનિતકુમાર સુધી આ જાણવું.

હવે પૃથ્વીકાયિક સંબંધે અલ્પબહુત્વ - અહીં કષાય સમુ૦વાળા અને વેદના સમુ૦વાળા સંખ્યાતગણાં અને સમુદ્‌ઘાત રહિત અસંખ્યાતગણા સંબંધે સુગમ હોવાથી સ્વયં વિચારવું. એ પ્રમાણે વનસ્પતિકાય સુધી અલ્પબહુત્વ કહેવું. પરંતુ વાયુકાયિકોમાં આટલું વિશેષ જાણવું - સૌથી થોડાં વાયુ૦ વૈક્રિય સમુ૦ છે. કેમકે બાદર પર્યાપ્તાના સંખ્યાતમાં ભાગ માત્રને વૈક્રિય લબ્ધિ સંભવે છે. તેમનાથી પણ મારણાંતિક સમુ૦ અસંખ્યાતગણાં છે. કેમકે પર્યાપ્તા, અપર્યાપ્તાદિ બધાં વાયુ૦ને મરણ સમુ૦ સંભવે છે.

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (94)



તેમનાથી પણ કષાય સમુ૦ સંખ્યાતગણાં, તેમનાથી વેદના સમુ૦ વિશેષાધિક છે. તેમનાથી સમુદ્‌ઘાત રહિત અસં૦ છે. કેમકે સર્વ સમુ૦ને પ્રાપ્ત વાયુ૦ની અપેક્ષાથી સ્વભાવસ્થિત વાયુકાયિકો સ્વભાવથી જ અસંખ્યાતગણાં છે.

બેઈન્દ્રિયસૂત્રમાં સૌથી થોડાં બેઈન્દ્રિયો મરણાંતિક સમુદ્‌ઘાતવાળા છે, કેમકે પ્રશ્ન સમયે અમુક જ બેઈન્દ્રિયોને મરણનો સંભવ છે. તેનાથી વેદના સમુ૦ અસંખ્યાતગણાં છે, કેમકે તાપ-ઠંડીના સંબંધથી મોટા ભાગને વેદના સમુ૦ સંભવે છે. તેનાથી કષાય સમુ૦ અસંખ્યાતગણાં છે, કેમકે અતિ ઘણાં બેઈન્દ્રિય જીવોને લોભાદિ કષાયનો સદ્‌ભાવ છે. તેમનાથી પણ સમુદ્‌ઘાત રહિત સંખ્યાતગણાં છે. એમ આ પાઠથી ચઉરિન્દ્રિયો સુધી જાણવું.

તિર્યંચ પંચે૦ સૂત્રોમાં સૌથી થોડાં તૈજસ સમુ૦ છે, કેમકે કેટલાંકને તેજોલબ્ધિ સંભવે છે. તેનાથી વેદના સમુ૦ અસં૦ છે. તેમનાથી પણ વૈક્રિય સમુ૦ અસંખ્યાતગણાં છે, કેમકે ઘણાંને વૈક્રિય લબ્ધિ સંભવે છે. તેનાથી મારણાંતિક સમુ૦ અસંખ્યાતગણાં છે, કેમકે વૈક્રિય લબ્ધિ રહિત બધાં સંમૂર્છિમ જલચર, સ્થળચર, ખેચર આદિને પણ મરણ સમુ૦ સંભવે છે. તેનાથી વેદના સમુ૦ વાળા અસંખ્યાતગમાં છે - x - તેનાથી કષાય સમુ૦ સંખ્યાતગણાં છે. તેનાથી સમુદ્‌ઘાત રહિત સંખ્યા૦ છે ઈત્યાદિ પૂર્વવત્.

મનુષ્ય સૂત્રમાં સૌથી થોડાં આહારક સમુ૦ છે. કેમકે બહું થોડાંને એકકાળે આહારક શરીરનો પ્રારંભ સંભવે છે. તેનાથી કેવલિ સમુ૦વાળા સંખ્યાતગણાં છે, કેમકે તેઓ શત પૃથક્ત્વ સંખ્યામાં પ્રાપ્ત થાય છે. તેનાથી તૈજસ સમુ૦ સંખ્યાતગણાં છે. કેમકે તેઓ સંખ્યામાં એક લાખ પ્રાપ્ત થાય. તેનાથી વૈક્રિય સમુ૦ સંખ્યાતગણાં છે. કેમકે કોટી પ્રમાણ છે. તેનાથી મારણાંતિક સમુ૦ અસં૦ છે કેમકે સંમૂર્છિમ મનુષ્યો પણ તે સંભવે છે. તેનાથી વેદના સમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગણાં છે, કેમકે મરણ પામતા જીવોની અપેક્ષાથી મરણ ન પામતાં અસં૦ જીવોને વેદના સમુ૦ સંભવે છે. તેનાથી કષાય સમુ૦ સંખ્યાતગણાં છે, કેમકે તેઓ ઘણાં છે. તેનાથી સમુ૦ રહિત અસંખ્યાતગણાં છે, કેમકે ઉત્કૃષ્ટ કષાયી કરતાં અસં૦ અલ્પકષાયી સંમૂર્છિમ મનુષ્યો સદા પ્રાપ્ત થાય છે. - x - x -

હવે કષાય સમુદ્‌ઘાત સંબંધે વિશેષ કથન –

**● સૂત્ર-૬૦૯ :-**

***ભગવન્ ! કષાય સમુદ્‌ઘાતો કેટલા છે ? ચાર - ક્રોધ યાવત્ માન સમુદ્‌ઘાત. નૈરયિકોને કેટલાં કષાય સમુ૦ છે ? ચાર કષાય સમુદ્‌ઘાતો છે એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.***

***ભગવન્ ! એકૈક નૈરયિકને કેટલાં ક્રોધ સમુદ્‌ઘાતો અતીત કાળે થયેલ છે ? અનંતા. ભાવિમાં કેટલાં થશે ? કોઈને થાય, કોઈને ન થાય. જેને થાય તેને જઘન્યથી એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા થાય.***

***એમ વૈમાનિક સુધી જાણવું. એમ લોભસમુદ્ઘાત સુધી જાણવું. એમ ચાર દંડકો થાય છે.***

***ભગવન્ ! નૈરયિકોને કેટલાં ક્રોધ સમુ૦ અતીત કાળે થયેલાં છે ? ગૌતમ ! અનંતા. ભાવિમાં કેટલાં થશે ? અનંતા. એમ વૈમાનિકો સુધી જાણવું. એમ લોભ સમુ૦ સુધી કહેવું. એ ચાર દંડકો.***

***ભગવન્ ! એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલાં ક્રોધ સમુ૦ અતીતકાળે થયા છે ? અનંતા. એમ વેદના સમુ૦ મુજબ ક્રોધ સમુ૦ સંબંધે બધું વૈમાનિકપણામાં સુધી કહેવું. માન, માયા સમુ૦ સંબંધે પણ મારણાંતિક સમુ૦ મુજબ કહેવું. લોભ સમુ૦ કષાય સમુ૦ માફક કહેવો. પણ અસુરાદિ સર્વ જીવો નૈરયિકોમાં લોભકષાયી એકથી અનંત કહેવા. નૈરયિકોને નૈરયિકપણામાં કેટલાં ક્રોધ સમુ૦ થયેલા છે ? અનંતા. કેટલાં થશે ? અનંતા. એમ વૈમાનિકપણામાં જાણવું. એમ સ્વસ્થાન અને પરસ્થાનમાં બધાં કહેવા. સર્વ જીવોને ચારે સમુદ્ઘાતો લોભ સમુ૦ જાણવા. યાવત્ વૈમાનિકપણામાં કહેવું.***

● **વિવેચન-૬૦૯ :-**

સામાન્યથી કષાય સમુદ્ઘાત વિષયક, ચોવીશ દંડક ક્રમ સંબંધી આ સૂત્ર પ્રસિદ્ધ છે. હવે ચોવીશ દંડકના ક્રમે વૈમાનિક સુધી એકૈક નૈરયિકાદિની કષાય સમુદ્ઘાત વિષયક વક્તવ્યતા કહે છે –

નૈરયિકનું ક્રોધ સમુદ્ઘાત અતીતકાળ સૂત્ર સ્પષ્ટ છે ભાવિકાળમાં કોઈ થવાના - કોઈ ન થવાના. જે નરકના પ્રાંતકાળે વર્તતો સ્વભાવથી જ અલ્પકષાયી કષાય સમુદ્ઘાત વિના કાળ કરીને નરકથી નીકળી મનુષ્યભવને પામી, કષાય સમુ૦ થયા સિવાય જ સિદ્ધ થાય, તેને ભાવિમાં એક પણ કષાય સમુ૦ થવાનો નથી. જેને થવાનો છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ હોય. - x - ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા હોય છે. તેમાં સંખ્યાતો કાળ સંસારમાં રહે તેને સંખ્યાતા યાવત્ અનંતકાળ રહેનારને અનંતા ભાવિ સમુદ્ઘાતો હોય છે. એમ વૈમાનિક સુધી કહેવું. એમ ચોવીશ દંડકના ક્રમે માનાદિ સમુદ્ઘાતવાળા. લોભ સમુદ્ઘા સુધી કહેવા.

એમ એકૈક નૈરયિકાદિ વિષયક કહ્યા. હવે સર્વે નારક આદિ વિષયક ચારગણાં ચોવીશ દંડકો કહે છે. નૈરયિકોને્ તીતકાળે કેટલાં ક્રોધ સમુદ્ઘાતો હોય ? ઈત્યાદિ, અતીત સૂત્ર સ્પષ્ટ છે. ભાવિ અનંતા સમુદ્ઘાતો હોય. કેમકે પ્રશ્ન સમયે વર્તતા નારકોમાં ઘણાં અનંતકાળ સુધી રહેવાના છે. એમ વૈમાનિકો સુધી કહેવું.

ક્રોધ સમુદ્ઘાતના ચોવીશ દંડકો મુજબ માનાદિ સમુદ્ઘાતો કહેવા. એ રીતે એ પમ બધાં નારકો વિશે ચારગણાં ચોવીશ દંડકો થાય છે. હવે એકૈક નૈરયિકાદિને નૈરયિકાદિ ભાવોમાં વર્તતા કેટલા ક્રોધ સમુદ્ઘાતો અતીત કાળે હોય અને કેટલાં ભાવિકાળે થાય, તે નિરૂપણ કરવાની ઈચ્છાવાળા સૂત્રકાર કહે છે–

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (95)



વિવક્ષિત પ્રશ્ન સમયની પૂર્વે સંપૂર્ણ અતીતકાળ અપેક્ષાથી તે તે કાળે નૈરયિકપણાને પ્રાપ્ત થયેલા એકૈક નૈરયિકને સર્વ સંખ્યા વડે કેટલા ક્રોધ સમુદ્ઘાતો અતીત કાળે થયા હોય ? અનંતા. કારણ કે તેને નરકગતિ અનંતવાર પ્રાપ્ત થયેલી છે. એક નરકભવમાં જઘન્યથી પણ સંખ્યાતા ક્રોધ સમુદ્ઘાતો હોય છે. વેદના સમુદ્ઘાત માફક ક્રોધ સમુદ્ઘાત સમસ્તપણે વૈમાનિકપણા સુધી કહેવો.

તેનો સૂત્રપાઠ આ છે – નૈરયિકને નૈરયિકપણામાં કેટલાં ક્રોધ સમુદ્ઘાતો ભાવિકાળે થવાના છે ? કોઈને થાય, કોઈને ન થાય. જેને થાય તેને જઘન્યથી એક, બે, ત્રણ ઈત્યાદિ પૂર્વવત્. - x - એ રીતે અસુરકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં જાણવું.

એકૈક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલાં ક્રોધ સમુ૦ થયા હોય ? અનંતા. ભાવિમાં કેટલાં થવાના છે ? કોઈને થાય, કોઈને ન થાય. જેને થાય તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા, કદાચ અનંતા હોય. એકૈક અસુરકુમારને અસુરકુમારપણામાં કેટલા ક્રોધ સમુ૦ અતીતકાળે થયા છે ? અનંતા. ભાવિકાળમાં કેટલા થવાના ? કોઈને થવાના, કોઈને નહીં થવાના. થાય તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા થવાના હોય છે. એ પ્રમાણે નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં કહેવું, ઈત્યાદિ - x -

એકૈક નારકને સંસારથી માંડી મોક્ષે જાય ત્યાં સુધીના અનંતકાળની અપેક્ષાથી નૈરયિકપણામાં ભાવિમાં થવાના ભાવિ ક્રોધ સમુદ્ઘાતો સર્વ સંખ્યા વડે કેટલાં હોય ? ગૌતમ ! કોઈને હોય-કોઈને ન હોય. નીકટમાં મરણ હોય એવો નૈરયિક ક્રોધ સમુ૦ પ્રાપ્ત કર્યા સિવાય છેલ્લા સમયે મરણ વડે નરકથી નીકળી સિદ્ધ થાય તેને નૈરયિકપણામાં થવાનો ભાવિ એક પણ ક્રોધ સમુ૦ નથી. ઈત્યાદિ - x - ઉક્ત કથન ફરી નરકમાં ઉત્પન્ન ન થનારને આશ્રીને છે. ફરીથી નરકમાં ઉત્પન્ન થનારને જઘન્ય પદે સંખ્યાતા ક્રોધ સમુ૦ છે, કારણ નૈરયિકોમાં ક્રોધ સમુ૦ ઘણાં થાય છે. ઉત્કૃષ્ટ અનંતા પણ થાય. - x -

એમ નૈરયિકને કહેલાં પ્રકાર વડે અસુરકુમારપણામાં અને ત્યારપછી ચોવીશ દંડકના ક્રમે વૈમાનિકપણા સુધી સૂત્ર છે તે આ પ્રમાણે – એકૈક નૈરયિકને વૈમાનિકપણામાં કેટલાં ક્રોધ સમુદ્ઘાતો અતીતકાળે થયા છે ? ગૌતમ ! અનંતા. કેટલાં ભાવિમાં થવાના ? કોઈને હોય - કોઈને ન હોય. ઈત્યાદિ - x -

અહીં ભાવાર્થ એ છે કે – અતીતકાળ વિષયમાં અનંતા થયા છે, કારણ કે તેણે અનંતવાર વૈમાનિકપણું પ્રાપ્ત કરેલું છે. ભાવિમાં નરકથી નીકળી પછીના ભવમાં મનુષ્યપણું પામી સિદ્ધ થશે. અથવા પરંપરાએ વૈમાનિક ભવને પામી ક્રોધ સમુદ્ઘાતને પ્રાપ્ત નહીં થાય. તેને વૈમાનિકપણામાં ભાવિ એક પણ સમુ૦ હોતો નથી. પણ જે વારંવાર વૈમાનિક ભવને પ્રાપ્ત થઈ એક વખત ક્રોધ સમુ૦ને પામશે, તેને જઘન્યથી એક, બે કે ત્રણ, બાકીનાને સંખ્યાતી વારાદિ વૈમાનિકપણું પામી સંખ્યાતાદિ ક્રોધ

સમુદ્‌ઘાતો થાય છે.

અસુરકુમારને નૈરયિકપણામાં અતીતકાળે કેટલા ક્રોધ સમુ૦ હોય ? પ્રશ્ન સૂત્ર સુગમ છે. અનંતા. કેમકે તેણે અનંતવાર નૈરયિકપણું પ્રાપ્ત કરેલું છે. એકૈક નૈરયિકભવમાં જઘન્યથી પણ સંખ્યાતા ક્રોધ સમુ૦ થાય છે. ભાવિમાં થવાના કોઈને હોય-કોઈને ન હોય. કારણો પૂર્વવત્ સમજી લેવા. - x - x - x -

એકૈક અસુરકુમારને અસુરકુમારપણામાં રહેલો છતાં સર્વ અતીતકાળને આશ્રીને કેટલાં ક્રોધ સમુ૦ પૂર્વે થયેલા છે ? ્નંતા કેમકે અનંતવાર અસુરકુમારપણાને પ્રાપ્ત થયેલો છે અને દરેક ભવમાં પ્રાયઃ ક્રોધ સમુદ્‌ઘાત હોય છે. ભાવિમાં કોઈને હોય - કોઈને ન હોય. જેને પ્રશ્ન સમય પછી અસુરકુમારમાં ક્રોધ સમુદ્‌ઘાત થવાનો નથી, નીકળીને ફરી અસુરકુમારત્વ પામવાનો નથી. તેને ન થાય. પણ જે અસુરકુમારપણું એકવાર પણ પ્રાપ્ત કરે તેને એક, બે કે ત્રણ થશે, ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા થશે - x -

એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી અસુરકુમારને નાગકુમારાદિ સ્થાનોમાં યાવત્ વૈમાનિકપણામાં કહેવું. - x -

સૂત્રપાઠ મુજબ જેમ ચોવીશ દંડકના ક્રમે અસુરકુમાર વિષયક નૈરયિકથી વૈમાનિક સુધીના સ્થાનોમાં કહ્યું, તેમ નાગકુમારાદિ સમસ્ત સ્વસ્થાન અને પરસ્થાન વિશે કહેવું. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં આલાવો કહેવો. એ પ્રમાણે ચોવીશ-ચોવીશ દંડક જાણવા. ચોવીશ દંડક વડે ક્રોધ સમુદ્‌ઘાતનો વિચાર કર્યો. હવે ચોવીશ-ચોવીશ દંડક સૂત્ર વડે માન અને માયા સમુદ્‌ઘાત વિષયક સૂત્ર અતિદેશથી બતાવે છે —

તેમાં — એકૈક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા માન સમુદ્‌ઘાતો અતીત કાળે થયા છે ? અનંતા. ભાવિમાં કેટલા થશે ? કોઈને થાય - કોઈને ન થાય. જેને થવાના જેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા થવાના છે. એ પ્રમાણે અસુરકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં કહેવું.

ભગવન્ ! એકૈક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલાં માન સમુદ્‌ઘાતો અતીતકાળે થયા છે ? અનંતા. કેટલાં ભાવિ કાળે થવાના છે ? કોઈને થવાના છે - કોઈને થવાના નથી. જેને થશે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા થવાના છે. એમ નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં કહેવું. એમ અસુરકુમાર સંબંધ જેમ નૈરયિકથી માંડી વૈમાનિક સુધીમાં કહ્યું તેમ નાગકુમારાદિ વિષયક સ્વસ્થાન અને પરસ્થાન વિશે યાવત્ વૈમાનિકને વૈમાનિકત્વમાં કહેવું.

ઉક્ત સૂત્રની વ્યાખ્યા-અતીત સૂત્રોમાં બધે અનંતપણું સ્પષ્ટ છે. કેમકે નૈરયિકત્વાદિ સ્થાનો પ્રત્યેકને અનંતવાર પ્રાપ્ત થયા છે. ભાવિકાળમાં નૈરયિકને નૈરયિકપણામાં આ પ્રમાણે છે — જે નૈરયિક માનસમુદ્‌ઘાતને પામ્યા સિવાય કાળ

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (96)



કરી નરકથી નીકળી તુરંત કે પરંપરાએ મનુષ્યભવ પામી સિદ્ધ થાય, પણ ફરી નરકમાં ન આવે તેને ભાવિમાં માન સમુ૦ ન હોય. પરંતુ જે તે ભવમાં વર્તતો કે ફરીથી નરકમાં આવી એક વખત માન સમુ૦ને પ્રાપ્ત થઈ કાળ કરી નરકથી નીકળી સિદ્ધ થશે. તેને ભાવિકાળે એક માન સમુ૦ થવાનો છે, એમ બે, ત્રણ યાવત્ અનંતવાર નરકમાં આવનારને અનંત ભાવિ સમુદ્‌ઘાતો થવાના છે.

નૈરયિકને જ અસુરકુમારપણામાં ભાવિમાં આ ભાવના છે - જે નરકથી નીકળી અસુરકુમારત્વ ન પામે તેને ભાવિકાળે માન સમુ૦ થવાના નથી. પણ જે પામે તેને થશે ઈત્યાદિ પૂર્વવત્. એ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિયપણાં સુધી ભાવિ સમુ૦ કહેવા.

મનુષ્યમાં આ ભાગના - જે નરકથી નીકળી મનુષ્ય ભવ પામી માન સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયા સિવાય સિદ્ધ થશે તેને ભાવિમાં એક પણ માન સમુદ્‌ઘાત ભાવિમાં થવાનો નથી, પરંતુ જે મનુષ્યપણામાં પ્રાપ્ત થઈ એકવાર માન સમુ૦ને પામશે, તેને એક, બીજાને બે, અન્યને ત્રણ વગેરે, સંખ્યાતીવાર મનુષ્યપણાને પામનારને સંખ્યાતા યાવત્ અનંતવાર પામનારને અનંતા થવાના છે વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકપણામાં જેમ અસુરકુમારપણામાં વિચાર્યુ તેમ કરવો. જેમ નૈરયિકને નૈરયિકત્વાદિ ચોવીશ સ્થાનોમાં વિચાર કર્યો તેમ અસુરકુમારાદિને પણ વૈમાનિક સુધી ચોવીશ દંડકના ક્રમથી કરવો.

માન સમુદ્‌ઘાતના ચોવીશ સૂત્ર, ચોવીશ દંડકના ક્રમથી કહ્યા, તેમ માયા સમુદ્‌ઘાતના પણ ચોવીશ સૂત્રો કહેવા. કેમકે બંને સ્થાને સમાન પાઠ છે. હવે લોભ સમુદ્‌ઘાત સમાનત્વથી કહે છે — પરંતુ અસુરાદિ સર્વ જીવો નૈરયિકપણામાં એકથી માંડી અનંત સમુ૦પણે જાણવા. પૂર્વે કષાય સમુ૦ કહ્યો, તેમ લોભ સમુ૦ પણ કહેવો. પરંતુ અસુરકુમારાદિને નૈરયિકપણામાં ભાવિના વિચારમાં કદાચ સંખ્યાતા હોય, કદાચ અસંખ્યાતા હોય, કદાચ અનંતા હોય એમ કહ્યું અને અહીં અસુરકુમારાદિ સર્વે જીવો નૈરયિકોમાં ભાવિ સમુદ્‌ઘાતનો વિચાર કરતાં એકોત્તરપણે જાણવા. - x -

અતિ દુઃખની વેદના વડે પીડાયેલા હોવાથી હંમેશાં ઉદ્વેગને પ્રાપ્ત થયેલા નૈરયિકને ઘણું કરી લોભ સમુ૦નો અસંભવ છે. સૂત્રપાઠ આ પ્રમાણે — ભગવન્ ! એકૈક નૈરયિકપણામાં કેટલાં લોભ સમુ૦ અતીતકાળે થયેલા છે ? ગૌતમ ! અનંત. કેટલા ભાવિ કાળે થવાના છે ? કોઈને થવાના, કોઈને નથી થવાના. જેને થવાના તેને એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા છે.

એકૈક નૈરયિકને અસુરકુમારપણામાં કેટલા લોભ સમુ૦ અતીતકાળે થયા છે ? અનંત. ભાવિકાળે કેટલા થવાના છે ? કોઈને થવાના, કોઈને થવાના નથી. જેને થાય તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા, કદાચ અનંતા થવાના હોય છે. એમ સ્તનિતકુમાર સુધી.

એકૈક નૈરયિકને પૃથ્વીકાયિકપણામાં કેટલાં લોભ સમુ૦ અતીતકાળે થયા છે ? અનંતા. ભાવિ કાળે કેટલાં થવાના ? કોઈને થવાના છે - કોઈને થવાના નથી.

ઈત્યાદિ - x - મનુષ્યપણામાં કહેવું.

વ્યંતરપણામાં જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ કહેવું.

એકૈક નૈરયિકને જ્યોતિષ્કપણામાં કેટલા લોભ સમુ૰ થયેલાં છે ? અનંતા. કેટલા ભાવિકાળે થવાના છે ? કોઈને થવાના છે - કોઈને થવાના નથી. ઈત્યાદિ - x - વૈમાનિકપણામાં કહેવું.

એકૈક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલાં લોભ સમુ૰ અતીત કાળે થયેલા છે ? અનંત. કેટલાં ભાવિકાળે થવાના છે ? કોઈને થાય - કોઈને ન થાય. ઈત્યાદિ પૂર્વવત્. એકૈક અસુરકુમારને અસુરકુમારપણામાં કેટલાં લોભ સમુ૰ અતીતકાળે થયા છે ? અનંતા. કેટલા ભાવિ કાળે થવાના છે ? કોઈને થવાના - કોઈને થવાના નથી. ઈત્યાદિ પૂર્વવત્. એકૈક અસુરકુમારને નાગકુમારપણામાં કેટલાં લોભ સમુદ્‌ઘાતો અતીતકાળે થયા છે ? અનંતા. ભાવિમાં કેટલા થવાના છે ? કોઈને થવાના - કોઈને નથી થવાના, ઈત્યાદિ પૂર્વવત્. એમ સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિકપણામાં યાવત્ વૈમાનિકપણામાં નૈરયિકવત્ કહેવું. એ પ્રમાણે સ્તનિતકુમારપણામાં સુધી જાણવું.

એકૈક પૃથ્વીકાયિકને નૈરયિકપણામાં કેટલાં લોભ સમુદ્‌ઘાતો અતીત કાળે થયા છે ? અનંતા. કેટલાં ભાવિકાળે થવાના છે ? કોઈને થાય - કોઈને ન થાય. ઈત્યાદિ પૂર્વવત્. - x -

પૃથ્વીકાયિકને અસુરકુમારપણામાં અતીતકાળે અનંતા થયેલા છે. કેટલાં ભાવિમાં થવાના છે? કોઈને થવાના છે - કોઈને થવાના નથી જેને થવાના છે, તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા કદાચ અનંતા થવાના હોય છે. એ પ્રમાણે સ્તનિતકુમારપણામાં સુધી જાણવું. પૃથ્વીકાયિકપણામાં અતીતકાળે અનંતા થયા છે ભાવિમાં થનારા કોઈને હોય - કોઈને ન હોય. ઈત્યાદિ પૂર્વવત્. એ પ્રમાણે મનુષ્યપણામાં સુધી કહેવુ. વ્યંતરપણામાં જેમ અસુરકુમારપણામાં કહ્યું, તેમ કહેવું.

જ્યોતિષ્કપણામાં અને વૈમાનિક પણામાં અતીતકાળે અનંતા થયા છે અને ભાવિમાં કોઈને હોય - કોઈને ન હોય. ઈત્યાદિ પૂર્વવત્. એ પ્રમાણે મનુષ્યને વૈમાનિકપણામાં સુધી કહેવું. વ્યંતરને અસુરકુમારવત્ કહેવું. એ પ્રમાણે જ્યોતિષ્ક અને વૈમાનિકોને પણ કહેવું.

ઉક્ત સૂત્રનો અર્થ આ છે — નૈરયિકને નૈરયિકપણામાં અતીતકાળે અનંતા લોભ સમુદ્‌ઘાતો થયા છે. કેમકે તેણે અનંતવાર નૈરયિકપણું પ્રાપ્ત કરેલું છે. ભાવિકાળમાં કોઈને થાય - કોઈને ન થાય. તેમાં જે પ્રશ્ન સમય પછી લોભ સમુદ્‌ઘાતને પામ્યા સિવાય જ નરકભવથી નીકળી તુરંત કે પરંપરાએ સિદ્ધ થશે અને ફરીથી નરકમાં નહીં આવે તો લોભ સમુ૰ પામશે નહીં. બાકીનાને થવાના છે, તેમાં કોઈને એક થાય ઈત્યાદિ પૂર્વવત્.

નૈરયિકને અસુરકુમારપણામાં અતીત સૂત્ર તેમજ જાણવું. ભાવિ સૂત્રમાં કોઈને



E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (97)



થવાના - કોઈને ન થાય. જે નરકથી નીકળી અસુરકુમારપણું પ્રાપ્ત કરવાનો નથી, તેને અસુરકુમારત્વમાં અનાગત લોભ સમુદ્‌ગાત હોતા નથી. જે અસુરકુમારપણું પ્રાપ્ત કરશે તેને હોય છે. તેઓ જઘન્ય પદે સંખ્યાતા હોય છે. કેમકે જઘન્ય સ્થિતિમાં પણ અસુરકુમારોને સંખ્યાતા લોભ સમુદ્‌ઘાતો થાય છે. કેમકે તેમને લોભ ઘણો હોય છે. ઉત્કૃષ્ટપદે અસંખ્યાતા અને અનંતા હોય છે. ઈત્યાદિ પૂર્વવત્.

એ પ્રમાણે નૈરયિકને નાગકુમારત્વાદિ સ્થાનોમાં યાવત્ સ્તનિતકુમારપણામાં નિરંતર કહેવું. - x - પૃથ્વીકાયિકપણામાં અતીતસૂત્ર તેમજ જાણવું. ભાવિના વિચારમાં કોઈને હોય - કોઈને હોતાં નથી. તેમાં નરકથી નીકળી જે પૃથ્વી૰ પામવાનો નથી તેને હોતા નથી. જે પામશે તેને એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા હોય તે આ પ્રમાણે —

તિર્યંચ પંચેન્દ્રિયના ભવથી કે મનુષ્ય ભવથી લોભ સમુદ્‌ઘાતને પ્રાપ્ત થઈને જે એક વખત પૃથ્વીકાયમાં જશે તેને એક, બે વખત જનારને બે ઈત્યાદિ - x - પૃથ્વીકાય સંબંધી પાઠ વડે મનુષ્યપણાં સુધી કહેવું. તે આ રીતે — એકૈક નૈરયિકને અપ્‌કાયપણામાં કેટલાં લોભ સમુ૰ અતીતકાળે હોય ? ઈત્યાદિ મનુષ્યસૂત્ર સુધી કહેવું. તેમાં અપ્‌કાયિકથી વનસ્પતિકાય સુધીની ભાવના પૃથ્વીકાયિક સૂત્રવત્ કહેવી.

બેઈન્દ્રિય સૂત્રમાં ભાવિ વિચારથી જઘન્યથી એક, બે કે ત્રણ જાણવાં, એ કથન એક વખત બેઈન્દ્રિય ભવને પ્રાપ્ત કરનારની અપેક્ષાએ જાણવું. ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા જાણવા. ઈત્યાદિ - x -. એમ તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય સૂત્રો પણ કહેવા. તિર્યંચ પંચેન્દ્રિય સૂત્ર વિષયક વિચાર આ પ્રમાણે — એક વખત તિર્યંચ પંચેન્દ્રિયના ભવમાં જવાવાળા અને સ્વભાવથી અલ્પ લોભવાળાને જઘન્યથી એક, બે કે ત્રણ લોભ સમુદ્‌ઘાતો હોય છે. બાકીનાને ઉત્કૃષ્ટથી તિર્યંચ પંચેન્દ્રિયના ભવમાં સંખ્યાતીવાર જનારને સંખ્યાતા ઈત્યાદિ કહેવું - x -

મનુષ્ય સૂત્રમાં ભાવિકાળ સંબંધે મૂળથી ભાવના આ પ્રમાણે છે — જે નરકભવથી નીકળીને અલ્પ લોભ કષાયવાળો મનુષ્યભવ પામી, લોભ સમુદ્‌ઘાતને પામ્યા સિવાય મોક્ષે જશે. તેને અનાગત કાળે લોભ સમુદ્‌ઘાતો હોતા નથી. બીજાને હોય છે. જેને છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ હોય ઈત્યાદિ.

વ્યંતરપણામાં જેમ અસુરકુમારો સંબંધે કહ્યું તેમ કહેવું. એટલે - x - ભાવિકાળના વિચારમાં કોઈને છે — કોઈને નથી. જેને છે, તેને કદાચ સંખ્યાતા - કદાચ અસંખ્યાતા કે અનંતા હોય છે. પરંતુ એકથી માંડીને અનંત ન કહેવા. કેમકે વ્યંતરોને પણ અસુરકુમારની માફક જઘન્ય સ્થિતિમાં સંખ્યાતા લોભ સમુદ્‌ઘાતો હોય છે.

જ્યોતિષ્કપણામાં અતીતકાળે અનંતા લોભ સમુ૰ થયેલા છે. કેમકે અનંતવાર જ્યોતિષ્કપણું પામ્યા છે. ભાવિમાં થવાના લોભ સમુદ્‌ઘાતો કોઈને હોય - કોઈને ન હોય, જેને હોય તેમાં પણ કોઈને અસંખ્યાતા અને કોઈને અનંતા હોય છે. કદિપણ

સંખ્યાતા હોતા નથી. કેમકે જ્યોતિષ્કોનું જઘન્યપદે પણ અસંખ્યાત વર્ષનું આયુ હોવાથી જઘન્યથી પણ અસં૦ લોભ સમુ૦ હોય છે. કેમકે તે જાતિના દેવોને લોભ ઘણો છે. એમ વૈમાનિકપણામાં પણ ભાવિ સમુદ્ઘાતના વિચારમાં કહેવું. એમ નૈરયિકને સ્વસ્થાન અને પરસ્થાનમાં લોભ સમુદ્ઘાતનો વિચાર કર્યો.

હવે અસુરકુમાર સંબંધે લોભ સમુદ્ઘાતનો વિચાર કરે છે – એકૈક અસુરકુમારને નૈરયિકપણામાં અતીતકાળે અનંતા લોભ સમુદ્ઘાતો થયેલાં છે. કેમકે અનંતવાર નૈરયિકપણું પ્રાપ્ત કરેલું છે. ભાવિકાળે કોઈને હોય - કોઈને ન હોય. ઈત્યાદિ પૂર્વવત્ - x - નૈરયિકોને ઈષ્ટવસ્તુના સંયોગનો અભાવ હોવાથી પ્રાયઃ લોભ સમુદ્ઘાત અસંભવ છે. - x - x -

અસુરકુમારને અસુરકુમારપણામાં અતીતકાળે 'અનંતા' સ્પષ્ટ છે. ભાવિકાળે કોઈને હોય છે – કોઈને હોતા નથી. કારણો - x - પૂર્વવત્ જાણી લેવા. - x - અસુરકુમારને નાગકુમારપણામાં અતીતકાળે લોભ સમુદ્ઘાતો પૂર્વવત્ જાણવા. ભાવિકાળે કોઈને હોય - કોઈને ન હોય. કારણો પૂર્વવત્ જાણવા - x - x - એ પ્રમાણે બધું સ્તનિતકુમાર સુધી કહેવું. પૃથ્વીકાયિકપણામાં યાવત્ વૈમાનિકપણામાં જેમ નૈરયિકને કહ્યું, તેમ કહેવું. એમ અસુરકુમારની માફક નાગકુમારાદિને પણ યાવત્ સ્તનિતકુમારને વૈમાનિકપણામાં કહેવું. તેનું સૂત્ર આ રીતે –

ભગવન્ ! એકૈક સ્તનિતકુમારને વૈમાનિકપણામાં કેટલાં લોભસમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે, ઈત્યાદિ. એ પ્રમાણે એકૈક પૃથ્વીકાયિકને નૈરયિકપણામાં કેટલાં લોભ સમુદ્ઘાતો અતીતકાળે હોય ? ઈત્યાદિ પૂર્વોક્ત ભાવનાનુસાર સ્વયં વિચારવા. એમ નૈરયિકાદિના એકવચનના વિષયભૂત ક્રોધાદિ સમુદ્ઘાતોનો પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડક સૂત્રો વડે વિચાર કર્યો.

હવે નૈરયિકાદિના બહુવચનવિષયક તે જ સમુદ્ઘાતો વિચારે છે – નૈરયિકોને નૈરયિકપણામાં કેટલાં ક્રોધ સમુદ્ઘાતો અતીતકાળે થયા છે ? અનંતા. કેમકે સર્વે જીવોએ અનંતવાર નૈરયિકપણું પ્રાપ્ત કરેલ છે. ભાવિમાં કેટલાં થવાના છે ? અનંતા. ઈત્યાદિ - x - એ પ્રમાણે નૈરયિક સૂત્રના પાઠથી ચોવીશ-ચોવીશ દંડક સૂત્રો વડે યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવા. તે સૂત્ર આ પ્રમાણે - વૈમાનિકોને વૈમાનિકપણામાં કેટલાં ક્રોધ સમુદ્ઘાત અતીતકાળે થયા છે ? અનંત. ઈત્યાદિ પૂર્વવત્.

જેમ ક્રોધ સમુદ્ઘાતો સર્વ જીવોમાં સ્વસ્થાને અને પરસ્થાને અતીત-અનાગત કાળે અનંતા કહેલાં છે, તેમ માનાદિ સમુદ્ઘાતો પણ કહેવા. - x - ક્રોધ સમુદ્ઘાત પ્રમાણે ચારે સમુદ્ઘાતો સ્વસ્થાને અને પરસ્થાને બધે યાવત્ લોભ સમુદ્ઘાત વૈમાનિકપણામાં કહ્યો ત્યાં સુધી કહેવા. - x - x - એ પ્રમાણે નૈરયિકાદિના બહુવચનના વિષયભૂત ક્રોધાદિ સમુદ્ઘાતો પણ પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડકસૂત્રો વડે કહ્યા.

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (98)



હવે ક્રોધાદિ સમુદ્ઘાત સહિતાદિનું અલ્પબહુત્વ –

● **સૂત્ર-૬૧૦ :-**

*ભગવન્ ! આ ક્રોધ-માન-માયા-લોભ સમુદ્ઘાત સહિત, અકષાય સમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત જીવોમાં કોણ કોનાથી અલ્પાદિ૦ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો અકષાય સમુદ્ઘાતવાળા છે, માન સમુ૦વાળા અનંતગણાં, ક્રોધ સમુ૦ વિશેષ અધિક, માયાસમુ૦ વિશેષાધિક, લોભ સમુ૦ વિશેષાધિક છે. સમુ૦ રહિત સંખ્યાતગુણાં છે.*

*ભગવન્ ! એ ક્રોધ-માન-માયા-લોભ સમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ૦ છે ? ગૌતમ ! સૌથી થોડાં નૈરયિકો લોભ સમુ૦, માયા સમુ૦ સંખ્યાતગણાં, માન સમુ૦ સંખ્યા૦, ક્રોધ સમુ૦ સંખ્યા૦, સમુદ્ઘાત રહિત સંખ્યા૦ છે.*

*અસુરકુમારો વિશે પ્રશ્ન – સૌથી થોડાં અસુરકુમારો ક્રોધ સમુ૦, માન સમુ૦ સંખ્યા૦, માયા સમુ૦ સંખ્યા૦, લોભ સમુ૦ સંખ્યા૦ સમુ૦ રહિત સંખ્યા૦ છે. એમ સર્વે દેવો વૈમાનિક સુધી જાણવા. પૃથ્વીકાયિકો સંબંધે પૃચ્છા – સૌથી થોડાં પૃથ્વી૦ માન સમુ૦, ક્રોધ સમુ૦ વિશેષાધિક, માયા સમુ૦ વિશેષાધિક, લોભ સમુ૦ વિશેષાધિક, સમુદ્ઘાત રહિત સંખ્યા૦ છે, એમ પંચેન્દ્રિય તિર્યંચો સુધી જાણવા. મનુષ્યો જીવોની જેમ જાણવા. પરંતુ માન સમુ૦વાળા અસંખ્યાતગણાં કહેવા.*

● **વિવેચન-૬૧૦ :-**

પહેલાં સામાન્યથી જીવ સંબંધે અલ્પબહુત્વ કહે છે – ભગવન્ ! ક્રોધ સમુદ્ઘાતવાળા યાવત્ લોભ સમુ૦ કષાય સિવાયના સમુ૦, સમુ૦રહિત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? સૌથી થોડાં અકષાય સમુ૦વાળા છે. કેમકે કષાય સિવાયના બીજા સમુ૦ વડે સમુ૦વાળા કોઈક કાળે હોય છે. તેઓ ઉત્કૃષ્ટપદે પણ કષાય સમુ૦વાળાની અપેક્ષા અનંતમો ભાગ હોય.

તેનાથી માન સમુ૦વાળા અનંતગણાં છે, કેમકે અનંત વનસ્પતિ જીવો પૂર્વભવના સંબંધથી માન સમુ૦ વર્તતા હોય છે. તેનાથી ક્રોધ સમુ૦ વિશેષાધિક છે, કેમકે માનની અપેક્ષાથી ક્રોધી ઘણાં છે તેનાથી માયા સમુ૦ વિશષાધિક છે. કેમકે ક્રોધીથી માયી ઘણાં છે તેનાથી લોભ સમુ૦ વિશેષાધિક છે. કેમકે માયી કરતાં લોભી ઘણાં છે તેનાથી સમુદ્ઘાતરહિત સંખ્યાતગણાં છે. કેમકે ચારે ગતિમાં સમુ૦વાળા કરતાં વગરના હંમેશાં સંખ્યા૦ હોય છે સિદ્ધો એકેન્દ્રિયની અપેક્ષાએ અનંતમાં ભાગે છે, માટે તે સમુ૦ રહિત હોવા છતાં તેની વિવક્ષા કરી નથી.

આ જ અલ્પબહુત્વ ચોવીશ દંડકના ક્રમે વિચારે છે – સૂત્ર સુગમ છે. પરંતુ સૌથી થોડાં નૈરયિકો લોભ સમુદ્ઘાતવાળા છે. કેમકે નૈરયિકોને ઈષ્ટ વસ્તુના સંયોગનો અભાવ હોવાથી પ્રાયઃ લોભ સમુદ્ઘાત હોતો નથી. જેમને હોય તેને

થોડો જ હોય છે, અસુરકુમાર સંબંધી અલ્પબહુત્વના વિચારમાં સૌથી થોડાં ક્રોધ સમુદ્ઘાતવાળા છે, કેમકે દેવો બહુ લોભવાળા હોય છે, માનાદિ થોડાં હોય છે. તેથી પણ ક્રોધવાળા થોડાં હોય છે. એ પ્રમામે સર્વ દેવો વૈમાનિકો સુધી જાણવા. અર્થાત્ અસુરકુમાર સંબંધી અલ્પબહુત્વ વડે નાગકુમારાદિ બધાં દેવો વૈમાનિકો સુધી કહેવા.

પૃથ્વીકાયિકના વિચારમાં સામાન્યપણે જીવપદને વિશે ભાવના કરી હતી તેમ કરવી. કેમકે તેનું સમાનપણું છે. તે રીતે તિર્યંચ પંચેન્દ્રિયો સુધી કહેવા.

મનુષ્યો જીવોની પેઠે કહેવા. પરંતુ અકષાય સમુ૰ની અપેક્ષાથી માન સમુ૰ અસંખ્યાતગણાં કહેવા.

હવે છાદ્મસ્થિક સમુદ્ઘાતને કહે છે –

● **સૂત્ર-૬૧૧ :-**

*ભગવન્ ! છાદ્મસ્થિક સમુદ્ઘાતો કેટલા છે ? ગૌતમ ! છ – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક સમુદ્ઘાત.*

*ભગવન્ ! નૈરયિકોને કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાતો છે ? ચાર – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિયસમુદ્ઘાત. અસુરકુમાર સંબંધે પૃચ્છા – પાંચ છાદ્મસ્થિક સમુદ્ઘાતો છે – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, સમુદ્ઘાત. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય વિષયક પૃચ્છા - ત્રણ છાદ્મસ્થિક સમુ૰ છે – વેદના, કષાય, મારણાંતિક. પરંતુ વાયુકાયિકોને ચોથો વૈક્રિય સમુ૰ પણ છે.*

*પંચેન્દ્રિય તિર્યંચો વિશે પૃચ્છા – તેમને પાંચ છાદ્મસ્થિક સમુ૰ છે – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, મનુષ્યોને કેટલા છાદ્મસ્થિક સમુ૰ છે ? છ – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ અને આહારક સમુદ્ઘાત.*

● **વિવેચન-૬૧૧ :-**

સૂત્ર સુગમ છે. કોને કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાતો હોય છે, એ ચોવીશ દંડકના ક્રમે કહે છે – નૈરયિકોને આદિના ચાર સમુ૰ હોય છે – કેમકે તેઓને તૈજસ અને આહારક લબ્ધિનો અભાવ છે. અસુરકુમારાદિ બધાં દેવોને આહારક સિવાયના પાંચ સમુદ્ઘાતો હોય છે, કેમકે તૈજસલબ્ધિ હોવાથી તૈજસ સમુ૰ પણ સંભવે છે. પરંતુ આહારક સંભવતો નથી. કેમકે ચૌદ પૂર્વના જ્ઞાનના અભાવે અને ભવરૂપ હેતુથી તેમને આહારકલબ્ધિનો અભાવ છે.

વાયુકાય સિવાય એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને પહેલાં ત્રણ સમુદ્ઘાતો છે, કેમકે તેમને વૈક્રિય, આહારક, તૈજસ લબ્ધિનો અભાવ છે. વાયુકાયિકોને પૂર્વના ત્રણ સમુ૰ સાથે ચોથો વૈક્રિય૰ પણ છે. કેમકે તેઓમાં બાદર પર્યાપ્તાને વૈક્રિય લબ્ધિ સંભવે છે.

પંચેન્દ્રિય તિર્યંચોને આહારક લબ્ધિ ન હોવાથી આહારક સમુદ્ઘાત સંભવતો નથી, પણ બાકીના પાંચે સમુ૰ હોય છે અને મનુષ્યોને છ એ સમુદ્ઘાતો હોય છે.

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (99)



કેમકે મનુષ્યમાં સર્વ ભાવનો સંભવ છે. એમ જેને જેટલા છાદ્મસ્થિક સમુ૰ છે તે કહ્યા.

હવે જે સમુ૰માં વર્તતો જીવ જેટલા ક્ષેત્રને સમુ૰ના વશથી તે-તે પુદ્ગલો વડે વ્યાપ્ત કરે તેનું નિરૂપણ કરે છે.

● **સૂત્ર-૬૧૨ :-**

*ભગવન્ ! વેદના સમુદ્ઘાત વડે સમવહત જીવ વેદના સમુ૰ કરીને જે પુદ્ગલો બહાર કાઢે છે, તે પુદ્ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય ? કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય ? ગૌતમ ! અવશ્ય છ દિશામાં વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર ક્ષેત્ર છે, એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય. તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત હોય ? કેટલાં કાળે સ્પર્શેલું હોય ? એક-બે કે ત્રણ સમયની વિગ્રહગતિ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય તેટલું ક્ષેત્ર એટલા કાળે વ્યાપ્ત અને સ્પૃષ્ટ હોય.*

*તે પુદ્ગલો કેટલા કાળે બહાર કાઢે ? જઘન્ય અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તે કાઢે. બહાર કાઢેલા તે પુદ્ગલો હોય તે ત્યાં રહેલાં જે પ્રાણો, ભૂતો, જીવો, સત્વોને હણે, ફેરવે, કંઈક સ્પર્શ કરે, એકઠા કરે, વિશેષ એકઠા કરે, પીડા કરે, કલાન્ત કરે, જીવિતથી રહિત કરે, તે જીવોને આશ્રીને તે પુદ્ગલોથી વેદના સમુ૰ તે જીવ કેટલી ક્રિયાવાળો હોય ? કદાચ ત્રણ કે ચારે કે પાંચ ક્રિયાવાળો હોય.*

*તે જીવો વેદના સમુ૰વાળા તે જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ. તે જીવ અને તે જીવો અન્ય જીવોના પરંપરાએ આઘાત વડે કેટલી ક્રિયાવાળા હોય ? ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળા પણ હોય.*

*વેદના સમુ૰ વડે સમવહત નૈરયિક આદિ જેમ જીવમાં કહ્યું, તેમ કહેવું. એમ વૈમાનિક સુધી કહેવું. એમ કષાય સમુ૰ કહેવો.*

*જીવ મારણાંતિક સમુદ્ઘાત કરે છે, કરીને જે પુદ્ગલોને બહાર કાઢે છે, તે પુદ્ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરે ? કેટલું સ્પૃષ્ટ હોય ? ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ તથા લંબાઈમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી એક દિશામાં અસંખ્યાતા યોજન જેટલું ક્ષેત્ર વ્યાપ્ત અને સ્પૃષ્ટ હોય. તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત અને કેટલા કાળે સ્પૃષ્ટ હોય ? ગૌતમ ! એક, બે, ત્રણ કે ચાર સમયની વિગ્રહગતિ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય તેટલું એટલા કાળે વ્યાપ્ત હોય, એટલાં કાળે સ્પૃષ્ટ હોય. બાકી બધું યાવત્ ‘‘પાંચ ક્રિયાવાળો હોય’’ ત્યાં સુધી પૂર્વવત્.*

*એ પ્રમાણે નૈરયિક પણ જાણવો. પણ લંબાઈમાં જઘન્ય કંઈક અધિક હજાર યોજન અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા યોજન સુધી એક દિશામાં એટલું ક્ષેત્ર*

*વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય અને તે એક, બે, ત્રણ સમયની વિગ્રહગતિ વડે કહેવું. પણ ચાર સમયની વિગ્રહ ગતિ વડે ન કહેવું. બાકી બધું ''યાવત્ પાંચ ક્રિયાવાળા હોય'' ત્યાં સુધી જાણવું. અસુરકુમારને જીવપદ મુજબ કહેવું. પરંતુ નૈરયિકની માફક વિગ્રહગતિ ત્રણ સમયની જાણવી. બાકી બધું જેમ અસુરકુમાર વિશે કહ્યું, તેમ કહેવું. એમ વૈમાનિક સુધી જાણવું પરંતુ એકેન્દ્રિયને જીવની માફક બધું કહેવું.*

**● વિવેચન-૬૧૨ :-**

જીવ વેદના સમુદ્‌ઘાતમાં વર્તતો, તેમાં સમવહત થાય છે. સમવહત થઈને પોતાના શરીરમાં રહેલા જે વેદનાયોગ્ય પુદ્‌ગલોને બહાર કાઢે છે, તે પુદ્‌ગલો વડે કેટલાં ક્ષેત્રને વ્યાપ્ત કરે ? તે વ્યાપ્તપણું વચ્ચે કેટલાંક આકાશપ્રદેશોનો સ્પર્શ ન હોય તો પણ વ્યવહારથી કહેવાય છે કે કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય ? ગૌતમ ! નિયમા છ દિશાઓ વ્યાપ્ત થાય, તેનો સ્પર્શ થાય, તેમ વિસ્તાર અને જાડાઈથી શરીર પ્રમાણ માત્ર ક્ષેત્ર, તેટલા ક્ષેત્રને વ્યાપ્ત થયેલ અને સ્પર્શેલ હોય. તેને નિગમન દ્વારા કહે છે — એટલું ક્ષેત્ર વ્યાપ્ત અને સ્પૃષ્ટ હોય.

અહીં વેદના સમુદ્‌ઘાત અધિક વેદનાથી થાય છે. અધિક વેદના લોકના નિષ્કુટ જેવા પ્રાંત ભાગમાં જીવોને હોતી નથી. કેમકે તેઓ ઉપદ્રવ રહિત સ્થાનમાં રહે છે. પરંતુ ત્રસનાડીમાં અધિક વેદના હોય છે. કેમકે ત્યાં અન્ય નિમિત્તે વેદનાની ઉદીરણાનો સંભવ છે અને છ દિશાનો પણ સંભવ છે. માટે અવશ્ય છ દિશામાં કહ્યું. અન્યથા કદાચ ત્રણ, ચાર કે પાંચ દિશામાં વ્યાપ્ત થાય તેમ કહેત.

હવે પોતાના શરીર પ્રમાણ જેનો વિસ્તાર અને જાડાઈ છે એવું ક્ષેત્ર વ્યાપ્ત થયેલું અને સ્પર્શેલું વિગ્રહગતિમાં જીવની ગતિને આશ્રીને કેટલે દૂર સુધી હોય અને કેટલાં કાળ સુધી હોય તેનું નિરૂપણ કરે છે — હમણાં જેનું પ્રમાણ કહ્યું તે ક્ષેત્ર કેટલાં કાળે વ્યાપ્ત અને કેટલાં કાળે સ્પર્શેલું હોય? અર્થાત્ પોતાના શરીરપ્રમાણ જેનો વિસ્તાર અને જાડાઈ છે, એવું ક્ષેત્ર વિગ્રહગતિમાં જીવની ગતિને આશ્રીને નિરંતર ભરેલું અને સ્પર્શેલું કેટલો કાળ હોય?

ગૌતમ! એક-બે-ત્રણ સમયની વિગ્રહગતિ વડે ભરેલું અને સ્પર્શેલું હોય. અર્થાત્ તેટલે દૂર સુધી વિસ્તાર અને જાડાઈમાં પોતાના શરીર પ્રમાણ ક્ષેત્ર વેદના ઉત્પન્ન કરવા યોગ્ય પુદ્‌ગલો વડે ભરેલું જીવની ગતિને આશ્રીને પ્રાપ્ત થાય છે. તેથી એ સંબંધે ઉત્કૃષ્ટ ત્રણ સમયના વિગ્રહ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરાય એટલું ક્ષેત્ર આત્માથી જુદાં થયેલા વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્‌ગલો વડે ભરેલું હોય. અહીં ચાર કે પાંચ સમયની વિગ્રહગતિ સંભવે છે, તો પણ વેદના સમુ૦ પ્રાયઃ બીજાએ ઉત્પન્ન કરેલ વેદના વડે થાય છે, તે વેદના ત્રસનાડીમાં રહેલા જીવોને હોય છે, પણ બહારવાળાને નહીં. ત્રસનાડીમાં વિગ્રહગતિ ઉત્કૃષ્ટથી પણ ત્રણ સમયની હોય છે. માટે ત્રણ સમય વિગ્રગતિ કહી. - x - એટલા કાળે ભરેલ

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (100)



અને એટલા કાળે સ્પર્શેલ હોય છે.

ઉક્ત કથનનું તાત્પર્ય એ છે કે વિગ્રહગતિમાં ઉત્કૃષ્ટ ત્રણ સમય સુધી અને ત્રણ સમયો વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરાય એટલી સીમાને વ્યાપી વિસ્તાર અને જાડાઈમાં પોતાના શરીર પ્રમાણ ક્ષેત્ર વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્‌ગલો વડે ભરેલું અને સ્પર્શેલું જીવની ગતિને આશ્રીને વ્યાપ્ત થાય છે અથવા પોતાના શરીર પ્રમાણ જેનો વિસ્તાર અને જાડાઈ છે એવું ક્ષેત્ર વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્‌ગલો વડે વ્યાપ્ત અને ભરેલું જીવની વિગ્રહગતિને આશ્રીને કેટલો કાળ સુધી પ્રાપ્ત થાય ? એક, બે કે ત્રણ સમયની વિગ્રહગતિ વડે ભરેલ અને સ્પર્શેલ હોય છે. તેથી એટલા વડે ત્રણ સમય પ્રમાણ કાળ સંબંધી ક્ષેત્ર વ્યાપ્ત હોય.

હવે જેટલો કાળ સુધી વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્‌ગલોને બહાર કાઢે તેટલા કાળનું પ્રમાણ બતાવતા સૂત્રકાર કહે છે — હે પરમ કલ્યાણ યોગી! તે વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્‌ગલો કેટલા કાળ સુધી બહાર કાઢે? કેટલો કાળ વેદના ઉત્પન્ન કરવા યોગ્ય પુદ્‌ગલોને વિસ્તારે છે? જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. પરંતુ ઉત્કૃષ્ટથી કંઈક મોટા અંતર્ મુહૂર્તકાળ સુધી વિસ્તારે છે, એમ સમજવું.

ઉક્ત કથનનું તાત્પર્ય એ છે કે — જે પુદ્‌ગલો જેટલો કાળ વેદના ઉત્પન્ન કરવાને સમર્થ છે, તે પુદ્‌ગલોને તે તે પ્રકારે વેદનાથી પીડિત થયેલો જીવ પોતાના શરીરમાં રહેલાં પોતાના શરીરથી બહાર આત્મપ્રદેશોથી જુદા કરે છે, વિસ્તારે છે, જેમ અત્યંત દાહ જ્વરથી પીડિત થયેલો સૂક્ષ્મ પુદ્‌ગલોને બહાર કાઢે છે. જે ત્યાં વેદના સમુ૦વાળા પુરુષના સંબંધવાળા ક્ષેત્રમાં રહેલા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય પ્રાણો, ભૂત-વનસ્પતિ, જીવ-તિર્યંચ પંચેન્દ્રિય, સત્ત્વ-બાકીના જીવોને સામે આવતાં હણે છે, ફેરવે છે, કંઈક સ્પર્શ કરે છે પરસ્પર એકઠાં કરે છે, વિશેષથી જત્થારૂપે કરે છે, પીડા કરે છે, મૂર્છિત કરે છે, જીવિતથી જુદાં કરે છે, તે પ્રાણાદિને આશ્રીને તે પુદ્‌ગલોથી તે વેદના સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો જીવ કેટલી ક્રિયાવાળો થાય ? કદાચ ત્રણ ઈત્યાદિ. અર્થાત્ જ્યારે કોઈ જીવને સર્વથા પરિતાપ કે જીવિતથી જુદાં ન કરે ત્યારે સર્વથા ત્રણ ક્રિયા, કોઈને પીડા કરે ત્યારે ચાર, કોઈને જીવિતથી રહિત કરે ત્યારે પાંચ ક્રિયાવાળો થાય.

હવે તે જ વેદના સમુદ્‌ઘાતવાળા જીવને આશ્રીને તે વેદના સમુદ્‌ઘાત પ્રાપ્ત થયેલા પુરુષના પુદ્‌ગલ વડે સ્પૃષ્ટ જીવોની ક્રિયાનું નિરૂપણ કરે છે — તે વેદના સમુ૦ પ્રાપ્ત પુરુષના પુદ્‌ગલોથી સ્પૃષ્ટ જીવો, વેદના સમુદ્‌ઘાતવાળા જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળા થાય ? ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળા હોય. એટલે જ્યારે તેઓ વેદના સમુદ્‌ઘાતવાળાને કંઈપણ પીડા ઉત્પન્ન કરવાને સમર્થ ન થાય ત્યારે ત્રણ ક્રિયાવાળા હોય. જ્યારે તેને પીડા કરે ત્યારે કદાચ ચાર ક્રિયાવાળા હોય ઈત્યાદિ - x -

તે વેદના સમુ૦ વડે હિંસા કરાતા જીવોથી બીજા જીવોની હિંસા કરાય છે અને

તે બીજા જીવો વડે હિંસા કરાતા વેદના સમુ○ વાળાર જીવ અને વડે જેઓની હિંસા કરાય છે, તે જીવોને આશ્રીને તે વેદના સમુદ્‌ઘાતવાળા જીવની અને તે સમુદ્‌ઘાત પ્રાપ્ત જીવના પુદ્‌ગલ વડે સ્પર્શ કરાયેલ જીવોની ક્રિયાનું નિરૂપણ કરવા મરાટે કહે છે – તે પ્રસ્તુત વેદના સમુ○ પ્રાપ્ત જીવ અને વેદના સમુ○ પ્રાપ્ત જીવના પુદ્‌ગલો વડે સ્પૃષ્ટ જીવો અન્ય જીવોના ઉક્ત પ્રકારે પરંપરાઘાત વડે કદાચ ત્રણ ક્રિયાવાળા હોય ઈત્યાદિ.

એ જ વેદના સમુદ્‌ઘાતનો ઉક્ત પ્રકાર વડે ચોવીશ દંડકના વિચારમાં સૂત્રકાર કહે છે – પૂર્વે સામાન્યપણે જીવોનો વેદના સમુદ્‌ઘાત આશ્રયી વિચાર કર્યો, તેમ નૈરયિકનો પણ કરવો. પરંતુ જીવના પાઠને સ્થાને નૈરયિકનો પાઠ ઉચ્ચારવો. જેમકે – વેદના સમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલ નૈરયિક સમુદ્‌ઘાત કરીને જે પુદ્‌ગલો બહાર કાઢે છે ઈત્યાદિ. એમ બધું વૈમાનિક સુધી કહેવું.

એમ વેદના સમુદ્‌ઘાત કહ્યો. હવે સમાન વક્તવ્યતા હોવાથી કષાય સમુદ્‌ઘાતનો અતિદેશ કરવાને સૂત્રકાર કહે છે – એમ કષાય સમુદ્‌ઘાત પણ કહેવો. - x - તે આ પ્રમાણે - ભગવન્ ! કષાય સમુદ્‌ઘાતને પ્રાપ્ત જીવ કષાય સમુદ્‌ઘાત કરીને જે પુદ્‌ગલો બહાર કાઢે છે અર્થાત્ કષાય સમુદ્‌ઘાત વડે ઉત્પન્ન થયેલ પ્રયત્ન વિશેષથી પોતાના શરીરથી બહાર કાઢે, આત્મપ્રદેશોથી પણ જુદા કરે છે. તે પુદ્‌ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત અને સ્પૃષ્ટ હોય ? ગૌતમ ! અવશ્ય છ દિશામાં વિસ્તાર અને જાડાઈ વડે શરીર પ્રમાણ ક્ષેત્ર છે. તેટલું વ્યાપ્ત હોય. તેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય.

પ્રથમ કષાય સમુદ્‌ઘાત ત્રસ જીવોને થાય છે. કેમકે તેઓને જ અત્યંત તીવ્ર અધ્યવસાયનો સંભવ છે. એકેન્દ્રિયો તો પૂર્વ ભવના સંબંધથી કષાય સમુદ્‌ઘાત હોય છે. ત્રસ જીવો ત્રસનાડીમાં હોય, પણ તેની બહાર ન હોય. ત્રસનાડીમાં રહેલો પોતાના શરીર પ્રમાણ જેનો વિસ્તાર અને જાડાઈ છે એવા ક્ષેત્રને આત્માથી જુદા પાડેલા પુદ્‌ગલો વડે લોકાંત નિષ્કુટ રહિત હોવાથી છ દિશામાં વ્યાપ્ત કરે છે, સ્પર્શે છે. તેમ ઘટે. માટે અવશ્ય છ દિશામાં એમ કહ્યું. ઈત્યાદિ - x - x -

હવે મરણ સમુદ્‌ઘાત સંબંધે સૂત્રકાર કહે છે – મારણાંતિક સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો કોઈ જીવ મારણાંતિક સમુદ્‌ઘાત કરી, તૈજસાદિ શરીરના અંતર્ગત્ જે પુદ્‌ગલોને બહાર કાઢે છે, આત્મપ્રદેશોથી જુદા કરે છે, તે પુદ્‌ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય ? ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં પોતાના શરીરપ્રમાણ તથા લંબાઈમાં જઘન્યથી પોતાના શરીર કરતાં અધિક અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્ર હોય, જ્યારે તેટલા માત્ર ક્ષેત્રમાં ઉત્પન્ન થાય ત્યારે જાણવું અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજન પ્રમાણ સમજવું. એ જ્યારે તેટલાં ક્ષેત્રમાં ઉત્પન્ન થાય ત્યારે અથવા બીજી રીતે જાણી લેવું. તે એક દિશામાં હોય પણ વિદિશામાં ન હોય. કારણ કે સ્વભાવથી જીવ પ્રદેશના ગમનનો દિશામાં સંભવ છે, એટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે. એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય છે. કેમકે જઘન્ય અને ઉત્કૃષ્ટથી આત્મપ્રદેશો વડે એટલા ક્ષેત્રનું વ્યાપ્ત થવું

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (101)



સંભવે છે.

હવે વિગ્રહગતિને આશ્રીને વ્યાપ્ત થવાના અને સ્પર્શના કાળનું પ્રમાણ કહે છે – ભગવન્ ! તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત થાય ? ઈત્યાદિ. ઉત્કૃષ્ટથી લંબાઈમાં હમણાં જેનું પ્રમાણ કહ્યું છે, તે ક્ષેત્ર વિગ્રહગતિને આશ્રીને કેટલા કાળે વ્યાપ્ત થાય અને કેટલાં કાળે સ્પૃષ્ટ હોય ? અર્થાત્ વિગ્રહગતિથી કેટલા કાળે ઉત્કૃષ્ટથી લંબાઈમાં અસંખ્યાતા યોજન પ્રમાણ ક્ષેત્ર પુદ્‌ગલો વડે વ્યાપ્ત થાય અને સ્પર્શેલું હોય ? ગૌતમ ! એક, બે, ત્રણ કે ચાર સમયની વિગ્રહગતિ વડે વ્યાપ્ત થાય - સ્પૃષ્ટ હોય. અહીં પાંચમા સમયની વિગ્રહગતિ સંભવે છે, પરંતુ તે કદાચિત્ જ હોય છે, માટે તેની વિવક્ષા કરી નથી.

ચાર સમય કે પાંચ સમયની વિગ્રહગતિ કેમ થાય? ત્રસનાડીથી બહાર નીચેના ભાગથી ઉપરના ભાગમાં કે ઉપરના ભાગથી નીચેના ભાગમાં ઉત્પન્ન થતો જીવ વિદિશાથી દિશામાં કે દિશાથી વિદિશામાં ઉત્પન્ન થાય ત્યારે એક સમયે ત્રસનાડીમાં પ્રવેશ કરે, બીજા સમયે ઉપર કે નીચે જાય, ત્રીજા સમયે ત્રસનાડીથી બહાર નીકળે અને ચોથા સમયે દિશામાં ઉત્પત્તિ સ્થાને પ્રાપ્ત થાય. આ ચાર સમયની વિગ્રહગતિ જાણવી. એમ પાંચ સમયની વિગ્રહગતિ ત્રસનાડીની બહાર વિદિશાથી વિદિશામાં ઉત્પત્તિ હોય ત્યારે ઘટે છે. જેમકે પહેલાં સમયે ત્રસનાડી બહાર જ વિદિશામાંથી દિશામાં જાય, બીજા સમયે ત્રસનાડીમાં પ્રવેશે, ત્રીજા સમયે ઉપર કે નીચે જાય, ચોથે સમયે બહાર નીકળે અને પાંચમાં સમયે વિદિશામાં ઉત્પત્તિ સ્થાને આવે.

એટલા કાળે તે ક્ષેત્ર વ્યાપ્ત કે સ્પૃષ્ટ હોય. બાકી બધું તેમજ યાવત્ પાંચ ક્રિયાવાળો હોય ત્યાં સુધી જાણવું. પછી બાકીનું તે જ સૂત્ર કહેવું – તે બહાર કાઢેલા પુદ્‌ગલો જે ત્યાં રહેલ પ્રાણો વગેરેનો ઘાત કરે - ઈત્યાદિ યાવત્ પાંચ ક્રિયાવાળા હોય એ પદ સુધી જાણવું. એ પ્રમાણે સામાન્યપણે જીવપદમાં મારણાંતિક સમુદ્‌ઘાતનો વિચાર કર્યો, હવે તેને જ ચોવીશ દંડકના ક્રમે કહેતા પ્રથમથી નૈરયિકનું સમાનપણું બતાવે છે –

સામાન્ય જીવપદ માફક નૈરયિકને પણ કહેવા. પરંતુ વિશેષ એ કે – સામાન્યથી જીવપદમાં ક્ષેત્ર લંબાઈથી જઘન્ય અંગુલનો અસંખ્યાતભાગ કહ્યું. અહીં તે સાધિક ૧૦૦૦ યોજન કહે છે કારણ કે – અહીં નૈરયિકો નરકથી નીકળી સ્વભાવથી જ પંચેન્દ્રિય તિર્યંચો કે મનુષ્યમાં ઉત્પન્ન થાય છે, પણ બીજી ઉત્પન્ન થતાં નથી અહીં સૌથી જઘન્યનો વિચાર કરવાનો છે. તેથી જ્યારે પાતાળ કળશની પાસે રહેનાર નૈરયિક પાતાળ કળશમાં બીજા કે ત્રીજા ત્રિભાગમાં મત્સ્યપણે ઉત્પન્ન થાય ત્યારે પાતાળ કળશની ઠીકરી હજાર યોજન પ્રમાણ હોવાથી તે પ્રમાણ થાય છે. પણ ન્યૂન નહીં ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજનો છે. તે સાતમી નરકપૃથ્વીના નારકોની અપેક્ષાથી જાણવું. એમ એક દિશામાં જઘન્ય અને ઉત્કૃષ્ટ આટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, એટલું

ક્ષેત્ર સ્પર્શેલું હોય.

વિગ્રહગતિને આશ્રીને વિશેષ કહે છે — એક, બે કે ત્રણ સમયની વિગ્રહગતિ વડે વ્યાપ્ત થયેલ અને સ્પર્શેલ કહેવું પરંતુ એ પ્રમાણે સામાન્ય જીવપદમાં પણ કહ્યું છે, તો અહીં વિશેષ શું છે ? અહીં સામાન્ય જીવપદ માફક ચાર સમયની વિગ્રહ ગતિ વડે ન કહેવું. કેમકે નૈરયિકોને ઉત્કૃષ્ટ પણ ત્રણ સમયની વિગ્રહગતિ હોય છે. તે આ પ્રમાણે — કોઈ નૈરયિક વાયવ્ય દિશામાં રહેતો અને ભરતક્ષેત્રમાં પૂર્વ દિશાએ તિર્યંચ પંચેન્દ્રિયપણે કે મનુષ્યપણે ઉત્પન્ન થવાનો હોય, તે પહેલાં ઉપર આવે, બીજા સમયે વાયવ્યથી પશ્ચિમ દિશામાં આવે, ત્રીજા સમયે ત્યાંથી પૂર્વ દિશામાં આવે છે. એ પ્રમાણે અસુરકુમારાદિમાં પણ યથાસંભવ ત્રણ સમયના વિગ્રહની ભાવના કરવી. બાકી પૂર્વવત્ - x -

ભગવન્ ! તે પુદ્ગલો કેટલા કાળે બહાર કાઢે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્ત. ઈત્યાદિ - x - અસુરકુમાર વિશે સમાનપણું કહે છે - જીવપદમાં કહ્યું, તેમ અસુરકુમારને કહેવું. શું કહેવું ? જીવપદને વિશે લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજન પ્રમાણ કહેલ છે, તેમ અહીં કહેવું. [પ્રશ્ન] જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ ક્ષેત્ર શી રીતે હોય ? અસુરકુમારથી માંડી ઈશાન સુધીના દેવો પૃથ્વી, પાણી, વનસ્પતિમાં પણ ઉત્પન્ન થાય છે તેથી જ્યારે કોઈ અસુરકુમાર સંક્લિષ્ટ પરિણામવાળો પોતાના કુંડલાદિ આભરણમાં એક ભાગમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાનો હોય અને મરણસમુદ્ઘાત કરે ત્યારે જઘન્યથી લંબાઈમાં અંગુલના અસંખ્યાતમાં ભાગ ક્ષેત્રને પ્રાપ્ત થાય. માટે જીવપદ મુજબ જાણવું તેમ કહ્યું. તેથી અહીં પણ વિગ્રહગતિ ચાર સમયની થાય છે. તેથી કહે છે — પરંતુ વિગ્રહગતિ ત્રણ સમયની નૈરયિકવત્ કહેવી. બાકીનું સૂત્ર જીવપદમાં કહ્યું છે, તેમજ કહેવું.

નાગકુમારાદિ વિશે અતિદેશ બતાવે છે — અસુરકુમાર વિશે કહ્યું, તેમ નાગકુમારાદિને વિશે યાવત્ વૈમાનિક વિશે સૂત્ર છે, ત્યાં સુધી કહેવું. પણ પૃથ્વી આદિરૂપ એકેન્દ્રિયને વિશે સામાન્ય જીવપદમાં કહ્યા મુજબ કહેવું. - x - એ પ્રમાણે મારણાંતિક સમુદ્ઘાત કહ્યો. હવે વૈક્રિય સમુ૦ કહે છે —

● **સૂત્ર-૬૧૩ :-**

*વૈક્રિય સમુદ્ઘાત વડે સમુદ્ઘાતવાળો જીવ વૈક્રિય સમુદ્ઘાત કરીને જે પુદ્ગલો બહાર કાઢી તે પુદ્ગલો વડે હે ભગવન્! કેટલું ક્ષેત્ર વ્યાપ્ત છે? કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ છે? ગૌતમ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા યોજન પ્રમાણ એક દિશામાં કે વિદિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય અથવા એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય.*

*ભગવન્ ! તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત હોય ? કેટલાં કાળે સ્પર્શેલું હોય ? ગૌતમ ! એક, બે કે ત્રણ સમયની વિગ્રહ ગતિ વડે, એટલા કાળે*

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (102)



*વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પૃષ્ટ હોય. બાકી બધું "યાવત્ પાંચ ક્રિયાવાળા પણ હોય" ત્યાં સુધી તેમજ જાણવું. એ પ્રમાણે નૈરયિક સંબંધે કહેવું. પરંતુ લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજનો એક દિશામાં હોય છે, એટલું ક્ષેત્ર કેટલાં કાળે વ્યાપ્ત થાય - ઈત્યાદિ જીવપદમાં કહ્યું છે, તેમજ કહેવું.*

*એ પ્રમાણે નૈરયિકને કહ્યું તેમ અસુરકુમારને કહેવું. પરંતુ એક દિશામાં કે વિદિશામાં જાણવું. એ રીતે યાવત્ સ્તનિતકુમારને કહેવું. વાયુકાયિકને જેમ જીવપદમાં કહ્યું છે, તેમ કહેવું. પરંતુ ક્ષેત્ર એક દિશામાં કહેવું. પંચેન્દ્રિય તિર્યંચને નૈરયિકની જેમ કહેવું. મનુષ્ય, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને બધું અસુરકુમારની માફક જાણવું.*

*ભગવન્ ! તૈજસ સમુદ્ઘાત વડે સમવહત જીવ અને તૈજસ સમુદ્ઘાત કરીને જે પુદ્ગલોને બહાર કાઢી તે પુદ્ગલો વડે હે ભગવન્ ! કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય ? ઈત્યાદિ જેમ વૈક્રિય સમુદ્ઘાત કહ્યો, તેમજ કહેવું. પરંતુ લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવું. બાકી બધું પૂર્વવત્. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. પરંતુ પંચેન્દ્રિય તિર્યંચને એક દિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય અને એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય.*

*ભગવન્ ! આહારક સમુદ્ઘાતવાળો જીવ સમવહત થઈને જે પુદ્ગલો બહાર કાઢે, તે પુદ્ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય ? કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ હોય ? ગૌતમ ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર, લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ જેટલું અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન એક દિશામાં, એટલું ક્ષેત્ર એક સમય, બે સમય કે ત્રણ સમયની વિગ્રહગતિ વડે એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પર્શેલું હોય.*

*ભગવન્ ! તે પુદ્ગલો કેટલા કાળે બહાર કાઢે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્તમાં કાઢે.*

*ભગવન્ ! બહાર કાઢેલા તે પુદ્ગલો ત્યાં રહેલા જે પ્રાણો, ભૂતો, જીવો, સત્ત્વોને હણે છે. યાવત્ તેના જીવિતનો નાશ કરે છે. તેને આશ્રીને જીવ કેટલી ક્રિયાવાળો હોય ? ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો હોય.*

*ભગવન્ ! તે જીવો તે સમુદ્ઘાતવાળા જીવને આશ્રીને કેટલી ક્રિયાવાળા હોય ? ગૌતમ ! એમજ જાણવું.*

*ભગવન્ ! તે જીવ અને તે જીવોના પરંપરાએ આઘાત વડે કેટલી ક્રિયાવાળા હોય ? ગૌતમ ! ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળા પણ હોય, એ પ્રમાણે મનુષ્ય સંબંધે પણ જાણવું.*

● **વિવેચન-૬૧૩ :-**

ભગવન્ ! વૈક્રિય સમુદ્ઘાતથી જીવ સમવહત થઈને જે પુદ્ગલો બહાર કાઢે

છે - ઈત્યાદિ પૂર્વવત્. પરંતુ લંબાઈમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા યોજન પ્રમાણ ક્ષેત્ર હોય છે. એ વાયુકાયિક સિવાયના નૈરયિકાદિની અપેક્ષાથી જાણવું. કેમકે તેઓ વૈક્રિય સમુદ્ઘાતનો આરંભ કરતાં તથાવિધ પ્રયત્ન વિશેષથી ઉત્કૃષ્ટે પણ સંખ્યાતા યોજન દંડ કરે છે, પણ અસંખ્યાતા યોજન કરતા નથી, વાયુકાયિકો તો જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ દંડ કરે છે અને તેટલા પ્રદેશમાં રહેલાં તૈજસાદિ શરીરના પુદ્ગલોને આત્મપ્રદેશો થકી જુદા કરે છે, તે પુદ્ગલો વડે વ્યાપ્ત ક્ષેત્ર લંબાઈમાં ઉત્કૃષ્ટથી પણ સંખ્યાત યોજન હોય છે. એવા પ્રકારનું ક્ષેત્ર પ્રમાણ કેવળ વૈક્રિય સમુદ્ઘાતથી ઉત્પન્ન થનાર પ્રયત્નને આશ્રીને કહ્યું, પણ જ્યારે કોઈ વૈક્રિય સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો મરણ સમુદ્ઘાતને પ્રાપ્ત થાય અને કોઈપણ રીતે ઉત્કૃષ્ટ ત્રણ સમયની વિગ્રહગતિ વડે ઉત્પત્તિ સ્થાને આવે છે, ત્યારે અસંખ્યાત યોજન પ્રમાણ લંબાઈ ક્ષેત્ર જાણવું તે પ્રમાણ મરણસમુદ્ઘાત પ્રયત્નજન્ય છે, માટે હોવા છતાં પણ તેની વિવક્ષા કરી નથી.

તે જઘન્યથી કે ઉત્કૃષ્ટથી ઉક્ત પ્રમાણવાળું આયામક્ષેત્ર એક દિશામાં કે વિદિશામાં જાણવું. તેમાં નૈરયિકો, પંચે૰ તિર્યંચો, અને વાયુકાયિકોને અવશ્ય એક જ દિશામાં હોય છે. કેમકે નૈરયિકો પરવશ અને અલ્પઋદ્ધિવાળા છે. તિર્યંચ પંચે૰ અલ્પઋદ્ધિક જ હોય અને વાયુકાયિકો વિશિષ્ટ ચેતનારહિત હોય. તેથી વૈક્રિય સમુ૰નો આરંભ કરતા તેઓને જો કે તથા સ્વભાવથી જ આત્મપ્રદેશોના દંડનું નીકળવું થાય છે, તે આત્મપ્રદેશોથી જુદા થઈને મનોપુદ્ગલોનું શ્રેણિને અનુસારે ગમન થાય છે. પણ વિશ્રેણિમાં થતું નથી. તેથી નૈરયિક, તિર્યંચ પંચેન્દ્રિય અને વાયુકાયિકોનું લંબાઈમાં દિશામાં જ ક્ષેત્ર સમજવું, વિદિશામાં નહીં. જે ચારે દેવો તથા મનુષ્યો છે, તે સ્વેચ્છાચારી અને વિશિષ્ટ લબ્ધિસહિત હોય છે. તેથી તેઓ કદાચ પ્રયત્ન વિશેષથી વિદિશામાં પણ આત્મપ્રદેશોનો દંડ કરતાં ત્યાં તે આત્મપ્રદેશોથી પુદ્ગલો બહાર વિસ્તારે છે. માટે તેમનું ક્ષેત્ર એક દિશામાં કે વિદિશામાં જાણવું.

વૈક્રિય સમુદ્ઘાત પ્રાપ્ત કોઈ કાળ પણ કરે અને વિગ્રહગતિ વડે ઉત્પત્તિ સ્થાને પણ જાય, તેથી વિગ્રહગતિ આશ્રીને કાળનું નિરૂપણ કરે છે — ભગવન્ ! તે ક્ષેત્ર વિગ્રગતિને આશ્રીને ઉત્પત્તિ સ્થાન સુધી કેટલા કાળે વ્યાપ્ત હોય ? કેટલાં કાળે સ્પૃષ્ટ હોય ? ગૌતમ ! એક, બે, ત્રણ સમયની વિગ્રહગતિ વડે ક્ષેત્ર વ્યાપ્ત થાય અને સ્પૃષ્ટ હોય. અર્થાત્ વિગ્રહગતિને આશ્રીને મરણ દેશથી આરંભી ઉત્પત્તિ સ્થાન સુધીનું ક્ષેત્ર વ્યાપ્ત થવું, ઉત્કૃષ્ટથી ત્રણ સમયમાં થાય છે, પણ ચોથા સમયે થતું નથી. કેમકે વૈક્રિય સમુદ્ઘાત પ્રાપ્ત વાયુકાયિક પણ પ્રાયઃ ત્રસનાડીમાં જ ઉત્પન્ન થાય છે. ત્રસનાડીમાં વિગ્રહગતિ ઉત્કૃષ્ટથી પણ ત્રણ સમય જ હોય.

હવે તૈજસ સમુ૰ વિશે સૂત્રકાર કહે છે — ભગવન્! તૈજસ સમુ૰થી સમવહત થઈ જે પુદ્ગલો બહાર કાઢે છે, ઈત્યાદિ સુગમ છે. પરંતુ આ તૈજસ સમુદ્ઘાત ચાર

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (103)



દેવનિકાય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોનો સંભવે છે. કેમકે તેઓ મહાપ્રયત્નવાળા છે. માટે તૈજસ સમુ૰નો આરંભ કરનારને જઘન્યથી પણ લંબાઈમાં અંગુલનો અસં૰ ભાગ પ્રમાણ હોય છે. પરંતુ સંખ્યાતમા ભાગ પ્રમાણ હોતું નથી, ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન પ્રમાણ હોય છે, ઉક્ત ક્ષેત્ર તિર્યંચ પંચેન્દ્રિય સિવાયના જીવોને એક દિશામાં કે એક વિદિશામાં કહેવું અને તિર્યંચ પંચે૰ તે દિશામાં કહેવું. - x -

હવે આહારક સમુદ્ઘાતનું પ્રતિપાદન કરવા કહે છે — આહારક સમુ૰ વડે સમવહત જીવ સમુ૰ કરીને જે પુદ્ગલો બહાર કાઢે છે - ઈત્યાદિ. તૈજસ્ સમુ૰ માફક એ સૂત્ર વિચારવું. પરંતુ આહારક સમુ૰ મનુષ્યોને હોય છે, તેમાં પણ ચૌદ પૂર્વીને, તેમાં કેટલાંક આહારક લબ્ધિવાળાને હોય છે, બાકીનાને હોતો નથી અને તે આહારક સમુ૰નો આરંભ કરતાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી લંબાઈમાં ઉપર કહેલાં પ્રમાણવાળું ક્ષેત્ર આત્મપ્રદેશોથી જુદા થયેલા પુદ્ગલો વડે એક દિશામાં વ્યાપ્ત કરે છે, પણ વિદિશામાં વ્યાપ્ત કરતો નથી. વિદિશામાં તો અન્ય પ્રયત્ન વિશેષથી આત્મપ્રદેશના દંડનો વિસ્તાર, પુદ્ગલો વડે વ્યાપ્ત કરવું થાય છે. - x - આહારક સમુ૰ પ્રાપ્ત કોઈ કાળ કરે તો વિગ્રહગતિ વડે ઉત્પન્ન થાય છે. વિગ્રહ ગતિ ઉત્કૃષ્ટ ત્રણ સમયની હોય છે. માટે એક દિશામાં એટલું ક્ષેત્ર સ્પૃષ્ટ છે. - x - એ પ્રમાણે સામાન્યપણે જીવપદની જેમ મનુષ્યને પણ સૂત્ર કહેવું. જીવપદમાં મનુષ્યોને જ આશ્રીને સૂત્ર પ્રવૃત્ત થયું છે, કેમકે તે સિવાય બીજાને આહારક સમુ૰ અસંભવ છે.

હવે કેવલિ સમુ૰ કરવામાં જેવા સ્વરૂપવાળા પુદ્ગલો વડે જેટલા પ્રમાણવાળું ક્ષેત્ર વ્યાપ્ત થાય, તેવા સ્વરૂપવાળા પુદ્ગલો વડે તેટલાં પ્રમાણવાળું ક્ષેત્રનું વ્યાપ્તપણું કહે છે —

● **સૂત્ર-૬૧૪ :-**

***ભગવન્ ભાવિતાત્મા કેવલિસમુદ્ઘાતયુક્ત અણગારને જે છેલ્લા સમયના નિર્જરા પુદ્ગલો છે, તે સૂક્ષ્મ પુદ્ગલો કહ્યા છે ? આયુષ્યમાન્ શ્રમણ ! તે પુદ્ગલો સર્વ લોકને સ્પર્શીને રહે છે ? હા, ગૌતમ ! તેમજ છે.***

***ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્ગલોને કંઈક વર્ણ વડે વર્ણરૂપે, ગંધ વડે ગંધરૂપે, રસ વડે રસ રૂપે, સ્પર્શ વડે સ્પર્શરૂપે જાણે અને જુએ ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! આ જંબૂદ્વીપ નામે દ્વીપ, સર્વ દ્વીપ અને સમુદ્રોની સૌની અંદર છે. તે બધાંથી નાનો, વૃત્ત - તેલમાં તળેલાં પુંડલાંના આકાર જેવો ગોળ, રથના પૈડાનાં સંસ્થાન જેવો વૃત્ત, કમળની કર્ણિકાની આકૃતિ જેવો ગોળ, પરિપૂર્ણ ચંદ્રાકૃતિ સમાન છે. તે એક લાખ યોજન લાંબો-પહોળો છે. તથા તેની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન, ૩-કોશ, ૧૨૮ ધનુષ્ અને સાધિક ૧૩॥ અંગુલ છે. કોઈ એક મહાઋદ્ધિવાળો દેવ એક મોટા વિલેપન દ્રવ્યના ડાબડાને ગ્રહણ કરી ઉપાડે,***

***ઉપાડીને એ પ્રમાણે સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં ૨૧-વાર ફરીને શીઘ્ર આવે. હે ગૌતમ ! ખરેખર તે સંપૂર્ણ જંબૂદ્વીપ વડે તે ગંધના પુદ્ગલો વડે વ્યાપ્ત થાય ? હા, થાય. હે ગૌતમ ! છદ્મસ્થમનુષ્ય તે ગંધના પુદ્ગલોને કંઈક વર્ણથી વર્ણ — ગંધથી ગંધ - રસથી રસ - સ્પર્શથી સ્પર્શ રૂપે જાણે - જુએ ? ભગવન્ ! એ અર્થ સમર્થ નથી. હે ગૌતમ ! એ કારણે એમ કહું છું કે — છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્ગલોને કંઈક વર્ણથી વર્ણરૂપે યાવત્ સ્પર્શથી સ્પર્શરૂપે જાણતો-જોતો નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! એટલા સૂક્ષ્મ પુદ્ગલો તે છે અને તે સર્વલોકને સ્પર્શીને રહે છે.***

**● વિવેચન-૬૪૪ :-**

ભગવન્ ! ભાવિતાત્મા અને કેવલિ સમુદ્ઘાતવાળા અણગારના૦ ઈત્યાદિ. અહીં કેવલિ સમુદ્ઘાત કેવળ જ્ઞાનીને હોય છે, છદ્મસ્થોને હોતો નથી. કેવલી નિશ્ચયનયથી અણગાર છે. ગૃહસ્થ નથી, તેમ પાખંડી નથી.

તે ભાવિતાત્મા - સમભાવ વડે ભાવિત આત્મા જેનો છે એવા. કેમકે તે વિશિષ્ટ શુભ અધ્યવસાય યુક્ત છે જો એમ ન હોય તો કેવલિપણું ઘટે નહીં. જેનું સ્વરૂપ કહ્યું છે એવા કેવલિ સમુદ્ઘાત વડે સમવહત અણગારના જે ચરમ-છેલ્લા સમયે વર્તતા, કેમકે તે પુદ્ગલો વડે જ સંપૂર્ણ લોકને વ્યાપ્ત કરે છે. નિર્જરા પુદ્ગલો - નિર્જરાને પ્રાપ્ત થયેલ પુદ્ગલો. તાત્પર્ય એ કે લોક વ્યાપી થવાના સમયે આત્મપ્રદેશોથી જુદા પડેલા અને જેઓએ કર્મપણાના પરિણામનો ત્યાગ કરેલો છે, એવા નિશ્ચિત સૂક્ષ્મ - ચક્ષુ આદિ ઈન્દ્રિયોને અગોચર પુદ્ગલો આપે કહેલા છે? ‘‘આયુષ્યમાન્ શ્રમણ’’ એ ભગવંતે ગૌતમને કરેલ સંબોધન છે. નિશ્ચિત છે કે સર્વલોકને સ્પર્શીને તે પુદ્ગલો રહે છે? એમ ગૌતમે પ્રશ્ન કર્યો. ભગવંતે કહ્યું — ‘હા’ - x - x -

‘સૂક્ષ્મ પુદ્ગલો છે’ એમ કહ્યું, તે સૂક્ષ્મપણું અપેક્ષાથી પણ હોય, જેમકે આમળા કરતાં બોર સૂક્ષ્મ છે. તેથી ચક્ષુ આદિ ઈન્દ્રિયોને અગોચર રૂપ સૂક્ષ્મપણું પ્રતિપાદન કરવા સૂત્રકારશ્રી કહે છે — ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય હમણાં કહેલાં તે નિર્જરા પુદ્ગલોને પહેલાં સામાન્યપણે જાણે છે — જુએ છે ? એની જ વિશેષરૂપે વ્યાખ્યા કરે છે —

જેના વડે યથાવસ્થિત સ્વરૂપનો નિર્ણય થાય તે વર્ણ. એમ વ્યુત્પત્તિ થવાથી વર્ણને ગ્રહણ કરનાર ચક્ષુઈન્દ્રિય વડે કૃષ્ણાદિ રૂપવાળા વર્ણને, ગંધ ગ્રાહક ઘ્રાણેન્દ્રિય વડે ગન્ધ - સુંઘવું, કેમકે જે વડે શુભ કે અશુભ ગંધ સુંઘાય તે ગંધ. તે વડે શુભાશુભ ગંધને. રસ વડે - જે વડે આસ્વાદ કરાય તે રસ. રસની ગ્રાહક રસનેન્દ્રિય વડે તિક્તાદિરૂપ રસને, જે વડે જાણવા યોગ્ય વસ્તુને કર્કશાદિ રૂપ જણાય, સ્પર્શ ગ્રાહક સ્પર્શનેન્દ્રિય વડે કર્કશાદિ રૂપ સ્પર્શને જાણે-જુએ ?

ભગવન્ કહે છે — એ અર્થ સમર્થ નથી. ગૌતમ પુનઃ પ્રશ્ન કરે છે. એમ

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (104)



કેમ કહ્યું ? ઈત્યાદિ ભગવન્ કહે છે — હે ગૌતમ ! આ પ્રત્યક્ષ જણાતો, આઠ યોજન ઉંચા રત્નમય જંબૂવૃક્ષ વડે સહિત દ્વીપ તે જંબૂદ્વીપ. બધામાં મધ્યવર્તી છે. કોના મધ્યમાં ? બધાં દ્વીપ અને સમુદ્રોમાં. તે આ રીતે — દ્વીપ સમુદ્રો જંબૂદ્વીપથી આરંભી આગમોક્ત ક્રમે બમણાં-બમણાં વિસ્તારવાળા રહેલાં છે. તેથી દ્વીપસમુદ્રોમાં જંબૂદ્વીપ મધ્યવર્તી છે. તથા સર્વ દ્વીપ સમુદ્રમાં સૌથી નાનો છે. તે આ રીતે — બધાં લવણાદિ સમુદ્રો અને સર્વ ધાતકીખંડાદિ દ્વીપો, આ જંબૂદ્વીપથી આરંભી બમણાં બમણાં મંડલાકાર વિસ્તારવાળા છે. તેમની અપેક્ષાથી નાનો છે —

- તથા વૃત્ત - ગોળાકાર છે. જેથી તેલ વડે તળેલા પુડલાના જેવી આકૃતિવાળો છે. તેલમાં તળેલ પુડલો ઘણું કરી પરિપૂર્ણ વર્તુળાકાર હોય છે, પણ ઘીમાં તળેલો તેવો હોતો નથી, તેથી ‘તેલ’ એ વિશેષણ આપ્યું, તથા જંબૂદ્વીપ ગોળ છે. કેવો ? રથના અંગભૂત ચક્ર, ચક્રવાલ-મંડલ જેવી આકૃતિવાળો છે. એમ સૂત્રોક્ત બીજા બે પદ પણ વિચારવા. આયામ - લંબાઈ, વિષ્કંભ - વિસ્તાર વિસ્તાર વડે લાખ યોજન પરિમાણવાળો છે. - x -

મહાઋદ્ધિ - વિમાન પરિવારાદિ જેને છે તે. યાવત્ મહાસૌખ્યવાળો. યાવત્ શબ્દથી મોટી શરીર અને આભરણની કાંતિવાળા, મહાશારીરિક શક્તિ-બળવાળા, મોટી ખ્યાતિવાળા તે મહાયશસ્વી, તથા ઘણાં સાતા વેદનીય કર્મનો ઉદય હોવાથી મહા સુખવાળો અને ક્વચિત્ ‘महासक्ख’ પાઠ હોવાથી મોટા ઈશ્વર એવી પ્રસિદ્ધિ જેની છે એવો અથવા પોતાના ઐશ્વર્યને જણાવે, પ્રગટ કરે તથા પરિવારાદિ ઋદ્ધિ વડે વર્તે તે, મહેશાખ્ય કહેવાય. બીજે સ્થાને વૃદ્ધાચાર્યો એમ વ્યાખ્યા કરે છે કે — શીઘ્ર ગમન કરે તેથી અશ્વ-મન, પોત-પોતાના વિષયને વ્યાપ્ત કરે છે માટે અક્ષ - ઈન્દ્રિયો, મહાસ્ફૂર્તિવાળા મન અને ઈન્દ્રિયો જેને છે એવો મહાશ્વાક્ષ દેવ, એક ઘણો ભારે, કેમકે જો નાનો હોય તો તેના ગંધના પુદ્ગલો વડે સંપૂર્ણ જંબૂદ્વીપને વ્યાપ્ત કરવો અશક્ય થાય. અતિ સૂક્ષ્મ છિદ્રોને પણ ઢાંકવાથી વિશિષ્ટ લેપાદિ કરેલા ઉપરના ઢાંકણા વડે સહિત, તેવા ઢાંકણ વિના સૂક્ષ્મ છિદ્રો વડે ઘણાં પુદ્ગલો નીકળી જાય અને તેને ઉઘાડતી વખતે થોડાં રહેવાથી તેના વડે સંપૂર્ણ જંબૂદ્વીપને વ્યાપ્ત કરવનું ઘટે નહીં —

— અતિ ઉત્તમ ગંધ દ્રવ્યો વડે પરિપૂર્ણ ભરેલો ડાભડો તેને ઉપાડે છે, એ પ્રમાણે પરિપૂર્ણ હોવાથી કેવળજ્ઞાન સમાન સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વડે, અહીં ચપટી-કાળ સૂચક છે. એટલે ત્રણ ચપટી વગાડાય તેટલાં કાળ વડે - સમયમાં ૨૧-વખત ચારે તરફ ભમીને શીઘ્ર આવે - x - x - એમ પહેલાં વિવક્ષિત અર્થના બોધનું કારણ દૃષ્ટાંતનો પીઠિકાબંધ કહ્યો. હવે વિવક્ષિત અર્થના બોધનું કારણ દૃષ્ટાંત વાક્ય કહેવાય છે.

ખરેખર હે ગૌતમ ! તે સંપૂર્ણ જંબૂદ્વીપ તે ગંધના ડાભડાથી નીકળેલાં ઘણાં ગંધના પુદ્ગલો વડે વ્યાપ્ત થાય ? હવે ગૌતમ કહે છે — હા વ્યાપ્ત થાય. કેમકે

ગંધ પુદ્‌ગલો ચોતરફ અતિ પ્રસરવાના સ્વભાવવાળાં હોય છે. ફરી પ્રશ્ન કરે છે – જેમ તે સંપૂર્ણ જંબૂદ્વીપમાં વ્યાપ્ત ગંધ પુદ્‌ગલો સૂક્ષ્મ હોવાથી છદ્મસ્થોને ચક્ષુ આદિ ઈન્દ્રિય ગોચર થતાં નથી, તેમ સર્વલોક વ્યાપી નિર્જરા પુદ્‌ગલો પણ ઈન્દ્રિયગમ્ય નથી. એટલાં સૂક્ષ્મ નિર્જરા પુદ્‌ગલો છે.

હવે જે કારણથી કેવલિ સમુદ્‌ઘાતનો આરંભ કરે છે, તે સંબંધે પ્રશ્ન કરવાની ઈચ્છાવાળા સૂત્રકાર કહે છે –

● **સૂત્ર-૬૧૫ થી ૬૧૯ :-**

*[૬૧૫] ભગવન્ ! કેવલજ્ઞાની કયા હેતુથી કેવલીસમુદ્‌ઘાતને પ્રાપ્ત થાય છે ? ગૌતમ ! કેવળજ્ઞાનીને ચાર કર્માંશો અક્ષીણ, અવેદિત અને અનિર્જિર્ણ હોય છે. તે આ – વેદનીય, આયુ, નામ અને ગોત્ર. તેમાં તે કેવલીને સૌથી વધુ પ્રદેશવાળું વેદનીય કર્મ હોય છે અને સૌથી થોડાં પ્રદેશવાળું આયુકર્મ હોય છે. ત્યારે તેને બંધન વડે અને સ્થિતિ વડે વિષમ હોય તો સમ કરે છે. આ બંધન અને સ્થિતિ વડે વિષમને સમાન કરવા માટે કેવલી સમુદ્‌ઘાત કરે છે. એ પ્રમાણે નિશ્ચે કેવલી સમુદ્‌ઘાતને પામે છે.*

*ભગવન્ ! બધાં કેટલી સમુદ્‌ઘાત કરે છે, બધાં કેવલી સમુદ્‌ઘાતને પ્રાપ્ત થાય છે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.*

*[૬૧૬] જેને આયુના તુલ્ય પ્રદેશ અને સ્થિતિ વડે ભવના હેતુભૂત કર્મ છે, તે સમુદ્‌ઘાત કરતો નથી.*

*[૬૧૭] સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયા વિના અનંતા કેવલિ જિનો જરા-મરણથી મુક્ત થઈ શ્રેષ્ઠ ગતિરૂપ સિદ્ધિને પ્રાપ્ત થયેલા હોય છે.*

*[૬૧૮] ભગવન્ ! કેટલાં સમયનું આયોજીકરણ છે ? ગૌતમ ! અસંખ્યાતા સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ આયોજીકરણ કહેલું છે.*

*[૬૧૯] ભગવન્ ! કેટલાં સમયનો કેવલી સમુદ્‌ઘાત છે ? ગૌતમ ! આઠ સમય પ્રમાણ. તે આ રીતે – પહેલાં સમયે દંડ કરે છે, બીજા સમયે કપાટ કરે છે, ત્રીજા સમયે મંથાન કરે છે, ચોથા સમયે લોકને પૂરે છે, પાંચમા સમયે લોકને સંહરે છે, છટ્ઠા સમયે મંથાન સંહરે છે, સાતમા સમયે કપાટ સંહરે છે, આઠમા સમયે દંડ સંહરે છે. દંડને સંહરીને શરીરસ્થ થાય છે.*

*ભગવન્ ! તે પ્રકારે સમુદ્‌ઘાત પ્રાપ્ત થયેલો શું મનોયોગનો વ્યાપાર કરે છે ? વચનયોગનો વ્યાપાર કરે છે ? કાયયોગનો વ્યાપાર કરે છે ? ગૌતમ ! તે મનોયોગ કે વચનયોગનો નહીં પણ કાયયોગનો વ્યાપાર કરે છે. ભગવન્ ! કાયયોગનો વ્યાપાર કરતો તે શું ઔદારિક કાયયોગનો વ્યાપાર કરે છે કે ઔદારિક મિશ્ર શરીર કાયયોગનો ? વૈક્રિયશરીર કાયયોગ કે વૈક્રિયમિશ્ર શરીર કાયયોગનો ? આહારક શરીરકાય યોગ કે આહારક મિશ્ર શરીર કાયયોગનો ? કાર્મણ શરીર કાયયોગનો વ્યાપાર કરે છે ? ગૌતમ ! તે ઔદારિક શરીર*



E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (105)



*કાયયોગ, ઔદારિક મિશ્રશરીર કાયયોગ અને કાર્મણ શરીર કાયયોગનો વ્યાપાર કરે છે. પણ વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારક મિશ્ર શરીર કાયયોગનો વ્યાપાર કરતો નથી.*

*પહેલાં અને આઠમાં સમયમાં ઔદારિક શરીર કાયયોગનો અને બીજા, છટ્ઠા, સાતમા સમયમાં ઔદારિક મિશ્ર શરીર કાયયોગનો વ્યાપાર કરે છે. ત્રીજા, ચોથા, પાંચમાં સમયમાં કાર્મણ શરીર કાયયોગનો વ્યાપાર કરે છે.*

● **વિવેચન-૬૧૫ થી ૬૧૯ :-**

કયા કારણથી કેવલી - કેવલજ્ઞાન સહિત સમુદ્‌ઘાત પ્રાપ્ત થાય છે ? સમુદ્‌ઘાત આરંભે છે ? કેમકે તે કૃતકૃત્ય છે. ભગવંત કહે છે – ગૌતમ ! કેવલીને ચાર કર્મો ક્ષય ન પામેલા, ન વેદેલા છે તેથી. અર્થાત્ જેથી વેદેલા નથી, તેથી ક્ષય પામેલા નથી. કર્મનો ક્ષય પ્રદેશથી કે વિપાકથી કર્મને વેદવાથી થાય છે. સર્વ કર્મો પ્રદેશરૂપે ભોગવાય છે, પણ તે ચારે કર્મો વેદ્યા નથી માટે ક્ષય પામેલા નથી. એની જ પર્યાયથી વ્યાખ્યા કરે છે –

આત્મપ્રદેશોથી સર્વથા નાશ ન પામેલા એવા રહેલાં છે. તેને નામોચ્ચારપૂર્વક જણાવે છે – તે સુગમ છે. તેમાં જ્યારે તે કેવળજ્ઞાનીને સૌથી વધુ પ્રદેશવાળું વેદનીય કર્મ હોય અને ઉપલક્ષણથી નામ અને ગોત્રકર્મ પણ હોય છે અને સૌથી થોડાં પ્રદેશવાળું આયુકર્મ હોય ત્યારે તે બંધન અને સ્થિતિ વડે, બંધન-ભવરૂપી કારાવાસથી નીકળતો પ્રાણી જે વડે પ્રતિબંધ પામે તે બંધનો અથવા યોગ નિમિત્તે આત્મપ્રદેશોની સાથે જે તાદાત્મ્ય સ્વરૂપે બંધાય - સંશ્લેષને પામે તે બંધનો.

સ્થિતિ - કર્મના અનુભાવનો કાળ, તે પ્રમાણે ભાષ્યકારે કહ્યું છે કે – સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો બંધનો અને સ્થિતિ વડે વિષમને સમાન કરે છે. બંધન એટલે કર્મદ્રવ્યો અને તેઓનો કાળ તે સ્થિતિ જાણવી. તેથી તે બંધનો અને સ્થિતિ વડે વિષમ એવા વેદનીયાદિ કર્મને સમુદ્‌ઘાત કરવા વડે આયુષ્યકર્મની સમાન કરે છે. એ પ્રમાણે ખરેખર કેવલી બંધનો વડે અને સ્થિતિ વડે વિષમતાને પ્રાપ્ત થયેલા વેદનીયાદિ કર્મને સમાન કરવા માટે સમુદ્‌ઘાત કરે છે. સમુદ્‌ઘાત કરવાનો પ્રયત્ન કરે છે અને એ પ્રમાણે તે સમુદ્‌ઘાતને પ્રાપ્ત થાય છે.

કહ્યું છે કે – આયુષ્ પૂરાં થતાંબાકીના બીજા કર્મોની જો સમાપ્તિ ન થાય તો તે સ્થિતિના વિષમપણાથી સમુદ્‌ઘાતને પ્રાપ્ત થાય છે. સ્થિતિ અને બંધન વડે તે કર્મોને સમાન કરવા માટે તેનું આયુષ્ જ્યારે અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે તે સમુદ્‌ઘાત કરવાને ઈચ્છે છે.

પ્રશ્ન - વધું સ્થિતિવાળા વેદનિયાદિ કર્મને આયુની સમાન કરવા માટે સમુદ્‌ઘાત કરે છે - એમ કહ્યું તે યુક્ત નથી. કેમકે કૃત્નાશાદિ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે - લાંબા કાળ સુધી ભોગવવા યોગ્ય વેદનીયાદિ કર્મનો થોડાં કાળમાં નાશ થવાનો સંભવ હોવાથી કૃતનાશ દોષ પ્રાપ્ત થાય અને વેદનીયાદિ કર્મ

માફક કરેલા કર્મક્ષયનો પણ ફરી નાશ થવાનો સંભવ હોવાથી મોક્ષને વિશે પણ અશ્રદ્ધાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

ઉત્તર - તે સત્ય નથી, કારણ કે — કૃતનાશાદિ દોષનો પ્રસંગ નથી. તે આ પ્રમાણે — અહીં જેમ પ્રતિદિન એક શેર ખોરાક ખાવા વડે ૧૦૦ વર્ષ ચાલે તેટલા ખોરાકને ભસ્મકવ્યાધિ વડે તેના સામર્થ્યથી થોડાં દિવસમાં બધો ખોરાક ખાઈ જવાથી કૃતનાશ દોષની પ્રાપ્તિ થતી નથી, તેમ વેદનીયાદિ કર્મનો પણ તથાવિધ શુભ અધ્યવસાયના અનુબંધથી ઉપક્રમ થવા વડે બધાંનો ઉપભોગ થવાથી કૃતનાશરૂપ દોષનો પ્રસંગ નથી. કેમકે બે પ્રકારે કર્મનો અનુભવ થાય છે - વિપાકથી અને પ્રદેશથી. તેમાં પ્રદેશથી બધાં કર્મો ભોગવાય છે. એવું કોઈ કર્મ નથી કે જે પ્રદેશથી અનુભવ કર્યા સિવાય ક્ષય પામે. તેથી શી રીતે કૃતનાશ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય?

વિપાકથી કોઈ કર્મ ભોગવાય છે, કોઈ કર્મ ભોગવાતું નથી, જે એમ ન હોય તો, એટલે બધું વિપાકથી જ ભોગવાય તો મોક્ષના અભાવનો પ્રસંગ થાય. તે આ પ્રમાણે — વિપાકાનુભાવ વડે જ બધું કર્મ ક્ષય કરવું જોઈએ એવો નિયમ હોય તો અસંખ્યાતા ભવોમાં તેવા પ્રકારના વિચિત્ર અધ્યવસાય વિશેષથી જે નરક ગત્યાદિ કર્મ બાંધ્યુ હોય તેનો એક મનુષ્યાદિ ભવમાં વિપાક વડે અનુભવ ન થાય, કારણ કે તેવા પ્રકારના વિપાકાનુભાવનું નિમિત્ત પોત-પોતાનો ભવ હોય છે. તેથી અનુક્રમે પોતપોતાના ભવના નિમિત્ત વડે વેદવામાં નારકાદિ ભવોના ચારિત્રના અભાવ વડે ઘણાં કર્મોનો ઉપચય થવાથી અને તેનો પણ પોતપોતાના ભવરૂપ નિમિત્ત વડે અનુભવ કરવાનો હોવાથી ક્યાંથી મોક્ષ થાય? તે માટે સર્વ કર્મનો વિપાકથી અનુભવ વિકલ્પે જાણવો અને પ્રદેશથી અવશ્ય ભોગવવું જોઈએ એમ માનવું. તેથી કોઈપણ દોષ નથી.

પ્રશ્ન - એમ છતાં દીર્ઘકાળ ભોગ્યપણે તે વેદનીયાદિ કર્મ બાંધેલું છે અને ઉપક્રમ વડે તેના પરિમાણ કરતાં થોડાં કાળમાં જ તેનો અનુભવ પ્રાપ્ત થાય છે. તો એ પ્રમાણે પણ કૃતનાશ દોષનો પ્રસંગ કેમ નથી?

સમાધાન - તે કથન પણ સત્ય નથી, કેમકે બંધ સમયે જ તેવા પ્રકારના અધ્યવસાયથી પ્રારંભમાં ઉપક્રમને યોગ્ય જ કર્મ તેણે બાંધેલું છે. વળી જિનવચનના પ્રામાણ્યથી પણ વેદનીય આદિ કર્મનો ઉપક્રમ જાણવો. એ સંબંધે ભાષ્યકાર કહે છે — કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ કહ્યા છે, તે દ્રવ્યાદિ — દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ પાંચેને આશ્રીને કહ્યા છે. માટે એથી પણ ઉપક્રમ થવો યુક્ત છે. એ પ્રમાણે મોક્ષના ઉપક્રમનું કોઈ કારણ નથી, જેથી તેમાં અવિશ્વાસનો પ્રસંગ પ્રાપ્ત થાય. જેમ મોક્ષા ઉપક્રમનો કોઈ પણ હેતુ નથી, તેમ છેલ્લા સૂત્રમાં કહેશે. તેથી જે કહ્યું છે કે વેદનીયાદિની માફક કરેલાં કર્મ ક્ષયનો પણ ફરી નાશ થવાનો સંભવ હોવાથી મોક્ષને વિશે અશ્રદ્ધા થશે, એ પણ

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (106)



યુક્તિયુક્ત નથી.

અહીં અન્ય પૂર્વપક્ષી શંકા કરે છે — જ્યારે વેદનીયાદિ કર્મ ઘણું વધારે હોય અને આયુ સૌથી થોડું હોય ત્યારે અધિક વેદનીયાદિ કર્મનો ઘાત કરવા માટે ભલે સમુદ્ઘાત કરે, કેમકે વેદનીયાદિ સોપક્રમ છે. પણ જ્યારે આયુકર્મ અધિક હોય અને સૌથી થોડું વેદનીયાદિ કર્મ હોય ત્યારે શું સમજવું? ખરેખર અધિક આયુકર્મનો ઘાત કરવાને સમુદ્ઘાત કરતો નથી કેમકે ચરમ શરીરીનું આયુ નિરૂપક્રમ હોય છે - એમ શાસ્ત્રવચન છે.

સમાધાન - તે અયુક્ત છે, કેમકે આવી સ્થિતિ કદાપિ હોતી નથી. જેમકે હંમેશાં વેદનીયાદિ જ આયુ કરતાં અધિક સ્થિતિવાળા હોય છે. કદિ પણ વેદનીયાદિ કરતાં આયુ અધિક સ્થિતિક હોતું નથી. આવો નિયમ શાથી જાણવો? પરિણામના સ્વભાવથી. તે આ પ્રમાણે — આવા પ્રકારનો જ આત્મ પરિણામ છે કે જેથી આયુષ્ વેદનીયાદિના સમાન હોય કે તેથી ન્યૂન હોય. પણ કદિ અધિક ન હોય. જેમ કે આયુષ્નો જ અધ્રુવ બંધ થાય છે —

— તે આ પ્રમાણે — આયુષ્ સિવાયના સાતે જ્ઞાનવરણ આદિ કર્મો સર્વદા બંધાય છે અને આયુષ્ તો પોતાના ભવના ત્રીજો ભાગ વગેરે શેષ કાળે જ બંધાય છે. તેમાં એવા પ્રકારની વિચિત્રતાના નિયમમાં સ્વભાવ સિવાય બીજો કોઈ હેતુ નથી. એ પ્રમાણે અહીં પણ સ્વભાવ વિશેષ જ નિયામક જાણવો.

એ સંબંધે ભાષ્યકાર કહે છે — વિષમ સ્થિતિક કર્મમાં શો નિયમ છે કે થોડું આયુ હોય છે પણ બાકીના કર્મો થોડાં હોતા નથી? પરિણામના સ્વભાવથી છે અને તેથી જ આયુષ્કર્મનો અધ્રુવ બંધ હોય છે.

વિશેષ જાણવા માટે ગૌતમ પૂછે છે — બધાં કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે? ગૌતમ! એ અર્થયુક્ત નથી. અર્થાત્ બધાં કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થતાં નથી. પણ જેમના વેદનીયાદિ કર્મ આયુષ્યથી અધિક હોય છે, તે સમુદ્ઘાત કરે છે. જેના વેદનીય આદિ કર્મો સ્વભાવથી જ આયુના સમાન સ્થિતિક હોય તેઓ સમુદ્ઘાત કર્યા વિના જ તેનો ક્ષય કરીને સિદ્ધ થાય છે. - x -

જે કેવલીના આયુષ્ના તુલ્ય ભવોપગ્રાહ કર્મો છે, ભવ - મનુષ્યભવમાં, ગ્રહણ કરાય જેમના વડે તે ભવોપગ્રહ-વેદનીય, નામ અને ગોત્ર કર્મ, તે बन्धन - કર્મ પ્રદેશો વડે અને સ્થિતિ વડે સમાન હોય છે, તે સમુદ્ઘાતને પ્રાપ્ત થતાં નથી. પણ સમુદ્ઘાત કર્યા વિના જ તેને ખપાવી સિદ્ધિરૂપી મહેલમાં બિરાજે છે. - - - આ ભાવ કદાચિત જ હોય કે બહુધા?

કેવલિ સમુદ્ઘાતને પામ્યા સિવાય ચરમગતિને પ્રાપ્ત થયેલા છે, એ ક્રિયાનો સંબંધ જાણવો. કેટલા? અનંત કેવળજ્ઞાન અને કેવલ દર્શન સહિત એવા, આ કથન વડે જેઓ "બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કાર" એ નવ, આત્માના ગુણોનો અત્યંત ઉચ્છેદ થવો એ મોક્ષ. એમ માને છે તેના મતનું

ખંડન કર્યું છે, એમ સમજવું. કેમકે જ્ઞાન એ આત્માનો નિરુપચરિત સ્વભાવ છે, તેથી તેનો વિનાશ થતો નથી. અન્યથા આત્માનો જ અભાવ થાય. - x -

જિન - જેણે રાગાદિ શત્રુ જિત્યા છે એવા. આ કથન વડે ગોશાલકના મતનું ખંડન કર્યું. કેમકે તેમના મતે મુક્તિપદને પામેલ હોવા છતાં પણ તેને વાસ્તવિક રીતે વીતરાગ માનતા નથી. કેમકે મુક્તિપદને પામેલ છતાં પણ તીર્થનો તિરસ્કાર થતો જોઈને અહીં આવે છે - એવું તેમનું કથન છે. પણ વીતરાગનું પરાભવ બુદ્ધિથી અહીં આવવું અસંભવ છે.

વળી કેવા છે ? જરા અને મરણથી રહિત, ઉપલક્ષણ વડે સમસ્ત રોગ અને શોકાદિ સાંસારિક ક્લેશોથી મુક્ત જાણવા. એના વડે એકાંતથી મોક્ષસુખનું ઉપાદેયપણું કહે છે. કેમકે અન્યને એવા પ્રકારના સ્વરૂપવાળા સ્થાનનો અસંભવ છે. સંસારમાં શ્રેષ્ઠ સુખને પ્રાપ્ત થયેલું હોય તો પણ એવા પ્રકારનું સ્થાન નથી. કેમકે સર્વ વસ્તુનો છેવટે વિનાશ છે. સિદ્ધિ - સર્વકર્મના ક્ષય વડે આત્માનું સ્વરૂપમાં અવસ્થાન, એવી ઉત્તમ ગતિને - સિદ્ધિને પ્રાપ્ત થયેલા છે.

હવે સર્વ કેવલી સમુદ્‌ઘાતને પ્રાપ્ત થતાં પ્રથમ આવર્જીકરણ કરે છે. તે પ્રમાણે કેવલી સમુદ્‌ઘાતની પ્રક્રિયા કહેવા ભાષ્યકાર સમુદ્‌ઘાત શબ્દનું વ્યાખ્યાન કરે છે - તેમાં આયુષ્‌ના અંશથી અધિક કર્મનો ઘાત કરવો તે સમુદ્‌ઘાત. તેને પામવાની ઈચ્છાવાળા કેવલી પૂર્વે આવર્જીકરણ કરે છે.

આવર્જીકરણ એટલે - આત્માને મોક્ષની અભિમુખ કરવો, મોક્ષ પ્રત્યે જોડવો. અથવા જે વડે મોક્ષ અભિમુખ કરાય તે આવર્જ - શુભ મન-વચન-કાયાનો વ્યાપાર વિશેષ. કહ્યું છે કે આવર્જન - ઉપયોગ કે વ્યાપાર, તેથી બંને સ્થાને પૂર્વે ન હોય તેનું કરવું એ વિવક્ષામાં આવર્જીકરણ કહેવાય છે. બીજા આચાર્યો આવર્જિતકરણ એવો શબ્દ કહે છે. તેના શબ્દાર્થ-સન્મુખ કરાયેલ. લોકમાં એમ બોલાય છે - મેં તેને સન્મુખ કરેલો છે. તથા ભવ્યત્વ વડે આવર્જિત-મોક્ષ સન્મુખ કરાયેલા આત્માનું કરણ-શુભયોગનો વ્યાપાર તે. બીજા આચાર્યો કહે છે — આયોજિકાકરણ. અન્વયાર્થ આ પ્રમાણે છે — आ - અવશ્યપણે કરવું તે આવશ્યકકરણ. જેમકે કેટલાંક કેવલી સમુદ્‌ઘાત કરે અને કેટલાંક ન કરે, પરંતુ આ આવશ્યક કરણ તો બધાં કેવલી કરે છે.

હવે આવર્જીકરણના કાળનું પ્રમાણ બતાવવા માટે સૂત્ર કહે છે — ભગવન્ ! આવર્જીકરણ કેટલાં સમય પ્રમાણે છે ? ઈત્યાદિ સુગમ છે. આવર્જીકરણ કર્યા પછી તુરંત કેવલી સમુદ્‌ઘાતનો આરંભ કરે છે - તે કેટલાં સમયનો છે ? એ આશંકામાં તેના સમયનું નિરૂપણ કરવા માટે કહે છે — કેવલી સમુદ્‌ઘાત કેટલા સમયનો છે ? ઈત્યાદિ સુગમ છે. તેમાં જે સમયે જે કરે છે, તે બતાવે છે — પહેલાં સમયે ઈત્યાદિ સુગમ છે. કેમકે પૂર્વે તેની વ્યાખ્યા કરેલી છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે — જેમ આદિના ચાર સમયોમાં અનુક્રમે આત્મપ્રદેશોનો વિસ્તાર થાય છે, તેમ ઉલટા ક્રમ

E:\Maharaj Saheib\Adhayan-40\Book-40B (PROOF-1) (107)



વડે સંહરણ થાય છે. અન્યત્ર પણ કહ્યું છે — પ્રથમ સમયે ઉર્ધ્વ અને અધો લોકાંત સુધી જવા વાળો સ્વદેહ પ્રમાણ વિસ્તારવાળો દંડ કરે છે, બીજા સમયે કપાટ કરે છે, ત્રીજા સમયે મંથાન કરે છે, ચોથા સમયે લોકને વ્યાપ્ત કરે છે. પછી ઉલટા ક્રમે સંહરણ કરી શરીરમાં સ્થિત થાય છે.

આ સમુદ્‌ઘાત કરવામાં જે યોગની પ્રવૃત્તિ થાય છે તેને સૂત્રકાર કહે છે — સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો શું મનોયોગનો વ્યાપાર કરે ? ઈત્યાદિ. તેમાં તે મનોયોગ અને વચનયોગનો વ્યાપાર કરતો નથી. કેમકે તેનું પ્રયોજન નથી, તે સંબંધે શ્રી હરિભદ્રસૂરિજી કહે છે — તે વખતે પ્રયોજનાભાવે મન, વચનનો વ્યાપાર કરતો નથી. કાયયોગનો વ્યાપાર કરતો ઔદારિક - ઔદારિક મિશ્ર અને કાર્મણ કાયયોગનો વ્યાપાર કરે છે, શેષ કાયયોગનો વ્યાપાર કરતો નથી. કેમકે લબ્ધિનો ઉપયોગ ન કરતો હોવાથી બાકીના કાયયો ન સંભવે.

તેમાં પહેલા અને આઠમાં સમયે કેવળ ઔદારિક શરીરનો જ વ્યાપાર કરે છે માટે ઔદારિક કાયયોગ છે. બીજા-છટ્ઠા-સાતમા સમયે ઔદારિક અને કાર્મણ શરીરનો વ્યાપાર છે, માટે ઔદારિક મિશ્ર કાયયોગ છે. ત્રીજા, ચોથા, પાંચમાં સમયે કેવળ કાર્મણ શરીરના વ્યાપારવાળો છે, માટે કાર્મણકાય યોગ છે.

એ સંબંધે ભાષ્યકાર કહે છે — નિશ્ચે સમુદ્‌ઘાત પ્રાપ્ત થયેલો મન, વચન યોગનો વ્યાપાર કરતો નથી. પણ પહેલાં અને આઠમાં સમયે ઔદારિક કાય યોગનો વ્યાપાર કરે છે વગેરે.

● **સૂત્ર-૬૨૦ :-**

*ભગવન્ ! તે પ્રમાણે સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય, નિર્વાણ પામે અને સર્વ દુઃખોનો અંત કરે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. તે સમુદ્‌ઘાતથી નિવૃત્ત થાય છે, નિવૃત્ત થઈને પછી મનોયોગનો પણ વ્યાપાર કરે, વચન યોગનો પણ વ્યાપાર કરે, કાયયોગનો પણ વ્યાપાર કરે છે.*

*મનોયોગનો વ્યાપાર કરતો શું સત્ય મનોયોગનો વ્યાપાર કરે, મૃષા મનોયોગનો૦, સત્યમૃષા મનોયોગનો૦ કે અસત્યામૃષા મનોયોગનો વ્યાપાર કરે ?*

*વચનયોગનો વ્યાપાર કરતો શું સત્ય વચનયોગનો વ્યાપાર કરે, મૃષા વચનયોગનો૦, સત્યમૃષા વચનયોગનો૦, અસત્યામૃષા વચન યોગનો વ્યાપાર કરે ?*

*હે ગૌતમ ! સત્ય મનોયોગ અને અસત્યામૃષા મનોયોગનો વ્યાપાર કરે પણ મૃષા મનોયોગ અને સત્યમૃષા મનોયોગનો વ્યાપાર ન કરે, એ રીતે જ સત્ય વચનયોગ અને અસત્યામૃષા વચનયોગનો વ્યાપાર કરે પણ મૃષા વચનયોગ અને સત્યમૃષા વચનયોગનો વ્યાપાર ન કરે.*

*કાયયોગનો વ્યાપાર કરતો આવે, જાય, ઉભો રહે, બેસે, આળોટે, ઉલ્લંઘન કરે, પ્રલંઘન કરે, પ્રાતિહારિક, પીઠ, ફલક, શય્યા, સંથારો પાછા આપે.*

● **વિવેચન-૬૨૦ :-**

તે કેવલી દંડ, કપાટ વગેરેના ક્રમે સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો સિદ્ધ થાય - કૃતાર્થ થાય. સિદ્ધ થવાનો હોય તો પણ વ્યવહારથી સિદ્ધ કહેવાય, માટે કહે છે - કેવળજ્ઞાન વડે જાણે કે હું નિશ્ચયથી સર્વ કર્મના ક્ષયથી કૃતાર્થ થઈશ ? તેથી કહે છે - સમસ્ત પ્રકારે શાંત થાય છે, નિર્વાણ પામે છે ? એ બાબતને પર્યાય શબ્દ વડે સ્પષ્ટ કરે છે - સર્વ દુઃખોનો અંત કરે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી કે સમુદ્ઘાત પ્રાપ્ત થયેલો યાવત્ સર્વ દુઃખોનો અંત કરે. કેમકે હજી તેમણે યોગ નિરોધ કર્યો નથી. સયોગીની આગળ કહેવાનાર યુક્તિ વડે સિદ્ધિ થતી નથી.

તેથી શું કરે છે ? તે કહે છે – પ્રસ્તુત સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો સમુદ્ઘાતથી નિવૃત્ત થાય છે અને નિવૃત્ત થઈને ત્યારપછી મનોયોગ-વચનયોગ-કાયયોગનો વ્યાપાર કરે છે. કારણ કે ભગવન્ નામ, ગોત્ર, વેદનીયરૂપ કર્મ ઘણાં હોય ત્યારે અચિંત્ય પ્રભાવવાળા સમુદ્ઘાતના વશથી આયુષ્ના સમાન કર્યા પછી અંતર્મુહૂર્ત્તમાં મોક્ષ પામવાના હોવાથી તે કાળે જો અનુત્તરૌપપાતિકાદિ દેવ મનથી પૂછે તો ઉત્તર આપવા માટે મનના પુદ્ગલો ગ્રહણ કરી મનોયોગનો વ્યાપાર કરે છે. તે પણ સત્ય કે અસત્યામૃષારૂપ મનનો વ્યાપાર કરે છે.

મનુષ્યાદિકે પૂછ્યું હોય કે ન પૂછ્યું હોય તો કાર્યવશથી વચનયોગના પુદ્ગલો ગ્રહણ કરી વચનયોગનો વ્યાપાર કરે છે અને તે સત્ય કે અસત્યામૃષારૂપ વચનયોગનો વ્યાપાર કરે છે, બાકીના વચન અને મનોયોગનો વ્યાપાર કરતાં નથી, કેમકે તેના રાગાદિ ક્ષીણ થયા છે.

ગમનાગમન આદિમાં ઔદારિક કાયયોગનો વ્યાપાર કરે છે. તે આ પ્રમાણ – ભગવન્ કાર્ય નિમિત્તે કોઈ સ્થાનથી વિવક્ષિત સ્થાને આવે, અથવા ક્યાંય જાય, અથવા ઉભા રહે કે બેસે, તેવા પ્રકારના શ્રમ દૂર કરવા માટે આળોટે અથવા વિવક્ષિત સ્થાને તેવા પ્રકારના આવી પડતાં જીવો વડે વ્યાપ્ત ભૂમિને જોઈને તેનો ત્યાગ કરવા માટે, પ્રાણી રક્ષા નિમિત્તે ઉલ્લંઘન અથવા પ્રલંઘન કરે. તેમાં સ્વાભાવિક પાદ વિક્ષેપ-પગલાં ભરવા, ગમન કરવા કરતાં કંઈક અધિક ગમન કરવું તે ઉલ્લંઘન, તેથી વધારે મોટાં પગલાં ભરવા તે પ્રલંઘન.

અથવા પાસે રહેલાં પીઠ-આસન, ફલક-પાટીયા, શય્યા-વસતિ, સંથારો પાછા આપે એટલે જેની પાસેથી લાવેલા હોય તેને પાછા સોંપે.

અહીં ભગવંત આર્ય શ્યામાચાર્યે પાસે રહેલા આસન, ફલકાદિ પાછા આપવાનું જ કહ્યું છે, તેથી જણાય છે કે અવશ્ય અંતર્મુહૂર્ત્ત આયુ બાકી હોય ત્યારે જ આવર્જીકરણાદિ કરે છે, પણ વધારે આયુષ્ બાકી હોય તયારે કરતો નથી. જો એમ ન હોય તો તેને ગ્રહણ કરવાનો પણ સંભવ હોવાથી ગ્રહણ પણ કરવા પડે.

એ કથન વડે કોઈ આચાર્યો કહે છે – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત બાકી હોય ત્યારે અને ઉત્કૃષ્ટ છ માસ બાકી હોય ત્યારે સમુદ્ઘાત કરે છે. તેનું ખંડન જાણવું.



કેમકે છ માસમાં વચ્ચે વર્ષાકાળનો પણ સંભવ હોવાથી તે નિમિત્તે આસન ફલકાદિનું ગ્રહણ પણ સંભવે. પરંતુ તે સૂત્રને સંમત નથી, માટે તે પ્રરૂપણા ઉત્સૂત્ર જાણવી.

વળી આવશ્યકમાં પણ સમુદ્ઘાત કર્યા પછી તુરંત શૈલેશી કથનથી એ ઉત્સૂત્ર પ્રરૂપણા જાણવી. તે સૂત્ર આ પ્રમાણે છે – દંડ, કપાટ, મંથન, આંતરા પૂરવા, સંહરણ, શરીરસ્થ, વચનયોગનિરોધ, શૈલેશી અને સિદ્ધ અનુક્રમે જાણવા. જો ઉત્કર્ષથી છ માસનું અંતર પડે તો તે પણ કહે, પણ કહ્યું નથી, માટે તે અયુક્ત છે.

તે પ્રમાણે ભાષ્યકાર કહે છે – કર્મ ઓછા કરવા નિમિત્તે શેષ અંતર્મુહૂર્ત્તનો કાળ જાણવો. બીજા આચાર્યો એને જઘન્ય કાળ કહે છે અને છ માસનો ઉત્કૃષ્ટ કાળ માન છે. કેમકે પછી તુરંત શૈલેશીનું કથન હોવાથી અને પાસે રહેલા પીઠ-ફલક આદિનું પાછું આપવાનું જ સૂત્રમાં કહ્યું છે. અન્યથા તેને ગ્રહણ કરવાનું પણ હોય.

અહીં એ પ્રમાણે અંતર્મુહૂર્ત્ત સુધી યથાસંભવ ત્રણ યોગના વ્યાપારવાળા કેવળી થઈને ત્યારપછી અત્યંત સ્થિરતારૂપ, લેશ્ય રહિત અને પરમ નિર્જરાનું કારણ ધ્યાનને અંગીકાર કરવાની ઈચ્છાવાળા યોગનો નિરોધ કરવા માટે પ્રારંભ કરે છે કારણ કે યોગ હોય ત્યારે ઉક્ત સ્વરૂપવાળા ધ્યાનનો અસંભવ છે. તે આ પ્રમાણે – યોગનો પરિણામ તે લેશ્યા કારણ કે યોગના અન્વય અને વ્યતિરેકને અનુસરે છે. તેથી જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી લેશ્યા અવશ્ય હોય છે. તેથી લેશ્યારહિત ધ્યાનનો સંભવ નથી. વળી જ્યાં સુધી યોગ છે, ત્યાં સુધી કર્મબંધ પણ છે. કારણ કે –

યોગથી પ્રકૃતિ અને પ્રદેશ બંધ કરે છે તથા સ્થિતિ અને અનુભાગ બંધ કષાયથી કરે છે - એવું શાસ્ત્રવચન છે. કેવળ તે કર્મબંધ માત્ર યોગ નિમિત્તક હોવાથી બે સમયનો છે તે આ પ્રમાણે – પ્રથમ સમયે કર્મબંધાય છે. બીજા સમયે વેદાય છે અને ત્રીજા સમયે તે કર્મ અકર્મરૂપે થાય છે, તેમાં જો કે બે સમયની સ્થિતિવાળા કર્મ કરાય છે અને પૂર્વ પૂર્વના કર્મ નાશ પામે છે, તો પણ સમયે સમયે નિરંતર કર્મ ગ્રહણ કરવામાં આવે તો મોક્ષ ન થાય અને અવશ્ય મોક્ષમાં જવાનું છે, તે માટે તે યોગ નિરોધ કરે છે.

કહ્યું છે કે – તે લેશ્યાનો નિરોધ કરવાને ઈચ્છતા અને યોગ નિમિત્તે સમય સ્થિતિના બંધને રોકવાને ઈચ્છતા યોગનિરોધ કરે છે સમયે સમયે કર્મ ગ્રહણ કરવામાં આવે તો કર્મ પ્રવાહને લીધે મોક્ષ ન થાય. જો કે સ્થિતિના ક્ષયથી પૂર્વ કર્મ મૂકાય છે અને કર્મરહિતનું યોગદ્રવ્ય વડે વીર્ય હોતું નથી, પણ યોગના અવસ્થાન વડે સમયસ્થિતિનો બંધ થાય છે. બંધની સમય માત્રની સ્થિતિ બંધના સમયને છોડીને જાણવી, ભાષ્ય પણ આ પૂર્વોક્ત સર્વ પ્રમેય અર્થને પુષ્ટ કરે છે. તે પ્રમાણે તેનો આ ગ્રન્થ છે –

સમુદ્ઘાતથી નિવૃત્ત થઈ જિન ત્રણે યોગનો વ્યાપાર કરે છે, સત્ય, અસત્યામૃષા મનોયોગ, વચનયોગ અને ગમનદિતમાં ઔદારિકાદિ કાયયોગનો વ્યાપાર કરે છે

તેમજ પાર્શ્વવર્તી પીઠફલકાદિનું પ્રત્યર્પણ કરે છે, ત્યારબાદ યોગ નિરોધ કરે છે.

સયોગી સિદ્ધ કેમ ન થાય ? કેમકે બંધનો હેતુ તે યોગ છે, તેથી તે સયોગી પરમ નિર્જરાનું કારણ પરમશુક્લ ધ્યાનને પ્રાપ્ત થતો નથી. તેથી કહે છે –

● સૂત્ર-૬૨૧ :-

*ભગવન્ ! તે પ્રકારે સયોગી સિદ્ધ થાય યાવત્ દુઃખનો અંત કરે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. તે પહેલાં જઘન્ય યોગવાળા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના મનોયોગની નીચે અસંખ્યાતગુણ હીન - ન્યૂન મનોયોગને રોકે છે. પછી તુરંત જઘન્ય યોગવાળા બેઈન્દ્રિય પર્યાપ્તાના વચનયોગની નીચે અસંખ્યાતગુણહીન બીજા વચનયોગનો રોધ કરે છે ત્યારપછી તુરંત જઘન્યયોગવાળા અપર્યાપ્તા સૂક્ષ્મ પનક જીવના કાયયોગની નીચે અસંખ્યાતગુણ હીન કાયયોગનો રોધ કરે છે.*

*તે એ ઉપાય વડે - એ પ્રમાણે પહેલાં મનોયોગનો રોધ કરે છે, મનોયોગનો રોધ કરી વચનયોગનો રોધ કરે છે, વચનયોગનો રોધ કરી કાયયોગનો રોધ કરે છે.*

*કાયયોગનો રોધ કરી યોગ નિરોધ કરે છે. યોગ નિરોધ કરીને અયોગીપણું - યોગરહિતપણું પામે છે.*

*યોગરહિતપણું પામ્યા પછી થોડાં કાળમાં હ્રસ્વ પાંચ અક્ષરના ઉચ્ચારણકાળ જેટલી અસંખ્યાતા સમયના અંતર્ મુહૂર્ત્ત પ્રમાણ શૈલેશીને પ્રાપ્ત થાય છે અને પૂર્વે રચેલી ગુણ શ્રેણી જેની છે એવા કર્મને અનુભવવા પ્રાપ્ત થાય છે. તે શૈલેશી કાળમાં અસંખ્યાતી ગુણ શ્રેણી વડે અસંખ્યાતા કર્મ સ્કંધોનો ક્ષય કરે છે.*

*તે ક્ષય કર્યા પછી વેદનીય, આયુષ્, નામ, ગોત્ર એ ચાર કર્મભેદોને એક સાથે ખપાવે છે. એક સાથે ખપાવી ઔદારિક, તૈજસ, કાર્મણ શરીરનો સર્વ પ્રકારે ત્યાગ કરે છે.*

*તે ત્યાગ કર્યા પછી ઋજુશ્રેણીને પ્રાપ્ત થયેલો અસ્પૃશદ્ગતિ વડે એક સમયમાં અવિગ્રહગતિથી ઉર્ધ્વ-ઉંચે જઈને સાકાર ઉપયોગ સહિત સિદ્ધિપદને પામે છે, બોધ પામે છે અને ત્યાં જઈને સિદ્ધ થાય છે.*

*ત્યાં રહેલાં સિદ્ધો શરીરરહિત, જીવપ્રદેશ ઘનવાળા, દર્શન અને જ્ઞાનના ઉપયોગવાળા, નિષ્ઠિતાર્થ, રજરહિત, કંપ રહિત, તિમિર રહિત અને વિશુદ્ધ એવા શાશ્વત અનાગતકાળ સુધી રહે છે.*

*ભગવન્ ! એમ કેમ કહો છો કે તેઓ ત્યાં રહેલાં સિદ્ધ અશરીરી, જીવપ્રદેશ ઘનવાળા, દર્શન-જ્ઞાનના ઉપયોગ સહિત, કૃતાર્થ, કર્મરજ રહિત, વિતિમિર, વિશુદ્ધ એવા શાશ્વત અનાગત કાળ પર્યન્ત રહે છે ?*

*ગૌતમ ! જેમ અગ્નિથી બળેલા બીજને ફરીથી અંકુરની ઉત્પત્તિ થતી*



*નથી, એ પ્રમાણે સિદ્ધોને પણ કર્મરૂપી બીજ બળી જવાથી ફરીથી જન્મની ઉત્પત્તિ થતી નથી. તે હેતુથી હે ગૌતમ ! એમ કહું છું કે ત્યાં રહેલાં તે સિદ્ધો અશરીરી, જીવપ્રદેશના ઘનવાળા, દર્શન-જ્ઞાનના ઉપયોગ સહિત, કૃતાર્થ, કર્મરજ રહિત, નિષ્કંપ, વિતિમિર, વિશુદ્ધ હોય છે અને શાશ્વત-અનાગત કાળ સુધી રહે છે.*

*સર્વ દુઃખોનો પાર પામેલા, જન્મ-જરા-મરણ અને કર્મના બંધનથી મૂકાયેલા એવા અવ્યાબાધ સુખને પ્રાપ્ત થયેલા અને સુખી શાશ્વત કાળ પર્યન્ત રહે છે.*

● વિવેચન-૬૨૧ :-

ભગવન્ ! તે પ્રમાણે સયોગી સિદ્ધ થાય ? આદિ સુગમ છે. યોગ નિરોધ કરતો પહેલાં મનોયોગનો રોધ કરે છે, તે પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયના પ્રથમ સમયે જેટલાં મનોદ્રવ્ય અને જેટલો તેનો વ્યાપાર હોય તેથી અસંખ્યાતગણો ન્યૂન મનોયોગનો પ્રતિસમય રોધ કરતો અસંખ્યાતા સમયો વડે સર્વથા રોધ કરે છે.

કહ્યું છે કે – જઘન્ય ઉપયોગવાળા પર્યાપ્ત માત્ર સંજ્ઞીના જેટલાં મનોદ્રવ્યો હોય છે, અને જેટલો તેનો વ્યાપાર હોય છે, તેથી અસંખ્યાતગુણ હીન સમયે સમયે રોકતો અસંખ્યાતા સમયોમાં મનનો સર્વથા રોધ કરે છે.

પ્રસ્તુત કેવલી યોગનો નિરોધ કરવાને ઈચ્છતો પહેલાં જઘન્ય યોગવાળા સંજ્ઞી પર્યાપ્તાના એટલે તેનો મનોયોગની નીચે અસંખ્યાતગુણ હીન સમયે સમયે રોકતો અસંખ્યાતા સમયમાં સર્વથા પહેલાં મનોયોગનો રોધ કરે છે.

ત્યારબાદ મનોયોગને રોક્યા પછી જઘન્યયોગવાળા બેઈન્દ્રિય પર્યાપ્તાના વચનયોગની નીચેના વચનયોગને અસંખ્યાતગુણહીન સમયે સમયે રોકતો સર્વથા બીજા વચનયોગનો રોધ કરે છે.

આ સંબંધે ભાષ્યકાર કહે છે – પર્યાપ્ત માત્ર બેઈન્દ્રિયના જઘન્ય વચનયોગના જે પર્યાયો છે, તેથી અસંખ્યાત ગુણહીન વચનયોગને સમયે સમયે રોકતો અસંખ્યાતા સમયે સર્વ વચનયોગનો નિરોધ કરે છે. તે વચનયોગ પછી તુરંત ઈત્યાદિ પૂર્વવત્ સમજવું.

પહેલા સમયમાં ઉત્પન્ન થયેલા અપર્યાપ્ત સૂક્ષ્મ પનક જીવનો એટલે જઘન્ય યોગવાળા સૌથી અલ્પ વીર્યવાળા સૂક્ષ્મ પનક જીવનો જે કાયયોગ છે, તેની નીચે અસંખ્યાતગુણ હીન કાયયોગને સમયે સમયે રોકતો અસંખ્યાતા સમયે સમસ્તપણે ત્રીજા કાયયોગનો નિરોધ કરે છે.

તે કાયયોગનો નિરોધ કરતો સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી શુક્લધ્યાનને પ્રાપ્ત થાય છે. તે ધ્યાનના સામર્થ્યથી મુખ અને ઉદરાદિના ખાલી ભાગને પૂરવા વડે શરીરના ત્રીજા ભાગના આત્મપ્રદેશો સંકુચિત થાય છે, એટલે શરીરના બેતૃતીયાંશ ભાગમાં આત્મપ્રદેશો ઘનરૂપે થાય છે. જેમકે સાત હાથ પ્રમાણ શરીર હોય તો તેને ત્રીજો ભાગ બે હાથ અને આઠ અંગુલ સંકુચિત થાય છે અને ચાર હાથ અને સોળ

આંગળ પ્રમાણ આત્મપ્રદેશો ઘનરૂપે થાય છે.

તે પ્રમાણે ભાષ્યકાર કહે છે – ત્યારપછી પહેલાં સમયમાં ઉત્પન્ન થયેલાં સૂક્ષ્મ પનકનો જે જઘન્ય કાયયોગ છે તેથી અસંખ્યાતગુણ હીન કાયયોગને એક એક સમયે રોકતો અને શરીરના ત્રીજા ભાગનો ત્યાગ કરતો અસંખ્યાતા સમયોમાં કાયયોગનો નિરોધ કરે છે.

કાયયોગના નિરોધ કાળે છેલ્લા અંતર્મુહૂર્તે વેદનીયાદિ ત્રણ કર્મમાં પ્રત્યેક કર્મની સ્થિતિ સર્વ અપર્વતના કરણ વડે ઘટાડી, ગુણ શ્રેણિના ક્રમ વડે કર્મપ્રદેશોની રચનાવાળી અયોગી અવસ્થાના કાળ પ્રમાણ કરે છે તે આ પ્રમાણે –

પહેલી સ્થિતિમાં થોડાં પ્રદેશો હોય છે, બીજી સ્થિતિમાં તેથી અસંખ્યાતગણાં પ્રદેશો હોય છે, ત્રીજી સ્થિતિમાં તેથી અસંખ્યાતગણાં પ્રદેશો હોય છે. એ પ્રમાણે ચરમસ્થિતિ સુધી જાણવું. તેની સ્થાપનાની આકૃતિ વૃત્તિમાં બતાવી છે.

એ પહેલાં સમયે બનેલા દલિકોની ગુણશ્રેણિઓ છે. એમ પ્રતિસમય ગ્રહણ કરેલાં દલિકની બનેલી ત્રણ કર્મમાં પ્રત્યેકની અસંખ્યાતી ગુણ શ્રેણીઓ જાણવી. કેમકે અંતર્મુહૂર્તના સમય અસંખ્યાતા છે. આયુષ્યની સ્થિતિ જે પ્રકારે બાંધી છે તેવી જ રહે છે અને તેની ગુણ શ્રેણીના ક્રમથી વિપરીત ક્રમવાળી દલિકની રચના જાણી–

આ બધો મનોયોગાદિનો નિરોધ મંદબુદ્ધિવાળાને સુખપૂર્વક બોધ થવા માટે આચાર્યએ સ્થૂળ દૃષ્ટિથી વર્ણવેલ છે. જો સૂક્ષ્મદૃષ્ટિથી તેનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા થાય તો પંચસંગ્રહની ટીકા જોવી. તેમાં અત્યંત સૂક્ષ્મપણે વિસ્તારથી તેનું સ્વરૂપ વર્ણવેલ છે. અહીં ગ્રંથ વિસ્તારના ભયથી અમે કહેલ નથી.

તે પ્રસ્તુત કેવળજ્ઞાની આ હમણાં કહેલાં ઉપાય-ઉપાયના પ્રકાર વડે ઈત્યાદિ બધું સુગમ છે. યાવત્ અયોગીપણાને પ્રાપ્ત કરે છે. એટલે અયોગીપણાની પ્રાપ્તિને સન્મુખ થાય છે, એ ભાવાર્થ છે.

અયોગીપણાની પ્રાપ્તિને સન્મુખ થઈને થોડાં કાળમાં શૈલેશીને પ્રાપ્ત કરે છે. કેટલા કાળ પ્રમાણ શૈલેશી છે ? સૂત્રકાર કહે છે – હ્રસ્વ પાંચ અક્ષરના ઉચ્ચારણ કાળ પ્રમાણ છે તાત્પર્ય એ છે કે – અતિ શીઘ્રપણે નહીં તેમ અતિ વિલંબે નહીં પણ મધ્યમ પ્રકારે જેટલા કાળે ङ ञ ण न म એવા પ્રકારના પાંચ હ્રસ્વાક્ષરો ઉચ્ચારાય તેટલા કાળ પ્રમાણ છે.

એટલો કાળ કેટલો સમય પ્રમાણ છે ? અસંખ્યાતા સમય પ્રમાણ છે. તે અસંખ્યાતા સમયનું પ્રમાણ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવું. તે જણાવવા માટે કહે છે – અંતર્મુહૂર્ત પ્રમાણ શૈલેશીને પ્રાપ્ત કરે છે.

શીલ - ચારિત્ર અને તે અહીં નિશ્ચયનયના મતે સર્વ સંવરરૂપ ગ્રહણ કરવું, કારણ કે તે સૌથી ઉત્તમ છે. તેનો સ્વામી, તેની અવસ્થા તે શૈલેશી છે. તે વખતે વ્યવચ્છિન્નક્રિય અપ્રતિપાતી શુક્લધ્યાન ઉપર આરૂઢ થાય છે.

કહ્યું છે કે – શીલ એટલે સમાધિ, તે સર્વ સંવરરૂપ જાણવી, તેનો જે



સ્વામી તેની અવસ્થા તે શૈલેશી છે.

શૈલેશીને પામેલો જેટલા કાળમાં પાંચ હ્રસ્વાક્ષરો મધ્યમ પ્રકારે ઉચ્ચારાય તેટલો કાળ રહે છે.

કાયયોગના રોધના પ્રારંભથી સૂક્ષ્મક્રિય અનિવૃત્તિ ધ્યાન હોય છે. શૈલેશીના કાળમાં વ્યવચ્છિન્નક્રિય અપ્રતિપાતી ધ્યાન હોય છે.

કેવળ શૈલેશીને પ્રાપ્ત કરે છે, એમ નહીં, પણ પૂર્વે રચેલી ગુણશ્રેણીવાળા કર્મને અનુભવવા પ્રાપ્ત કરે છે એટલે પૂર્વ કાયયોગના નિરોધમાં છેલ્લા અંતર્મુહૂર્તમાં પૂર્વે જેનું સ્વરૂપ બતાવેલ છે એવી ગુણ શ્રેણી જેની રચેલી છે એવા કર્મને અનુભવવાને પ્રાપ્ત કરે છે. તે પછી શું કરે ?

તે શૈલેશીના કાળમાં વર્તતો પૂર્વે રચેલ અસંખ્યાત ગુણશ્રેણી વડે પ્રાપ્ત થયેલ ત્રણ કર્મના જુદા જુદા પ્રતિસમય અસંખ્યાતા કર્મ સ્કંધોને વિપાકથી અને પ્રદેશથી વેદવા વડે તેની નિર્જરા કરતો છેલ્લા સમયે વેદનીય, આયુ, નામ, ગોત્ર એ ચાર કર્મના ભેદોનો એક સાથે ક્ષય કરે છે.

એક સાથે ક્ષય કર્યા પછીના સમયે ઔદારિક, તૈજસ, કાર્મણરૂપ ત્રણ શરીરનો સર્વ પ્રકારે ત્યાગ કરવા વડે ત્યાગ કરે છે અર્થાત્ સર્વ પ્રકારે ત્યાગ કરે છે. તાત્પર્ય એ છે કે જેમ પૂર્વે શરીરનો દેશથી ત્યાગ કરતો હતો તેમ ત્યાગ કરતો નથી, પણ સર્વ પ્રકારે ત્યાગ કરે છે.

કહ્યું છે કે – ઔદારિકાદિ શરીરને સર્વ પ્રકારના ત્યાગ વડે ત્યાગ કરે છે, એમ જે કહ્યું તે નિઃશેષપણે ત્યાગ કરવાને કહ્યું છે, પણ પૂર્વે દેશત્યાગ વડે ત્યાગ કરતો હતો તેમ નહીં. ત્યાગ કરીને કોશબંધનો ત્યાગ કરવારૂપ સહકારી કારણથી ઉત્પન્ન થયેલ સ્વભાવ વિશેષથી એરંડ ફળની માફક કર્મબંધના ત્યાગરૂપ સહકારી કારણથી ઉત્પન્ન થયેલા સ્વભાવ વિશેષથી ઉપરના લોકાંતે જઈને સિદ્ધ થાય છે. કહ્યું છે –

જેમ બંધનના વિચ્છેદ વડે પ્રેરિત એરંડ ફળ જાય છે તેમ કર્મબંધનના છેદ વડે પ્રેરિત થયેલ સિદ્ધ પણ જાય છે.

કેવી રીતે ? અવિગ્રહગતિ વડે એક સમયે સમયાંતર અને પ્રદેશાંતરને ન સ્પર્શ કરતો ઋજુ શ્રેણીને પ્રાપ્ત થયેલો જાય છે. તાત્પર્ય એ છે કે જેટલા પોતાના આકાશ પ્રદેશોમાં અહીં અવગાઢ છે, તેટલાં જ પ્રદેશોનો ઉપર પણ આશ્રય કરતો વિવક્ષિત સમયથી બીજા સમયને ન સ્પર્શતો ઉપર જાય.

આવશ્યક ચૂર્ણિમાં કહ્યું છે કે – જેટલાં આકાશ પ્રદેશમાં જીવ રહેલો છે, તેટલી અવગાહના વડે ઉપર ઋજુગતિ વડે જાય છે. વક્ર જતો નથી. તેમ બીજા સમયનો સ્પર્શ પણ કરતો નથી.

ભાષ્યકાર પણ કહે છે – ઋજુશ્રેણીને પ્રાપ્ત થયેલો અન્ય સમય અને બીજા પ્રદેશોનો સ્પર્શ ન કરતો, સાકાર ઉપયોગવાળો એક સમયમાં સિદ્ધ

થાય છે.

એ પ્રમાણે ઉપર જઈને શું કરે ? સાકાર ઉપયોગી થઈને સિદ્ધ થાય - કૃતાર્થ થાય. સર્વ લબ્ધિઓ સાકારોપયોગીને થાય છે. કહ્યું છે – જે કારણથી સર્વ લબ્ધિઓ સાકાર ઉપયોગ વાળાને પ્રાપ્ત થાય છે, તેથી અહીં સિદ્ધિલબ્ધિ પણ સાકાર ઉપયોગવાળાને ઉપજે છે. ત્યારપછી અનુક્રમે ઉપયોગની પ્રવૃત્તિ થાય છે. એ જ પ્રમાણે કેવળી સિદ્ધ થાય છે, તે પ્રમાણે પ્રતિપાદન કર્યુ.

હવે સિદ્ધો જેવા સ્વરૂપવાળા ત્યાં રહે છે તે પ્રકારે પ્રતિપાદન કરે છે – તેઓ હમણાં બતાવેલા ક્રમ વડે નિષ્પન્ન થયેલાં લોકાંતે સિદ્ધ હોય છે. ઔદારિકાદિ શરીર રહિત છે, કેમકે સિદ્ધપણાના પહેલા સમયે જ તેઓનો ત્યાગ કરેલો છે. નીચિત થયેલાં જીવ પ્રદેશોવાળા, કારણ કે સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી ધ્યાનની પ્રાપ્તિના સમયે જ તેના સામર્થ્યથી મુખ, પેટ વગેરે ખાલી ભાગો પૂરેલા છે. જીવના સ્વભાવથી જ દર્શન અને જ્ઞાનના ઉપયોગવાળા છે. કૃતાર્થ થયેલા છે, કેમકે કૃતકૃત્ય છે. કર્મરૂપી રજથી રહિત છે, કેમકે કર્મના બંધનો અભાવ છે. કંપરહિત છે કેમકે કંપક્રિયાના કારણનો અભાવ છે. અજ્ઞાનરહિત છે. કેમકે કર્મરૂપી તિમિરની વાસના દૂર થઈ છે. વિશુદ્ધ છે, કેમકે વિવિધ સમ્યગ્દર્શનાદિ માર્ગની પ્રાપ્તિ વડે શુદ્ધ થયેલા છે.

એવા પ્રકારના સિદ્ધો ત્યાં શાશ્વત અને ભાવિ સમસ્ત કાળ સુધી ત્યાં રહેલાં છે. અહીં જ મંદબુદ્ધિવાળાના બોધને માટે આક્ષેપ અને પરિહાર કહે છે – ભગવન્ ! તમે એમ શા હેતુથી કહો છો ? ઈત્યાદિ સુગમ છે. પરંતુ કર્મરૂપ બીજ-જન્મનું કારણ બળી જવાથી - નિર્મૂળ નાશ થવાથી ફરીથી જન્મની ઉત્પત્તિ થતી નથી. ફરીથી કર્મ કેમ ઉત્પન્ન ન થાય ? રાગાદિના અભાવથી ન થાય. કેમકે રાગાદિ આયુષ્ વગેરે કર્મનું કારણ છે, અને તે રાગાદિ તેઓને નથી. કેમકે પૂર્વે જ ક્ષીણમોહની અવસ્થામાં તેનો ક્ષય કર્યો છે. ક્ષીણ થયેલા રાગાદિ સહકારી કારણના અભાવથી ફરીથી પ્રગટ થતાં નથી. રાગાદિ ઉત્પત્તિમાં પરિણામી કારણ આત્મા છે અને સહકારી કારણ રાગાદિ મોહનીય કર્મ છે. ઉભય કારણથી ઉત્પન્ન થતું કાર્ય એક કારણના અભાવમાં હોતું નથી.

સિદ્ધોને રાગાદિ મોહનીય કર્મ નથી. કેમકે તેને પૂર્વે જ ધ્યાગ્નિ વડે ભસ્મસાત્ કર્યુ છે. એમ ન કહેવું કે અહીં પણ તે જ પ્રસંગ પ્રાપ્ત થશે, જેમ તે રાગાદિ મોહનીય કર્મ ફરીથી કેમ ઉત્પન્ન થતું નથી ? કેમકે કારણભૂત સંક્લેશનો અભાવ છે - x - વળી રાગાદિ મોહનીય કર્મરહિતને તેવા પ્રકારે સંક્લેશની ઉત્પત્તિ થતી નથી. માટે સંક્લેશના અભાવે રાગાદિ મોહનીય કર્મનો અભાવ છે અને તેના અભાવમાં ફરીથી રાગાદિની ઉત્પત્તિ થતી નથી - x - x - રાગાદિ અભાવે તેને યોગ્ય કર્મબંધ થતો નથી માટે તેના અભાવમાં તે અભાવ સર્વકાળ જાણવો અને તેથી - x - ફરીથી જન્મની ઉત્પત્તિ નથી.



કહ્યું છે – જેમ બીજ અત્યંત બળી જવાથી અંકુરની ઉત્પત્તિ થતી નથી, તેમ કર્મરૂપી બીજ બળી જવાથી ભવાંકુર ઉગતો નથી. હવે ઉપસંહાર કહે છે – એ જ મંગલભૂત સિદ્ધનું સ્વરૂપ શાસ્ત્રનો શિષ્યાદિ વંશ પરંપરાથી વિચ્છેદ ન થાય માટે અત્યંત મંગલરૂપ ઉપસંહારના બહાને કહે છે – જેઓ સર્વ દુઃખને તરી ગયા છે. કેમકે જન્મ, વૃદ્ધાવસ્થા, મરણ અને બંધનોથી મૂકાયેલા છે. એવા પ્રકારના તેઓ શાશ્વત - નિરંતર ભાવિ બધારહિત, કારણ કે રાગાદિ સુખનો બાધ કરવામાં સમર્થ છે, પણ તે રાગાદિ તેઓને નથી. એવા પરમ સ્વસ્થતા રૂપ સુખને પ્રાપ્ત થયેલા માટે સ્વાભાવિક સુખવાળા રહે છે.

**મુનિ દીપરત્ન સાગરે કરેલ**
**પદ-૩૬-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## પ્રજ્ઞાપના સૂત્ર સટીક અનુવાદ પૂર્ણ

૦ --- ૦ --- ૦ --- ૦ --- ૦ --- ૦

# ૦ ભાગ-૨૨-મો પુરો થયો ૦

## પ્રજ્ઞાપનાસૂત્ર સટીક અનુવાદ

| ભાગનો ક્રમ | | પદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦ | પદ-૧ થી ૫ |
| ૨ | ૨૧ | પદ-૬ થી ૨૦ |
| ૩ | ૨૨ | પદ-૨૧ થી ૩૬ |

ત્રણ ભાગોમાં આ આગમ વિભાજિત છે.

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |